તરકીબે તાલીમે તઓલીદ

અથવો

મશાયખોનું મંડાણ.

મોટામીયાં માંગરોલવાળા

ઇસ્લામની ઉદારતા.

ખુદા તઆલા ફરમાવે છે કે "ખરેખર જે લોકો ઇમાન લાવ્યા છે અને જે યાહુદી અને નસારા (ખ્રિસ્તીઓ) અને સાબેઇન (તારાઓને પુજનારા, છે તેમાંના) જે ખુદા અને છેહલા દિવસને (ખરેખર) માને અને સારાં કામ કરે, તો તેમને માટે તેઓનો બદલો તેઓના પરવરદિગાર પાસે છે, અને તેમના ઉપર કાંઇ ધાસ્તી નથી અને તેઓ દુઃખી થશે નહીં."—**કુરાને શરીફ**, સૂરતુલ બકર ૬૨.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૧૧૪૧૦ वर्गांक

पुस्तकनुं नाम નરકોને નાળાને નમસ્કાર

विषय ૫૭:૪૧

૭૮૬

તરકીબે તાલીમે તઓહીદ

અથવા

મશાયખોનું મંડાણ.

—: ❀ :—

લખનાર તથા બહાર પાડનાર,

માંગરોલની પીરની ગાદીવાળા

મોટામીયાં કાયમુદીનમીયાં.

હાલ મુ૦ સુરત, હરીપુરામાં.

આવૃત્તિ પહેલી) (પ્રત ૧૦૦૦

હીજરી સન ૧૩૪૨. ઈ૦ સ૦ ૧૯૨૪.

(લખનારના સર્વ હક સ્વાધિન.)

સુરત બરાનપુરી ભાગોળ લાખાણાની પોળમાં આવેલા શ્રી અંબિકા
વીજય પ્રીન્ટીંગ પ્રેસમાં હરગોવનદાસ હરજીવનદાસે છાપ્યું.

તમે મુસલમાન છો?

શું તમે ખુદાને માનો છો?

ગૂ. ૧૧૪૧૦

જો માનતા હોવ તો આ કિતાબ જરૂર વાંચો અને જુવો કે આ ફિતનાના જમાનામાં ઇસ્લામનો બચાવ કેવી રીતે થઇ શકે છે? આ કિતાબ અજમેર શરીફવાળા આપણા માનવંતા હીંદલ—વલી જેમણે આ દેશમાં ઇસ્લામની જડ નાખી છે અને તેને મજબૂત કરી છે તે

ખ્વાજા ગરીબ નવાઝની રૂહ મુબારકને નઝર

કરવામાં આવી છે એ પણ ભુલવું જોઈતું નથી. માટે ખુદાની, તેના મહાન પયગમ્બરની અને ઔલીયાઓની મોહબત હોય તો આપ તેમ કરી આ કિતાબ એક વખત પુરેપુરી વાંચો અને ઇન્સાફ કરો કે આપણી ગફલતથી આપણને કેટલું બધું નુકશાન થયું છે? આપણે આથી કોઈની સાથે લડવા માંગતા નથી પણ આવા ફિતનાના જમાનામાં આપણા કદીમી ઇસ્લામી હકો આપણે કેવી રીતે સાચવી શકીએ તેનો વિચાર કરવાનો છે.

તરકીબે તાલીમે તઓહીદ.

બિસ્મિલ્લાહ.

" આકાશમાં અને પૃથ્વીમાં જે છે તે અલ્લાહનુંજ છે. અને જે તમારા મનમાં છે તે તમે ખુલ્લું કરો અથવા છુપું રાખો તેનો હિસાબ ખુદા તમારી પાસેથી લેશે. પછી જેને તે ચાહે તેને તે માફી આપશે અને જેને ચાહે તેને સજા કરશે અને ખુદા સઉ ચીજપર કાદિર છે. પયગમ્બરને પોતાના પરવરદિગાર તરફથી જે મોકલવામાં આવ્યું છે તે તેણે અને સઉ મોમિનોએ માન્યું. તે સઘળાએ ખુદાને અને તેના ફરિસ્તાઓને અને તેની ઈલાહી કિતાબોને અને તેના મોકલેલા પયગમ્બરોને માન્યા (એવું કહીને) કે અમે તેના પયગમ્બરોમાંના કોઇમાં પણ (આકીન રાખવામાં) કાંઇ પણ તફાવત રાખીશું નહીં; અને તેઓએ કહ્યું કે અમે સાંભળ્યું અને હુકમ ઉઠાવ્યો. તારી માફી (અમે માગીએ છીએ), હે અમારા પરવર દિગાર, અને તારી તરફ સઘળાને પાછા ફરવાનું છે."—**કુરાને શરીફ.** (સુરતુલ—બકર. આયત ૨૮૪-૨૮૫.)

સઉ તારીફ ખુદાતઆલાને માટે સઝાવાર-લાયક છે, જેણે આ આસમાન અને જમીન પેદા કરી તમામ દુનિયાનું મંડાણ કર્યું છે. અને પોતાના પાક પયગમ્બર મોકલી આપણી ઉપર ભારે એહસાન કર્યું છે. તેણેજ આપણને અક્કલ અને મગજની તાકત આપી તરેહ તરેહથી હિકમતો શીખવાડી છે જેથી આપણે આપણી તરક્કીનો રસ્તો મેળવી શકીએ છીએ. તે હિકમતવાળો અને સઉ ચીજ પર કાદિર છે અને તેણે હિકમતથીજ આપણી પાસે તેની આગલી કિતાબો અને આગલા પયગમ્બરોને કબુલ કરાવી આપણા દીન ઇસ્લામને ચડતીની સીઢી ઉપર મુકયો છે. માણસ ગમે તેટલી ઇબાદત કરે અને નેકીથી રહે તોપણ જો ખુદાની મરજી ન હોય તો તેની કોઈ ઇબાદત કે નેકી તેના કામ આવતી નથી. તેમ માણસ ગમે તેવો બુરો હોય અને માથેથી તે પગ સુધી એબથી

ભરપુર હોય તોપણુ જો તેની મરજી હોય તો પળવારમાં તે તેને સઉથી ચડીઆતો કરી ઉમદામાં ઉમદી જગા તેને આપી શકે છે. તેથીજ તે નુકતે નવાઝ કહેવાય છે. તે આપણી નૈયતોથી સારી રીતે વાકેફ છે અને તેજ તે વધારે જુવે છે. માણુસ ગમે તેવી નેકી જાહેરમાં કરે પણુ જો અંદરખાને તેની નીયત સાફ ન હોય તો ખુદાને તે બિલકુલ પસંદ પડતું નથી. તેમજ જાહેરમાં ગમે તેવી બુરાઈ કોઇ માણુસમાં દેખાય અને તેની નીયત સાફ હોય તો ખુદા તે જોઇને તેનો નેક બદલો તેને સારી રીતે આપી શકે છે. આવી મોટી કુદરત અને તાકતવાળો જે ખુદા છે તેનેજ આપણે વળગવાનું છે અને તેજ આપણું ભલું કરી શકે છે. તેની કુદરત ઉપર પાકું ઇમાન જમાવી જે લોકો તેને રાજી કરી ગયા છે તે તેના આશક અને ખાસ બંદા છે, જેમને આપણે બુજ્રુગોંના નામથી ઓળખીએ છીએ. આ બુજ્રુગોંએ ખુદાના દીનની ખીદ્દમત તમામ મુલકોમાં જઇ એવી તો ઉમદા રીતે બજાવી છે કે. જેનું ફળ આપણે કરોડોની સંખ્યામાં અત્યારે જોઈ રહયા છીએ. તેમના એ રસ્તાને સમજીને આપણે ચાલવાનું છે અને એજ ઉમદા છે કારણુ કે તેનાથી તેમણે લાખો માણુસોને હિદાયતપર લીધા છે. પણુ કેટલાક કડક અમલદારો અને મતલબવાળા ભાઇઓની હિકમતથી આપણા કેટલાક ભાઇઓ એવા તો ભુલથાપમાં આવી ગયા છે કે જેનું બયાન કરવું મુશ્કેલ છે. હિકમતવાળા ભાઇઓની હિકમતો જારી છે અને આપણી ગફલત પણુ તેવીજ જારી છે. એ ગફલતે આપણામાં ઇખિતિલાફવાળા મસઅલા ઉભા કર્યા છે અને આપણુને જબરૂ નુકશાન પહોંચાડયું છે. આ દોરી કયાં હાલી રહી છે તે આપણે ઊંડી નજરથી તપાસવાનું છે. હિંદુભાઇઓ આપણુને નુકશાનીમા નાંખે એમ નથી કારણુ કે તેમને આપણા વગર ચાલી શકે નહી. દેશીભાઇ તરીકે તેમના અને આપણા લાભ એક બીજાની સાથે જોડાએલા છે, પણુ આપણે જે ખીયાલ રાખવાનો છે તે આપણા પોતાના ભાઇઓનોજ છે જે બિચારા વગર માહિતીએ મતલબવાળા કેટલાક ગોરા અમલદારભાઇઓના હાથપર ચડી કામ કરવામાં મશગુલ છે. તેમનો આપણે કાંઇ વાંક કહાડતા નથી. કારણુ કે તેમને ખબરજ નથી કે પરદામાંથી શું હીકમતો થઇ રહી છે. તેઓ તો બિચારા સફેદ એટલું દૃધજ જુવે છે, અને તેથીજ ફસાયા છે. જો તેઓ હજુ પણુ સમજી જાય અને આંખ ઉઘાડે તો ચોખ્ખુ જણાય કે તેમને શા માટે હાથ પર લેવામાં આવ્યા છે.

બુજ્રુગોંની ખાનકાહો, તેમના પાકા મઝારો, તેમના ઉરસો, નઝર

નિયામો, વિગેરેમાં ઇસ્લામની જે બહેતરીની ઉમદા ગોઠવણો હતી તે શા માટે નાબુદ કરવા કોશીશો થઇ અને પોત પોતામાં ઝગડા શા માટે પેદા કરવામાં આવ્યા તે તરફ આપણે ખૂબ ધ્યાન પહોંચાડવાનું છે. આપણા ઇલમવાળા ભાઇઓ દીનની ખીદમત કરવાના જોશમાં કઇ હદ સુધી જઇ પહોંચ્યાં છે તે પણ આપણે તેમને નરમીથી બતાવવાનું છે.

જ્યારથી આલિમો અને મશાયખોમાં ગફલતે પગ પેસારો કર્યો ત્યારથી આપણને કેટલું નુકશાન થયું તે દેખાડવા માટે એક કિતાબ લખવા ઘણા ભાઇઓ તરફથી મને હમેશાં કહેવામાં આવતું પણ કામ ઘણું હોવાથી વખત મળી શકતો નહોતો. પણ હવે ખુદાના ફઝલથી તે ઉમેદ બર આવી છે.

મિશનના કામનો મસાલો મેળવવા માટે હું લગભગ તમામ જગાએ ફર્યો છું અને બનતી માહીતી મેળવવા કોશીશ કરી છે. અજમેર, દીલ્લી દેવબંદ, સહારનપુર, મેરઠ, લાહોર, મુલતાન, પાકપટ્ટન, પીરાન કલીયર, ભોપાલ ગ્વાલીયર, અલીગઢ, આગ્રા, મથુરા, ઝાંસી, ગુલબર્ગા, [દક્ષિણ] હૈદરાબાદ, મુંબઇ, નંદરબાર, સુરત, વડોદરા, અમદાવાદ, પાટણ. કરાંચી, સીંધ હૈદરાબાદ, સકકર, ખેરપુર વિગેરે ઠેકાણાના ઘણા આલિમો તથા મશાયખોથી મળ્યો છું અને બનતી માહીતી મેળવવા કોશીશ કરી છે. મને તો તપાસમાં એજ જણાયુ છે કે ફકત ગેરસમજને લીધેજ આલિમો અને મશાયખોમાં મતફેર ઉભો થવા પામ્યો છે અને એમાં હિકમતવાળા ભાઇઓનો હાથ હોવાનો મામલો દેખાય છે.

મતલબ દરેકને હોય છે. આપણે તે માટે બીજાઓની નીંદા કરી શકીએ નહીં પણ આપણે આપણુ તપાસી ચાલવાની આપણી ફરજ છે કે આપણને હવેથી જબરા નુકશાનમાં પડવાનો વખત આવે નહીં. ઇખતિલાફી મસલાની આપણામાં ચરચાઓ ઉભી થઇ ત્યારથી કેટલું બધું નુકશાન થયું છે ને આ કિતાબ વાંચવાથી જણાઇ આવશે. આવા મસલા તુરકસ્તાન, અરબસ્તાન, ઇરાન, અફગાનિસ્તાન વિગેરેમાં ઉભા થતા નથી અને અહીં હીંદુસ્તાનમાંજ કેમ જોરથી ઉભા થાય છે તેનો ખાસ વિચાર કરવાનો છે. તો પણ જે થયું તે થયું એમ સમજી બધું ભુલી જઇ આંખો ઉઘાડીને ચાલવાનું છે કે આપણું વહાણ હવે કોઇ પણ જાતના નુકશાનમાં આવી નાબુદ થાય નહીં.

આ કિતાબમાં જે કાંઇ બાબતો લખી છે તે માહીતીવાળા લોકોથી મેળવીને લખી છે, આમાં કોઇને બુરૂં લગાડવાનો મારો હેતુ નથી. હું તો આલિમો તથા મશાયખોના પગની રજ છું. હું તેમને એક શબ્દ પણ કહે-

વાને લાયક નથી કારણ કે તેઓ મારા કરતાં અનેક દરજ્જે ચડીઆતા છે. તેઓ બંને આપણને સારી રીતે ફાયદો પહોંચાડી શકે તેવા છે પણ તેમ-નામાં બેદિલી પેદા કરવાની હિકમતો થવાથી બંનેમાં કાંઇક કડવાસ જેવું દેખાઇ રહ્યું છે. પણ હવે કડવાસથી ચાલવાનો વખત નથી. હીંદુ મુસલ-માનોમાં એકતા કાયમ કરવાની કોશીશો થાય છે તો પછી ખુદ મુસલમાનો મુસલમાનોમાં જરા પણ કડવાસ હોય એ આપણને શોભે નહીં. તેથી બધા ભાઇઓ ગઇ ગુજરી ભુલી જઇ હિકમતવાળા ભાઇઓની હિકમતથી વાકેફ થઇ જો એકસંપથી ચાલવા કોશીશ કરશે તો ઘણોજ ફાયદો થશે.

મેં આમાં જે કાંઇ લખ્યું છે તે કોઇ પણ ભાઇને હલકા પાડવા માટે નહીં પણ તેમને હિકમતવાળાઓની હિકમતથી વાકેફ કરવા, પોત પોતામાં ભાઇચારાની લાગણી પેદા કરવા અને પોતાનો લાભ શેમાં છે તે જોઇને ચાલવા માટે લખ્યું છે. એમાં મારી દાનત કાંઇ કોઇનું બુરૂં બોલવાની નથી. તોપણ જો કાંઇ બાબત તેમાંની કોઇ ભાઇને પસંદ ન પડે તો તેને કબુલ કરવાની કાંઇ ખાસ ફરજ નથી. મરજી આવે તો કબુલ કરવી નહીં તો કાંઇ દબાણ નથી. આપણા આલિમ ભાઇઓનો પણ આપણે કાંઇ વાંક કહાડવા માગતા નથી કારણ કે તેમને બિચારાઓને એ ખબર નથી કે તેમને ભોળવવામાં કેવી હિકમતોથી કામ લેવાયું છે. તેઓ તો નિખાલસપણે તે કામ તરફ દોરવાયા છે. પણ અજાણતાં કેટલું બધું નુક-સાન થવા પામ્યું છે તે તેઓ ઇનસાફની નજરે જોશે તો માલમ પડી આવશે. તેમને ખુદાતઆલાએ ઇલમ આપેલો છે એટલે તેઓ કાંઇ વાત તેમની આગળ મુકવાથી સમજી શકે એમ છે એજ ખીયાલથી આ કિતાબ બહાર પાડવામાં આવી છે તો આશા છે કે કાંઇ ભુલચુક હોય તો માફ કરશે અને હવેથી હિકમતોના ભોગ થતા અટકશે.

આ કિતાબની ઇબારત તથા જોડણી જાણી જોઇને ઘણી સહેલી રાખવામાં આવી છે કે થોડું ગુજરાતી ભણેલા પણ તે વાંચીને સમજી શકે. મૂળ હેતુ તો ખરી વાતોથી ભાઇઓને વાકેફ કરવાનો છે અને તેથી આપણી મતલબ બર આવી શકે છે માટે આશા છે કે દરેક ભાઇ આ કિતાબને સારી રીતે વાંચીને તેના ઉપર ધ્યાન પહોંચાડશે અને મારા હકમાં દોઆ કરશે તો મારી મેહનત સફળ થઇ છે એમ હું માનીશ.

તા૦ ૧૨ ફેબ્રુઆરી ૧૯૨૪,
મુ૦ માંગરોલ.
વાયા કોસંબા સ્ટેશન, (સુરત નજીક.)

લી૦ ગરીબ ફકીર,
મોટામીયાં
માંગરોલવાળા.

તરક્કીએ તાલીમે તઓહીદ.

અથવા

મશાયખોનું મંડાણ.

પ્રકરણ ૧ લું.

આર્ય સમાજીઓ અને આલિમો.

થોડા વખત પર જાહેર પેપરોમાં એ વાત જોરથી બહાર પડી હતી કે ઉત્તર હીંદુસ્તાનમાં આર્ય સમાજી સાધુઓએ શુધ્ધીની ચળવળ ઘણા જોર શોરથી ઉપાડી છે જેથી આગ્રા, મથુરા, ભરતપુર, જેપુર, અલીગઢ વિગેરે જીલ્લાઓ તરફ પાંચ લાખ મલકાના રજપુત મુસલમાનો આર્ય ધર્મમાં મોટી સંખ્યામાં વટલતા જાય છે. આ વાતની જ્યારે જોરથી ચરચા થવા લાગી ત્યારે ઇસ્લામમાં જાણે એક નવી જીંદગી આવી હોય એમ મુસલમાનભાઇઓ ચોંકી આંખો ખોલવા લાગ્યા અને જબરા જોશથી વાતો કરવા લાગ્યા. ઇસ્લામી આગેવાનો ઉપર પણ આની ઘણી અસર થઈ અને હવે શું કરવું તેનો મશવરો કરવા માટે ભેગા થવા નક્કી થયું. મારે પણ જવાનું આવ્યું એટલે હું પણ તા૦ ૩ જુન ૧૯૨૩ ના રોજ સવારે દીલ્હી પહોંચ્યો. સ્ટેશન પર પહોંચતાં જોઉં છું તો દીલ્હી વાળા મશહુર બુઝુર્ગ ખ્વાજા હસન નીઝામી સાહેબ તથા દીલ્હી જમીઅતુલ ઉલમાના સેક્રેટરી જનાબ મૌલાના અહમદ સઈદ સાહેબ તથા તેમની સાથે બીજા ઘણા આગેવાનો તથા વોલંટીયરો વિગેરે જમીઅતના તથા ખીલાફત કમીટીના ઝંડાઓ સાથે ત્યાં આ ગરીબ નાચીજ ફકીરને લેવા માટે તકલીફ લઈ પધાર્યા હતા. તે વખતના ઇસ્લામી જોશ અને મોહબ્બતનું વર્ણન કરવા માટે ઉંપલા બે સાહેબોની કલમ જોઇએ. મારામાં તે તાકત નથી. એ પ્રમાણે ખ્વાજા હસન નીઝામી સાહેબે મારા દીલ્હી પહોંચવાની હકીકત જુદા જુદા ઉરદુ અખબારોમાં પોતાની બળવાન કલમોથી લખી આ ગરીબ ફકીર તરફ બેહદ મોહબ્બતની લાગણી જાહેર કરી હતી. તેઓ સાહેબે તથા મૌલાના અહમદ સઈદ સાહેબે હું તે તરફ

રહ્યો ત્યાં સુધીમાં તે વખતે ત્યાં ચાલતી હિલચાલોથી મને સારી રીતે વાકેફ કર્યો હતો. બીજા સારા આગેવાનોથી પણ ત્યાં મુલાકાત થઇ હતી અને તેમનાથી એ સંબંધી મેં તમામ બનતી માહીતી મેળવી હતી. લગભગ એક મહીનો હું તે તરફ રહયો હતો તેમાં મને માલમ પડયું હતું કે બુજુર્ગ મશાયખો અને માનવંતા આલિમોમાં બનાવ નથી એટલુંજ નહીં પણ આલિમો આલિમોમાં પણ જબરી અદાવત ચાલી રહી છે. દરેક આલિમોનો ગિરોહ એક બીજાને "કાફિર" અને "ઝિન્દીક" બનાવી રહયો છે અને ઘણા ખરા આલિમો મશાયખોને દુશમન ગણી તેમના એબ જાહેર કરી રહયા છે. આવા સંજોગોમાં બીજા લોકો પોતાનું કામ સારી રીતે બજાવે એમાં નવાઇ શું !

આવી હાલત હોવાથી ત્યાંની માહીતી મેળવવા મેં દરેકથી મળવાનું જારી રાખ્યું હતું. આવા વખતે તમામ ઇસ્લામી આગેવાનો અને પેશવાઓએ એક થઇ કામ કરવાનું હતું તેવા વખતમાં ત્યાંનો મામલો એવો તો કુસંપનો થઇ પડયો હતો કે સામાવાળા કેટલાક લોકો નચીતાઇથી પોતાનું કામ કરી લેતા હતા. તે વખતે આલિમોએ સામાવાળાઓની અકલમંદીના ભોગ થઇ કેટલાક મશાયખો ઉપર કુફરના ફતવા આપી તેમને કાફર પણ બનાવી દીધા હતા. એટલે જે વખતે કુફરવાળા લોકોને ઇમાનદાર બનાવવાની જરૂર હતી તે વખતે આપણા એ ભાઇઓ વગર સમજે ઇમાનદારોને કાફર બનાવી રહયા હતા. આ મામલો એવો તો જોરથી ચાલતો હતો કે ત્યાંના અખબારોના દફતરોના દફતરો ભરાઇ ગયા હતા. વખત વિચારવાનો અને એક થઇ કામ કરવાનો જ્યારે મોકો આવ્યો ત્યારે અમારા આગેવાનોની આવી હાલત જોઇ કોઇને પણ અફસોસ થાય એમાં કાંઇ નવાઇ જેવું નથી.

જમીઅતુલ ઉલ્માના પ્રેસીડેન્ટ જનાબ કિફાયતુલ્લાસાહેબ સાથે પણ મારે મશવરો થયો હતો તેમાં અશાઅત સંબંધી ઘણી વાતચીત થઇ હતી. અશાઅત-તબલીગના કામ કરનારનો કેટલો દરજ્જો ઇસ્લામમાં છે અને તે કામ કરવાની હાલ કેટલી જરૂર છે તે વિષેના ફતવા જેમ બને તેમ જલદી બહાર પાડવા મેં તેમને ભલામણ કરી હતી. બલકે મારા વડા દીકરા મીયાં નીઝામુદ્દીન જે દીલ્લીમાં તેમની દેખરેખ નીચે અરબીની તાલીમ લે છે તેમને પણ ત્યાંના આલિમોનું એ બાબત ઉપર વારંવાર ધ્યાન ખેંચવા મેં સુચના કરી હતી. મૌલાના અશરફઅલી સાહેબ થાનવી તથા મુફ્તી કિફાયતુલ્લા સાહેબ જો

આલિમો ઉપર દબાણ કરે તો આલિમો કાંઈક રસ્તા ઉપર આવે એવું કહેવાય છે પણ સંજોગો જોતાં એ બનવું ઘણું મુશ્કેલ લાગે છે કારણ કે એ ઇલમવાળા ભાઈઓની તબીયતો આજકાલ એવી થઈ ગઈ છે કે ખુદા ઇસ્લામની શરમ રાખે. એક ભલા આલિમ સાહેબે મને કહ્યું કે પહેલાના આલિમો ઇસ્લામની ખરી મોહબ્બતવાળા હતા અને મશાયખો—બુઝુર્ગોથી મળીને કામ કરતા હતા. શેખુલ હીંદ મૌલાના મહમુદુલ હસન સાહેબના પેશવા તથા મૌલાના અશરફઅલી સાહેબના પેશવા તથા દેવબંદ મદરસાના બાની–સ્થાપક મૌલાના મોહમ્મદ કાસમ નાનોતવી સાહેબના પણ પેશવા મૌલાના જનાબ મરહુમ હાજી ઇમદાદુલ્લાહ સાહેબ હતા તેમને ઇસ્લામની એટલી બધી મોહબ્બત હતી કે તેઓ હંમેશાં મશાયખોથી મળીનેજ કામ કરતા હતા. મશાયખો અને આલિમોમાં કડવાસ પેદા થાય એવું તેઓ જરા પણ જોવા માગતા નહોતા એમ તેમની "ફેસલએ હફ્ત મસાયલ" નામની કિતાબ સાબિતી આપી રહી છે. બલકે તેમણે હઝરત બાવા ફરીદ શકરગંજ (રે૦ અ૦)ના મોટા ખલીફા હઝરત મખ્દૂમ અલાઉદ્દીન અલી એહમદ સાબેરી સાહેબના સાબેરી તરીકાના મશાયખોના મુરીદ થઈ ખિલાફત પણ હાંસિલ કરેલી છે, એવું તેમની "ઝિયાઉલ–કુલૂબ" નામની કિતાબ ચોખ્ખું કહી રહી છે. એ મૌલાના સાહેબની ઉપલી બંને કિતાબો ઇસ્લામી એક દીલીની તાલીમ અને રૂહાની ફેઝના ઉમદા સાધનો છે. પહેલી કિતાબમાં તેઓ સાહેબે મોલુદ શરીફ, ફાતેહા, ઉરસ અને સિમાઅ (રાગ), નિદાએ ગેરૂલ્લાહ, વિગેરે સાત ઇખ્તિલાફી–મત ભેદવાળા મસલાના ફેંસલા એવા તો ઉમદા રીતે કરેલા છે કે જો તે ઉપર અમલ કરવામાં આવે તો કદી પણ ઝગડો પેદા થાય નહીં. પણ અફસોસની વાત છે કે કોઈ તે પ્રમાણે ચાલવાની કોશીશ કરતું નથી; અને એજ ઇખ્તિલાફવાળા મસલાઓ માટે વારંવાર નકામા કજીઆ ઉભા કરવામાં આવે છે. પણ હવે સમજવું જોઈએ કે એવા ઝગડા કરવાનો વખત નથી કારણ કે એથી ઇસ્લામને અને કોમને બેહદ નુકસાન પહોંચી ચુક્યું છે હાજી ઇમદાદુલ્લાહ સાહેબ[1] સેંકડો આલિમોના પેશવાનો દરજ્જોભોગવતા હતા. એવા સખસ ઇખ્તિલાફી મસલાઓનો જે ફેંસલો કરી ચુક્યા હોય તે સઉથી બેહતરજ હોય. હવે એવા મસલાઓ ઉપર ઝગડવાનું કારણ ક્યાં છે? કે ફેંસલો જેને પસંદ હોય તે પ્રમાણે તે અમલ કરે. એમાં બીજાને તેને ખોટો ખરો કહેવાની શું જરૂર છે? પણ નકામાં ઝગડા કરવાજ હોય અને

---

૧ આ હાજી સાહેબ શંહેરવાળા તમામ આલિમોના પણ મોટા પેશવા ગણાય છે. મોલવી સાહેબ સાહેબ પણ તેમનાજ મુરીદ હતા.

ઇસ્લામને બદનામ કરી કોમને નાઇતેફાકી અને કુસંપથી બરબાદજ કરવી હોય તો તો પછી કાંઇ કહેવાનું રહેતું નથી. તમામ ઝગડા મટાડી દેવાનો ખરો રસ્તો હાજી ઇમદાદુલ્લા સાહેબ શીખવી ગયા છે તો તે પ્રમાણે ચાલવામાંજ બેહતરી છે. કોઇને "કાફીર" અને "મુશરિક" બનાવવાથી કાંઇ જન્નતના હકદાર થવાતું નથી એવું હાજી સાહેબ ચોખ્ખું ફરમાવી ગયા છે.

તેમણે પોતાની "ફેસલએ હફ્ત મસાએલ" નામની કિતાબમાં લખ્યું છે કે "ફકીર ઇમદાદુલ્લાહ હનફી ચિસ્તી[1] સઉ મુસલમાન ભાઇઓની અને ખાસ કરીને જેઓ આ ફકીર સાથે સબંધ રાખે છે તેમની ખીદમતમાં અરજ કરે છે કે એ વાતો તો ઉઘાડી છે કે પોત પોતામાં સંપ હોવો એ દીની અને દુન્યવી બરકતો મેળવવાનું એક સાધન છે અને નાઇત્તેફાકી (કુસપ) એ દીની અને દુન્યવી નકસાનોનું કારણ છે. આજકાલ કેટલાક પેદા થએલા મસલાઓમાં એટલો બધો ઇખતિલાફ–મતભેદ ઉભો થવા પામ્યો છે કે જેથી અનેક તરેહની બુરાઇઓ અને મુશ્કેલીઓ પેદા થઇ છે અને ખાસ લોકોનો વખત અને આમ–સામાન્ય લોકોનું દીન બરબાદ થઇ રહ્યું છે. જો કે ઘણી વાતોમાં તો હેતુ એક સરખો છે તોપણ ફકત શબ્દો માટે ઝગડો થઇ રહ્યો છે. સામાન્ય રીતે મુસલમાનોની અને ખાસ કરીને આપણી સાથે સંબંધ ધરાવનારાઓની આવી હાલત જોઇને ઘણું દુઃખ થાય છે. તેથી આ ફકીરના દિલમાં આવ્યું કે મજકુર મસલાઓના સંબંધમાં થોડું ઘણું લખીને જાહેર કરૂં એટલે ઉમેદ છે કે હવે આ લડાઇ ઝગડા મટી જસે. જો કે આ વખતમાં ઇખતિલાફ અને ઇખતિલાફવાળા ઘણા છે તોપણ આ ફકીરે એજ મસલાઓ હાથ ધર્યા છે જેને માટે આપણી જમાઅતના લોકોમાં ઇખતિલાફ છે. (૧) પહેલું તો ઇખતિલાફની ઘણી વાતો એટલે દરજ્જે પહોંચી છે કે તેની હદ બાંધવી મુશ્કેલ છે. (૨) બીજું દરેક જણ આપણું કહેવું કબુલ કરે એવી ઉમેદ પણ રખાતી નથી. હવે આપણી જમાઅતમાં જે ઇખતિલાફ છે તે પહેલાં તો ગણતરીના છે અને તે વિશે આપણે કાંઇ કહીએ તો લોકો કબુલ કરે એવી ખાસ ઉમેદ પણ છે. આવા મસલા જે વિશે આપણા ભાઇઓમાં વારંવાર ચરચા ઉભી થાય છે તે સાત છે. તેમાં પાંચ અમલી અને બે ઇલ્મી છે. એની હકીકત લખવાની ગોઠવણમાં જે મસલા વિશે લોકોમાં વધારે ચરચા થાય છે તે ઉપર વધારે ખ્યાલ રાખવામાં આવ્યો છે અને જે વિશે ઓછી

---

૧ હાજી ઇમદાદુલ્લાહ સાહેબ પોતાને ચિશ્તી લખવામાં આનંદ માનતા હતા. અને તેઓ ચીશ્તી ખાનદાનમાં મુરીદ હતા એ તેમનું ઉપલું લખાણ સાક કહી રહ્યું છે.

ચરચા છે તેમને માટે ઓછો લખવામાં આવ્યો છે. વળી આપણો જે તરીકો છે તે, અને આવા મસલાઓમાં જે અમલ કરવો મુનાસબ છે તે પણ લખી દેવામાં આવ્યું છે. એટલે આ લખાણથી હવે અદર અંદરના ઝગડા મટી જશે અને જે ભાઇઓ આને કબુલ કરી ફાયદો મેળવે તે પણ મને દોઆથી યાદ કરશે એવી ખુદાતઆલાથી ઉમેદ છે. કોઇ ભાઇએ આ લખાણનો જવાબ આપવાની તસદી લેવી નહીં કારણ કે મારો હેતુ મુનાઝેરા (વાદવિવાદ)માં ઉતરવાનો નથી " વિગેરે મૌલાના હાજી ઇમદાદુલ્લાહ સાહેબે ચોખ્ખુ લખેલુ છે. એટલે ઇખ્તિલાફી મસલા બયાન કરી નકામા ઝગડા ઉભા કરવાની વાતને તેઓ ચોખ્ખી રીતે વખોડી કહાડે છે. * વિગેરે પેલા આલિમ સાહેબે કહ્યું.

આલિમોના ઉપલા બુજુર્ગ પેશવા હાજી ઇમદાદુલ્લાહ સાહેબની આવી તાલીમ છે તોપણ કેટલાક આપણા આલિમ ભાઇઓ હજુ પણ એવા ટંટા બખેડા ઉભા કરી રહયા છે કે જેનો લાભ બીજાઓ અત્યારે જોઇએ તેવો લઇ રહયા છે. લોકો તો એટલે સુધી પેપરોમાં કહી રહયા છે કે આવા ફિતનાના વખતમાં પણ આપણા એ ભાઇઓ સામાવાળાઓ તરફની લાલચને તાબે થઇ ઇસ્લામમાં પોત પોતામાં ઝગડા જગાડવાનું કામ કરી રહયા છે કે જેથી સામાવાળાઓના કામમાં સહેલાઇ થાય છે. જો આ વાત ખરી હોય તો ચાલુ જમાનાના આપણા એ ભાઇઓ માટે લોકોમાં કેવો ખીયાલ પેદા થાય એ ઉઘાડુ છે. ગમે તેમ હોય પણ હાલમાં આપણા એ ભાઇઓ આપસ આપસમાં જે ઝગડા ઉભા કરી રહયા છે એથી લોકો તેમને માટે જે કહે છે તે વાતને તેથી મજબૂત ટેકો મળે છે. હાલ આલિમોમાં આવો મામલો મચી રહયો છે.

હવે કેટલાક મશાવખોનો મેં એ વિશે મશવરો લીધો તો તેમણે કહ્યું કે આલિમો લેવા દેવા વગર હાલ એવા તો કજીઆ ઉભા કરે છે

---

* આવા ઇખ્તિલાફી મસલા. (૧) મોલુદ શરીફ. (૨) ફાતેહા. (૩) ઉરસ, અને સિમાઅ—રાગ. (૪) નિદાએ ગૈરૂલ્લાહ. (૫) જમાઅતે સાનિઆ. (૬) ઇમકાને નઝીર. (૭) ઇમકાને કિઝબ એ પ્રમાણે સાતનુ એ કિતાબમાં બયાન કરેલુ છે. આ મૌલાના સાહેબ મૌલાના મેહમૂદ હસન સાહેબ, મૌલાના મેહમદ કાસમ સાહેબ (દેવબંદી) મૌલાના અસરફઅલી સાહેબ, મૌલાના અબદુર રશીદ સાહેબ ગંગોહી, મૌલાના ખલીલ અહમદ સાહેબ, મૌલવી ભામજી સાહેબ (રાંદેરી, હાફેઝ હસન ઇલ સાહેબ (રાંદેરી), કાજી રહેમતુલ્લાહ સાહેબ (રાંદેરી) વિગેરેના મુરશદ હતા. એટલે એવા આલિમોના પીર જે ફેંસલો આ મસલાઓ માટે કરી ચુકયા હોય તે વજનવાળો ગણાય. અને તે પ્રમાણે બધા આલિમોએ ચાલી માંહો માંહેના નકામા ઝગડા દુર કરી દેવા જોઇએ

કે અમે કાંઇ કહેવા જાઇએ છીએ તો અમને તો તેઓ દુશ્મનજ સમજે છે અને જ્યાં જરા કાંઇ વાત થઇ કે અમને "કાફિર" અને "ઝિન્દીક" બનાવે છે. તેઓ અમારી સાથે આવા કટોકટીના વખતમા પણ મળવા માગતા નથી તો પછી કામ શી રીતે થઇ શકે? તેઓ તો "ફિતનએ ઇરતિદાદ" એટલે ઇસ્લામના બચાવ કરવાના નામે મોટી સંખ્યામા જ્યાં ત્યાં નીકળી છુટા છવાયા લેકચરો આપી આ સમાજને ગાળો ભાંડી મુસલમાનોની લાગણી ઉશકેરે છે અને એ નામે તેમની પાસેથી પૈસા મેળવે છે અને પછી પોતે પોતામા પૈસાના માટે લડે છે અને એક બીજાની સામે થાય છે. અથવા ઘણા તો એવા છે કે જે એ નામે કોઇ કોઇ વખત બે ચાર ઠેકાણે જઇ એમ બતાવી આપે છે કે અમે આર્યસમાજીઓના મુકાબલામા નીકળ્યા છીએ અને દીનનો બચાવ કરીએ છીએ માટે અમને પૈસા આપે અને મદદ કરો. પણ આજ સુધી તેમણે જેટલા પૈસા લીધા છે તેના પ્રમાણમા ગેરકામમાથી કેટલા મુસલમાન બનાવ્યા છે તે જોવા જઇશું તો નતીજો ભાગ્યેજ સારો દેખાશે તેમને જ્યારે એ વિશે કોઇ પુછે કે તમે આટલા બધા પૈસા લીધા તો તે શામા ખરચ્યા તો તેઓ એજ જવાબ આપે છે કે ઘણા લોકો આર્ય સમાજમા વટલી જવાના હતા પણ અમારી કોશીશથી બચી ગયા છે. પણ ખરૂં જોતા આ વાતમા વજુદ ઘણું થોડુંજ હોય છે, વિગેરે મશાયખો કહે છે અને વળી એ પણ તેઓ જણાવે છે કે તબલીગના કામમાં પૈસા કરતા દીના જોશ અને ઇસ્લામી હમદર્દીની વધારે જરૂર છે. પૈસાની ભીખ માગવાની કાંઇ જરૂર નથી ખુદાના દીનની ખીદમત ખરા દીલથી આપણે કરીશુ તો પૈસા આપો આપ આવી લાગશે. સચ્ચાઇ હશે તો વગર માગે ખુદા સઉ સાધનો મેળવી આપશે અને કામ ધમધોકાર ચાલશે. જો તમામ આલીમો અને મશાયખો છ મહીના પોતાના ગાંઠના રોટલા ખાઇને ઇસ્લામની ખીદમત કરવા ખાસ એકદમ કમ્મર કસી બહાર પડે તો ગમે તેટલા બીજા લોકો હોય તોપણ એક પણ આપણો માણસ તેઓ લઇ જઇ શકે નહીં; પણ ઉલટા આપણે તેમના લોકોને માગુના સચ્ચાઇના જોરથી નેકી તરફ ખેંચી શકીએ. પણ જ્યા આપણા ભાઇઓજ એ બહાને પૈસા મેળવવાના કામમા ગુથાએલા હોય તો પછી કામ આગળ શી રીને ચાલી શકે?

તેઓ ફંડ ભેગું કરીને કુરઆન શરીફની સાચી વાતોથી પણ કોઇને ખુદા તરફ ખેંચી મોમિન બનાવી શકતા નથી અને બીજાઓ તેમ કરવામા વગર ફંડ માગે કાંઇ હિકમતથી કામ લે છે તો તેમને કાફિર અને મુશરિક બનાવે છે પણ જો ઇખતિલાફી મસલા ઉભા કરી મશાયખોના કામમાં આડે નહી આવતાં તેમને

કામ કરવા દે તો મશાયખો હમણા હજારો લોકોને પોતાના તરફ ખેંચી લે, પણ તેઓ તેમના કામમાં નકામી આડ નાખે છે એટલુંજ નહીં પણ જમીઅતુલ ઉલ્માને પણ બદલામ કરવા જેવું કરે છે, વિગેરે મશાયખો કહે છે.

કેટલાક મશાયખોએ મને જણાવ્યું હતું કે અમે કેટલાક આલિમોને કહયું કે આપ લોકો મસલહત જોઇને તથા વખત વિચારીને કામ લો તો ઘણું સારૂં કે જેથી ઇસ્લામને ફાયદો થાય, અને દીનની તરક્કી થાય. તો તેમણે જવાબ આપ્યો કે અમે મસલેહત જોઇને તથા વખત વિચારીને ચાલવાનુ જાણીએ છીએ અને તે પ્રમાણે અમે અમલ પણ કરી દેખાડયો છે. ખિલાફતના કામમાં અમે કેવું મસલેહતથી કામ લીધું છે તે જુઓ. (૧) ખિલાફતના કામથી ઇસ્લામને ફાયદો થશે એમ સમજી ગાંધીજી તથા તીલક જેવા મુશરિકો-ગેર ઇસ્લામીઓની આગેવાની લોકોએ કબુલ કરી તોપણ અમે જરાપણ વાંધો લીધો નથી એટલુંજ નહીં, પણ મુશરિકો-ગેર ઇસ્લામીઓની રિઆયત માટે ગાયોની કુરબાની મુલતવી રાખવા । સવાલ ઉપડયો તથા ગાયોને ફુલના હાર ચડાવી તેમનો વરઘોડો કહાડયો તથા મુશરિકોને મસ્જીદ જેવી પાક જગામાં પેસવા દીધા તેમાં પણ અમે આડે આવ્યા નથી. (૨) મુશરિકોની તથા ઇસ્લામીઓની તસવીરો જે શરીઅતથી મને છે તેનો ફેલાવ લોકોમાં છુટથી થયો અને એવી હજારો છબીઓ લોકોમાં વહેંચાઇ તથા ઇસ્લામી અખબારોમાં આવી તથા હાલ પણ આવી રહી છે તથા ગાંધીજીને શ્રી કૃષ્ણના તથા મૌલાના મોહમદઅલી તથા મૌલાના શૌકતઅલીને અર્જુન તથા ભીમના અવતાર ગણી તેવી છબીઓ છપાઈ છે, કેટલાંક ગાંધીજીને ઇમામ મેહદી જેવા ગણ્યા છે, તેમની છબીઓને હાર ચડયા છે તથા તે છબીના વરઘોડા ફેરવ્યા છે, લો. તીલકના મહાદેવ બનાવ્યા છે, ગાંધીજીના નામની ટોપી પહેરાય છે, તથા ચરખાને નજાત દેવડાવનાર માનવામાં આવ્યો છે તો પણ અમે આડે આવ્યા નથી. (૩) ખિલાફતના અને સ્વરાજના આગેવાનોના સરગમા-વરઘોડાઓ ઝંડાઓ સાથે નીકળ્યા તે વખતે તથા જલસાઓ થયા ત્યારે બેન્ડ, ઢોલ, તાંસાં, હારમોનિયમ વિગેરે વાજાં છુટથી વાગ્યા તથા તે વખતે ઓરતોના ગીત ગવાયાં તથા મૌલાના મોહંમદઅલી તથા મૌ. શોકતઅલીના કસીદા ગવાયા તેમાં પણ અમે કાંઇ વાંધો લીધા નહીં એટલુંજ નહીં પણ "બંદેમાત્રમ"નુ હીંદી ગીત જલસાઓમા ગવાતુ તે વખતે પણ બીજાઓની સાથે આલીમો તેના માનની ખાતર અદબથી ઉભા થયા તે પણ કોણ નથી જાણતુ ? (૪) વગર પરદે ઓરતોની સાથે મરદો મોટરો, ઘોડાગાડીઓ તથા રેલ ગાડીઓમાં

બેસીને છડે ચોક ફર્યાં એવું શ્રીમતી સરોજની નાઇડુ, સરલા દેવી ચોધરાણી, બાઇ અનસૂયા, વિગેરેના દાખલા જાણવામાં છે તો પણ અમે તેમની સાથે રહીને ચુપ બેઠા છીએ. (૫) યઓમુલ ગાંધી (ગાંધી ડે) યઓમુલ અલી બિરાદરાં (અલીબિરાદર ડે), ઇદે કમાલીઆ, જેવા દિવસો મુકરર થયા છે.[૧] તે દિવસે વાજાં તથા ઝંડાઓ સાથે મોટા જુલુસો નીકળ્યા છે, જલસા થયા છે અને તેમાં મુશરિક આગેવાનો અગર ઇસ્લામી આગેવાનોની પધરામણીઓ વખતે "અલ્લાહો અકબર" ના નારા–અવાજો તથા તાલીઓના ગડગડાટ જોર શોરથી થયા છે, ભજનો થયાં છે, બહાદુર પુરૂષોની ખુબીઓ તથા ચમત્કારોના તથા ગાંધીજી ચરખો કાંતતા કુવામાં દેખાતા હતા એવી કરામતોના ગુણ ગવાયા છે અને તેમના નામથી ખુશાલી કરવામાં આવી છે તથા મીઠાઇઓ વહેંચાઇ છે અને મોટા ખરચે ભારે રોશનીઓ થઇ છે. (૬) મી૰ તિલક એક મુશરિક હતા તેમના નામથી સ્વરાજનું ફંડ ઉભું થયું તેમાં મુસલમાનોએ છુટથી ભાગ લીધો છે, તથા તેઓ ગુજર્યા ત્યારે તેમની લાશને ઇજ્જતની સાથે મુસલમાન ભાઇઓએ ખાંધો પણ દીધો છે. અને મુસલમાનોની લાશોને અંગ્રેજો તરફના ખીતાબ નહીં છોડવાને લીધે કબરસ્તાનમાં દફનાવતાં જબરજસ્તીથી રોકી છે તથા નાટકો, સીનેમા, તમાશાના આગેવાનો તથા રંડીઓ પાસેથી પણ ખીલાફત ફંડમાં પૈસા લીધા છે. (૭) જે ઇસ્લામી ભાઇઓ લડાઇમાં યુરોપમાં અગર બીજે ઠેકાણે દીનની ખીદમત કરતાં શહીદ થયા તેમની પાછળ અહીં હીંદુસ્તાનમાં ફાતેહાખ્વાની થઇ છે, તેમને માટે હજારો માણસોના જલસામાં દોઆઓ મંગાઇ છે એટલુંજ નહીં પણ પંજાબ પ્રકરણમાં માર્યા ગએલા હીંદુઓ માટે પણ દોઆનામા લખાયાં છે.* (૮) શેખુલ હિન્દ જનાબ મોલાના મેહમૂદુલ–હસન સાહેબ× વફાત પામ્યા ત્યારે ચારથી પાંચ વખત તેમના જનાઝાની નમાઝ જુદે જુદે ઠેકાણે પઢાઇ છે અને તે કામને મોહબ્બતના જોશનો સબબ બતાવવામાં આવ્યો છે; તથા જનાબ ગાઝી અનવરપાશાની વફાત જાહેર થઇ તે વખતે ગાયબાના તેમની જનાઝાની નમાઝ પઢાઇ છે. (૯) આજ સુધી ગમે તેવા પહેરેલા વિલાયતી

---

[૧] હાલ તો જઝીરતુલ અરબ ડે (યઓમુલ જઝીરતુલ અરબ)નો દીવસ પણ મુકરર થયો છે તથા ગાંધી મહીના પણ ગોઠવ્યો છે

* વળી ગાંધીજી બીમાર પડ્યા ત્યારે તેમને માટે પણ બંદગી કરવામાં આવી છે.

× આ મોલાના સાહેબ શંદેરના હાલના આલિમોના ઉસ્તાદ હતા.

લુગડાંથી નમાઝ જાએઝ હતી તે હવે વિલાયતી લુગડાંથી જાએઝ નથી એવી જાહેરાતો બહાર પાડવામાં આવી છે. (૧૦) કોટપાટલુન પહેરનારા, નેકટાઈ લગાડનારા, દાઢી મુંડાવનારા, અંગરેજી ચાળ રખાવનારા, અને એવીજ નસરાનીઓ સાથે મુશાબેહત કરનારા ઇસ્લામી આગેવાનો, ગાઝીઓ, વોલં-ટીઅરોને ઇસ્લામના ખરા ખાદિમ ગણી તેમની ખિદમતનાં આલિમોએ જાહેર વખાણ કર્યાં છે. (૧૧) ચાલુ ઉપયોગી તૈયાર લુગડા ફક્ત તે પર-દેશી હોવાને લીધેજ બાળી નાખી બીજા વધારાનાં ખાદીનાં તૈયાર કરવા માટે નકામો વધારે પડતો ઇસરાફ ખરચ કરવા ફરમાનો બહાર પાડવામાં આવ્યાં છે. ઉપલી તમામ બાબતો જેને જાહેર રીતે શરીઅત કબુલ કરી શકે નહીં તે દીનના ફક્ત ફાયદાના નામથી થઇ અને હજુ થઇ રહી છે તે શું અમે આલિમો નીભાવી લેતા નથી? શું આમાં અમે મસલહતથી કામ લીધું નથી? એક મોલવી ઝફર અહમદ જે મૌલાના અશરફઅલી સાહેબના માન-નારા છે તેમણે ખીલાફતની વાતોની વિરૂધ્ધ ઉરદુમાં એક કિતાબ બહાર પાડી તો અમે લોકો તેમનાથી ઘણા છેડાયા એટલુંજ નહીં પણ મૌલાના અશર-ફઅલી સાહેબે ખીલાફતના કામમાં ભાગ ન લીધો તેથી તેમના વિષે પણ જાહેર છાપાઓમાં તથા મીટીંગોમાં એવી ચરચા જોરથી ચલાવવા માંડી કે તેમને ચુપ થઇ જવું પડયું. બલકે તેમને માટે સાબિત કરી દીધું કે તેઓ ખિલાફતની વિરૂધ્ધ છે. શેખુલ હિંદ મૌલાના મેહમુદ હસન સાહેબ તે વખતે હયાત હતા અને ખીલાફતના કામમાં શું શું વાતો થઇ તે તમામ તેઓ જાણતા હતા. કારણ કે તેઓ ખીલાફતના કામમાં શામિલ હતા અને તેથીજ તેઓને "શેખુલ હિન્દ"નો દરજ્જો પણ મળ્યો હતો. જો તેમણે મસલહત જોઈ ન હોત તો તેમને એ દરજ્જો મળત પણ નહીં. તેઓ શામિલ થયા તો "શેખુલ હીંદ" કહેવાણા અને મૌલાના અશરફઅલી સાહેબ શામિલ ન થયા તો લોકોના મનમાં તેમને માટે શક પેદા થઇ ગયો. પણ મૌલાના મેહમુદુલ હસન સાહેબ બરાબર મસલહત જોઇને કામ લેતા હતા. અમે પણ કયાં આગળ મસલહતથી કામ લેવું તે સારી રીતે સમજી શકીએ છીએ. કદાચ કોઇ કહેશે કે દીન પર મસલહતને સરસાઇ આપી શકાય નહીં પણ જે મસલહત દીનને ફાયદો પહોંચાડનારી હોય છે દીનનીજ બાબત ગણાય છે, તેમાં દુનિયાની મતલબ હોતી નથી. એટલે એવી મસલહત દીનના ફાયદા માટે જોવામાં કાંઇ વાંધો નથી. અમે એજ હિસાબે મસલહતથી કામ લીધું છે. કારણ કે "અલ આઅમાલો બિન નીય્યાત." એટલે નૈયત જેવી હોય તેવા અમલ ગણાય છે. અહીં નૈયત દીનને ફાયદો પહોંચાડવાની છે તો એ કામ પણ

સારી નેમતવાળા મજુબ, આ હિસાબે અમે તો મસલહતથી કામ લીધું છે: અને તેમાં સઉ આલિમોની નીયત ખીલાફતને ફાયદો પહોંચાડવાની હતી. કારણ કે ખીલાફતના કામને ટેકો આપવાનો પાંચસો આલિમોનો ફતવો હતો, તથા શેખુલ હીંદ મૌલાના મેહમુદ હસન સાહેબની પણ એ તાલીમ હતી. પણ ખીલાફત વાળાઓને પુછો કે તેમણે અમારી કેટલી બધી કદર કરી છે? વિગેરે આલિમોએ ખુલાસો કર્યો. ત્યારે મશાયખોએ કહ્યું કે બેશક આપને ખુદા તઆલાએ ઇલ્મ દીધો છે તો આપ સઉ સમજી શકો છો તો આ તબલીગ અશાઅતના કામમાં પણ જો આપ મહેરબાની કરી તેવી મસલહત અને હિકમતથી કામ લો તો ખીલાફતની માફક અમારા આ દાવતના કામમાં પણ ઘણી સહેલાઇ થાય. ત્યારે આલિમોએ જવાબ આપ્યો કે જો કોઇ અંજુમન અગર મંડળી આગેવાની લઇ સારૂ ફંડ ઉઘરાવી અમને કામ સોંપી અમારી કદર કરે તો પછી અમને તે પ્રમાણે કરવા વાંધો નથી. અમે અમારી પકડ કેવી રાખવી તે ખૂબ સમજીએ છીએ. બીલાડી જ્યારે ઉંદરને પકડે છે ત્યારે તેની પકડ જુદી હોય છે અને જયારે પોતાના બચ્ચાંને પકડે છે ત્યારે જુદી હોય છે એમ અમે પણ સમજીએ છીએ. તમે અમારો ખીયાલ રાખશો તો અમે સાથે રહી શકીશું નહીં તો અમે તમને ટેકો આપી શકીશું નહીં. કારણ કે કોઇ પેટ છોડીને કામ કરી શકે નહીં. મશાયખોએ કહ્યું કે પેટ ભરવું એ ખુદાનું કામ છે. આપ તેના ઉપર ભરોસો રાખી આપનું જે કામ છે તે કરો અને અમને દાવતનું કામ કરવા દો. અમારે એ કામ માટે ફંડની જરૂર નથી કારણ કે અમારા ત્યાં મિશનની ગોઠવણી કાયમ છે, તેમાંથી સઉ કાંઇ થઇ શકે છે. અમે આપની પાસે બીજું કાંઇ માગતા નથી પણ જેમ ખિલાફતના કામમાં આપે મસલહતથી કામ લીધું અને ચુપ રહ્યા તેમ આમાં પણ મસલહત જુઓ તો અમે કોમના ખાદિમ તરીકે દીનની અશાઅતનું કામ વગર પઇસે કરે જઇશું. અમે એ કામની સારી માહીતી ધરાવીએ છીએ અને ગેર કોમોને ખુદા તરફ રજુ કરવામાં કઇ ચીજોની જરૂર છે તે સારી રીતે સમજીએ છીએ કારણ કે એ કામ અમારા ત્યાં અસલથી ચાલતું આવે છે. અમારી ઉપર આપ લોકો તરફથી અમારા બાપદાદાઓનું એ કામ પડતું મુકવાના આરોપો મુકાય છે પણ એ કામ અમે રાજી ખુશી છોડયું નથી પણ આલિમોના "કુફર" અને "શિરક"ના ફતવાઓએ અમારી પાસે છોડાવ્યું છે. નહીં તો અમે તો કામ કરવા આજ પણ તૈયાર છીએ, વિગેરે મશાયખો કહે છે અને વધુમાં જણાવે છે કે આ પ્રમાણે અમારા અને

આલિમોમાં વાટાઘાટ થવાથી હવે એટલું તો થવા પામ્યું છે કે સમજુ આલિમો મશાયખોની કામ કરવાની ફરજીને સમજી ગયા છે અને તેઓ હવે વધુ દખલ દેતા નથી. પણ જેમ ખિલાફતના કામમાં સમજીને ચાલ્યા તેમ આ કામમાં પણ થોડે થોડે ચાલવા લાગ્યા છે. જો આટલું પણ આલિમ સાહેબો મહેરબાનીની રાહે કરે તો બસ છે. પણ જુજજાજ આલિમો જેમને એ બહાને લોકો પાસેથી પૈસા મેળવવાની ખાહેશ છે તે દખલ દે છે. તોપણ હવે વધારે અડચણ જેવું રહ્યું નથી એમ મશાયખોનું કહેવું છે.

કેટલેક ઠેકાણેના મશાયખો એવું કહે છે કે આલિમો અમારી ભુલ કહાડે છે કે અમે દીનનો ઇલ્મ પઢતા નથી, પરેજગારી રાખતા નથી, બિદઅતોમાં મશગુલ રહીએ છીએ, લોકોને ખરી હિદાયત કરતા નથી તેથી દીનની તરક્કી થતી નથી. પણ આલિમોએ મહેરબાનીની રાહે સમજવું જોઇએ કે અમારા કામને માટે જેટલો ઇલ્મ જરૂરનો છે તેટલો તો અમે બરાબર શીખીએ છીએ. બલકે તેના મોટા આલિમ છીએ. તે ઉપરાંત દાવતનું કામ કરવા માટે રામાયણ, મહાભારત, ભાગવત, જોતીષ, મનુસ્મૃતિ, ગીતા, યોગ વાશિષ્ટ તથા બીજાં ઘણાં ફિલસુફી તથા યોગનાં પુસ્તકોનો અમને ઉંડો અભ્યાસ કરવો પડે છે એટલુંજ નહીં પણ તેમના તમામ રીત રીવાજો તથા તેમની જુદી જુદી ભાષાઓની પણ અમને સારી રીતે માહીતી મેળવવી પડે છે. એટલે અમારા કામનો ઇલ્મ અમારામાં જોઇએ તેટલો હોય છેજ. અને અમારા કામના અમે મોટા આલિમ છીએ. અમને બીજી કોમોમાં કામ કરવું પડે છે એટલે જે વાતને એ લોકો પરેજગારી માને છે તે વાત અમારામાં સારી રીતે છે એમ તેઓ જુવે છે અને તેથીજ તેઓ અમને મહાત્મા કરીને માને છે. અમે એ લોકોનેજ હિદાયત આપવાનું કામ કરીએ છીએ એટલે એ લોકોને ક્યા હિસાબથી હિદાયત મળશે એંજ કામ અમે કરે જઇએ છીએ. અને તે કામમાં અમે ઘણા આગળ વધેલા છીએ. મુસલમાનોને હિદાયત કરવાનું કામ આલિમોનું છે જ્યારે બીજાઓને હિદાયત કરવાનું કામ મશાયખોનું છે, આલિમો મુસલમાનોને સઘળે ઝગડા ઉપાડ્યા વગર હિદાયત કરે અને મશાયખો બીજાઓને હિદાયત કરે એટલે એ પ્રમાણે કામની વહેંચણી થઇ જવાથી કામ સારૂં ચાલે એમ ઉધાડું છે.

કેટલાક એવા પણ મશાયખો છે જે આખી જીંદગી એ કામ માટે વક્ફ કરી વગર પગારે અશાઅતનું કામ કરવા તૈયાર છે. પણ આલિમો

એવાં થોડાજ નીકળશે. આલિમો હીંદુભાઇઓને તેમના ધર્મની માહીતી નહીં હોવાથી સમજાવી તેમના મનનું સમાધાન કરી શકતા નથી તો પછી આર્ય સમાજીઓને તે સમજાવી શી રીતે શકે ? આર્યસમાજીઓએ તો અંગ્રેજી ઉચી કેલવણી ઘણે ભાગે લીધેલી હોય છે એટલે તેઓ વિજ્ઞાનશાસ્ત્ર (સાયન્સ) તથા તર્કશાસ્ત્ર વિગેરેમાં ઘણા આગળ વધેલા હોય છે અને આપણા અરબી જાણનારા આલિમોને તો તેઓ જુના વિચારનાં સમજે છે. અને તેથીજ તેમને ઉડાઉ જવાબ આપે છે. તેમને તો તેમના જેવા સાયન્સ તથા તર્કશાસ્ત્ર જાણનારા ઇસ્લામી ઉપદેશકો સમજાવે ત્યારેજ તેમના ધ્યાનમાં વાત ઉતરે. તેમને માટે તો એમની સાથે કેમ વાદ વિવાદ કરવો તેની ખાસ તાલીમ આપીને ઉપદેશકો તૈયાર કરવા પડે છે. લોઢાને લોઢુંજ કાપે છે, લાકડું કાપી શકતું નથી. માટે તેમના જેવા ઉપદેશકો હોય છે તેજ તેમની સાથે દલીલ કરી શકે છે. નહીં તો બીજાને તો તેઓ કાંઇ સમજતા નથી. અરબી જાણનારા આપણા આલિમ ભાઇઓને કદી આર્યસમાજીઓ સાથે મુકાબલો કરવાનો વખત આવે છે તો તેઓ એવા ખાસ ઇસ્લામી ઉપદેશકો હોય છે તેમને દુર દુરથી બોલાવે છે અને તેમની મદદથી કામ કરે છે. તેઓ પોતે સ્વતંત્ર રીતે આર્યસમાજીઓથી મુકાબલો કરી શકતા નથી કારણ કે આર્યસમાજીઓ સાથે દલીલ કરવાની કઇ બાબતો છે તેની તેમને ઘણે ભાગે માહીતી હોતી નથી. આ વાત સાફ ઉઘાડી છે છતાં પોતે બેચાર ગામે જઇ આર્યસમાજીઓ સાથે વાદ વિવાદનુ કામ નહીં કરતાં તેમની ગેરહાજરીમાં મુસલમાનો રૂબરૂ આર્યસમાજીઓ વિરૂધ્ધ વાતો કહાડે છે અને જાણે આર્યસમાજીઓથી મુકાબલો અને વાદવિવાદનું કામ કરી રહયા હોય એવું બતાવી લોકોને પૈસા માટે વારંવાર અપીલો કરે છે અને પૈસા ભેગા કરે છે. તેઓ નતો આર્યસમાજીઓનો મુકાબલો ફતેમંદીથી કરી શકે છે કે નતો હીંદુઓમાં મશાઅતનું કામ કરી શકે છે. આ વાત ઉઘાડી છે તો પણ તેઓ લોકો આગળ એમ કહે છે કે મશાયખો અમને મીશનના કામમાં પુછતા નથી અને અમારો મશવરો લેતા નથી. પણ મશાયખો કહે છે જે ચીજની તેમને માહીતીજ નથી તેમાં તેમનો મશવરો લેવાથી અને તેમને તકલીફ આપવાથી શું ફાયદો ? તેઓ ઇસ્લામી કોમને ઇલમ પઢાવવા માટે સારા છે. તેમણે તો મદરસા પકડીનેજ શાંતીથી બેસવાનું છે. બીજા કામમાં પડવા જેવું છેજ નહી. કારણ કે વધારે હોહા કરવાથી નકામી ધાંધલ ઉભી થાય છે અને તેથી દાવતના ચાલતા કામને સામાવાળાઓ તરફથી તોડવાની

ખટપટો પેદા થાય છે. તેમણે મશાયખોને સ્વતંત્રપણે કામ કરવા દેવા જોઇએ કે તેઓ પોતાની ગોઠવણી પ્રમાણે સારી રીતે અશાઅતનું કામ બજાવી શકે. આલિમોનું કામ ઇસ્લામી કોમમાં ખુલ્ક, નરમી, સલાહશાંતિ અને હિકમતથી એકદિલી કરવાનું છે અને એજ તેમની તબલીગ છે વિગેરે મશાયખોનું કહેવું છે.

તોપણ મે તો મશાયખોને એજ ભલામણ કરી છે કે આ વખતે આલિમભાઇઓ અને મશાયખોએ એક થઇને ચાલવાનું છે. કોઇ કોઇનું ભુડું બોલી ઝગડા જગાડવાનો આ વખત નથી; કારણ કે તેથી આપણનેજ નુકસાન થાય છે. કોઇ કડક આલિમભાઇઓ નીકળી આવે અને નાણા ઉઘરાવવા બહાર પડે તોપણ તેમને નીભાવી લેવા અને બનતાં સુધી માંહો માંહેના ટટા ફિસાદથી અલગ રહેવું. આલિમ ભાઇઓને જ્યારે એ વિશેનો અનુભવ થશે ત્યારે તેઓ પોતાની મેળે સમજશે. આપણે તેમને ખોટા ખરા કહેવાનુ કાંઇ કારણ નથી. તેમને સારા સમજીનેજ આપણે ચાલવાનું છે કે વખત જતાં ઇખતિલાફી વાતોના ઝગડા મટી જાય અને દેશને રાહત થાય. આલિમ સાહેબોએ પણ મશાયખોથી મળીને આ બાબતમાં ચાલવાનું છે કારણકે મશાયખો એ ફનના ઘણા અનુભવી અને જાણકાર હોવાથી તેમને સારી મદદ કરી શકે છે. એ કામમાં ઇલમની વધારે જરૂરત હોતી નથી પણ હિકમત અને અનુભવની વધારે જરૂરત હોય છે એ તેમણે યાદ રાખવું જોઇએ.

પ્રકરણ ૨ જું.

મલકાના રજપૂતો અને આલિમો.

મેં મશાયખોને મલકાના રજપૂતો જે આર્ય ધર્મમાં વટલી જાય છે એ વિશે પુછ્યું તો તેમણે કહ્યું કે એ પણ આવા કેટલાક કડક આલિમ ભાઇઓને લીધેજ થવા પામ્યું છે. એ મલકાના લોકોની હકીકત એવી છે કે તેઓ પહેલાં તો હીંદુ કોમના છે કે જે કોમમાં અનેક દેવતાઓ એટલે

તેત્રીસ કરોડ દેવતાઓની સત્તા જામેલી છે. એ કોમ એ દેવોને માને છે અને તેમની હમેશાં પુજા કરે છે. જે કોમના લોકો તેત્રીસ કરોડ દેવતાઓની પુજા કરતા હોય તથા આગ, પાણી, વાયુ, સૂર્ય, ચંદ્ર, તારા, માટી તથા પત્થર સામે માથું ઝુકાવતા હોય તેમનામાં તો માથેથી તે પગ સુધી શિરક ભર્યું હોય એમાં નવાઇ જેવું નથી. બલકે તેવા શિરકના કામો તેમના સ્વભાવમાં રચીપચી ગએલાં હોય છે. એટલે તેમના ત્યાં શિરકનો કાંઇ પણ ટોટો નથી. એવી તબીયતોના માણસોને ખુદાની વેહદાનિયત ઉપર લાવવા એ કાંઇ ખાવાનું કામ નથી. એવી આદતના લોકોને એકદમ કદાચ એમ કહેવામાં આવે કે તમે તમારા દેવતાઓની પુજા છોડી દઇ મૂર્તીઓની એબાદતની તમામ ક્રિયાઓ પડતી મુકી એક ખુદાને પકડી તેની વેહદાનિયત ઉપર આવી જાઓ તો તેઓ કદી પણ માનવાના નથી, બલકે તેવી સલાહ આપનાર માણસને પોતાનો તથા પોતાના ધર્મનો દુશમન ગણી તેને બોલીઓ મારી પાણીથી પાતળો બનાવી નાખવા સુધીની કોશીશ કર્યા વગર રહેવાના નથી; કારણ કે તેમના દેવતાઓ ઉપર તેમનું આકીન એવું તો મજબુત જામેલું હોય છે કે હમેશાં તેઓ તેમની યાદી કર્યા કરે છે, તેમની આરતી ઉતારે છે, તેમનો તવાફ કરે છે, તેમની આગળ લાંબા થઇને દંડવત કરે છે, તેમને થાળ ધરાવે છે, તેમની આગળ ધુપ કરે છે, તેમની માનતાઓ લે છે, તેમના નામની ચોટલીઓ રાખે છે, તેમના નામના દોરા બાંધે છે, તેમના ભજન હમેશાં ગાયા કરે છે, તેમના નામના જાપ જપે છે, તેમના નામની માળા ફેરવે છે, તેમના ઓચ્છવો-જશન કરે છે, તેમના તહેવારો પાળે છે અને એથી એ દેવતાઓ ખુશ થાય છે એમ તેઓ ખરા વિશ્વાસથી માને છે. તેઓ પોતાના આ ખીયાલ અને અકીદામાં એવા તો મજબુત હોય છે કે તેમને વેહદાનિયતની કોઇ પણ વાત એકદમ ગળે ઉતરતી નથી. તેમની તબીયતો આવા ઢબની હોવાથી તેમની રૂઢીઓ તથા તેમના સંજોગો અને તેમના સ્વભાવોનો ઉંડો ખીયાલ કરી તથા લાંબો અનુભવ મેળવી કેટલાક મશાયખોએ એ લોકોના ધર્મ પુસ્તકોનો ઉંડો અભ્યાસ કર્યો અને તેમના ધર્મની તમામ બાબતોની સારી રીતે માહીતી મેળવી પ્રથમ તેમને તેમનાજ શાસ્ત્રોનો બોધ કરી તેની ઉંડી અને બારીક વાતો એવી તો ઉમદા રીતે સમજાવવા માંડી કે તેમના મન ઉપર તે મશાયખોના બેહદ ગાન અને તેમના ઉંડા ઇલમની ખરેખરી છાપ ચોટી. જેથી તેઓ તેમને ગાની પુરૂષ-દુરવેશ, મહાત્મા-બુજરૂગ અને છેવટે ધર્મગુરૂ-મુરશદ તરીકે માનવા લાગ્યા. અને તેમને પણ

એક દેવતા જેવો સમજી તેમના પગે પડવા લાગ્યા કારણ કે પગે પડવાનો તેમનો ખાસ સ્વભાવ હતો. જો પગે ન પડે તો તેમને સંતોષ થાય નહીં.

આ મશાયખોએ પોતાની રહેણી કરણી અને રીતભાત એ લોકોના ખ્યાલને પસંદ પડે તેમ એવી તો કાળજીથી રાખી કે તેઓ તેમને ગુરૂ તરીકે કબુલ કરી તેમના ચેલા થવા લાગ્યા એટલુંજ નહીં પણ તેઓ એ ઇસ્લામી બુજુર્ગોને પોતાના ધર્મના ખ્યાલ પ્રમાણે ઇશ્વરના અવતાર તરીકે માનવા લાગ્યા. કારણ કે તેમણે જોયું કે ભગવાને મછનો, કછનો તથા વરાહ-ભુંડનો અવતાર લીધેલો છે અને એવા જનાવરોના ખોળીઆમાં ભગવાન જગતને સુધારવા માટે આવેલાના દાખલા હીંદુશાસ્ત્રમાં મોજૂદ છે[1] તો પછી ભગવાન આ પીર લોકોના ખોળીઆમાં આવીને આપણને તારવા અને આપણું કલ્યાણ કરવા આવ્યા હોય તો એમાં નવાઇ જેવું કાંઇ નથી. તેમના શાસ્ત્રથી આ વાતને મજબુત ટેકો મળવાથી તેમનો વિશ્વાસ પીરો ઉપર વધારે મજબુત થતો ગયો અને દરેક વાત તેઓ તેમને પોતાના દોઆગો, ખેરખ્વાહ અને સુખદાતા સમજી પુછવા લાગ્યા અને તેમનાજ ઉપર પોતાનો તમામ આધાર રાખવા લાગ્યા. મશાયખોએ પણ તેમના ખરા હમદર્દ તરીકે તેમને દરેક વાતથી ખુદાના જ્ઞાન તરફ દોરવાનું શરૂ કર્યું. તેત્રીસ કરોડ દેવતાઓ ઉપરથી ઉતરીને તેઓ હવે બુજુરગો તરફ આવવા લાગ્યા અને પોતાની અસલ રીત પ્રમાણે દેવતાઓને ઠેકાણે પીરોની યાદ કરવા લાગ્યા, તેમને પગે પડવા લાગ્યા, તેમને માનતાઓ ચડાવવા લાગ્યા. તેમના નામની ચોટલીઓ રાખવા લાગ્યા, તેમના નામના દોરા બાંધવા લાગ્યા. તેમના ભજનો ગાવા લાગ્યા, તેમના જશનો-ઉરસો કરવા લાગ્યા, તેમના તેહવારો પાળવા લાગ્યા અને તેમ કરી દીવસે દીવસે પીરો સાથે ઘાડો સંબંધ પોતાના કલ્યાણ માટે જોડવા લાગ્યા. દેવતાઓના ઠેકાણે હવે પીર-વલી લોકોને તેઓ ગાદવી તેમનીજ તરફ ઝુકવા લાગ્યા. આથી તેમને કુફર અને શિરકને ઠેકાણે ખુદાની વેહદાનિયતનો મીઠો ઘણો રંગ ચડવો શરૂ થયો. દેવતાઓની ઉપલી વાતોમાં સત્તર આની શિરક હતું ને મટીને પીરોની વાતોમાં ઓછું થવા લાગ્યું અને પીરોને લીધે ધીમે ધીમે તેમનું વલણ પીરોના ખુદાની વેહદાનિયતના ખરા જ્ઞાન તરફ થતું ચાલ્યું. દેવતાઓના અકીદા ઉપરથી હવે તેઓ વલીઓના અકીદા તરફ વળ્યા, અને ખરા ખુદાના જ્ઞાનની વાતો સમજતા થઇ એની ખુબીઓ જાણવાને દીવસે દીવસે વધારે ઇંતેજાર થતા ગયા. જેમ જેમ તેઓ વધારે આતુર બનતા ગયા તેમ

---

૧. ઇસ્લામમાં આ વાતોનો અકીદો નથી.

તેમ મશાયખોએ તેમની તબીયતને લાગુ પડે તેવી વાતો વલીઓના નામથી તેમની આગળ ધરવા માંડી.[1] મશાયખોને આવું કર્યા વગર છુટકોજ નહોતો કારણ કે એ લોકોની તબીયતોને કુદરતી રીતે એવીજ વાતો પસંદ હતી. આ હકીકતને અને આ હિસાબને કેટલાક કડક આલિમ ભાઇઓ સમજી શકયા નહીં કારણ કે તેમણે ઉંડા ઉતરવાની દરકાર કરી નહીં. તેમણે તો ઉપર ઉપરનીજ વાતો જોવા માંડી. પીરોના નામના દીવા, પીરોના નામની માળા, પીરોના નામની ચોટલીઓ, પીરોના નામના દોરા, પીરોના નામના ભજન, પીરોના નામની માનતાઓ, પીરોના નામના તહેવારો વિગેરે બાબતો થતી જોઇને તે કડક ભાઇઓ મશાયખોથી ઘણા છેડાયા અને દીનમાં તેઓ બુરાઇ પેદા કરે છે એમ ટોકી બેસાડી મશાયખો ઉપર કુફર તથા શિરકના ફતવા આપવા લાગ્યા. મશાયખોના મરતબા, અને તેમની શાન તેઓ જોઇ શકયા નહી એટલુંજ નહી પણ મશાયખોએ દેવતાઓના નામે થતું સત્તર આની કુફર અને શિરક ઓછું કરી ખુદાની વેહદાનિયતનો રંગ લગાડવા માંડયો છે એ પણ તેઓ સમજી શકયા નહીં. તેઓ મશાયખોની ઉપર ગેર સમજથી કહો કે ભુલથી કહો, એવા તો ગુસ્સે થયા કે જાહેર રીતે તેમને "કાફિર", "મુશરિક", "મુરતદ", "ઝિન્દીક", "શેતાન" વિગેરે વિશેષણોથી નવાજવા લાગ્યા. અને વાત એટલે સુધી પહોંચી કે મશાયખો ઉપર બદલામીનો જબરો દરોડો પડયો.

જે મશાયખોની તબીયતો મજબૂત હતી અને જેઓ આ તબલીગના કામને ગમે તે રીતે કાયમ રાખવા માગતા હતા તેમણે તો એ ભાઇઓના બદલામ કરનારા હુમલાઓની પરવા રાખી નહીં પણ હીંદુ ભાઇઓને વળગી રહયા અને એકતાને માટે સઉ સહન કર્યું પણ હટયા નહી. પણ જે મશાયખો તેમનાથી દબી ગયા અને બદલામીથી ડરી ગયા તે આ મહાન કામ પડતું મુકી ખસી ગયા. આ મિશનની તરકીબનો ભેદ કોઇની આગળ ઉઘાડો પડાય એવો નહોતો કારણ કે તેથી તબલીગ-અશાઅતનું કામ ઉઘાડું પડી જતું હતું. એક ફાયદાકારક કામનો ભેદ ફોડી દેવો તે કરતાં પોતે સબર કરી નુકસાન વેઠી અલગ થઇ જવું એ વધારે સારૂં છે એમ મશાયખોને લાગવાથી તેમજ બીજા કેટલાક ઇસ્લામી ભાઇઓ તરફથી બદલામ થવા કરતાં હટી જવું સારૂં છે એવી કવખતની સલાહ મળવાથી તેઓ તે આછો રંગ ચઢેલાઓને પડતા મુકી લાચારીથી ખસવા લાગ્યા. જો આલિમોએ મશાયખોને તેમનો કેડો લઇ એ કામથી અલગ કર્યા ન હોત તો તે નવો ચડેલો રંગ વખત જતાં પાકો થઇ જાત અને કાંઇ જુદોજ રંગ જામત

---

[1] આ ખુદાનું જ્ઞાન શીખવાડવાની બાબત છે, વટાળની વાત નથી.

પણ આલિમોએ તો મોટા મોટા વાએઝો કરી તથા છાપા છપાવી મશાય-ખોનો એવો તો પીછો લીધો કે છેવટ લાચારીથી તેમને એ કામ છોડી દેવું પડ્યું, અને અડધા રસ્તા ઉપર આવેલા ભાઇઓને પડતા મુકવા પડ્યા.

મશાયખોની સોહબતથી એ લોકો વેહદાનિયતના ચીલામાં—ગરેડમાં હતા તે હવે મશાયખોનો સહવાસ ઓછો થઇ જવાથી વેહદાનિયતનો જે થોડો ઘણો રંગ તેમને ચડેલો હતો તેમાં વધારો નહીં થતાં તે ઉલટો આછો થવા લાગ્યો. મશાયખોને એ ભાઇઓએ એ લોકોથી દૂર કર્યા એટલે રસ્તો સાફ જોઇને કેટલાક બીજા લોકો તેમને મળ્યા અને તેમણે તેમને સમજાવવા શરૂ કર્યા. પરિણામ એ આવ્યું કે ઇસ્લામની વેહદાનિય-તની સીડીનાં ઘણા પગથીઆં ચડી આવેલા લોકો પાછા કુફ્ર અને શિરકના રસ્તે વળી ગયા. અને કુફ્ર અને શિરકનું કામ ઓછું થઇ ગયું હતું તે કડક ભાઇઓની ગેરસમજથી પાછું જોર ઉપર આવી ગયું. આ કુફ્ર અને શિરક પાછું દાખલ થયું તેમાં કોની વધારે ભુલ થએલી છે તે સહેજે સમજી શકાએ એમ છે. આર્યસમાજીઓનો આમાં આપણે વાંક કહાડી શકીએ નહીં કારણ કે તેમને પોતાના પંથની લાગણી હોય એ કુદરતી છે.

મશાયખોએ નેક નીયતથી કામ લીધું હતું જેથી નેકીનાં ફળ આવવા લાગ્યાં હતાં પણ તે આપણા એ આલિમ ભાઇઓ સમજી શકયા નહીં. અમલનો અંદાજો નીયતથી થઇ શકે છે એ વાત ચોખ્ખી છે. પણ મશા-યખોની નેક નીયતને ઉલટાજ રૂપમાં સમજાવવામાં આવી.

અનાજને પલીતીમાં નાખવું એ ગુન્હાનું કામ છે પણ ખેતરમા વાવતી વખત અનાજને ખાતર જેવી પલીતીમાં જાણી જોઇને નાખવામાં આવે છે. પ્રથમ તો અનાજના દાણા ગુમ થઇ જાય છે પણ પછીથી હજારોના રૂપમાં નીકળે છે. અહીં કામ તો અનાજને પલીતીમાં નાખવાનું થાય છે પણ તે એવી નેક નીયતથી થાય છે કે એકેક દાણામાંથી હજારો દાણા પેદા થઇને ઉભા રહે છે. એજ પ્રમાણે વેહદાનિયતનું બીજ કુફ્ર અને શિરકની પલીતી વાળી જમીનમાં નેક નીયતથી નાખવામાં આવે તો પહેલાં તો તે કુફ્ર અને શિરકના થરમાં ઢંકાઇ જાય છે એટલે ફક્ત શિર-કજ નજરે પડે છે પણ વખત જતાં તે રોપેલા વેહદાનિયતના બીજમાંથી તેના ફણગા ફુટે છે અને તે ઝાડના રૂપમાં થઇ તેમાંથી હજારો વેહદાનિય-તનાં ડાળાં નીકળી પડે છે. ઘઉંમાંથી ઘઉં પેદા થાય છે તેમ વેહદાનિયતમાંથી

બેહદાનિયતજ પેદા થાય છે. અને એ નેક નીયતનુંજ ફળ છે. મશાયખોની આવી નેક નીયતને ધ્યાનમાં લેવાને બદલે તેને બુરાઇ તરીકે બતાવવામાં આવે તો તે વ્યાજબી કહેવાય નહીં એમ હરકોઇ કહી શકે, વિગેરે મશાયખો જણાવે છે.

આલિમોની નીયતનો એક દાખલો કેટલાક ભાઇઓ એવો આપે છે કે ઇલમની ઉજરત—અવેજ લેવાનું એટલે પૈસા લઇ ઇલમ પઢાવવો, પૈસા લઇ નમાઝ પઢાવવી, તથા પૈસા લઇ દીની ઇલમની તાલીમ આપવી એ તદન ઇસ્લામ વિરૂધ્ધની વાત છે અને તે ભારે ગુન્હાનું કામ છે. એટલે દીની ઇલમ પઢાવવામાં જરાપણ મહેનતાણું અગર પૈસા લેવામાં આવે તો તે બીલકુલ નાદુરસ્ત છે. * પણ આલિમોએ મસલહતની ખાતર એવું ઠરાવ્યું છે કે જો મહેનતાણું અગર અવેજ નહીં મળે તો કોઇ આલિમ ઇલમનું શિક્ષણ આપવાનું કામ માથે લેશે નહીં અને તેથી દીની તાલીમને ધોકો લાગશે માટે આલિમ ખુદા વાસતેની નીયતથી એ ધર્મનું (ઇલમ પઢાવવાનું) કામ કરે અને અવેજ આપનાર માણસ ખુદા વાસતેની નીયતથી પૈસા આપે તો નીયત સાફ હોવાથી ગુન્હો લાગુ પડશે નહીં. હવે અહીં ખાસ આલિમોના પોતાના ફાયદાની વાત છે તોપણ તેમાં રહેલી નીયતને સારી ગણવામાં આવી છે જ્યારે તબલીગના ફાયદા માટેના કામમાં મશાયખો દીનની અશાઅતની ખાસ નેક નીયતથી કામ કરે છે તોપણ તેમની નીયતને કેટલાક ભાઇઓ તરફથી ખોટું રૂપ આપવામાં આવે છે. જો આલિમો ઇલમની ઉજરત લેવામાં પોતાની નેક નીયત સાબિત કરવા માગે છે તો પછી મશાયખોને પણ તેમની નેક નીયતનો લાભ મળવો જોઇએ; પણ તે બિચારાઓના નસીબમાં તો નેકીએ બદનામીજ છે! તેઓ ખરા દિલથી દીનની ખાસ ખીદમત કરી રહ્યા છે તોપણ તેમને કુફ્ર અને શિરકના કામ કરનારા **બિદઅતી** બતાવવામાં આવે છે. મશાયખોને આવી રીતે હલકા પાડી આલિમોએ તેમની મિશનની ગોઠવણીને તોડી નાખવા જેવું કર્યું અને તેઓ મશાયખોની માફક મિશનનું કામ ફતેહમંદીથી કરી શકયા નહીં એટલે તેમાં ઇસ્લામને બેવડું નુકસાન થયું છે એવું લોકો સાફ કહે છે.

---

* શેખુલ હિન્દના નાયબ મૌલાના હુસેન એહમદ સાહેબે પોતાના છેલ્લા કોકનાડાના ભાષણમાં કહ્યુ છે કે જે આલીમો ઇલમની કીમત લે છે તેમનો દરજ્જો ઘણો મોટો થશે કારણ કે તેની ઉજરત લેવાનું ગેરવ્યાજબી કામ તેઓ કરે છે. આ ભાષણ તેમણે ઇ૰ સ૰ ૧૯૨૩ ના ડીસેમ્બરમાં કર્યું હતું જેનો કેટલોક ભાગ આ કિતાબમાં આગળ આપવામાં આવ્યો છે.

વળી હાલ કેટલાક આલિમો એ મલકાનાઓને પાછા ઇસ્લામમાં લાવવાના નામે તે તરફ જવા લાગ્યા છે અને અવાર નવાર અશાઅત અને તબલી-ગની જરૂરત ઉપર વાએઝો કરી ઇસ્લામી કોમનું ધ્યાન તે તરફ ખેંચે છે અને કહે છે કે તમે ગમે તેટલી ઇબાદત કરો, ગમે તેટલી ખેરાત કરો, ગમે તેટલાં નેકીનાં કામ કરો પણ જ્યાં સુધી તમે ગેર કોમના કોઇ માણસને ખુદા તરફ ખેંચવામાં મદદ કરી નથી ત્યાં સુધી તમારાથી ખુદા કદી રાજી થવાનો નથી.[1] આવી આવી વાતો લોકોને સંભળાવી નાણા માગે છે અને પૈસા ભેગા કરવાનું કામ કરે જાય છે. પણ તબલીગના કામમાં નાણાની એટલી બધી જરૂર નથી. જે જરૂર છે તે ઇસ્લામી જોશની અને ઇસ્લામી હમદરદીની છે. જ્યાં સુધી દિલમાં દીનની ખીદમત કરવાની પાક નીયત નથી ત્યાં સુધી નાણા કાંઇ કામ આવે એમ નથી. પૈસા તો ઘણાએ મળે છે પણ સાચા માણસો મળતા નથી. અને જો સાચા માણસો મળે તો પછી પૈસાની એટલી જરૂર પણ રહેતી નથી. અહીં તો જ્યાં પૈસા ભેગા થશે કે જરૂર નફસાનિયત જાગશે અને પોતપોતામાં ઝગડા પેદા થઇ લડાઇઓ વધશે અને લોકોના પૈસા એક બીજાને હલકા પાડવામાં ખર-ચાશે કારણ કે હાલમાં આલિમોનો તો એ રિવાજ થઇ પડગો છે કે એક આલિમની મંડળી બીજા આલિમની મંડળીને ઉઘાડે છોગે કાફર અને મુશરિક કહે છે, અને તેને માટે હવાલા કુરાન શરીફના તથા હદીસના આપે છે. જ્યાં મુસલમાનોનેજ કાફર અને મુશરિક બનાવવાનું કામ જોર પર ચાલતું હોય તો પછી મુશરિકોને મોમિન બનાવવાનું કામ થાયજ શી રીતે? લોકો કહે છે કે એ કામ એ ભાઇઓથી બની શકે એમ નથી. કારણ કે તેઓ ફકત કુરાને શરીફ અને હદીસનીજ વાતો બયાન કરે છે જે એ લોકો પુરી રીતે શમજી પણ શકતા નથી. જ્યારે તેઓ સમજીજ શકતા નથી તો પછી તેમના મન ઉપર અસર પણ શાની થાય? અને અસર ન થાય તો પછી ખુદા તરફ ખેંચાય પણ શી રીતે? ખરૂં જોતાં તો એ કામ માટે મશાયખોનીજ ખાસ જરૂર છે કે તેઓ પોતાના અસલી મિશ-નના ધોરણથી મામલો સુધારીને પાછો જમાવી શકે અને એ લોકોને વેહદાનિયતના પુલ ઉપર ચડાવવા માટે પાકી નાસરણી ગોઠવી શકે. એવા થોડા રંગ ચડેલા લોકો માટે કુરાન હદીસનું કામ નથી કારણ કે તેમાં તેમને જોઇએ તેવી સમજ કે રસ પડે નહી. તેમને તો તેમની તબીયતને

---

૧ આ હિસાબે તો મશાયખો જે બીનતઓને ખુદા તરફ ખેંચે છે તેમાં તેમની નેકી શું ગણાતી નથી?

જે વાતો પહેલાંથી પસંદ પડતી આવી છે તે હોય તોજ તેમને રસ પડે, અને તેઓ પછી ખુદા તરફ ખેંચાય. આલિમો ઇસ્લામી કોમ માટે ઉપયોગી છે કારણ કે કુરાન હદીસની વાતોનો મુસલમાનોમાં તેઓ ફેલાવ કરી શકે છે, પણ ગેર કોમોમાં તો તેઓ ફાવી શકે એવા સંજોગોજ હોતા નથી. કારણ કે તેમનાં શાસ્ત્રોનું, તેમના ધાર્મિક તથા સંસારિક રિત રિવાજોનું કે તેમની ભાષાઓનું જ્ઞાન તેમનામાં પુરી રીતે હોતુ નથી. આવું છે તો પણ તેઓ ઘણી વખતે લોકો આગળ હમેશા કહે છે કે મશાયખો જે કામ કરે તેમાં અમને પુછવું જોઇએ અને અમારી સલાહે લેવી જોઇએ. પણ મશાયખો તેમને શું પુછે ? અને તેઓ દાવતના કામમાં શું મદદ કરી શકે ? જ્યાં એ કોમમાં દાવત કરવાના મૂળ મુદ્દાઓથીજ તેઓ અજાણ છે તો પછી તેઓ કેવી રીતે જોઇતો રસ્તો બતાવી શકે ! વિગેરે દલીલો મશાયખો કરે છે.

દીલ્લીનું "**મુસલિમ**" ઉરદુ પેપર જે જમીઅતુલ ઉલ્માએ હીંન્દ તરફથી જવાબ મૌલાના મુફતી કિફાયતુલ્લાહ સાહેબની જાતી દેખરેખ નીચે નીકળતું હતું અને જેના એડીટર જમીઅતુલ ઉલ્માના સેકરેટરી મૌલાના એહમદ સઇદ સાહેબ હતા તે પેપરના તા૦ ૧૨ અપ્રેલ ૧૯૨૮ ના મુખ્ય લેખમાં મલકાના રજપૂતો વિશે લખવામા આવ્યું છે કે "જ્યાં સુધી માલમ પડયું છે ત્યા સુધી તો એમ કહી શકાય છે કે એ રજપૂતોમાં સારા અસરકારક રસ્તાથી તો એજ લોકો કામ કરી શકે છે કે જે તેમની રીતભાત, આચાર વિચાર, અને રહેણી કરણીથી સારી રીતે વાકેફ હોય છે. આવા માણસો ખુદ એમની કોમમાં મોજુદ છે તથા બીજા મુસલમાન રજપૂતોમાં પણ મળી શકે એમ છે જે પોતાના આકીનમાં સારા અને એ વિશેની તાલીમથી માહિતગાર છે. આવા લોકો જેમ વધારે સંખ્યામાં મળી શકે તેમ બેહતર છે. તેઓ કાંઇ પૈસાની મુશકેલીમાં હોય તો તે મુશકેલી દુર કરવા કોશીશ કરવી જોઇએ અને પછી તેમનાથી એ (મિશનનું) કામ લેવું જોઇએ. જેટલા એ લોકો ઉપયોગી નીવડશે તેટલા બીજા નીવડવાના નથી. વળી એ રજપૂત (મલકાનાઓ) આગળ હાલમાં એવી કોઈ પણ બાબતની ચરચા કરવાની નથી કે જે એમની કોમી ખાનદાનીને આડે આવતી હોય; બલ્કે જે લોકો તેમનામાં કામ કરવા જાય તેમણે પોતે તેમના રંગમાં રંગાઇનેજ જવું જોઇએ. તેમના ઘણા ખરા રિવાજો એવા છે કે જે કુફર અને શિરકના કહી શકાય; તોપણ તેઓ એ રિવાજોને એવા મજબૂત વળગી રહેલા છે કે જો

તેમને એ રિવાજો છોડી દેવાનું કહેવામાં આવે તો તેઓ ઇસ્લામને જતો કરે પણ એ રિવાજ છોડે નહીં. હાલના સંજોગો એવા છે કે એ વાતની ચરચા ઉપાડવાનું કામજ નથી; તેમ તેમનામાં (કુફ્ર અને શિરકની વાતો ચાલે છે તેના) સુધારા ઉપર પણ હાલ ભાર દેવા જેવું નથી. હાલ તો ફક્ત એટલીજ વાતની કોશીશ કરવાની છે કે એ લોકો મહોડેથી એટલુંજ કહે કે અમે મુસલમાન છીએ અને ઇસ્લામથી ફરી જવાનો ખીયાલ દીલમાંથી કહાડી નાખે. જ્યારે મામલો સુધરી જશે ત્યારે સુધારો કરવા તજવીજ થઇ શકશે" વિગેરે જમીઅતુલ ઉલમાના ખાસ પેપરનો આ અભિપ્રાય છે.

ઉપલી હકીકતથી એટલું તો સાફ જણાય છે કે આલિમો પણ હવે કબુલ કરતા થઇ ગયા છે કે એ કોમમાં તેજ લોકો તબલીગનું કામ કરી શકે છે કે જે તેમના રંગમાં રંગાઇ ગએલા હોય છે, તથા તેમના રિતરિવાજનો ખીયાલ રાખે છે. આટલા મોડેથી પણ આપણા આલિમ ભાઇઓને એ વાતની ખાતરી થઇ છે એ એક સારી આશાની નિશાની છે.† હવેથી તેઓ મશાયખો જે ગેર કોમના રંગમા રંગાઇને તથા તેમના રીત રિવાજોનો ખીયાલ રાખીને તબલીગનું કામ કરે છે તેમની વાતને તોડી પાડશે નહીં એવી આપણે આશા રાખીશું. જો મશાયખોના કોઈ કામ જાહેર રીતે શરીઅતને બંધ બેસતાં ન દેખાય તો પણ આલિમોના ઉપલા અભિપ્રાય પ્રમાણે તેને મસલહત વાળાં સમજીને ચલાવી લેવું જોઇએ. ઉતાવળ કરી એવું પગલું ભરવું જોઇએ નહીં કે જેથી મિશનના કામને નુકસાન પહોંચે. બદામની જરૂર હોય છે તો તેના મગજ સાથે તેનાં છોડાં પણ તોલાય છે અને તે પણ હિસાબમાં ગણવામાં આવે છે. તેમજ કુરાન શરીફની સાથે તેની ચામડાની જીલ્દ-પુંઠાની પણ ગણતરી થાય છે. આ વાત બહાર પાડવા જેવી નથી કારણ કે તેથી તબલીગના કામને નુકસાન પહોંચવાની અને વેહદાનિયતની અશાઅતનો માર્ગ બંધ થવાની ધાસતી રહે છે. પણ કેટલાક કડક ભાઇઓ

---

† આલિમોને હવે સમજ પડવાથી તેઓ તબલીગના કામથી માહેતગાર થવા અંગ્રેજી તથા હીંદી ભાષાઓ પણ શીખવા લાગ્યા છે; કારણ કે હવે તેમને તેની જરૂર જણાઇ છે. મશાયખો આને લીધેજ પહેલેથી એ જબાનો શીખીને તૈયાર થઈ રહે છે.

વગર સમજે મશાયખો ઉપર બુરાઇઓના ટોપલા નાખે છે તેથી આટલું લાચારીથી કહેવાની ફરજ પડે છે.

તબલીગનું કામ એ એક આપણા અણસમજુ અને અજ્ઞાન દેશી ભાઇઓને ખુદાના જ્ઞાનની સમજ પાડી તેમને તેમના કલ્યાણના રસ્તા ઉપર મુકવાનું એક ખાસ નેકીવાળું ધોરણ છે. એમાં કોઈ પણ રીતે મશાયખોની જાતી મતલબ નથી. લોકોને શાંતી વાળા ઢબથી નેકી ઉપર લાવવા અને દેશમાં ભાઇઓ ભાઇઓમાં એકસંપી કાયમ કરાવવી એ દેશના ભલાનાંજ કામો છે. કોઈ પાછળ પડેલા ભાઇને ફાયદો પહોંચાડવાના કામમાં કદાચ કાંઈ હિકમત કરવી પડે તોપણ તેમાં કાંઈ પાપ, ગુન્હો, કે બુરાઇ તો હોય નહીં; કારણ કે તેમાં કાંઈ બદદાનત નથી. એક બાળકને તેના ભલાને માટે નિશાળમાં મોકલવા વાસતે કાંઈ હિકમત કરવી પડે તો તેમાં ગુન્હાની વાત કયાં છે? એજ પ્રમાણે મશાયખોનો હેતુ અને નીયત નેક છે; કારણ કે તેઓ નેકી તરફ લોકોને દોરવાનું કામ કરે છે, જેથી લોકોને ખરા ખુદાનું જ્ઞાન મળે છે. આવું ફાયદાકારક કામ વગર પૈસે કરનાર મશાયખો ઉપર વગર સમજે બુરાઇઓના ટોપલા નાખવામાં આવે તો તેથી જોડાણ—દાવતના કામને ધોકો પહોંચે અને ખુદાના રસ્તાને દેખીતી હાની થાય એ ઉઘાડું છે. માટે હવેથી તમામ ભાઇઓએ સમજીને કામ લેવાનું છે.

તેમણે સમજવું જોઇએ કે એક મીલ અથવા રૂના કારખાનાના માલેક એક રેલ્વે ગાડીને પોતાના મીલ કે રૂના કારખાનામાં લેવાની હોય છે તો પોતાના તરફથી લોઢાના એક સરખા પાટા નાખી તેને મોટી રેલવે સડકના પાટા સાથે સાંધાથી જોડવા પડે છે, એટલે રેલ ગાડીને માટે કારખાનામાં જવા રસ્તો થઇ જાય છે. કદાચ કોઇ માણસ એમ કહે કે અમે પથ્થરના અગર લાકડાના પાટા નાખી તેની સડક તૈયાર કરી તેપરથી રેલગાડી અમારા કારખાનામાં લઈ જઇશું તો તેમ કદી પણ બની શકે નહીં; કારણ કે લોઢાના પાટા સિવાય બીજા પાટા નાખવામાં આવે તો ટકી શકે નહીં; એટલે ગાડીને આવવા માટે કદી રસ્તો થઇ શકે નહીં. રેલગાડીને પોતાના કારખાના તરફ લઇ જવી હોય તો લોઢાના પાટાની અને તે પણ એક સરખા માપવાળીજ સડક જમાવવી પડે અને તેને ચાલુ મોટી રેલ સાથે સાંધાથી જોડવી પડે કે સાંધો ફેરવતાંજ તે નવી નાખેલી સડક પર રેલગાડી આપો આપ વગર અડચણે આવી શકે.

આવી એક સરખી ગોઠવણી હોય તોજ મતલબ બર આવે. જે લોકો કામનો રસ્તો, અંદાજ, ગોઠવણી તથા ધોરણ સમજતા નથી તે તે કામમાં આગળ વધવા ફતેહમંદ થઇ શકતા નથી. દાવતના કામમાં પણ તેવુંજ છે. જે કોમમાં દાવતનું કામ કરવાનું છે તેના અસલ ધોરણને મળતીજ જો ગોઠવણી હોય તો તો ગાડી સારી રીતે ચાલી શકે. નહીં તો પછી ખાલી વખત અને પૈસાની બરબાદી છે એવું મશાયખોનું કહેવું છે [૧]

જયાં કામ કરવાનું હોય ત્યાંનું ધોરણ તો માણસે જોવું જોઇએજ. જો ધોરણ ન જુવે તો તે ફતેહમંદ થઈ શકે નહીં. દાખલા તરીકે આપણા ભાઇઓ જયારે પરદેશમાં વેપાર માટે જાય છે ત્યારે ત્યાંના સંજોગો જુવે છે અને ત્યાંના ધોરણ પ્રમાણે ત્યાંની બોલી શીખે છે, ત્યાંના ધોરણે દુકાનો માંડે છે, ત્યાંના ધોરણે માલ ખરીદે છે અને વેચે છે, ત્યાંના ધોરણે હુંડીઓ તથા ડ્રાફ્ટ કાપે છે, ત્યાંના ધોરણે બેંક સાથે વહેવાર રાખે છે, ત્યાંના ધોરણે માલ તથા પૈસાની આપ લે કરે છે, ત્યાંના ધોરણે બ્યાજ આપે છે અને લેછે, માલ ગુદામમાં હાજર ન હોય તો પણ ત્યાંના ધોરણે સોદા કરે છે, ત્યાંના ધોરણે અરજીઓ કરે છે, ત્યાંના ધોરણે પોતાના તથા પોતાના ઘરની ઓરતોની તસવીરો રજુ કરે છે, ત્યાંના ધોરણે લાઇસેન્સ લેછે. ત્યાંના ધોરણમાં ટકવા માટે ચુપકીથી ઘણા કામો કરે છે, ત્યાંના ધોરણે વીમા ઉતરાવે છે, ત્યાંના ધોરણે કમીશન આપે છે અને લે છે, ત્યાંના ધોરણે ચોપડા રાખે છે, ત્યાંના ધોરણે કાચા પડે છે, ત્યાંના ધોરણે છબીવાળાં કેલેન્ડર કહાડે છે, ત્યાંના ધોરણે પેપરોમાં જાહેર ખબરો આપે છે, ત્યાંના ધોરણે હરાજીઓ કરે છે, ત્યાંના ધોરણે નોકરો રાખે છે, ત્યાંના ધોરણે પગાર આપે છે, ત્યાંના ધોરણે ફેરી ફરે છે, ત્યાંના ધોરણે દુકાનો ઉપર નામનાં પાટીઆં મારે છે, ત્યાંના ધોરણે આતવારના દીવસે દુકાનો બંધ રાખે છે, ત્યાંના ધોરણે સઉ કારભાર કરે છે વિગેરે યાંના ધોરણે કામ કરે છે ત્યારે તેઓ ટકી શકે છે નહીં તો કદી ટકી શકે નહીં. જયારે દુનિયાનું અને પોતાની મતલબનું કામ કરવું હોય છે તો આપણા ભાઇઓ ઉપર જણાવ્યા પ્રમાણે ધોરણ રાખે છે અને કામ કરે છે અને મશાયખો પોતાની મતલબ માટે

---

૧ હજની તથા તવાફની જુની રઢી તથા ઈસાઈઓ તથા બની ઈસ્રાઈલના પેગમ્બરોને ઇસ્લામે કબુલ રાખવામાં પણ કાંઇ મસલહત જોઈ હશે.

નહીં પણ દીનને માટે અને દીનનું કામ કરવામાં જરા કાંઈ ધોરણ કે હિકમતથી કામ લેવા જાય છે તો લાગલા તેમને આપણા ભાઈઓ વગોવવા ઉભા થઈ જાય છે. પણ તેમણે સમજવું જોઈએ કે જેવા પોતે કામ કરવા માટે ધોરણ અખત્યાર કરે છે તેમ મશાયખોને પણ ધોરણ અખત્યાર કર્યા વગર છુટકો હોતો નથી. જો અનુકુળ પડતું ધોરણ અખત્યાર કરે તોજ મશાયખો એકતાનું કામ કરી શકે નહીં તો કદી બનેજ નહીં. આલીમો કહે છે કે આવા કામોમાં મશાયખોએ અમને પુછીને કામ કરવું જોઈએ પણ આ બાબતોમાં આલિમો કરતાં મશાયખો વધારે વાકેફગાર હોય છે તેથી તેમને પુછવાથી વધારે માહીતી મળે એવું હોતું નથી વિગેરે મશાયખો કહે છે.

પહેલાં દાવતનું કામ સારી રીતે રસ્તાસર ચાલતું હતું તેનું કારણ એ હતું કે એ જમાનામાં ઇસ્લામી સલતનત કાયમ હતી. અને મશાયખોને હાલના પાદરીઓની માફક બાદશાહો તરફથી સારી રીતે ટેકો મળતો હતો. હાલમાં પાદરીઓના જુદા જુદા ઘણા ફિરકા છે તોપણ તે તેમની સલતનતના દબાવથી પોતપોતામાં ઝગડા પેદા કરી શકતા નથી પણ લોકોને ઇસાઈ બનાવવાનુંજ કામ કરે જાય છે. તેમ પહેલાં ઇસ્લામમાં પણ એજ પ્રમાણે હતું. આલિમો આલિમોનુ કામ કરતા અને મશાયખો મશાયખોનું કામ કરતા. મશાયખો વખત જોઈને દાવતના કામ માટે ગમે તે ગોઠણી કરતા તો આલિમો તેમાં હાથ નાખી શકતા ન હોતા કે તેમના વિરૂધ્ધ એક શબ્દ પણ બોલી શકતા ન હોતા; કારણ કે તેઓ જાણતા હતા કે મશાયખો સલતનતના ખ્યાલ પ્રમાણે કામ કરી રહયા છે. હાલના આલિમો જેમ ઉપર ઉપરની વાત જોઇ ફતવા આપી દેવાને તૈયાર થાય છે તેમ પહેલાં નહોતું. પહેલાં તો જે આલિમોને બાદશાહ કાઝી કે મુફતી નીમતા હતા તેજ લોકો ઇસ્લામની બેહતરી તથા સલતનતનો ફાયદો જોઈને ફતવા આપી શકતા, તથા વાએજ પણ તેજ આલિમો કરી શકતા જેમને સલતનત તરફથી સનદ મળતી. એટલે સલતનતની પરવાનગી વગર આલિમો કાંઇ કરી શકતા ન હોતા. મશાયખો જે કામ કરતા હતા તે સલતનતના જાણવા બહાર ન હોતું; બલકે ઇસ્લામના ભલા માટે સલતનતની તેમાં સંમતી હતી. કારણ કે સલતનત જાણતી હતી કે મશાયખો પોતાનું કામ કરી હજારો લોકોને ધીરે ધીરે વેહદાનિયતાના જ્ઞાન ઉપર લાવતા હતા. પણ જયારે **ઇસ્લામી સલતનતની** સત્તા ઓછી થઇ ત્યારે દરેક જણ ઉપરથી તેનો કાબુ ઓછો

થતો ગયો અને લોકો પોતપોતાની મરજી પ્રમાણે ચાલવા લાગ્યા. આલિમોને પણ ખુદ મુખત્યારીનો વખત મળ્યો એટલે તે પણ પોતપોતાના કામમાં સ્વતંત્રતા ધારણ કરવા લાગ્યા. પરિણામ એ આવ્યું કે સલતનત ક્યા ખીયાલથી મશાયખોના કામને ટેકો આપતી હતી તે વખત જતાં ભુલી જવામાં આવ્યું અને દાવતના ધોરણની ગોઠવણીથી લોકો બલકે આલિમો પણ બેખબર થવા લાગ્યા. દાવત—ખુદાનું જ્ઞાન ફેલાવવાના કામમાં એવી ઘણી બારીક બાબતો છે જે જાહેરમાં સમજી શકાય એવી નથી. જે લોકો તે કામ કરે છે તેમનેજ તેની માહીતી તથા અનુભવ છે.

પ્રકરણ ૩ જું.

આલિમો અને મશાયખોનાં ખાતાં.

શેખુલ હિન્દ મૌલાના મેહમૂદ હસન સાહેબ પોતાના ખુતબએ સદારતમાં લખી ગયા છે કે "ઇસ્લામ ફકત ઇબાદતનું નામ નથી. પણ તમામ ધાર્મિક અને મુલકી કારોબાર, સદાચરણી રાજ વહીવટ વગેરેની જરૂરતોને માટેના એક સંપૂર્ણ બંદોબસ્તનું નામ છે. જેઓ આ જમાનામાં ઘરમાં ભરાઇનેજ ઇસ્લામની ફરજો અદા કરવાનું સમજી બેઠા છે તેઓ ઇસ્લામના પાક સાફ દામન ઉપર એક એબદાર ધબ્બો લગાડે છે. તેમની ફરજો ફકત નમાઝ, રોજા પરજ પુરી થતી નથી પણ તેની સાથે ઈસ્લામની ઇજત સદા કાયમ રાખવા અને ઇસ્લામી શાનો શૌવકતનું રક્ષણ કરવાની જોખમદારી પણ તેમની ઉપર જરૂરી છે. "× વિગેરે મૌલાનાએ

× મશાયખો દાવતનું કામ કરીને ઈસ્લામની ઇજત હમેશાં કાયમ રાખવા તથા તેની શાનો શૌવકતનું એ ગોઠવણથી રક્ષણ કરવા હમેશાં કોશીશ કરે છે કારણ કે જેમ દાવતનું કામ વધારે થશે તેમ ઈસ્લામની ઇજત અને આબાદીમાં વધારો થશે. તો શું આમાં તેઓ બુરાઈ કરે છે? મૌલાના મેહમૂદ હસન સાહેબ તથા મૌલાના અશરફઅલી સાહેબના વિચારોમાં જાહેર ફરક છે તોપણ આપણે અશરફઅલી સાહેબને ખોટા કહેવા માગતા નથી તો પછી મશાયખોને ખોટા કહેવાની શું જરૂર છે? વિગેરે લોકો કહે છે.

કહેલું છે. આ હિસાબે ઇસ્લામ એક ભારે સલ્તનત રૂપ છે જેમાં જુદાં જુદાં ઘણાં ખાતાં હોય એ ઉઘાડું છે. આલિમોનું ખાતું એ ઇનસાફી ખાતું કહેવાય છે જેમાં પીનલકોડ (ગુન્હાનો કાયદો) અને પ્રોસીજર (કામ ચલાવવાનો કાયદો) એ બેના આધાર ઉપર વધારે કામ ચાલે છે. ગુન્હો લાગુ થાય તો સજા કરવી, અને ન લાગુ થાય તો છોડી મુકવું, એવી જે મેજીસ્ટ્રેટો આગળ બે રૂઢીઓ છે તેવીજ રીતે હરામ હોય તેને ગુન્હો ગણવાની અને હલાલ હોય તેને અખત્યાર કરવાની એ બે રૂઢીઓ આલિમો પાસે પણ હોવી જોઇએ: પણ જેમ કાયદેસર ફરીયાદી વગર માજીસ્ટ્રેટો બીજાઓ ઉપર કેસ ચલાવી શકતા નથી તથા ઉંડા ઉતરીને જોયા વગર તથા બદ દાનત સાબિત થયા વગર કોઇ ઉપર આરોપ મુકી શકતા નથી તેમ આલિમોએ પણ ઉંડા ઉતર્યા સિવાય કે બદ દાનત સબિત થયા સિવાય કાંઈ આરોપ મુકવા તૈયાર થવું જોઇયે નહીં. મેજી-સ્ટ્રેટ કોઇ મુકદમામાં ઉંડા ઉતર્યા વગર કે બદ દાનત સાબિત થયા વગર કોઇ સખસ ઉપર ગુન્હો લાગુ પાડે તો તેની ઉપર જોખમદારી આવે છે અને તેને ઉપરી હાકેમ તથા સરકાર તરફથી નસીયત થાય છે પણ તેવું ધોરણ આલિમો ઉપર હાલ નથી એટલે તેઓ જે ફતવા આપે છે તે પાકા, નહીં ફરે એવા તથા છેવટના સમજી શકાતા નથી. તોપણ જો આપણે તેમના ઇલમની ખાતર તેમને માજીસ્ટ્રેટ તરીકે ગણીએ તો તેમની પણ એ ફરજ છે કે એવા બિનજોખમદાર ફતવા આપવાથી ઇસ્લામની ભલાઇની ખાતર પરહેજ કરવી. તેમણે સમજવું જોઇએ કે જયારે તેમની ઉપર કોઇ પણ જાતની સત્તાનો દબાવ નથી તો પછી એવા પણ આલિમો દુનિયામાં નીકળે કે જે ગમે તેવા ફતવા આપી લોકોને નુકશાનીમાં નાખે, અને પોતે વગર જોખમે છુટાના છુટા રહે. આવું છે તેથીજ એક ટોળાના આલિમો બીજા ટોળાના આલિમો ઉપર ગમે તેવા ફતવા આપે છે અને તેમ કરી ટંટા ઉભા કરી ઇસ્લામ માટે બુરાઇ પેદા કરે છે, અને પોતે વગર જોખમે છુટાના છુટા રહે છે. એજ કારણે તેમના ફતવાનું વજન પડતું નથી. મશાયખોને માટે આવા ફતવા આપવાનો માર્ગ ખુલ્લો નથી. તેમને તો દાવતના કામ ઉપરજ ધ્યાન આપવાનું છે. આલિમો પણ જો તેમની માફક પોતાનીજ હદમાં રહીને પોતાનું કામ કરે તો અશાઅતના કામને ઘણોજ ફાયદો થાય. માજીસ્ટ્રેટો જો નેકીથી અને સારી દાનતથી કામ કરે તો સરકારની નેકનામીમાં

વધારો થાય છે તેમ આલીમો પણ જો નેક નીયતથી કામ કરે તો ઇસ્લામની ઘણી નેકનામી વધે એ ઉઘાડું છે.*

જેમ આલીમોનુ ખાતું ઇસ્લામમાં ઇનસાફનું ખાતું ગણાય છે તેમ મશાયખોનું ખાતું મેહસુલ—રેવન્યુનુ ગણાય છે કારણ કે તેઓ જે ખુદાની તીજોરીમાં લોકોને ખરા જ્ઞાન તરફ ખેંચીને ભરાવો કરે છે. જેટલા તેમનાથી લોકો ખુદાની તીજોરી તરફ ખેંચાય છે તેટલા આલિમોથી ખેંચાતા નથી. કારણ કે તેમનું ધોરણજ જુદું છે. કદાચ એકાદ બે માણસો તેઓ ખેંચી શકે તો તે જેમ માજીસ્ટ્રેટો કોઇ ગુન્હા બદલ આરોપીઓને દંડ કરી જે જુજ રકમ વસુલ કરે છે અને સરકારી તીજોરીમાં મોકલે છે પણ તેવી રકમોથી કાંઇ રેવન્યુ ખાતા જેટલું વસુલ આવી સરકારી તીજોરી તર થતી નથી તેમ તેમની મારફતથી એક બે ખેંચાએલા માણસોની ગણતરી કાંઇ ખુદાની તીજોરી ભરવાને પુરતી ગણાતી નથી. વળી મશાયખોમા પણ જે લોકો સામાન્ય—આમ દાવતનું કામ કરે છે તેમનું ખાતુ તો મ્યુનીસીપાલીટી એટલે સુધરાઇ ખાતુ ગણાય છે. મ્યુનીસીપાલીટીનાં મુખ્ય કામ ત્રણ છે. કચરો દુર કરી સફાઇ કરવી, બત્તીઓ લગાવી રોશની કરવી અને સારી આવક વધારી તીજોરીમાં ફાયદો કરવો. એ પ્રમાણે મશાયખો જે ફકીરી માર્ગમા રહી કામ કરે છે ને બીજા લોકોના મનમાં કુફર અને શિરકનો જે કચરો હોય છે તે સાફ કરે છે, તેમના દિલમાં ખુદાના ખરા જ્ઞાનના પ્રકાશની રોશની નાંખે છે અને લોકોને વેહદાનિયતના ખરા માર્ગે લાવી ખરા ખુદાને માનનારાઓની સખ્યાવાળી તીજોરીમાં વધારો કરે છે.

આવા મશાયખો જેમણે પોતાના જાનની જરા પણ પરવા નહીં રાખતાં ખુદાના ખરા માર્ગની દીલોજાનથી સેવા બજાવી છે તેમણે હજારો લોકોને ખેંચ્યા છે અને તેમના પેશવા બની ઘણા માનને લાયક નીવડયા છે. દુનિયાથી ઉઠી ગયા પછી તેમની ખાનકાહો દરગાહો તૈયાર થઇ છે અને એ ખાનકાહોએ પણ હજારો લોકોને ખેંચ્યા છે એટલુંજ નહીં પણ તે મિશન—હાઉસ એટલે જ્ઞાનના મથક હોવાથી તેમનાથી દીનની હુકમત અને સત્તાને ઘણો ફાયદો પહોંચેલો છે. પહેલાં આ ખાનકાહોમાં ઇસ્લામી દેશોમાંથી ઘણા લોકો નીડરપણે આવીને રહેતા અને દેશની હાલત અને સંજોગોથી માહિતગાર થઇ ઇસ્લામી તરક્કી માટે રસ્તો સાફ કરી

---

* આલિમો પોતાનુ કામ કરે અને મશાયખો પોતાનું કામ કરે તો પછી કાંઇ કોઇને તકલીફ આપવાની જરૂરજ નથી. આલિમો ઉત્તમ પદાવવાના કામ માટે સારા છે.

દીનની સેવા બજાવતા. ખાનકાહોના વડાઓએ **ફકીરોના** જુદા જુદા ગિરોહ—મંડળો કાયમ કરી[1] તેમાં ઉત્સાહી લોકોને દાખલ કરી તેમને આખા દેશમાં ફરતા છુપી દાવતનું તથા ઇસ્લામી હુકમત માટે ખબરો મેળવવાનું અને તેને સારે રસ્તે દોરવાનું ઉમદા કામ બજાવેલું છે. આ ઉત્સાહી લોકો ફકીરી અખત્યાર કરી ઇસ્લામની ખીદમત માટે વગર પૈસે ગામે ગામ ફરતા અને હીંદુ સાધુઓની માફક તેમનો દેખાવ અને રૂઢી ધારણ કરી ગેર કોમોમાં સિક્કા જમાવતા અને ઇસ્લામના ગુણગાઇ લોકોને ખુદા તરફ ખેંચવાનું કામ કરી જોડાણ કરતા. અને જ્યાં જાય ત્યાં વસતીમાં ભીખ માગીને પોતાનું ગુજરાન કરી દાવતનું કામ ખાલિસપણે કરતા એટલુંજ નહીં પણ દેશમાં શુ ચાલી રહ્યું છે તથા કેવું વાતાવરણ છે વિગેરેની ખબર જીવના જોખમે મેળવી ઉરસ વખતે ખાનકાહોનાં વડા બુઝુર્ગને પહોંચાડતા* અને તે બુઝુર્ગ સંજોગો જોઇ ઇસ્લામી હાકમો જે તેમને પેશવા તરીકે માનતા હતા તેમના કાન ખોલતા કે જેથી કોઇ પ્રકારનો ફિસાદ જાગવાનો અને લોકોને દુઃખી થવાનો વખત આવતો ન હોતો. હીંદુસ્તાનમાં ચિસ્તી ખાનકાહોએ તથા ચિસ્તી સિલસિલાના મહાન બુઝુરગોએ પોતાના ગિરોહના ફકીરો મારફત દેશની ખરી હકીકતથી હમેશાં વાકેફ રહી ઇસ્લામી હાકોમોનાં વારંવાર એવા તો કાન ખોલ્યા છે અને તેમને પોતાની ખરી ફરજ એવી તો અસરકારક રીતે બતાવી શાંત પાડયા છે કે તેમનું જયાં સુધી ચાલ્યું ત્યાં સુધી તો લોકોને જરા પણ સલ્તાની જબરાઇના ભોગ થવા દીધા નથી. લાખો રૂપીઆ ખરચતાં જે કામ થઇ શકે નહીં તે એ ખાનદાનના બુઝુર્ગોએ પોતાના ધોરણથી વગર પૈસે કરી બતાવી લાખો લોકોને નિર્ભય કર્યા છે. જેથી તે વખતના રાજ્ય અને રૈયત બંનેને ફાયદો પહોંચ્યો છે, અને સુલેહ જળવાઇ છે. જે બુઝુર્ગ લોકોએ પોતાના ઉમદા ધોરણથી આવી આવી કીમતી સેવાઓ ભારે જોખમ ખેડી બજાવી દીનને બેહદ ફાયદો પહોંચાડયો છે તેમને ખોટા ખરા કહેવા અને તેમના ફકીરી ધોરણને વગર સમજે કુફર અને શિરકનું સાધન બતાવવું એ કાંઇજ નહી પણ એકતા—દાવતનો જબરી મેહનતથી બાંધેલો પુલ તોડીને

---

૧. તેમના ગિરોહોમાં નિશાન પણ રહેતા હતા હલ જેમ ખીલાફત કમીટીઓ તથા વોલંટીયરોના વાવટા છે તેમ તેમનામાં પણ નિશાન રાખવામાં આવે છે

* હાલના છુપી પોલીસના માણસો ફકીરોનો વેસ લઇ બાતમી મેળવવા બધે ફરે છે એ આ ફકીરોના ધોરણ ઉપરથીજ થએલું છે.

જમીન દોસ્ત કરી નાખવા બરાબર છે. તેમને ખોટા ખસ કહી તેમને મુશરિક બનાવવા એ ઘણું સહેલું છે પણ તેમની માફક મુશરિકોને મોમિન બનાવવા એ ઘણુંજ મુશકેલ છે.

આથી સમજી શકાય છે કે મશાયખોનું કામ કેટલું અઘરું છે. તેમના કામની મુશકેલીઓ ઘણીજ ભારે છે. તેમને માથે આટલી બધી મુશકેલીઓ છે છતાં પણ તેમની ઉપર કેટલાક કડક ભાઇઓ તરફથી લેવા દેવા વગર વધારે મુશકેલીઓ નાખવામાં આવે છે. આલિમોનું કામ એવું મુશકેલ નથી. તેમને તો ફક્ત ઇસ્લામી કોમમાં કામ કરવાનું છે જે કોમ તેમનું કહેવું માનવાને ઇસ્લામના ફરમાનથી બંધાએલી છે. પણ મશાયખોને તો ગેર કોમના જુદા ખ્યાલના લોકોમાં કામ કરવાનું છે અને ત્યાં ઈમાનના સિક્કા બેસાડવાના છે. આવો મામલો હોવાથી તેમને તલવારની ધાર પર રહેવું પડે છે એટલુજ નહીં પણ જીવનું જોખમ પણ ખેડવું પડે છે. તેમને પોતાના ફકીરો ચારે તરફ ફરતા રાખવા પડે છે જેમનું ખરચ પણ તેઓ ગમે તે રીતે નીભાવી લે છે કારણ કે દાવતને માટે ફકીરોની ઘણી જરૂર છે. ફકીરો આવા ઉપયોગી છે તો પણ લોકો તેમને એક રોટલો એકાદ પૈસો કે જકાતનો જુજજ્જ માલ જે તેમનો ખાસ હક છે તે આપવાને પણ ઇનકાર કરે છે એટલુંજ નહીં પણ તેઓ જાણે ઇનસાનજ ન હોય તેમ મસજીદ કે મુસાફરખાનામાં રાત પણ નહીં રહેવા દેતાં તેમને ધક્કા મારીને ગામ બહાર કહાડી મુકે છે.* પણ આ સઉ અજાણતાંજ થાય છે. કારણકે જો લોકો આવા ફકીરો દીનની ખીદમત માટે કેટલા જરૂરના છે તે જાણે તો જરૂર કાંઇને કાંઇ આપી તેમની કદર કરે.

કોઇ કદાચ કહેશે કે હાલમાં ઇસ્લામની હુકમત નથી તેથી ફકીરીની પણ જરૂર નથી. પણ એમ માનવાનું કારણ નથી; કેમકે ઇસ્લામી હુકમત કયામત સુધી કાયમ રહેવાની છે પછી તે ગમે તે ભાગમાં હોય. જ્યારે દીની હુકમત હમેશાં કાયમજ રહેવાની છે એવી મહાન પુરૂષોની ઘણી ભવિષ્ય વાણીઓ છે તથા ઘણા એવા વરતારા નીકળી ચુકેલા છે તો પછી

---

* પોતાના માલ ઉપર ખરી અને પુરેપુરી ઝકાત નહીં કહાડવી તે પોતે ભીખ માગવી તો શું પણ કોમને ભીખ મંગાવવા બરાબર છે. કારણકે જો આપણે સઉ ભાઈઓ પુરેપુરી ઝકાત આપીએ તો કોમમાં એક પણ માણસને ભીખ માગવાનો દહાડો આવે નહીં. આપણે આપણી ફરજ ન બજાવીએ અને ફકીરોને બોલવા ઉભા થઇએ એ કેમ સહન થાય ?

મશાયખોની ખાનકાહોનું ધોરણ અને તેના અંગે ફકીરોના અનેક મંડળોની ગોઠવણી દેશની સેવા માટે બેહદ ઉપયોગી હોય એ ઉઘાડું છે.* આ ખાનકાહો અને આ મંડળો ભારે મેહનતથી અને મોટા ખરચથી કાયમ થએલાં છે. તે હાલમાં પણ કામ કરવા જેવી હાલતમાં આબાદ છે. સત્તા તો જોત જોતામાં ગમે ત્યાં કાયમ થઇ શકે છે પણ આવી ખાનકાહો અને ફકીરોના અનેક મંડળો જે વરસોની મેહનતથી કાયમ થયાં છે તે જો ખલાસ થયાં તો ફરી લાખો રૂપીઆ ખરચતાં પણ કાયમ થઇ શકવાનાં નથી કારણકે હાલ હિકમતી લોકોની કોશીશથી ફકીરોને જ્યાં ત્યાં હલકા ગણવાની અને તેમને હડધુત કરવાની આદત લોકોમાં વધતી જાય છે. એટલે એ રસ્તા ઉપરથી લોકોનો મોહ ઓછો થતો જાય છે અને ફકીરી જે એક ઘણીજ અગત્યની ચીજ છે તેની કીંમત લોકોના મનમાં કોડીની થઇ જાય છે. જો આવો મામલો ચાલુ રહે તો ફકીરો જે દીનના ખરા સ્વયસેવક વોલંટીયર છે અને જેમની સંખ્યા હાલ હજારોની છે તે પોતાની સેવા દીનને અર્પણ કરતા અટકી જશે અને દુનિયાદારીમાં પડી માયામાં મશગુલ થઇ દીનની સેવા પડતી મુકશે. આવુ જો હિકમતવાળાઓની હિકમતથી ખુદા ન કરેને થયું તો એ ધોરણ બંધ થશે અને દીનને જબરો આંચકો લાગશે. કારણકે એક ખાસ ખાતું નાબુદ થઇ જશે. આવું છે તેથીજ મશાયખો પોતાની ખાનકાહો અને ફકીરોના મંડળો મુશકેલીઓ વેઠીને પણ ચલાવતા રહયા છે. કારણકે તેમને તો અસલના ખરા ધોરણે દાવતનું કામ કરવાની ખાસ કાળજી છે. તેઓ આ માટે ભારે મેહનત કરે છે અને જબરી તકલીફ ઉઠાવે છે.

ગેર કોમના લોકો તેમને માનની નજરથી જુએ અને તેમનુ દાવત—એકંતાના કામમાં કહેવું સાંભળે એ ધોરણેજ તેઓ ચાલે છે. સવારે ચાર વાગે ઉઠી નાહી ધોઇ સાફ થઇ હમેશાં બે કલાક માલિકની બંદગીમાં તેમને એક ઠેકાણે જીવ મારી બેસવું પડે છે. સાધુના જેવાં સાદાં લૂગડાં પહેરવાં પડે છે, સાધુની માફક તદન હલકો તથા સાદો ખોરાક ખાઇ દહાડા કહાડવા પડે છે. કારણકે ચડતાં અને સ્વાદીલાં ખાણાં ખાય તો તેમની ગણતરી હીંદુ ખ્યાલ પ્રમાણે મહાન પુરૂષોમાં થાય નહીં. રહેણી કરણી પણ ઘણીજ સાદી રાખવી પડે છે. ગેર

---

* ફ્રુકની ફોજ, થીઓસોફીકલ સોસાયટીઓ, ફ્રીમેસન સંસ્થાઓ વગેરે એજ હીસાબે હસ્તીમા આવેલા છે, અને હાલના રાજતંત્રમાં તેમનાથી મદદ લેવાય છે.

કોમના લોકો ગમે તે વખતે તેમને મહાત્મા અને ગુરૂ સમજીને કાંઇ કામ માટે આવે તો તરતજ હજાર કામ પડતાં મુકી તેમનું કામ એકલાની ખાતર કરી આપવા તૈયાર થવું પડે છે, સિતારા જોઇ આપવા પડે છે, નામ ખોળી આપવાં પડે છે,* તેમની મંડળીઓ ભેગી થઇ જયારે જ્ઞાનની વાણીઓ તથા ભજન બોલે છે ત્યારે તેમની સાથે ઉજાગરા કરી તેમને તેના અર્થ સમજાવવા પડે છે અને એ લોકો જ્ઞાનમાં આગળ વધે છે કે નહીં એ જોવા હમેશાં કાળજી રાખવી પડે છે. આવાં મહેનતનાં કામ તેમને જીવ મારીને કરવાં પડે છે એટલુંજ નહીં પણ તે સાથે પૈસાની લાલચથી પણ આઘે રહેવું પડે છે કારણકે જો તેઓ એ લોકોના ખ્યાલ પ્રમાણે ખરી ફકીરી રાખી પૈસાને લાત ન મારે તો તેમની ઉપર તેમની છાપ પડે નહીં એટલે તેમને તો આ કામ કરવા માટે ખરી ફકીરી પ્રમાણેજ ચાલવું પડે છે. ગિલિટ કરવાથી કાંઇ કામ સરતું નથી. આ બધી વાતો જોતાં, દીનની ખીદમત માટે મશાયખોને તલવારની ધાર પર રહી કામ કરવું પડે છે, અને ભારે તકલીફ ઉઠાવવી પડે છે, અને વખત આવે તો શહીદ પણ થવું પડે છે. ઇસ્લામના ફરમાનો પ્રમાણે તેમને ઇસ્લામી ભાઇઓને ફાયદો પહોંચાડવા ઇસ્લામી કામો પણ કરવાં પડે છે અને જોડાણ—દાવતના ધોરણના માટે ઉપલાં કામો પણ મન મારીને કરવાં પડે છે એટલે એમને માથે તો બેવડી મહેનત રહેલી છે. આ પ્રમાણે તેઓ ડબલ ખીદમત કરે છે તોપણ તેમને કાંઇ રાહત લેવા હેતુ નથી એવું તેમનું કહેવુ થાય છે. મુસલમાનો ડા૦ દાદાભાઇ નવરોજી, મી૦ ગોખલે, શ્રીયુત ગાંધીજી, સર ફીરોજશાહ મહેતા, મી૦ દાસ, પંડિત મોતીલાલ નેહરૂ, મિસીસ સરોજની નાઇડુ જેવા મુશરિક આગેવાનો, મુશરિક વેપારીઓ, મુશરિક મુનીમો અને મહેતાજીઓ, મુશરિક અમલદારો તથા મુશરિક માલદાર શેઠીઆઓ વિગેરે જેવા ઇસ્લામને નહી માનનારા ગેર કોમના લોકોની જાહેર રીતે તારીફ કરે છે અને તેમને પોતાના દોસ્ત ગણી માન આપે છે અને તેનું કારણ તેઓ એ બતાવે છે કે એ લોકો ઇસ્લામની આડે નહીં આવે તેવાં હમ દરદીવાળાં ભાષણો કરે છે અને આપણી સાથે મોહબત રાખે છે વિગેરે તેઓ કહે છે. આપણે આ વિરૂધ્ધ કાંઇ કહેવાનું નથી. ગમે તેને

* જે માબાપો તેમને તેમની દોઆથી પેદા થએલા પોતાના છોકરાંઓનાં નામ ખોળી આપવા કહે છે તેમને તેઓ પીરાઓ, ફકીરીઓ વિગેરે નામ એકતાની ખાતર બનાવે છે.

માન આપવું, તેની સાથે મોહબ્બતથી વર્તવું એ ઘણું સારૂં કામ છે પણ એટલી તો દલીલ આપણે કરી શકીએ કે ફક્ત મ્હોડેથી બે શબ્દ મુસલમાનોને સારૂં લાગે એવા બોલનારાઓનાં તો આપણુ ઇસ્લામી ભાઇઓમાં ગુણ ગવાય અને મશાયખો જે પોતાના તન, મન અને ધનથી ઇસ્લામની ખીદમત કરવામાં જાન લઢાવી રહયા છે તેમને માટે જયાં જુવો ત્યાં બુરાઇઓ થાય ! ખેર ! એ પણ એમનાં નસીબ ! તેઓ જેમ ઉપલી વાતોમાં તકલીફ ઉઠાવતા આવ્યા છે તેમ આમાં પણ ઉઠાવી લેશે. પણ તેમને ઇનસાફ કેટલો મળે છે તે જોવાનું છે.

તેઓ તો દીનને ખાતર ગમે તેવી આફત આવશે તોપણ ઉઠાવશે કારણકે જયારે તેમને કોઇ હીમત નહીં આપે ત્યારે ખુદા આપશે અને એ હીંમતથીજ તેઓ આગળ વધશે અને લોકોમાં ખરા જ્ઞાનનો ફેલાવો કરશે. તેઓ હીંમતથી આ પ્રમાણે વળગેલા રહેશે ત્યારેજ એક ખુદાને માનનારા લોકોની સંખ્યા વધશે અને તેમાંથી આલિમોની કદર કરનારા લોકો પેદા થશે અને દીની ઇલમનો વધારો થઇ આલીમો માટે રાહતનો રસ્તો ખુલ્લો થશે. એટલે મશાયખોની કોશીશ તો આલિમોના રસ્તા જેથી ખુલ્લા થાય તેવા સંજોગો પેદા કરવાની છે. કારણકે આલિમો તેમના નાના દાદાના દીનના ગુણ ગાનારા છે. આલિમોનું હોવું તેઓ કોમને માટે સારૂં સમજે છે. તેઓ આલિમોની બદગોઇ કદી પણ કરતા નથી. કે તેમને એક શબ્દ પણ બુરો કહેતા નથી. તેઓ તો જે માથે પડે તે સહન કરીને પોતાનું કામ કરે જાય છે. તેમને કેટલાક કડક સ્વભાવના ભાઇઓ તરફથી બિદઅતી, કબર પરસ્ત વિગેરે ખુલ્લી રીતે જાહેર કરવામાં આવે છે અને તેમ કરી તેમની તરફ કેટલીક વખત હલકી અને મજાખવાળી નજરથી જોવામાં આવે છે તો પણ તેઓ એક હરફ સુધ્ધાં કોઇને કહેતા નથી. ઇસ્લામમાં એક કોમે બીજી કોમની જરા પણ મશકરી કરવાની સખત મનાઇ છે છતાં પણ એ હુકમની કોણ પરવા રાખે છે ? મશાયખોની ઉઘાડે છોગે હલકાઇઓ કરવામાં આવે છે અને તેમને વાએજમાં પણ બદનામ કરવામાં આવે છે પણ ખુદાના દીનની તેઓ કેવી ખુબીથી ખીદમત કરે છે તે ખુદાજ જાણે છે. તેમની નૈયતથી તે વાકેફ છે અને તેમના કામમાં ફતેહ પણ તેજ આપે છે. લોકો તો તેમનાં જાહેર કામ જુવે છે અને તે ઉપરથી તેમને બોલવા માંડે છે. પણ જાહેર કામના ઉંડાણમાં શું રહેલું છે તે જોવાની તકલીફ લેતા નથી.

જો ફક્ત જાહેરદારીથીજ વાતો જોવા જઇએ તો ખાસ ખુદાની ઇબાદતમાં પણ એવી ઘણી બાબતો નીકળશે કે જેને વગર સમજે લોકો શિરક કહેવા ઉભા થાય. દાખલા તરીકે એક માણસ મસ્જીદમાં નમાઝ પઢે છે ત્યારે તે મેહરાબ, મિમ્બર, ભીંત કે પેશઇમામ તરફ ઝુકતો દેખાય છે. કારણકે જ્યાં સુધી નમાઝની ખરી હકીકત જાણવામાં ન આવે ત્યાં સુધી એક પર કોમના અજાણ્યા માણસને તો નમાઝ પડનાર ઉપલી ચીજોનેજ ઝુકે છે એમ જણાય. કેમકે તે તો ફકત તેની જાહેર હિલચાલ ઉપરથીજ તોલ બાંધે છે. પણ મુસલમાનો માટે ગેર કોમોમાં પણ એ ખ્યાલ પહેલાંથી ફેલાયલો છે કે તેઓ એક ખુદાનેજ માને છે અને તેનીજ નમાઝ પઢે છે. જો તેઓ આ વાત જાણતા ન હોય તો જાહેર કામ જોઇને તો તેઓ એમજ લઇ દોડે કે મુસલમાનો પણ ગેર ખુદાને ઝુકે છે. વળી કાબેતુલ્લા તરફ મ્હોડું રાખીને મુસલમાનો નમાઝ પઢે છે અને સિજદો કરે છે તો અંજાણ લોકોને તેમાં પણ એ ખ્યાલ આવે કે મુસલમાનો પથ્થરના ઘરને ઝુકે છે પણ જે લોકો ખરી હકીકતને સમજે છે તે તો મુસલમાનોને ખરા ખુદાને સિજદો કરનારાજ ગણે છે; તેમ અહીં પણ જ્યાં સુધી મૂળ મતલબની ખબર ન પડી હોય ત્યાં સુધી ઉપલકીઆ વાતો જોઇ ખરૂં ખોટું બોલવું એ બેફાયદા છે, કારણકે ખરી હકીકત જાણ્યા સિવાય ભેદ સમજાતો નથી.

અંદરનો ભેદ જાણ્યા વિના ફક્ત બહારની જાહેર વાતો જોઇને માણસ કેવો ઉલટો દોરવાઇ જાય છે તેનો એક કિસ્સો કુરાને શરીફની સુરએ કહફમાં ચોખ્ખો બયાન કરેલો છે. તેમાં એવી હકીકત છે કે ખુદાએ મૂસા પયગમ્બર (અ૦ સ૦)ને હઝરત ખિદર (અ૦ સ૦) સાથે મુલાકાત કરવાની ભલામણ કરી. આ ઉપરથી હઝરત મૂસા હઝરત ખિદરની શોધમાં નીકળ્યા. ખુદાએ મુકરર કરી આપેલી જગાએ હઝરત મૂસાને તેમની સાથે મુલાકાત થઇ. વાતચીત થયા પછી હઝરત મૂસાએ હઝરત ખિદરને કહયું કે તમે મને તમારી સાથે બધે ફેરવો અને તમે જે છુપા ભેદ જાણો છો તે મને બતાવો. હઝરત ખિદરે પહેલાં તો ના પાડી, અને કહયું કે તમે મારી સાથે નભી શકશો નહીં કારણકે તમે મારી વાતો સમજી શકશો નહીં અને ઉપર ઉપરની જાહેર હકીકત જોઇને મને નકામા સવાલ પુછી તકલીફ આપશો માટે તમારે ને મારે બનશે નહીં. હઝરત મૂસાએ કહયું કે હું એક શબ્દ પણ બોલીશ નહીં. તે ઉપરથી હઝરત ખિદરે તેમને પોતાની સાથે

લીધા. દરિયા કિનારે જઇ તેઓ બંને વહાણમાં બેઠા અને ચાલતા વહાણે હઝરત ખિદરે તેમાં એક કાણું પાડયુ. હઝરત મુસાએ તેમને કહયું કે આ શું કરો છો? આથી તો વહાણ ડુબી જશે અને બધા મરી જશે. ત્યારે હઝરત ખિદરે કહયું કે મેં તમને કહયું નહોતું કે તમે મારી સાથે નભી શકશો નહીં. તો પણ તમે મારી સાથે થયા અને હવે નાહક મને સવાલ પુછો છો. હઝરત મૂસાએ કહયું કે હુ ભુલી ગયો, મને માફ કરો, હવેથી હું એવું નહીં કરૂં. ત્યાંથી તેઓ આગળ ચાલ્યા. રસ્તામાં હઝરત ખિદરે એક જુવાન છોકરો મળ્યો તેને એકદમ મારી નાખ્યો. હઝરત મૂસાથી રહેવાયું નહીં. વળી તેમણે હઝરત ખિદરને કહયુ કે એક પાક જીવ જેણે કોઇને માર્યો નથી તેને તમે વગર વાંકે નાહક શા માટે મારી નાખ્યો? આ તો તમે ઘણુંજ ખોટું કર્યું છે. હઝરત ખિદરે કહયું કે મેં તમને નહોતું કહયું કે તમે બોલ્યા વગર રહેવાના નથી અને મારી સાથે નભવાના નથી. માટે હવે જાઓ તમારે ને મારે બનવાનુ નથી. તથી હઝરત મૂસા ઘણા શરમીંદા થઇ ગયા અને કહેવા લાગ્યા કે હવે તો હું એક હરફ પણ બોલીશ નહીં. મારી ભુલ થઇ કે મેં તમને પુછયું પણ હવેથી તમે જે કાંઇ કરશો તેમાં જરા પણ દખલ દઇશ નહી. મુગો મુગો જોયા કરીશ. હઝરત ખિદર તેથી ચુપ થઇ ગયા અને હઝરત મુસાને સાથે લીધા. આગળ ચાલતાં એક ગામમાં ગયા. ત્યા લોકો પાસે ખાવાનું માગ્યુ તો કોઇએ આપ્યું નહીં. ત્યાં એક દિવાર—ભીત પડવા જેવી હાલતમાં હતી તેને હઝરત ખિદરે સીધી કરી દીધી. હઝરત મૂસાએ કહયું કે આ લોકોએ તમને ખાવાનું આપ્યું નહીં અને તમે તેમની ભીંત દુરસ્ત કરી આપી તો તેને માટે તમારે મજુરી લેવી જોઇતી હતી. આ ઉપરથી હઝરત ખિદર બોલ્યા કે હવે તો તમે એકદમ મારાથી અલગ થઈ ચાલ્યા જાઓ. હું એક ઘડી પણ તમને મારી સાથે રાખવાનો નથી. મેં આટલું આટલું તમને કહયું તોપણ તમે મારી વાતોમાં નકામા દખલ દઇ મને કંટાળો આપો છો તેથી હવે તમારે ને મારે જરા પણ બનવાનું નથી. પણ તમે ભેદ જાણવા માગો છો તો લો સાંભળો, તમે મને સવાલો પુછ્યા તેનો ભેદ એ છે કે પેલા વહાણમાં મેં જે ગાબડું પાડયું હતું તેનું કારણ એ હતું કે એક રાજા સારા વહાણોને જુલમથી પકડવા નીકળ્યો હતો અને તે પાછળ આવતો હતો તેથી મેં વિચાર્યું કે એ વહાણને હું કાણું પાડી થોડા વખત માટે નકામું બનાવું તો તે તેને રાજા કબજે કરે નહી અને અણી ચુકાઇ જાય. પેલા છોક-

રાને મેં માર્યો તેનો ભેદ એ હતો કે તે છોકરાના માબાપો મોમિન હતા તેથી તે છોકરો કાફર હોવાથી, તેમની ઉપર જુલમ ગુજારી તેમને પણ કુફરમાં જબરજસ્તીથી ઘસડત. તેથી મેં તેને મારી નાખ્યો કે ખુદા તેના માબાપને તેને બદલે એક વધારે પાક દિયાનતવાળો અને એથી પણ વધારે મોહબ્બતવાળો છોકરો આપે. દિવાર વિશે એવી હકીકત છે કે તે દિવાર બે યતીમ—અનાથ બાળકોની મિલકત હતી અને તેના નીચે તેમનો માલ દાટેલો હતો. જો તે દિવાર પડી જાત તો તેનો માલ વેરાન થઇ જાત તેથી તે દિવાર મેં સીધી કરી કે જેથી તેના નીચેનો માલ સહીસલામત રહે અને તે યતીમો મોટા થઇ તેનો હવાલો લઇ લે. આ ભેદથી મેં ઉપલાં કામ કરેલાં છે અને ખુદાનો હુકમ પણ એવોજ હતો. પણ તમે તો જાહેર ઉપલકીઆ વાતો જોઇનેજ મારા માટે મનમાં શક લાવી રહયા હતા પણ એવા શકથી કાંઇ વળતું નથી. જ્યાં સુધી પુરો ભેદ ન જણાય ત્યાં સુધી ખાલી બોલ બોલ કરવાની કાંઇ જરૂર નથી વિગેરે હઝરત ખિદરે હઝરત મૂસાને કહયું.[1]

આ ઉપરથી સાર એજ નીકળે છે કે હઝરત મૂસા જેવા પયગમ્બર પણ જાહેરની વાતો જોઇને ભુલાવામાં પડી ગયા હતા. જ્યારે તેમના જેવા પયગમ્બરને પણ એકદમ સમજ પડી નહોતી તો પછી આપણા જેવા સાધારણ માણસને ભેદની વાતોની એકદમ સમજ ન પડે એ ઉઘાડું છે. આજ સુધી મશાયખોને તેમની જાહેર વાતો જોઇને બુરા ગણવામાં આવ્યા પણ આ કિતાબ વાંચવાથી જ્યારે ભેદ સમજાશે ત્યારે આપણા મનમાં એમ ચોખ્ખુ આવશે છે કે એ લોકોની વાતોમાં પણ ઇસ્લામની બેહતરી રહેલી છે. તેઓ ખોટું કરતા નથી પણ જે કરે છે તેમાં અલબત ખુબી છે.

તેમનું કામ જાહેર જોનારને કદી ઉલટું દેખાય પણ ઉંડા ઉતરીને જોવાથી માલમ પડે છે કે તેઓ જે કાંઇ કામ કરે છે તેનો નતિજો દીનના ફાયદાનોજ આવે છે કારણકે તેથી ખરા ખુદાને માનનારા લોકો વધુ પેદા થાય છે.

દાવતના કામમાં તેઓ જે કાંઇ રૂઢી અખત્યાર કરે છે તે પોતાના સ્વાર્થ માટે તો કરતાજ નથી. જે કરે છે તે દીનની બેહતરી માટે કરે છે અને તેથી લાભ થાય છે. જેમ એક કુંભાર વાસણ બનાવે છે ત્યારે પહેલાં ચાકડા ઉપર શરૂઆતના આકારના ડોળીઆ તૈયાર કરે છે અને તે

1 આ હકીકત કુરાને શરીફમા બયાન કરેલી છે. કાંઈ મન ઘડત વાત નથી.

ડોળીઆ ઉતારી ભેગા કરે છે એટલે પછી ઘરના બીજાં માણુસો તેને ટીપીને સુધારા ઉપર લાવે છે અને તેને રંગ લગાડી તે ઉપર ફુલ પાડી શોભીતા કરે છે એટલે તે ખરા રૂપ ઉપર આવે છે. તેજ પ્રમાણે મશાયખો ખુદાના ખરા જ્ઞાનના ઉપયોગ માટે દાવતની રૂઢીથી શરૂઆતના ડોલીઆ તૈયાર કરે છે અને તોહીદનો રંગ ચડાવી કાચા રૂપમાં ઢગલો કરે છે. હવે આ કામ કેટલું જરૂરનું છે તે સમજદાર માણુસ જોઇ શકે છે. જ્યારે ડોલીયા તૈયાર થઇ તેની કાચી શકલ થાય છે એટલે પછી પાકા થવાને કાંઇ વાર લાગતી નથી. આ પાકા કરવાનું કામ પણુ એ મશાયખો કરે છે અને જો તેમને વખત ન મળે તો આલિમોએ તે કરી લેવાનું છે. પણ યાદ રાખવું જોઇએ કે કારીગરી ડોલીઆ તૈયાર કરવામાંજ છે. પાછળથી સુધારો તો ગમે તે કરી શકે છે. માટે ડોલીઆ તૈયાર કરવાની પાકટ રૂઢીને તોડવાની નથી.

મશાયખોની આ રૂઢીથી દીનને નુકશાન પહોંચે છે અને શિરક વધે છે એવું કોઇ કહે તો ભલે તેને અખત્યાર છે. પણુ ખરી હકીકત એમ છેજ નહીં. તેઓ તો અજ્ઞાન ભાઇઓને ખુદાના ખરા જ્ઞાન તરફ ખેંચે છે અને અજાણ્યાઓને જાણીતા કરી દોસ્ત બનાવે છે અને પોતાની સાથે જોડી ખરા ભાઇનો હક તેમને આપે છે. આથી એ ભાઇઓને ઘણો ફાયદો થાય છે. અને આપણુને તેમના જોડાણુથી સઉ વાતે નચીંતાઇ થાય છે. મશાયખો આ હિસાબેજ એ લોકોને વળગેલા રહે છે. અને વખતો વખત તેમના ત્યાં જઈ તેમના મનમાં ખુદાની મોહબ્બત તાજી રાખે છે. આથી તેમના ઉપર તોહીદનો જે રંગ ચડેલો હોય છે તે ઉતરવા પામતો નથી પણુ દીવસે દીવસે પાકો થતો જાય છે. કદાચ મશાયખો માટે એમ પણુ કહેવામાં આવે કે એ તો મતલબની ખાતર બાર મહીને તેમના ત્યાં વસુલ ઉઘરાવાના બહાને જાય છે. તો એમાં પણુ હરકત જેવું નથી કારણુ કે ગમે તેમ પણુ એ લોકો તેમના ત્યાં મશાયખોના જવાથી તેમને વળગેલા તો રહે છેજ. તેઓ મશાયખોને પૈસાની ભેટ કદાચ આપતા પણુ હશે તો મશાયખો તેનો બદલો તેમને ખુદાનો ઉમદા રસ્તો દેખાડી વાળી આપે છેજ [1]

મશાયખોની જાહેર બાબતો જે કેટલીક બિદઅતો જેવી દેખાય છે તેને માટે તેમને લોકો કદાચ જહન્નમી ગણે તો પણુ કાંઇ હરકત જેવું

---

૧. આ કાંઈ ભીખ કહેવાતી નથી પણુ લોકો વગર માગે એક હક તરીકે નજર કરે છે.

નથી કારણ કે તેમને દીનની ખીદમત કરવાનો એટલો બધો ખીયાલ છે છે કે કદાચ તેમ કરવામાં તેમને ગમે તેવી આફતમાં સપડાવું પડે તેની પણ તેમને બીક નથી. તેઓ કહે છે કે અમે પોતાના સ્વાર્થ માટે કે પેટ માટે કાંઇ આવું કરતા નથી પણ ગરીબ અજ્ઞાન ભાઇઓને નેકીનો ખરો રસ્તો બતાવવા માટે અને ખુદાના માર્ગની રોશની વધારવા માટે આ બધું કરીએ છીએ અને અમારૂં ખાતું સારી રીતે સાચવીએ છીએ કારણ કે ઇસ્લામના દરેક ખાતાને સાચવવાની જરૂર છે. તેમ છતાં પણ જો નેકી અને સત્યની ખાતર તેમને ગમે તેવા ખાડામાં પડવું પડે તો પણ તેમાં તેઓ કાંઇ નારાજ નથી. એટલે હીંદુ ભાઇઓ માટે મશાયખોને એટલી બધી કાળજી છે કે તેમની સાથે એકતા કરવામાં તેઓ આલિમોના મહેણાં ટોણા સહન કરે છે અને બદનામી ઉઠાવે છે તોપણ હીંદુ ભાઇઓને છોડતા નથી. તેમને નેકી કરવાની આટલી બધી કાળજી છે ત્યારેજ તેઓ બિચારા નાના નાના ગામડાઓમાં પણ ગરીબ લોકોમાં જઇને છાસ ભડકી ખાઇને ખુદાના જ્ઞાનની વાતો સંભળાવે છે અને તાવીજ પલીતા કે દોરા ધાગાથી પણ તેમના ઉપર ખુદાના ઇલમની છાપ પાડી તેમને નેકી તરફ દોરે છે. જેવી તકલીફ મશાયખો ઉપાડીને ગામે ગામ હમેશાં વગર પૈસે ફરી લોકોને દોરે છે તેવી આલિમો ઉપાડવા તૈયાર થાય કે કેમ એ એક બહુ વિચારવા જેવો સવાલ છે, કારણ કે તેમનાથી છાસ ભડકી ખાઇને કાંઇ દર બદર ભટકાય નહીં તેમજ બે પૈસા ન મળે તો પણ તેમને પાલવે નહીં. આપણે આથી કાંઈ આલિમોના બુરાઈ કરવા માગતા નથી પણ આલિમોની હાલ જે તબીયતો થઇ ગઇ છે તે ઉપરથી એક અનુમાન કહાડીએ છીએ. તેમાં તેમણે માઠું લગાડવા જેવું નથી. આલિમો તે આલિમોજ છે. તેઓ દીનના ચિરાગ છે. તેમની હસ્તી કોમ માટે ઘણીજ જરૂરી છે. તેઓ કોમમાં ધારે તો શાંતીથી મૌલાના હાજી ઇમદાદુલ્લાહ સાહેબની માફક સુધારા કરી શકે છે. પણ લોકોને મતભેદવાળા મસલાથી લડાવી ન મારે અને તેમને એક દિલી અને સંપથી આગળ વધારવાનું કામ કરે તો ઘણો ફાયદો થાય. નહીં તો નાની નાની બુરાઇઓ દુર કરવાની જીદ કરવા જતાં કુસંપ અને નાઇત્તેફાકી જેવી ભારે બુરાઇ કોમમાં પેદા કરે તો કોમને બેહદ નુકસાન થાય અને લોકોને ઘણું સોસવું પડે એટલુંજ નહીં પણ ઇસ્લામની પણ ગેર

કોમોમાં બદનામી થાય.† આ સઘ વાતોનો ખીયાલ રાખીને જો તેઓ કામ કરે તો કોમને માટે તેઓ ઉપયોગી છે.

તેઓ કોમના સુધારા માટે જે પર કોમમાં દાવત કરવાના હુનરથી તેઓ ઘણે ભાગે નાવાકેફ છે કારણ કે એમણે તેની તાલીમ લીધી નથી. પહેલાના ઘણા ખરા આલિમો મશાયખો પાસેથી ખિલાફત લઇ આ તાલીમ મેળવી દાવતનું કામ શાંતીથી કરતા હતા પણ હાલના આલિમોએ પોતાની તાલીમમાં એ ધોરણ રાખેલું નહીં હોવાથી તેમને તેની માહિતગારી મળતી નથી. આલિમોને માટે આપણે એટલુંજ કહીશું કે તેમનું ધોરણ ગમે તેવું હોય તો પણ તેઓ ઇસ્લામી કોમને માટે સારા છે. તેમણે કોમમાં પોતાનું કામ નેક દીલીથી કરવું જોઇએ પણ મશાયખો જે રૂઢીથી ખુદાનું જ્ઞાન ફેલાવી રહ્યા છે તેનું વગર સમજે ખોટું ખરૂં બોલવાનું નથી. શદ્દાદ અને ફિરઓનને ખુદાઇ દાવા કર્યા હતા અને હઝરત મનસૂરે પણ કહ્યું હતું કે હું હક (ખુદા) છું. દવા ત્રણેના પોતે ખુદા હોવાના હતા પણ પહેલા બે જણના ગુરાઇથી હતા અને હઝરત મનસૂરનો એ નફસી અને બેખુદીનો હતો. આજ કારણથી હઝરત મનસૂર મોટા વલી - મહાત્મા મનાય છે અને શદ્દાદ અને ફિરઓનને લાનતી ગણવામાં આવે છે કારણ કે હઝરત મનસૂર નેકી ઉપર હતા અને પેલા બે જણા બુરાઇ પર હતા. મૌલાના રૂમ સાહેબે પણ આ કિસ્સો પોતાની મસનવી શરીફમાં ઘણી સારી રીતે બયાન કરેલો છે અને કહયું છે કે હઝરત મનસૂર અને ફિરઓનના દાવામાં ઘણોજ તફાવત હતો. તો હમેશાં નેકીનો વિચાર કરવો જોઇએ. હઝરત મનસૂર (અ૦ રે૦) ને સૂળી પર ચડાવવાથી ઇસ્લામી આલમ આજ પણ અફસોસ કરી રહી છે અને તેમને બેગુનાહ બતાવી રહી છે. જેમને આજે તમામ દુનિયા બે ગુનાહ બતાવતી હોય તેવા નેક સખસને ફાસીને લાકડે ચડાવી દેવામાં શું સારૂં કામ થયું છે? આપણે કદાચ તેવા કામ માટે ફુલાતા હોઇએ તો ભલે પણ આપણે આપણા પોતાના કામો તરફ જોઇએ અને પોતે શું શું એબ કરી રહયા છીએ તે તરફ ધ્યાન પહોંચાડીએ તો

---

† ફાતેહા અને ઇલ્મે ગેબના મસલાની ચરચાઓ ઉભી કરી કોમને કટલા ફંસમાં નાખી છે તે સઉ કોઈના જાણવામાં છે. પયગમ્બર સલ્લમને પચાસ ટકા ઇલ્મ હતો કે સો ટકા હતો એવી નકામી તકરારો પેદા કરીને આપણે પયગમ્બર સલ્લમના મરતબામાં શું વધારો ઘટાડો કરી શકવાના હતા? ત્યારે આ નકામા ઝગડા નથી તો તો બીજું શું? એથી હાથમાં શું આવવાનું હતું?

આપણને માલમ પડે કે હઝરત મનસૂર કરતાં આપણે કેટલે દરજ્જે વધારે સજાને લાયક છીએ.× વિગેરે કેટલાક લોકો કહે છે.

પ્રકરણ ૪ થું.

ઈસ્લામની બરબાદી.

આ દેશમાં હાલમાં ક્રિશ્ચન પાદરીઓનાં એટલાં બધાં મિશન ખાતાં નીકળ્યાં છે કે તેમણે હજારો પછાત કોમના લોકોને ઇસાઈ—વિશ્વાસી બનાવી દીધા છે અને હજુ પણ તેઓ સંજોગો સારા હોવાથી એ કામ વધારતાજ જાય છે. તેમની પાસે કરોડો રૂપીઆનું ફંડ છે જેમાંથી તેઓ પોતાના કામને માટે સારી સારી ગોઠવણીઓ કરે છે. નિશાળો ખોલે છે, ઇસ્પીતાલો કહાડે છે અને સાગમાં સારા ડાકટરો લાવી લોકોની સારવાર કરી પોતાના મિશન માટે લોકોના મનમાં સારી લાગણી પેદા કરે છે. ઘણા ઉંચા લોકો પણ આનો લાભ લેછે જેથી મિશનખાતાના માટે તેમનો સારો ખાયાલ બંધાઇ જવાથી તેમને તેની વિરૂધ્ધ કાંઇ અવાજ ઉઠાવવાનું કારણ રહેતું નથી. ઉંચા લોકો મિશનના આ જાહેર સારા કામને પસંદગીની નજરથી જોઇ રહયા છે અને હમેશાં મિશનની નિશાળો તથા ઇસ્પીતાળોથી ફાયદો ઉઠાવવા ત્યાં જા આવ કરી રહયા છે એટલે ક્રિશ્ચન મિશન ખાતા વિરૂધ્ધ હાલ કોઇનો પણ પોકાર નથી. બધેજ એ લાગણી ફેલાઇ છે કે મિશનખાતું હીંદુસ્તાનના લોકોના ફાયદા માટે સારી કાળજી રાખે છે. અહીંના લોકોનો ઘણે ભાગે આવો

× આપણી નજર આગળ પંજાબમાં મીરઝા ગુલામ મોહમદ કાદીયાનીએ પયગમ્બરનો દાવો કર્યો તો આપણે તેને માટે કયો સજાનો હુકમ આપ્યો અને એનો શું અમલ થયો ? કદાચ એમ દલીલ કરવામાં આવશે કે શરીઅતનું રાજ નથી તેથી તેનો અમલ થઈ શકે એમ નથી જો ફતવાઓનો અમલ થઇ શકે એમ નથી તો પછી હાલ શા માટે ઝગડાએના ફતવા આપવા કોશીશો થાય છે ? વિગેરે લોકો પુછે છે.

ખીયાલ હોવાથી પાદરીઓ મિશનની નિશાળો તથા ઇસ્પીતાલોને દીવસે દીવસે વધુ સારા પાયા ઉપર મુકતા જાય છે અને લોકોનું વલણ પોતાના તરફ આથી ખેંચતા જાય છે. પહેલાં દેશી દવાઓ, તાવીજ, પલીતા, દોરા, ધાગા વિગેરેથી જેવો ફાયદો મશાયખો અહીંના ભાઇઓને પહોંચાડતા હતા તેજ રૂઢી હાલના પાદરીઓએ ડાકટરી સારવારથી અખત્યાર કરી છે.

ઉંચા લોકો જેમની પાસે એ પાદરીઓ વિરૂધ્ધ પોકાર ઉઠાવવાનાં સાધનો છે તેમને ઉપલી સારી બાતોથી આગેવાન પાદરીઓએ ચુપ રાખ્યા છે એટલુંજ નહીં પણ પોતાના સારા કામ તરફ ખેંચ્યા છે એટલે જે પાદરીઓ હલકી કોમના લોકોને ક્રિશ્ચયન બનાવવાના કામ ઉપર રોકાએલા છે તેમને હાલ સારી જોગવાઇ છે.

મુંબાઇ ઉમર ખાડીના એક મી૦ ગોકળદાસે "મુંબાઈ સમાચાર"ના તા૦ ૨૪ ડીસેમબર ૧૯૨૩ના અંકમાં "મીરજ મીશન હોસ્પીટલ"ના મથાળાથી એક લેખ લખ્યો છે તેમાં તેઓ જણાવે છે કે શસ્ત્રક્રીયા (ઓપરેશન) ના કાર્યથી આખા હીંદુસ્તાનમાં પંકાએલી મજકુર હોસ્પીટલના વડા અમેરીકન ડોકટર વૉનલેસ કે જેને જોતાંજ જોનારના મનમાં તે એક દઇવી પુરૂષ (ખુદાઇ માણુસ) હોવાનો ભાસ થાય છે અને જ્યાં ગરીબ તવંગરનો ભેદ ન રાખતાં જેનો લાભ હીંદુ, મુસલમાન, પારસી, વહોરા વગેરે સરવે કોમના મનુષ્યો હીંદના ચારે ખુણામાંથી આવી લેછ" વિગેરે મી૦ ગોકળદાસ તારીફ કરતાં લખે છે અને ત્યાં પાણી તથા રહેવાની સારી સવડ માટે જગા બાંધી આપવા શ્રીમંતોને સુચના કરે છે. આ પ્રમાણે ઉચો વર્ગ તેમના તરફ વળેલો છે એટલે તેમના પાદરીઓને કામ કરવાની ઘણી સારી જોગવાઇ છે તે આથી સમજી શકાય છે.

ક્રિશ્ચયનોમાં રોમનકૅથલિક, પ્રૉટેસ્ટંટ, પ્રેસબિટીરિઅન, એપિસ્કોપેલીઅન. મેથડિસ્ટ, યુનિટેરીઅન, વિગેરે ઘણા ફિરકાના આલિમો અને પાદરીઓ છે પણ તેઓ પોતાના એક બીજાના ઇખતિલાફ-મતભેદ એવા તો ભુલી જઇને અને બાજુ પર મુકીને કામ કરે છે કે તેમણે જોત જોતામાં લાખો માણુસોને પોતાના વાડામાં લઈ લીધા છે. તેમની પાસે સાધનો સારાં છે એટલે તેઓ ઇસાઇ થનારને દરેક વાતની સવડ કરી આપે છે. પૈસા આપે છે, જમીન આપે છે, શાદી પણ કરાવી આપે છે. અને પોતાની લાગવગથી સરકારમાં નોકરી પણ સારી અપાવે છે. ઇસ્લા-

અને આ પ્રમાણે એક જબરા હરીફથી મુકાબલો છે. તો પણ કઇ હથ્થી કામ લેવું તેનો આપણા ભાઇઓ વિચાર પણ કરતા નથી. ઇસ્લામની ખીદમત કરવાના નામે આપણા કેટલાક આલિમ ભાઇઓ આપણી પાસે જાહેર અપીલો કરી નાણાની માગણીઓ કરે છે અને આપણા બીજા ભાઇઓ નેક દીલીથી બે પૈસા ફંડમાં ભરી છુટે છે. આ સિવાય બીજા અસરકારક રસ્તા શું લેવા જોઇએ તેનો કોઇને ખીયાલ પણ આવતો નથી. મને મુસાફરીમાં ઘણીવાર મશાયખોએ કહયું છે કે એકાદ નાના મોલવીને કોઇ અંજુમનના મોટા આલિમ સાહેબ અવાર નવાર કોઈ કોઇ ઠેકાણે મુસલમાનોમાં વાએજ કરવા મોકલી આપે છે અને તે ગૃહસ્થ મસ્જીદમાં બેસી ક્રિશ્ચયનો કે આર્યો વિરૂધ્ધ વાતો સંભળાવી તેનો રિપોર્ટ મોકલી આપે છે અને નાણાની માગણીઓ કરે છે[1] એટલુંજ નહીં પણ આ કામ દરમ્યાન કેટલીક વખત મુસલમાન ભાઇઓમાં ઇખ્તિલાફવાળા મસલા બયાન કરી તેમનામાં બેદીલી અને બુરાઇ પેદા કરી દીનને ગેર કોમોના લોકોના મનમાં હલકો પાડવા જેવા સંજોગો ઉભા કરે છે. પણ સમજવું જોઇએ કે લોકોની બુરાઇઓ કરવાથી તથા કોમમાં લડાઇઓ ચલાવવાથી કાંઇ ઇસ્લામની ખીદમત થતી નથી પણ ઉલટું કામ ઘણું કથલી જાય છે અને બિગાડો થાય છે. પાદરીઓ ગમે તે ફિરકાના કે ગમે તે મતના હોય પણ પોતપોતામાં કદી પણ ઝગડો ઉભો કરતા નથી પણ બધા શાંતીથી અને ખંતથી લોકોને વિશ્વાસી બનાવવાનું કામ હમેશાં કરે જાય છે. ખ્રીસ્તી થએલા કેટલાક લોકો આર્ય પંથમાં પાવન થયાની વાતો તેઓ જાહેર પેપરોમાં વાંચે છે તોપણ તેઓ જાહેરમાં તે વિરૂધ્ધ જરા પણ હિલચાલ કરતા નથી પણ પોતાનું કામ ચુપકીથી કરે જાય છે. હાલ તેમનું કામ એટલું તો જોરથી ચાલી રહ્યું છે કે તેમના પ્રમાણમાં આપણાથી કાંઇ પણ બની શકતું નથી. ફકત કેટલાક મશાયખો પોતાની જાતી મેહનત અને જાતી બળ ઉપર રહીને કેટલાક ભીલ, કોળી, દુબળા, નએડા, વિગેરે જેવા લોકો ઉપર પોતાની રૂહાની તાકતથી ખરા ખુદાના જ્ઞાનની છાપ પાડી તેમને નેકી તરફ ખેંચે છે અને પોતાની સાથે ભાઇચારામાં જોડેલા રાખે છે. જેથી તેઓ દારૂ તાડી પીવાનું, મડદાલ ખાવાનું, ચોરી કરવાનું છોડી દઇ નેકી પર આવી

---

[1] અશાઅતના કામ માટે નાણા લઇ તેઓ મેળવે પણ ઈખતિલાફવાળા મસલા તેમણે ઉભા કરવા જોઇએ નહીં.

જાય છે અને આપણી સાથે પ્રેમની સાંકળથી જોડાય છે. આથી એટલું થાય છે કે પાદરીઓ તેમને ખેંચવા જાય છે તો તેઓ ચોખ્ખું કહે છે કે અમને તો નેકીનો રસ્તો હાથ લાગેલો છે તેથી અમારે દેશી ભાઇઓને છોડી તમારા પરદેશીઓના ભેગા આવવાની જરૂર નથી. આથી પાદરીઓ સમજી જાય છે કે તેમને ખુદાની એકતાનો રંગ ચડેલો છે તેથી વધારે હાથ લંબાવવા જઇશું તો ઠીક પડશે નહીં. આવા ખીયાલથી પાદરીઓ હઠી જાય છે અને પેલા લોકો આપણા દેશી ભાઇઓ હોવાથી આપણને વળગેલાજ રહે છે. હદીસ શરીફમાં ફરમાવ્યું છે કે તમામ ઇનસાનો એ ખુદાનું કુટુંબ છે અને જે સખસ એ કુટુંબને વધારે ફાયદો પહોંચાડે છે તે ખુદાને વધારે વહાલો છે. આ હિસાબે મશાયખો એ ભાઇઓને પોતાની સાથે વળગેલા રાખે છે અને તેમ કરી હીદુભાઇઓની ઘણી સારી સેવા બજાવે છે.

આપણે ઘણી વખત જોયું છે કે આપણા ત્યાંના ભીલ, કોળી, દુબલા, નગડા, ઢેડ, ચમાર વિગેરે ઇસાઇ ધર્મમાં વટલી જઇ પાદરીઓની ફુંકથી ઉઘાડા છોગે આપણા સામી થાય છે અને આપણને હંફાવે છે તો પણ આપણે ચુપ બેસી રહેવાનો વખત આવે છે તેઓ તો આપણને પોતાના મુકાબલાવાળા સમજે છે કારણ કે તેમની તાલીમજ એવી છે. આ કામ પાછળ દુનિયાના તમામ ક્રિશ્ચયન—ઇસાઇ રાજયો દર વરસે કરોડો રૂપીઆ ખરચે છે કે દુનિયાના તમામ લોકો ઇસાઈ થઇ જાય કે જેથી બધા લોકોને પોતાની સાથે મેળવી લેવાથી તેમને રાજ કરવામાં રાહત થાય અને બધા પોતાના મતના થઈ જવાથી ધર્મને નુકશાન પહોંચવાનો ભય પણ મટી જાય આપણા માટે આવો મામલો પેદા થઇ ગયો છે તો પણ આપણા ભાઇઓ કુફર અને શિરકની વાતોમાંજ મશગુલ છે પણ તેમણે સમજવું જોઇએ કે મશાયખોની વિરૂદ્ધ આલિમોને તૈયાર કરી આવા ઇખતિલાફી મસલા ઉભા કરી આપણને લડાવી મારવાની પણ કેટલીક મતલબી બાજુથી હિકમતો થાય છે કે આલિમો અને મશાયખો અને પછી તમામ ભાઇઓ પોતપોતામાં લડે અને બીજાઓ સુખે પોતાનું કામ કરે. પણ હવે આંખો બંધ કરીને બેસી રહેવા જેવું નથી.

મશાયખોની ખાનકાહો પહેલાં હાલના ક્રિશ્ચયન મિશનો કરતાં પણ ઘણા સારા પાયા પર હતી અને ઘણુંજ ઉમદા કામ કરતી હતી કારણ કે તેમના આગેવાનોને હાલની માફક બદનામ કરવામાં આવતા ન હોતા. મશાયખો હજારો બીમાર લોકોનો ઇલાજ કરતા હતા જેથી ઘણાઓને

ફાયદો થતો હતો. જેમને દવાની જરૂર પડતી તેમને જડી બુટ્ટીની દેશી દવાઓ આપતા અને બાકીના હજારો લોકોને ફકત ખુદાના ઇલમથી ફાયદો પહોંચાડતા. તાવીજ, દોરા, ધાગા વિગેરેથી લોકોને એટલો બધો ફાયદો થતો કે તેઓ હમેશાં આકીનથી મશાયખોને વળગેલાજ રહેતા. ડાકટરી ઇલાજમાં પણ આકીનની ઘણી જરૂર છે. એટલે જે ડાકટર અથવા હકીમ ઉપર આકીન વધારે હોય છે તેનાથીજ દરદીઓને ફાયદો થાય છે. જે ડાકટર ઉપર દરદીને વિશ્વાસ ન હોય તેની દવા કરવામાં આવે તો પણ કાંઈ ફાયદો થતો નથી. એટલે આકીન એજ મોટી ચીજ છે, દવા નહી. તેથી લોકોનું મશાયખોના ઇલમ ઉપરના આકીનથીજ કામ થતું અને તેઓ સારા થતા. હાલ જેમ પરદેશી ડાકટરી તાલીમથી હજારો લાખો રૂપીઆ ઈસ્પીતાળો બંધાવવા તથા ડાકટરો, નરસો, મિડવા-ઇફો તથા બીજા સાધનો તૈયાર કરવા, તથા વિલાયત જઇ પરિક્ષા પાસ કરવા પાછળ દેશના ખરચાય છે અને કરોડો રૂપીઆ પરદેશી દવાઓ લાવવા માટે પરદેશ લઈ જવામાં આવે છે તેમ તે વખત થતું ન હોતું. દવાની તે વખત વધારે જરૂરજ પડતી ન હોતી અને જુજજાજ જરૂર પડતી તો તેટલી દેશી દવાઓ તો મશાયખો પોતેજ પોતાના તરફથી આપી દેતા હતા. વધારે કામ તો વગર પૈસે ખુદાના ઇલમની બરકતથી દોરા તથા તાવીજોથી થતું જેથી લાખો રૂપીઆની દેશમાં બચત થતી એટલુંજ નહીં પણ ખુદાના ઇલમથી તેમને ફાયદો થતો. આથી તે ઇલમ તરફ લોકો ઝુકેલા રહેતા અને રૂહાની—આત્મિક સુખ પણ ભોગવતા. વળી ખુદા ઉપર વિશ્વાસ કાયમ રહેતો અને લોકો એથી ખરા જ્ઞાનમાં આગળ વધી નેક ઉપર આવતા. એટલે ખરૂં પુછો તો મશાયખો હજારો લોકોને પોતાની ખાનકાહોના રૂહાની ધોરણ અને ઇલમથી ફાયદો પહોંચાડી ખુદા તરફ ખેંચતા હતા.

હજારો લોકોને આવો ફાયદો પહોંચાડયા ઉપરાંત તેઓ તેમને નેકીના રસ્તે પણ લાવતા જેથી દેશને બેહદ ફાયદો થતો. વળી ખાનકાહોનું ખરચ પણ તેઓ આ લોકોના તરફની ભેટો અને પીરોની માનતાઓમાંથી કહાડતા. ચોખા, ઘી, ગોળ, ખાંડ, શાકર, ખજુર, કાપડું, લુગડાં, જનાવરો, બકરા, રોકડ પૈસા, વિગેરે ચીજો માનતાઓમાં આવતી તે ફકીરો અને મુસાફરોના કામે લેતા અને સારી રીતે કામ ચલાવતા, પણ લોકોને એ વિષે પૈસાના માટે તકલીફ આપતા નહીં. માનતાઓનું ધોરણ મશાયખોએ

ઓજ માટે રાખ્યું હતું. મશાયખોના ફકીરોનું સી૦ આઇ૦ ડી૦ ખાતું અને તેમનું ડાકટરી તથા મિશન ખાતું જે લાખો રૂપીઆના ફાળાથી પણ ન ચાલે તે આ માનતાઓથી ચાલતું હતું. હાલ એ ખાતાએ। પાછળ ક્રિશ્ચયન રાજ્યોને કરોડો રૂપીઆ ખરચવા પડે છે તે મશાયખો એમજ ચલાવતા. હાલ કેટલાક ભાઇઓ વગર સમજે ફાતેહા તથા માનતાઓ-નઝર નિયાઝ માટે વિરૂધ્ધમાં બોલે છે પણ તેમણે સમજવું જોઇએ કે ભાઇઓ ઉપરનો બોજ ટાળવા માટે, લોકોને જોડેલા રાખવા માટે અને તેમને નેકી તરફ ખેંચવા માટેજ મશાયખોએ મહા મેહનતે એ ગોઠવણ કરેલી છે. આમાં મશાયખોની નૈયત નેક છે એ ભુલી જવુ જોઇતું નથી કારણ કે તેથી હજારો ફકીરો તથા ગરીબોને ખાવાનું મળતુ હતું. અને ભીખ ઘણીજ ઓછી મંગાતી હતી હાલના જેવો મામલો ન હોતો. માનતાઓમાં મશાયખોએ એવી તો ઉંડી સમજથી કામ લીધુ હતું કે સાધારણ અક્કલનો માણસ તે સમજી પણ શકે નહીં. દાખલા તરીકે ખાનકાહો અને દરગાહો ઉપર **લોબાન** બાળવાની જે રૂઢી તેમણે કહાડેલી છે તેથી હજારો લોકો લોબાન ત્યાં લાવે છે અને તે રાત દિવસ ત્યાં બળે છે. લોબાન અરબસ્તાનમાં પેદા થાય છે[1] અને તે હજારો ખાનકાહો અને દરગાહોમાં હમેશાં મોટા પ્રમાણમાં બળતું હોવાથી લોકો ત્યાં ચડાવવા માટે હમેશાં એટલું બધું ખરીદ કરે છે કે અરબસ્તાનના વેપારને લાખો રૂપીઆનો ફાયદો થાય છે. હવે અરબસ્તાન જે ઇસ્લામના પવિત્ર મથકોનું સ્થાન છે તેના ફાયદાની વાતો મશાયખોએ શોધી તો તેમને બિદઅતી ગણવામાં આવ્યા અને તેમની વાતોને તોડવામાં આવી કે દરગાહોમાં લોબાન બાળવું બિદઅત છે.[2]

બીજી એક બાબત દરગાહો ઉપર **ઘોડા** ચડાવવાની છે. અરબસ્તાનમાં હજારો સારા ઘોડા પેદા થાય છે જે અરબી ઘોડાના નામથી મશહુર છે.[‡] એક ધોરણ મશાયખોએ એ રાખ્યું હતું કે મોટા મોટા

---

૧. ભુગોળ જોશો તો માલમ પડશે કે લોબાન અરબસ્તાનની પેદાશની ચીજ છે.

૨. જો એવું છે તો પછી મક્કા શરીફમાં કાબેતુલ્લાહના દરવાજા આગળ તથા મદીનામાં રોજા મુબારક આગળ લોબાન બળે છે તે કદી બળે નહીં. લોબાન બાળવું કે ન બાળવું એ પોતાની મરજીની વાત છે. એની આપણે કાંઈ ફરજ પાડતા નથી; પણ આપણા અરબસ્તાનના વેપારની હાલત સમજાવીએ છીએ

‡ આની પણ ભુગોળ જોવાથી ખાતરી થશે.

રાજા રજવાડા જે ઇસ્લામી બાદશાહોનું જોઇને પીરોની માનતાઓ રાખતા હતા તેમને પોતાની ઉમેદ બર આવવાથી દરગાહોપર ઘોડા ચડાવવા પડતા હતા. હજારે રજવાડાઓ, ઠાકોરો તથા અમીર ઉમરાવો સારા ઘોડા માનતામાં ચડાવવા લાવતા જેથી અરબ વેપારીઓનો વેપાર સારી રીતે ચાલતો. અને ખાનકાહોમાં ઘણા ઘોડા ભેગા થતા તો લશ્કરમાં તે ઇસ્લામી ગાઝીઓને પુરા પાડતા અને બીજા વધતા તે ગરીબ લોકોને પણ મફત આપતા. આથી લશકરને દેશનું રક્ષણ કરવામાં સારી સગવડ થતી અને ગરીબ ભાઇઓને પણ એ મદદ મળવાથી ફાયદો થતો. હજારો અરબ ઘોડા આ બહાને અરબસ્તાનથી આવતા અને ખાનકાહોને ભેટ અપાતા. આ વાતને એવું જોર દેવામાં આવ્યુ હતું કે જે લોકો ખરા ઘોડા ચડાવી શકવાની ગુંજાશ ધરાવતા નહોતા તેમને લાકડા, કાગળ કે લુગડાના ઘોડા ચડાવવા પડતા હતા કે જેથી ઘોડો ચડાવવાનો ખીયાલ લોકોમાં કાયમ રહે, અને અરબસ્તાનનો વેપાર તુટે નહીં. હાલ પણ ખાનકાહોમાં એવી માનતાઓ લેવામાં આવે છે કે વધારે નહીં તો થોડો ઘણો ફાયદો પણ અરબસ્તાનને થાય. પાણી ન મળે તો વુઝુના બદલામાં તયમ્મુમ કરવાનો હુકમ એટલાજ માટે છે કે લોકો વુઝુની રૂઢીથી અલગ થવા ન પામે. શુ આમાં મશાયખોની નૈયત બુરી હતી ? †

વળી એક બીજી બાબત **નારીએલ** ચડાવવા વિશેની છે. અરબસ્તાનના વેપારીઓ અહીં મલબાર તરફ મોટી સંખ્યામાં આવ્યા અને તેમણે ત્યાં નારીએલીનું જબરૂં વાવેતર કરી તેનો વેપાર શરૂ કર્યો મોપલાઓ એજ લોકોની ઓલાદમાં છે. મશાયખોએ અરબસ્તાનના આ વેપારીઓને ફાયદો પહોંચાડવાના ખાસ ઇરાદાથી નારીએલની માનતાઓ પણ ખાનકાહોમાં ચાલુ કરી ; જેથી લાખો નારીએલો ખાનકાહોમાં ચડાવવા લોકો લેતા અને અરબ વેપારીઓ તેથી જબરો નફો મેળવી અરબસ્તાન દેશને માલદાર બનાવતા. સંદલ પણ મલબારમાં અરબ વેપારીઓના ત્યાં ઘણું થતું અને હાલ પણ થાય છે એટલે સંદલ પણ ખાનકાહોમાં દાખલ કર્યું. આથી એક ખુશબોની ચીજ વધી અને વેપારમાં ફાયદો થતો ગયો.

† બેલુચીસ્તાનની માફક હીંદુસ્તાનમાં આસમાની સુલતાની થાય અને રેલગાડીઓ બંધ થઇ જાય તો આ ઘોડાજ કામ લાગે; અને એ હોય તોજ લોકો લાંબી મુસાફરી કરી શકે. નહીં તો હાથપર હાથ ચડાવીને બેસી રહેવાનો વખત આવે.

ખજુરની માનતા પણ મશાયખોએ એજ ખીયાલથી દાખલ કરી હતી. ખજુર અરબસ્તાનમાં ઘણું પાકે છે અને તેના પાક ઉપર એ દેશનો જબરો આધાર છે. માનતાઓમાં તે ખજુર ચડતું હોવાથી હજારો મણ અહી આવતું જેનો બેહદ લાભ અરબસ્તાનને મળતો. આના વેપારથી અરબસ્તાનને જબરો ફાયદો થતો અને ત્યાંના લોક હમેશાં માલદાર રહેતા. અંગ્રેજોએ વેપારથીજ પોતાના દેશને માલદાર બનાવેલો છે અને વેપારથીજ રાજ મેળવેલું છે એ સઉ કોઇ જાણે છે તો પછી અરબસ્તાનનો વેપાર આવી રીતે વધારવામાં શું કાંઈ નુકસાન હતું ?

ગેર કોમોના દેવળોમાં અબીલ, ગુલાલ વિગેરેનો ઘણો ઉપયોગ થતો હતો પણ અરબ વેપારીઓના હાથમાં સંદલનો વેપાર હોવાથી મશાયખોએ સંદલને પોતાના ત્યાં પણ દાખલ કર્યું કે જેથી બીજા લોકો પણ તે ખુશબોદાર ચીજ તરફ દોરાયા. તેમની કોશીશથી બીજા લોકોમાં પણ તેનો જબરો ઉઠાવ થવા લાગ્યો. સંદલ એક ખુશબોદાર ચીજ છે જે ઇસ્લામના ફરમાન પ્રમાણે સારી ગણાય છે. વળી તેનો દરેક પ્રકારના અત્તરમા ખપ પડે છે કારણ કે કોઇ પણ અત્તર સંદલના તેલ વગર બની શકતુ નથી. એટલે અત્તર માટે પણ તેની ખાસ જરૂર છે. વળી હીંદુભાઇઓ તેને એક સારી ચીજ તરીકે માને છે અને મંદીરોમાં ચડતું હોવાથી હમેશાં તેને પોતાના ત્યાં ખરીદીને રાખે છે અને પ્રસાદ તરીકે પોતાની પેશાની ઉપર પણ હમેશાં લગાડે છે.+ આવા બહોળા પ્રમાણમાં વપરાતી ચીજનો વેપાર અરબ વેપારીઓના હાથમાં હોવાથી તેને ઉત્તેજન આપવાની દરેક જરૂર હતી.* આવા કારણો હોવાથી લોબાન, ખજુર, સંદલ, ઘોડા, નારીએલ વિગેરે ખાનકાહોમાં દાખલ કરી મશાયખોએ અરબ વેપારને જબરો ટેકો આપી ખરી સેવા બજાવેલી છે. પરદેશી ચીજોનો વેપાર નહીં કરતાં દેશના ફાયદા માટે સ્વદેશી ચીજોનો વેપાર વધારવા પાંચસો આલિમોએ ફતવો બહાર પાડી જોર દીધેલું

× ગરમીથી માથું દુઃખતું હોય તો સંદલ ચોપડવાથી તરત નરમ પડી જાય છે. એટલે એ દવાની પણ ગરજ સારે છે અને તરત જ્યાં જુવો ત્યાં સહેલાઈથી મળી પણ શકે છે.

* બુઝુરગોના ઉરસ વખતે તો સંદલના જુલૂસ નીકળતા જેથી સંદલની લોકોમાં ઘણી શોહરત થતી. હાલ જાપાનવાળા વેપારીઓ જનતાનને દેખાવ કરવા હાથી ઉપર તેના વરઘોડા કહાડે છે અને તેને મશહુર કરે છે એ કોણ નથી જાણતું ?

છે તોપણ આપણા ભાઇઓ આલિમોના એ ફતવાને ધ્યાનમાં નહીં લેતાં પોતાની મતલબને ખાતર પરદેશી ચીજોનો વેપાર ધમધોકાર કરે છે. બલકે પરદેશી ચીજોનો વેપાર કરવા માટે દુર દરાજના મુલકોમાં જાય છે અને ત્યાં મતલબની ખાતર જવા માટે પોતાના ફોટો તેમજ પોતાની ઓરતોના ફોટો પણ પાસપોર્ટ માટે પાસીંજર એજન્ટો તથા સરકારી અમલદારો આગળ રજુ કરે છે અને ગમે તેમ કરી તે વેપાર ચાલુ રાખે છે. પોતાની મતલબના વેપારની ખાતર તો ભાઇઓ પાંચસો આલિમોના ફતવાને તથા શરીએતને પણ બાજુએ મુકે છે તો પછી મશાયખો અરબ વેપારને ઉત્તે જન આપવા પરમાર્થની ખાતર આ પ્રમાણે કોશીશ કરે તો તેમાં તેઓ ખોટું શું કરે છે?

જે દેશનો વેપાર આબાદ તે દેશ આબાદ, અને દેશ આબાદ તો તેના રાજકર્તા પણ આબાદ. એટલે આ હિસાબે અરબસ્તાન વેપારમાં આબાદ હોવાથી તુરકી જબરો ફાયદો મેળવતું હતું. આ પ્રમાણે અરબસ્તાનને બેહદ ફાયદો થતો હતો અને તુરકી હમેશાં આબાદ રહેતું હતું તે કેટલાક લોકો મતલબને લીધે જોઇ શકયા નહીં તેથી તેમણે એ વેપારને તોડવાનો પાયો રચવા માંડયો. અરબ વેપાર જોરદાર તો તુરકી જોરદાર અને તુરકી જોરદાર તો યૂરોપને નુકશાન, એવા ખીયાલથી તુરકીને કમજોર કરવાની કોશીશો થવા માંડી, ઘોડા, લોબાન, ખજુર, નારીએળ, અત્તર વિગેરેનો કુલ વેપાર અરબ વેપારીઓને હાથ હોવાથી તેનો જબરો ફાયદો અરબસ્તાનને પહોંચતો જેથી ત્યાંના લોકો આબાદીમાં હતા, અને તુરકી જાહોજલાલી ભોગવતું હતું. આ મામલો તોડવાને શું કરવું જોઇએ તે હરીફોએ શોધવા માંડયું જેમાં તેમને માલમ પડયું કે મશાયખોની ગોઠવણીથી હજારો ઘોડા, હજારો મણ લોબાન, હજારો મણ ખજુર, હજારો મણ નારીએળ, અને જબરા જથામાં સંદલ વિગેરેનો ઉઠાવ થતો હતો. આ મામલો જોઇને મતલબવાળા ભાઇઓએ એ ખાનકાહોના ધોરણ તરફ નજર દોડાવી અને એ ચીજો ત્યાંથી બંધ થઇ જાય તો ઠીક પડે એવા ખીયાલથી તેમણે રસ્તા શોધવા માંડયા. વળી અરબસ્તાનમાં હજ વખતે ઘણા લોકો જાય છે તે પેગમબર સલ્અમના રોજા ઉપર જો ઓછા જાય તો મદીનાનો વેપાર તુટે અને રસ્તામાં બદ્દુ લોકો રોજગાર નહીં હોવાથી લોકોને મારફાડ કરે તો લોકો અરબસ્તાન જતા તદ્દન અટકી જાય કે જેથી દર વરસે એ બહાને મુસલમાનોનો જે જબરો જમાવ થાય છે તે બંધ થઇ જાય અને તેના

વેપારને જબરો આંચકો લાગે, તેમનું જોર તુટે. તેમણે તેથી પેયગમ્બર સલ્લઅમની અને બુજુર્ગોની મોહબત લોકોના મનમાં ઓછી થાય તો નઝર ન્યાઝ બંધ થઈ જાય અને તેથી વેપાર તુટે એટલે આપણું ધાર્યું થાય એ હીસાબે તેમણે કેટલાક આલિમો શોધી કહાડયા. અને તેમને હાથ પર લીધા અને તેમને પગાર આપી બધે એ ધોરણ ઉપર વાએઝ કરવા મોકલી ઇખતિલાફવાળા મસલા બયાન કરાવી એ ચીજોની માનતાઓ તથા નઝરો ચડતી હતી તે નાજાએઝ અને નાદુરસ્ત છે અને બુજુર્ગોના મઝાર ઉપર જવું એ ઘણી બુરાઇ છે એવી હવા જોરથી ફેલાવવા માંડી અને તે કરનારાને મુશરિક ઠેરાવવામાં આવ્યા. આથી ઘણા લોકો એમાં શું ભેદ છે તે સમજયા વગર બિચારા એ વાતોથી અલગ થયા અને એ ચીજોનો ખપત તદન ઘટાડી દેવાથી અરબસ્તાનના વેપારને જબરો ફટકો લાગ્યો, અને તે દેશ પાયમાલી ઉપર આવ્યો. આ મામલો લાંબો વખત ચાલુ રહયો એટલે ત્યાં ગરીબાઇ અને કંગાલીઅત વધતી ગઇ અને રૈયત તદન તુટી ગઈ. પરિણામ એ આવ્યું કે તુરકીને પણ રૈયત કંગાલ થઇ જવાથી ઘણું નુકશાન થયું અને **મિસર** જેવો એક મોટો દેશ પૈસાને માટે યૂરોપીઅનોના ત્યાં ઘરેણે મુકવા પડયો. હવે તેની હાલત એવી તો તંગ થઇ ગઇ કે તેના મુલકો બીજાઓ પચાવી પડવા લાગ્યા અને પૈસાને માટે તુરકી અમલદારો બીજાઓની ખુશામત કરવા લાગ્યા તથા કેટલાક રૂશવત લેતા પણ થઇ ગયા. તુરકીની પૈસા સબંધી હાલત ઘણી નબળી થઇ જવાથી "યૂરોપના માંદા માણસ" ની ઉપમા તેને મળી. તેની હાલત આવી થઇ જવાથી તેનું વજન કમી થયું અને અરબ સરદારો પણ તેનો મુકાબલો કરવા બહાર પડવા લાગ્યા. તુરકીને પૈસાની તંગી, દુશમનોના કાવતરાં, અને સાધનોની કમીને લીધે પોતાના મુલકની દેખરેખ રાખવામાં ઘણીજ અડચણ પડવા લાગી. કેટલેક ઠેકાણે તો લોકો તદન ઉધામ થઇ ગયા. જંગલમાં રહેનારા બદુઓ પણ પોતાનો ખજુરનો વેપાર તુટી જવાથી જીવપર આવ્યા અને કાફલા લુટવા લાગ્યા કારણ કે રોજગાર તુટી જવાથી તેમને ગુજરાન કરવાનું મુશકેલ થઇ પડયું.

ચારે તરફની જંજાલ એકદમ ઉભી થવાથી તુરકી હેરાનગતીમાં આવી પડયું અને ઉપરથી યૂરોપે લડાઇ જગાડી એટલે તો તેની હાલત તદન ખરાબ થઇ ગઈ. એ તો એ તુરકો બહાદુર હતા જેથી ટકી રહયા. નહીં તો એમને બરબાદ કરવામાં તો કાંઇ પણ બાકી રાખવામાં આવ્યું થી. જો તેમને તેમના વેપારની આબાદી કાયમ રાખી આબાદ

રાખ્યા હોત તો તેમને કોઇની મદદ માગવાની જરૂર રહેત નહીં. પણ હાલ તો તેમની હાલત વેપાર તોડીને એવી મોહતાજ કરી નાખી કે તેમને માટે પણ ફંડની ભીખ માગવાનો વખત આવ્યો. જે લોકો મક્કા મોઅઝમા અને મદીના મુનવ્વરાની પાક જગાઓ સાચવનારા મોટા ગની કહેવાય તેમને માટે પણ ભીખ મંગાઇ. એટલે મશાયખો, આલિમો, કોમી પવિત્ર જગાઓ, અને ખીલાફત એ તમામ માટે લોકો પાસે હાથ ધરવાનો વખત આવ્યો.

એક પીરની દરગાહનો મુજાવર હોય છે તેને પણ કોઇની આગળ હાથ ધરવાની મોહતાજી હોતી નથી પણ અલ્લાહનું ઘર અને રસુલે પાકના રોજા મુબારકના સાચવનારાઓ માટે ભીખ માગવાનો વખત આવ્યો બલ્કે અરબસ્તાનથી ડેપ્યુટેશનો પણ પૈસા ઉઘરાવવા લાચારીથી નીકળ્યાં. આ બધું શાથી થયું ? હિકમતવાળાઓની હિકમતથી અને ભાઇઓની ગફલતથી. તુરકી પાસે વેપારને લીધે રૈયત આબાદ હોવાથી સારાં સાધનો હોત તો તેનું નામ કોઈથી લઇ શકાત નહીં તેમજ ખીલાફતને તોડવા માટે પણ કોઇથી એક શબ્દ પણ બોલી શકાત નહીં. પણ કોઇએ તેનો વિચાર ન કર્યો કે કયા હેતુથી આ કોશીશો થઇ રહી છે. આલિમો પોતે સમજી શકયા નહીં તો બીજાઓની શું વાત ? ‡ જ્યારે માથા ઉપર પાણી ફરી વળવાનો વખત આવ્યો ત્યારે ભાઇઓની આંખો ઉઘડી અને હાથ પગ પછાડવા લાગ્યા. જ્યારે બરબાદીમાં કાંઈ બાકી રહયું નહીં ત્યારે આલિમો પણ બહાર પડયા અને તુરકી, ખીલાફત, અરબસ્તાન અને ઇસ્લામ માટે અફસોસ કરવા લાગ્યા. પણ જો પહેલાંથીજ સમજીને ખાનકાહોના નઝર નિયાઝના ધોરણને તોડયું ન હોત તો આજે એવો કંગાલ વખત આવતજ નહીં. ખાનકાહોનું ધોરણ નબળું પાડયું તેથી અરબ વેપાર નબળો પડયો અને અરબ વેપાર નબળો પડવાથી અરબસ્તાન નબળું પડયું અને અરબસ્તાન નબળું પડવાથી તુરકી નબળું પડયું કારણ કે અરબ વેપારથી રૈયત આબાદ હતી અને રૈયતની આબાદીથી તુરકીની જાહોજલાલી કાયમ હતી.

ત્યાંના ઘોડાનો વેપાર જબરો હતો તે પણ તોડી નાખ્યો. અને ધીરે રહીને આસ્ટ્રેલીઆથી ઘોડા મંગાવવા માંડયા અને હવે ત્યાંથીજ

‡ અલ ઇલ્મો હિજાબુલ અકબર (ઇલમ એ એક જાતનો પડદો છે). ગફલતનો પડદો ન હોત તો આવું થાત નહીં.

બધા ઘોડા આવે છે. એટલે એ ઘોડાના વેપારના લાખો રૂપીઆ અરબસ્તાનનમાં જતા હતા તે હવે આસ્ટ્રેલીઆ જવા લાગ્યા. આપણા ભાઇઓ વાતો કરે છે કે મશાયખો બુરા છે પણ આમાં કોણે બુરાઇ કરી છે તે વાંચનાર પોતેજ સમજી શકે છે. અરબનો વેપાર પહેલાં તોડવામાં આવ્યો અને તે પછી હીંદુસ્તાન, આફ્રીકા, મોરીસ, બરમા વિગેરે ઠેકાણે પણ વેપારની મુશકેલીઓ દિવસે દિવસે વધારવાની કોશીશો થએજ જાય છે.† અને આ બધુ ઇખતિલાફી મસલા બયાન કરી મશાયખોનું ધોરણ તોડવાનુંજ પરિણામ છે.

હમેશની ખપત ઉપરાંત મશાયખોની ખાનકાહો ઉપર ઉરસના જબરા મેળા ભરાતા તેમાં પણ નારીએલ, લોબાન, ઘોડા, ખજુર વિગેરેની બેહદ ખપત થતી અને જબરો વેપાર ચાલતો અને તમામ નફો અરબ વેપારીઓને થતો. વેપાર એ મોટી ચીજ છે. અંગ્રેજોએ રાજ વેપારથીજ લીધું છે. જયારે આપણે તો આપણો ધીકતો વેપાર ગફલતને લીધે હાથથી ખોયો છે અને હવે હાથ રગડીએ છીએ. હજું પણ આંખો ખોલો અને જુવો કે તમે હરામ અને હલાલ કરતા કરતા કયાં ઘસડાઇ રહયા છો. આપણા આ વેપારને ટેકો આપવા આપણા હીંદુભાઇઓ પણ આપણી સાથે શામીલ હતા. તેમણે આપણા એ વેપારમાં કોઇ જાતની આડ નાખી ન હોતી. બલ્કે હીંદુસ્તાનમાંના આપણા કામોને તેમણે સારાં ગણી આપણી સાથે દિલસોજી રાખી હતી. અને હજુ પણ તેવી દિલસોજી કાયમ છે. આપણને હીંદુભાઇઓ નુકશાન પહોંચાડી શકતા નથી. આપણને નુકશાનીમાં નાખનારા લોકો તો જુદાજ છે જેમણે આપણા વેપારનાં સાધનો તોડવામાં મદદ કરી છે. શું આ વાત આપણા ભાઇઓ સમજતા નથી ?

---

† તા૦ ૯-૨-૧૯૨૪ના કેપટાઉન વિશે મુંબાઇના સાંજવર્તમાનના તા૦ ૧૧-૨-૨૪ના અંકમાં છપાએલા એહવાલમાં જણાવવામાં આવ્યું છે કે "જુદી જુદી કોમો માટે જુદા જુદા વિભાગો નક્કી કરનારા બીલ સામે વાંધો ઉઠાવવા જોહાનસબર્ગના વતનીઓની એક સભા મળી હતી એ વખતે જણાવવામાં આવ્યું હતું કે એ બીલ ઘણુંજ નુકસાન કરનારૂં છે. અને તેથી આદમ જાતને હલકી પાડવાનો હેતુ રાખવામાં આવ્યો છે, અને એ બીલ મારફતે ગોરાઓ અને કાળાઓને એક એક સામે મુકીને કાળાઓનો નાશ કરવાનો ઈરાદો રાખવામાં આવ્યો છે." આથી સાફ જણાય છે કે આફ્રિકામાં પણ વેપારમાં હીંદીઓને કેવા તોડવામાં આવે છે.

કોકનાડામાં અખીલ હીંદી ખાદી પ્રદર્શન ઇ૦ સ૦ ૧૯૨૩ના ડીસેમબર માસની આખરમાં ફરાવું તેને ખુલ્લું મુકવાની ક્રિયા કરતી વખતે ડાકટર પ્રફુલચંદ રાયે પોતાના ભાષણમાં કહ્યું હતું કે "મુસલમાનોના રાજ્ય અમલ દરમીયાન હીંદુસ્તાન આબાદ થયું હતું. જે વખત ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનો અમલ દેશમાં શરૂ થયો અને મુગલોનો રાજ્ય અમલ તુટવા લાગ્યો ત્યારે હીંદુસ્તાન પૈસાથી અને માણસોથી સમરૂધ્ધ (ભરપુર) હતું. બોલ્ટઝ નામનો તવારીખ લખનાર આ બાબતમાં આપણને ટેકો આપે છે. તે વખતે દિલ્હીમાં સોના રૂપાની ખાણો ન હોતી તે છતાં આખી દુનિયાનાં સોના ચાંદી ત્યાં ધસડાઇ આવતાં હતા અને વેપારીઓને રક્ષણ મળતું હતું. પણ મતલબવાળાઓએ હીંદના ઉદ્યોગોને રક્ષણ આપવાને બદલે તેને છુંદી નાખ્યા. આ તવારીખ ઘણી દુ:ખભરી છે. તેની વિગતોમાં ઉતરવાનું આ સ્થાન નથી" વિગેરે ડાકટર પ્રફુલચંદ રાય લખે છે.* પણ આપણે તો કહીશું કે દરેકને આ દુનિયામાં પોતાની મતલબ હોય છે અને તે પ્રમાણે તે કામ કરે છે. તેમ મતલબવાળાઓ પણ પોતાની મતલબ માટે કાંઇ કરે તો આપણે તેમનો વાંક કહાડી શકીએ નહીં. બીજા ગમે તે કરે પણ આપણે તો આપણું પોતાનું સાચવવું જોઇએ એ આપણી પહેલી ફરજ છે. મતલબવાળા લોકોની લાલચમાં આવી આપણા ભાઇઓએ ખીલાફતવાળા મસલા બયાન કરી ઉપલો વેપાર તોડવામાં કારણરૂપ થઇ અરબસ્તાન અને તુરકીને કેટલું જબરૂં નુકશાન પહોંચાડયું છે તેનો અંદાજો થઈ શકે એમ નથી. હજુ પણ જો એ વેપાર તરફ આવી ગફલત ચાલુ રહેશે તો મામલો એટલો તો ખરાબ થઇ જશે કે આપણને જમીન ઉપર ટકવું મુશકેલ થઇ પડશે. જ્યારે આવી હાલતે પહોંચીશું તો પછી અરબસ્તાનમાંના આપણાં પવિત્ર મકાનો શી રીતે જાળવી શકીશું? વિગેરે મશાયખો કહે છે.

---

* ડાકટર પ્રફુલચંદ રાયનું ઉપલું ભાષણ તા૦ ૪ થી જાનેવારી ૧૯૨૪ના ગુજરાતી "ખિલાફત" પેપરમાં છપાએલું છે જેમાં આ હકીકત સાફ જણાવી છે.

પ્રકરણ ૫ મું.

ભીખ માગવાનો દહાડો.

અરબસ્તાન જ્યારે નુકસાનીમાં આવે છે ત્યારે આપણને અનેક તરેહનાં ફંડ ભેગાં કરી ત્યાંની રાહત માટે મોકલવાં પડે છે એ હાલ સ્મર્ના, મદીના, વિગેરે માટે ઉભાં થએલા ફંડોથી સાફ દેખાય છે. એટલે આપણી પાક જગાઓ અરબસ્તાનમાં હોવાથી અરબસ્તાનની દરેક ઇસ્લામીને લાગણી રાખવી પડે છે. વારંવાર ભીખ માગી ફંડો ઉભાં કરી લોકોને તકલીફ આપવી તેના કરતાં અરબસ્તાનના વેપારની ચીજોથીજ તેને જાથુકનો ફાયદો પહોંચાડવો એ વધારે સારૂં છે એમ મશાયખોને લાગવાથી તેમણે એ ચીજોની માનતાઓ લોકોમાં મોટા પ્રમાણમાં જારી કરાવી હતી જેની ખુબી સાધારણ માણસના સમજવામાં પણ ભાગ્યેજ આવી શકે. અરબસ્તાનને ફાયદો પહોંચાડવો એ એક દીની બાબત ગણાય છે તો શું આમાં મશાયખોએ કાંઇ બુરૂં કર્યું હતું? *

કેટલાક ભાઇઓ વળી એવી દલીલ કરે છે કે હીંદુસ્તાનમાં માનતાઓ ચડાવવાનો રિવાજ છે ત્યારે અરબસ્તાનમાં કેમ નથી? તો આપણે કહીશું કે ત્યાં પણ સવાબ પહોંચાડવા માટે ખવડાવવાનો તો રિવાજ છે. માનતાઓ ત્યાં લેવડાવવાની તેમને જરૂર જણાતી નથી. કારણ કે વગર માનતાએજ એ ચીજો તેમના ત્યાં બેહદ મળી શકે છે. અહીં તો અરબસ્તાનની એ ચીજ અહીં લાવી તેનો વેપાર વધારવાનો છે. જે ચીજોની અહીં માનતાઓ લેવામાં આવે છે તે અરબસ્તાનમાં તો બહોળા પ્રમાણમાં છેજ. પણ જો એ ચીજો બહાર જાય તો અરબસ્તાનને ફાયદો થાય કારણ કે તેના વેપારથી તેના હાથમાં પૈસો આવે અને તે આબાદ થાય. વળી અરબસ્તાનમાં તમામ માણસો મુસલમાન છે અને દેશ ઘણોજ ગરીબ હાલતે પહોંચી ગયો છે એટલે ત્યાં માનતાઓની કાંઇ જરૂર જેવું પણ ત્યાંના મશાયખોને જણાતું નહીં હોય. ત્યાં ફકીરોના ચીરણની પણ જરૂર

* આવી દીનની બેહતરી સોચનારા મશાયખોને ખોટા કહેનારા ભાઇઓ કેટલે દરજ્જે ખરા છે તેનો વિચાર કરવાનો છે.

તેમને કદાચ નહીં પડતી હોય કારણ કે ત્યાં કાંઇ દાવતનું કામ કરવાનું છે નહીં. ત્યાં તો તમામ વસ્તી મુસલમાનોનીજ છે હીંદુસ્તાનમાં દાવતનું કામ કરવાનું છે એટલે મશાયખો તેની સહેલાઇ માટે આવી ગોઠવણ કરે છે જેથી અરબ દેશને ફાયદો થાય છે અને દાવતના કામને ટેકો મળે છે. અરબસ્તાનને જ્યારે ફાયદો પહોંચાડવાની દરેક ઇસ્લામીની ફરજ છે તો પછી મશાયખો નેક નીયતથી તેને હમેશનો ફાયદો પહોંચાડવા કાંઈ રસ્તો શોધે તો શું તેઓ બુરૂં કરે છે એમ ગણાય? મોલાના શૌકતઅલી સાહેબે કોકનાડા ખાતે ઇ૦ સ૦ ૧૯૨૩ના ડીસેમ્બર મહીનાના છેલ્લા અઠવાડીઆમાં ભરાએલી ખિલાફત કોન્ફરન્સના પ્રમુખ તરીકે ભાષણ કરતાં કહ્યું હતું કે "હું તમામ હીંદુસ્તાન તરફથી એક મતે આ વાત જાહેર કરૂં છું કે દુનિયાના ઇસ્લામીઓને જે મોહબત અરબો અને અરબસ્તાનના મુસલમાનો સાથે છે તે બીજી કોઇ કોમ સાથે થઇ શકતી નથી. જે ધરતી પર અલ્લાહ તઆલાએ પોતાનું પહેલું ઘર (કાબા) બધાવ્યું હોય, જે પવિત્ર ધરતી અને જે પાક કોમમાં હુઝુર રસૂલે અકરમ (સ૦ અ૦ વ૦ સ૦ જેમની ઉપર મારાં અને તમારા જેવા કરોડોનાં માબાપ કુરબાન થાઓ.) તેમને પયગમ્બરી મળી હોય, જે પવિત્ર જમીન પર તે પાક શબ (લાશ મુબારક) દફન કરવામાં આવ્યું હોય, જેની ભાષામાં અલ્લાહ તઆલાએ પોતાનો ઇશ્વરનો સંદેશો મોકલ્યો હોય, જેણે તમામ દુનિયાની કોમોના વચ્ચેનો અંતર અને તફાવત દુર કર્યો હોય, અને તમામ દુનિયાના મુસલમાનોને એકમેકના ભાઇ કરી દીધા હોય તેનાથી મુસલમાનો મોહબત રાખે એ વાત કુદરતી અને ફરજીઆત છે." વિગેરે મૌલાના શૌકતઅલી સાહેબે કહ્યુ હતું.* વળી મૌલાના મોહંમદઅલી સાહેબે તે વખતે કહ્યું હતું કે જે જમીન તરફ મુસલમાનો હમેશાં દીવસમાં પાંચ વખત મહોડું કરી ખુદાની નમાઝ પઢતા હોય તે જમીન મુસલમાનોને વહાલી હોય એમાં કાંઇ નવાઇ જેવું નથી. તમારાં પવિત્ર મથકો માટે તમો ચાહ ધરાવતા હોવ તો તમોએ તેના છુટાપણા માટે વધુ પૈસા પુરા પાડવા જોઇએ. તમારા પયગમ્બર માટે તમોને ચાહ હોય તો તમોએ એ કામ માટે પૈસા આપવા જોઇએ વિગેરે મૌલાના મોહંમદઅલી સાહેબે કહ્યું હતું. તે ઉપરાંત કોકનાડા ખાતે એ કોન્ફરન્સે એવો ઠરાવ પણ પસાર કર્યો હતો કે "આ

---

* મૌલાનાનું લેક્ચર તા૦ ૧ લી જાનેવારી ૧૯૨૪ના "મુંબાઇ સમાચાર"માં છપાયુ છે જેમાં આ બિના ચોખ્ખી છે.

કૉન્ફરેન્સ જાહેર કરે છે કે અરબસ્તાનના સઘળા પ્રાંતોને ખરૂં છુટાપણું અને સલામતી મળે નહીં ત્યાં સુધી ઇસ્લામી આલમ ચુપ બેસશે નહીં અને પોતાની લડત ચાલુ રાખશે." તેમજ શેખુલ હિન્દ મૌલાના મેહમૂદુલ હસન સાહેબના નાયબ મૌલાના હુસેન એહમદ સાહેબ પણ અરબસ્તાનમાં આવેલા આપણા પવિત્ર મથકોની આબાદી માટે ખાસ હિમાયત કરે છે અને આગળ વધીને એટલે સુધી કહે છે કે "હીંદુસ્તાનના મુસલિમો જો પરદેશ મધેના પોતાના ભાઇબંધોને નાણા અથવા હથીયારોની મદદ કરવા માગતા હોય તો તેઓ હીંદુસ્તાન જ્યાં સુધી છુટાપણું ભોગવે નહીં ત્યાં સુધી તેમ કરી શકે નહીં. તેટલા માટે હીંદુસ્તાન માટે સ્વરાજ જીતવાની હીંદના મુસલમાનોની ધાર્મિક ફરજ છે," વિગેરે અરબસ્તાનના ભલા માટે મૌલાના સાહેબ કહે છે.[1] આ સઉનો સાર એજ છે કે અરબસ્તાનને જેમ બને તેમ દરેક ફાયદો પહોંચાડવો એ દરેક ઇસ્લામીની ખાસ ફરજ છે. હાલ અરબસ્તાનને ફાયદો પહોંચાડવા ભારે મહેનત કરી ભીખ માગી લોકો પાસેથી ફંડ ઉઘરાવવું પડે છે. ત્યારે અરબસ્તાનને હમેશનો ફાયદો પહોંચાડવા મશાયખોએ કોઇને તકલીફ આપ્યા વગર એ ચીજોની વેપારના ધોરણે ગોઠવણ કરી હતી તો શું તેમાં કાંઇ ખોટું હતું ? [2]

વળી એક રિવાજ ખાનકાહોમાં **ફુલ ચડાવવા** વિશેનો છે. ખુશબો એક ઘણી સારી ચીજ છે અને તે પયગમ્બર સલ્અમને પસંદ હોવાથી તેને ઉપયોગમાં લેવી એ સુન્નત છે. ફુલ એ ઝાડની લીલી ડાળીનો એક ભાગ છે જે કબર પર ચડાવવાથી કબરવાળાઓને રાહત થાય છે એવું ઇસ્લામનુ ફરમાન છે. વળી ખુશબો જ્યાં માણસોનો વધારે જમાવ થાય છે ત્યાં પણ જરૂરી છે કે હવા સારી રહે. આજ હિસાબે જુમ્માના દિવસે મસજીદોમાં વધારે સંખ્યામાં ભેગા થવાનુ હોવાથી ખુશબો લગાડવાનો હુકમ છે. ઇતર (અત્તર) ઘણે ભાગે ફુલોમાંથી તૈયાર થાય છે એટલે એવી ચીજો જે સુન્નત ગણાય છે તે જેમ બને તેમ વધારે જથામાં તૈયાર થાય તેને માટે ફુલોની પેદાશના વધારાની ખાસ જરૂર છે. આવું હોવાથી મશાયખોએ

---

૧ મોલાનાનું આ કહેવું તા૦ ૧ જાનેવારી ૧૯૨૪ના મુંબાઇ સમાચારમાં છપાએલું છે.

૨. મશાયખોની આ નેકી શું ઓછી હતી? આપણા ભાઇઓ ઉંડા ઉતરીને જુવે નહીં અને મશાયખોનો વાતવાતમાં વાંક કહાડે તો તે કેવી રીતે ખુદા આજ્ઞી ગણે ?

ખુશબો તૈયાર કરવામાં વધુ સવડ થાય તેટલા માટે લોકોનું ધ્યાન ફુલો તરફ ખેંચ્યું અને ખાનકાહોમાં તેનું ધોરણ ચાલુ કર્યું. આથી ફુલોની માગણી બેહદ વધવા લાગી અને બગીચાઓ તૈયાર થયા. બગીચાઓ તૈયાર થવાથી વસતીના દેખાવો ઇસ્લામી હુકમતમાં ઘણા ખુશનુમા અને રલીઆમણા થયા અને તેમાના ફુલોની સુગંધીથી હવા પણ ઘણી ખુશબોદાર રહેવા લાગી. ફુલ, સંદલ, તથા લોબાન જેવી ખુશબોદાર ચીજોથી હવા ઘણી સાફ રહે છે અને તેથી માણસનું મન ખીલેલું રહે છે અને તેને એક જાતનો આનંદ મળે મળે છે. ખાનકાહોમાં જ્યાં તે રૂહાની ફેઝ મેળવવા ખુદાની બંદગી કરવા આવે છે તે બંદગીમાં આ ખુશબોના આનંદથી તેનું મન એટલું તો મશગૂલ—તલ્લિન થઇ જાય છે કે તેના મન ઉપર તેની જબરી અસર થાય છે. એટલે ફુલોના રિવાજથી ઇસ્લામી સલતનતની જમીનો આબાદ થઇ, મનહર બગીચા તૈયાર થયા, ખુશબોના સાધનો વધ્યાં અને બંદગીમાં પણ આનંદ મળવાથી લોકો તે તરફ વધારે દોરાવા લાગ્યા.* વળી જે લોકો નવા આપણી સાથે જોડાના હતા તેમને આ કામમાં ગુજરાનનું સાધન પણ મળતું. તો શું તેમાં મશાયખોની નૈયત બુરી હતી?

કોઇ કહેશે કે એ માનતાઓનો રિવાજ તો જુના વખતના વડીલોના કુફરપણાનો છે તો મશાયખો એમ દલીલ કરે છે કે હાલ જે "ગુજરાતી" બાત આપણામાં હમેશાં બોલવામાં આવે છે અને તેમાં દીની વાતોની ચોપડીઓ પણ બહાર પાડવામાં આવે છે તો તે શું કુફરપણાની નિશાની નથી? તે પણ અસલથી બાપદાદાના વખતથી ચાલતી આવે છે અને તેને હાલ પણ ઇલમવાળા ભાઇઓ મજબૂતાઇથી વળગી રહેલા છે, અને તેનો દીનના કામોમાં છુટથી ઉપયોગ કરવામાં આવે છે; બલકે દીની કિતાબો તેમાં ઘણી લખાઇ ગઇ છે. અને તેને દીનની વાતો બહાર પાડવાનું એક ઉપયોગી સાધન માનવામાં આવે છે. જો બાપ દાદાના કુફરપણાના વખતની ગુજરાતી બોલીને ઉપયોગી માની વળગવામાં વાંધો નથી આવતો તો પછી આ પણ ફાયદા વાળી વાતો છે, એમાં શિરક બિદઅતનો વાંધો કેમ આવે છે? એવી તો

---

* બગીચાઓમાં સવારે ખુશબોદાર ફુલો લેવા જવાથી તાજી હવા મળતી અને ચાલવાની કસરતથી પણ ફાયદો થતો.

હજારો બાબતો છે જે તમામની હકીકત ખોલવી એ મસલહત ભરેલું નથી.[૧] આ વાતો કહેવા જેવી નથી પણ કેટલાક કડક ભાઇઓ વગર સમજે મશાયખોને બિદઅતી, કબરપરસ્ત, અને આપમતલબી બતાવે છે તેથી આટલું કહેવું પડયું છે. આવા ભેદ ખુલ્લા કરવાથી નુકશાન પહોંચે છે. હવે જો આપણા ભાઇઓ સમજદાર હશે તો મશાયખોના કામમાં માથું મારવાથી અલગ રહેશે. એ બિદઅતી મશાયખોએજ પોતાની એવી રૂઢીથી હજારો લોકોને ખુદાને રસ્તે ચડાવ્યા છે. નહીં તો પોતાને પરેજગાર ગણાવી તેમને નીંદનારા ભાઇઓથી તો એક પણ માણસને હિદાયત થઇ શકી નથી.

બાદશાહ **અકબર**ને જયારે ઓલાદ નહોતી ત્યારે તે ઓલાદને માટે ઘણા ઇંતેજાર હતા. તેમણે **ચિશ્તી ખાનદાન**ના મશાયખોને અરજ કરી તો તે મશાયખોએ તેમની પાસે એવી માનતા લેવડાવી કે જો અજમેરવાળા ખ્વાજા સાહેબની દુવાની બરકતથી મને ખુદા દીકરો આપે તો હું આગરેથી ચાલીને અજમેર શરીફ જાઉ. હીંદુસ્તાનના બાદશાહનું કામ કરવાનું હતું અને દીનના સીક્કા જમાવવાના હતા તેથી મશાયખોએ ખુદાની આગળ હમેશાં દોઆઓ માંગવા માંડી કે પાક પરવરદિગાર! તું બાદશાહને તારા કરમો ફઝલથી દિકરો આપ કે જેથી ઇસ્લામના ઝંડા બુલંદ થાય અને દાવતના કામને જબરો ટેકો મળે. ખુદાનું કરવું થયું કે બાદશાહ અકબરને ત્યાં શાહજાદાનો જન્મ થયો.* શાહજાદો પેદા થયાની ખબર સાંભળી ત્યારે ભારે ખુશાલી થઇ અને ચિશ્તી ખાનદાનના બુઝુર્ગો સાચા છે એવી બધે ખાતરી થવા લાગી. જયારે માનતા ઉતારવા બાદશાહને અજમેર શરીફ

---

૧. હીંદુઓને ખીલાફત આપવી. ખ્વાજા ખીદરની નાવ, પીરોને પારણા ચડાવવા, પંજા તથા દુલા, મસ્જીદ આગળ બચ્ચાઓને ફુંક નંખાવવા લાવવાં, મુસે સોહાગ તથા બીજા ફકીરોના ગિરોહો, હલાલ કરવા માટે છરી મંત્રી આપવી, પીરોની જુમેરાતો ભરવી, ઈદમે ગઔબ, રજપૂતો મુસલમાનોને છોકરીઓ પરણાવે છે તે, પાકી કબરો, કબરોના ગિલાફ, જન્નતી દરવાજા, જુનૂમ લેવી, છોકરાં તોલવાં, બેડી દુટવી, નવટાંકી રાખવી, ગેબનશાહની દરગાહો, ગેબનશાહના છિલ્લા, ઈમામ જામિનના રૂપીઆ, કલ્માના રૂપીઆ, પીરોના દીવા, ઉરસની મેદની, સંદલના જુલૂસ, પીરાન પીરની અગીયારમી, ખ્વાજા સાહેબની છઠ્ઠી, ઉરસના તબરૂક, બુઝુર્ગની કબર ઉપરનું પાણી, મોહરમ, ગિરોહ, અગીયાર મજલિસ, મરસીઆઓ વિગેરેમાં એટલી બધી હીકમતો રહેલી છે કે જે બયાન કરવા બેસીએ તો પાર પણ આવે નહીં.

* તે શાહજાદાનું નામ "સલીમ" હતું જહાંગીર રાખ્યું હતું.

જવાનો સવાલ ઉભો થયો ત્યારે કેટલાક ઇલમવાળાં ભાઇઓએ બાદશાહને સવડ કરી આપવા રસ્તા કહાડવા માંડયા કે જેથી બાદશાહને અજમેર શરીફ સુધી જવાની તકલીફ લેવી પડે નહીં. ત્યાં જવાનું ન થાય તેટલા માટે ઘેર બેઠા માનતામાં હજારો રૂપીઆ મશાયખોને આપવાની ખાહેશ દેખાડવામાં આવી પણ ચિશ્તી મશાયખો તો એજ વાતને વળગી રહયા કે બાદશાહે બોલ્યા પ્રમાણે ચાલવુંજ જોઇએ. જો તેમના જેવા માણસ પોતાનો બોલ નહીં પાળતાં બોલીને ફરી જશે તો પછી તેમના મરતબાની શાનજ શું રહેશે, એમ મશાયખોએ ભાર દઇને કહયું. તેમનો ખીયાલ તો એજ હતો કે કોઇ પણ રીતે બાદશાહ પગે ચાલીને માનતા ઉતારવા અજમેર શરીફ જાય કે જેથી ખ્વાજા સાહેબની બુજુર્ગી કેટલી છે તે બાદશાહનું જોઇને બીજા રાજા રજવાડા તથા મોટા મોટા અમીર ઉમરાવો જાણતા થાય અને તેમના મન ઉપર તેમની કરામતની છાપ પડે.[1] વળી હીંદુસ્તાનનો શહેનશાહ ત્યાં જાય તો પીરોનો દરબાર શહેનશાહ કરતાં પણ મોટો છે એમ લોકો જાણે અને તેઓ તેમની તરફ ખેંચાય કે જેથી તેમને ફાયદો મળે અને દાવતના કામમાં ઘણી સહેલાઇ થાય. જ્યારે બાદશાહે અજમેર શરીફ માનતા ઉતારવા જવા નક્કી કર્યું ત્યારે તેમણે આગરાથી અજમેર શરીફ સુધીનો રસ્તો સાફ કરવા તથા રસ્તામાં કુવા, વાવ, તથા સરાઓ—ધર્મશાળાઓ તૈયાર કરવા હુકમ આપ્યો. આથી હજારો લોકોને રોજી મળી, ગરીબો માટે રસ્તા, કુવા અને ધર્મશાળાઓ બંધાઇ અને ખ્વાજા સાહેબની કરામતોનો બધે શોરો મચી ગયો; તેમજ બુજુરગો તરફ લોકોનું બેહદ ખેંચાણ થયું જેથી દાવતના કામને જબરો ટેકો મળ્યો.

હવે શહેનશાહનું જોઇને હજારો રાજારજવાડા પણ ખ્વાજા સાહેબની અને બીજા પીરોની માનતાઓ માનવા અને પીરોથી ફાયદો ઉઠાવવા લાગ્યા. બુજુર્ગો ઉપર તેમનું આકીન પાકું થઇ જવાથી તેઓ તેમનાથી ફાયદો મેળવતા અને હાલની માફક લાખો રૂપીઆ દવા પાછળ ખરચ કરવા પડતા નહીં એટલુંજ નહીં, પણ તેઓ જડવાદ તરફ નહી દોરાતાં ચૈતન્ય તરફ ખેંચાએલા રહેતા.

---

૧ કરામતોના બયાનો પણ દાવતમાં ઘણા કામ આવે છે કારણ કે તેથી લોકોના મન ઉપર અસર થાય છે અને તેઓ તેમની બુજુર્ગો તરફ ખેંચાય છે. કરામતને ગુજરાતીમાં પરચા—પરછા કહે છે. અને તેથીજ તેનું બયાન લોકોમાં કરવામાં આવે છે.

મોટા માણસની વાતો પણ હમેશાં મોટી હોય છે એટલે માનતો પણ તેમના દરજ્જા પ્રમાણેજ થવા લાગી. ગરીબ માણસ સવા મણની દેગ રાંધે ત્યારે રાજા રજવાડા માટે સવાસો મણની દેગ જોઇએ એ ઉઘાડું છે. એટલે એવી દેગો પણ ખાનકાહોમાં તૈયાર થઇ અને મોટા મોટા લોકો તે માનત તરીકે રાંધવા લાગ્યા. હવે જ્યારે બાદશાહ, રાજા રજવાડા તથા મોટા અમીર ઉમરાવો ખ્વાજા સાહેબના દરબારમાં હમેશાં આવવા લાગ્યા ત્યારે જગાના દબદબા માટે ત્યાં ચોબદાર, છડીદાર, નકીબ પુકારનાર, સલામી, ટીકોરખાના, દરબાર તથા દરબારના અંગની શાહી ચીજો વિગેરેની તજવીજ પણ ત્યાં થઇ કે તે શહેનશાહી દરબારની શાન કેવી છે તેનો તમામ લોકોને ખીયાલ થાય.

હીંદુભાઇઓના જેટલાં મોટાં મંદિરો અને ધામો છે ત્યાં આવો ઘણો ઠાઠ રાખવામાં આવે છે કારણ કે તેથી જગાનું વડપણ ગણાય છે. હવે અહીં પણ હીંદુભાઇઓની વસતી ઘણી હોવાથી એમને ખ્વાજા સાહેબની જગામાં એવીજ ચીજોનો ઠાઠ હોય તો પસંદ પડે અને સંતોષ થાય એટલે તમામ સંજોગો જોતાં ખાનકાહોમાં એવા ઠાઠ દાખલ કરવાની જરૂર પડી. બાદશાહો, હાકેમો અને અમીર ઉમરાવો જે તરફ વધારે જાય છે તે તરફ લોકો પણ વધારે વળે છે. આ વાતને હાલના અંગ્રેજ હાકમોએ પણ અખત્યાર કરી છે. કારણ કે શહેનશાહ, વાઇસરાય, ગવરનર વિગેરે જે કોઇ ફરવા નીકળે છે તે રવીવારે પોતાના દેવલમાં જરૂર જાય છે. આથી દેવલ તરફ લોકોના મન ખેંચાય છે અને નવા થએલા ઇસાઇઓના મનમાં મજબૂતી આવી જાય છે અને બીજા નવા તે તરફ વધુ ખેંચાય છે. આવી આવી બાબતો તો મશાયખોની ગોઠવણમાં હજારો છે જે બીજા ભાઇઓના જાણવામાં પણ ન હોય એ ઉઘાડું છે.

શેખ સલીમ સાહેબ ચિશ્તી જે બાવા ફરીદ શકરગંજ સાહેબની ઓલાદના એક બુજુર્ગ હતા અને બાદશાહ અકબરના પીર હતા તેમનો મઝાર આગ્રાથી પંદર માઇલ ફતેહપુર સિકરીમાં છે. એ પીર સાહેબની માનતાઓ હજારો ગેર કોમની ઓરતો ઓલાદ માટે લે છે ત્યાં સુધી કે હાલમાં યુરોપીઅન મડમો પણ લેવા લાગી છે અને ઘણી એવી ઓરતોને ઓલાદ થઇ છે જેથી એ કોમ ઉપર પણ ઇસ્લામની સચ્ચાઇની છાપ પડવા લાગી છે. એ મડમો ત્યાં માનતાઓ ચઢાવવા આવે છે, તેમની સાથે તેમના મરદો જે મોટા અમલદારો હોય છે તે પણ આવે છે જેથી ગેર

કામના માણસોની મોહબત પીરો તરફ વધે છે અને લોકો સચ્ચાઇ તરફ ખેંચાય છે અને ફાયદો મેળવે છે. પણ આ કામની ખુબી ઘણા ભાઇઓ જાણતા નથી તેથી તેઓ ઘણે ભાગે ગફલતમાં છે અને ખરૂં ખોટું બોલે છે.

જેવા મુસલમાન ભાઇઓ ગફલતમાં છે તેવા હીંદુ ભાઇઓ પણ ગફલતમાં છે. પાદરીઓ હજારો લોકોને વિશ્વાસી બનાવતા ચાલ્યા જાય છે, તોપણ તેમની આખ ઉઘડતી નથી. કોઇ આલિમ કે કોઇ મશાયખ એકાદ હીંદુને મુસલમાન બનાવે છે તો હીંદુ ગૃહસ્થો બેહદ નારાજ થઇ ગમે તેમ વાતો કરે છે પણ પાદરીઓનો મામલો કેવો જોર શોરથી ચાલી ગયો છે અને કેટલા હીંદુઓ વિશ્વાસી થઇ રહયા છે તેને માટે કોઇથી કાંઇ બોલી શકાતુ નથી. પણ હીંદુ ગૃહસ્થોએ સમજવું જોઇએ કે આ લોકો કદાચ મુસલમાન થશે તો પોતાના દેશી ભાઇઓ તરીકે સ્વરાજ્યના કે દેશના ભલાના કામમાં હીંદુ ગૃહસ્થોથી જોડાએલા રહેશે પણ જો વિશ્વાસી---ક્રિશ્ચિયન થઇ જશે તો બીજાઓ સાથે ભળીને સ્વરાજ્યના કામમાં આડા આવવા કોશીશ કરશે એ ઉઘાડું છે; કારણકે એમને શરૂથી એવીજ તાલીમ મળવાની છે.* હીંદુઓમાંનો એક મોટો જથ્થો આ પ્રમાણે વખત જતાં વિશ્વાસીઓમાં ચાલી જવાનો છે કારણકે તેઓ તેમને પાવન કરી પોતાના ખરા ભાઇ તરીકેના દરજ્જે લાવી શકવાના નથી. તેમને શુધ્ધ કરવાના દેખાવ થાય છે પણ જેમ એક વાણીયાને બીજા વાણીયાના ત્યાં ખાવા પીવાના તથા બેસવા ઉઠવાના જે હક હોય છે તે આર્ય રૂઢી પ્રમાણે શુધ્ધ થએલાઓને કદી પણ મળતા નથી. જ્યારે આવું છે તો પછી તેમને તેઓ શી રીતે પાવન કરી શકશે. હીંદુ ધર્મગુરૂઓ તો હીંદુ કોમમાં હલકા ગણાતા લોકોને કદી પણ પાવન કરવાના નથી કારણકે તેઓ તો તેમને શાસ્ત્રથીજ શુદ્ર—ક્ષુદ્ર (હલકા) ગણે છે. મ્હોડેથી કેટલાક સાધુ સન્યાસીઓ એ લોકોને ફકત બીજા ધર્મમાં ચાલ્યા ન જાય તેટલા માટે હાથ પર રાખવા તેમના ઉધ્ધારની વાતો કરે છે પણ તેનો અમલ થતો નથી જેથી એ લોકો બિચારા લાચારીને વિશ્વાસી થતા ચાલ્યા જાય છે. હીંદુ શાસ્ત્રનું બંધારણજ એવું છે કે તેને તોડી એ લોકોને પાવન કરતાં જમાનો જોઇએ. અને અહીં તો તેઓ હમેશાં સેંકડોની સંખ્યામાં વિશ્વાસી થઇ રહયા છે. હીંદુ ગૃહસ્થોએ સમજવું જોઇએ કે જ્યારે તેઓ તેમને પાવન કરી પોતાના

---

* આપણે આથી ક્રિશ્ચયનોનું બુરૂં બોલવા માગતા નથી કારણ કે તેમને પોતાના ધર્મ માટે લાગણી હોય એ કુદરતી છ.

જેવા કરી શકતા નથી તેથી તેઓ ખ્રિસ્તી થઇ પરદેશીઓની સાથે ભળે અને દેશને ટોટામાં ઉતરવું પડે એમાં કાંઇ નવાઇ જેવું નથી. પણ જો હીંદુ ગૃહસ્થો નારાજ ન થાય અને ખુશીથી રજા આપે તો હમણા મુસલમાનો એ લોકોને હજારોની સંખ્યામાં પાવન કરી નાખે કે જેથી તેમને બીજાઓમાં જવાની ફરજ પડે નહીં. માટે વિચાર કરવો જોઇએ અને મુસલમાનોની માગણી ઉપર ધ્યાન પહોંચાડવું જોઇએ.* જો તેઓ અંત્યોજો ને જલદી પાવન કરી પોતાના જેવા હક તેમને નહીં આપે તો તેઓ તેમને પાવન કરવા રાજી નથી તથા તેમને બીજા ધર્મમાં પાવન થઈ પોતાની બેહતરીના રસ્તે ચડતા જોઇ શકતા નથી એવુંજ ચોખ્ખું મનાશે. માટે તેમને પાવન થવાની જોગવાઇ જેમ બને તેમ જલદી કરી આપવી જોઇએ. વાતો કરવાથી કાંઈ વળવાનું નથી. જ્યારે અમલ થશે ત્યારેજ ફાયદો થશે અને સ્વરાજ્યનો પાયો મજબુત નંખાશે.

મુસલમાનો તો હીંદુઓમાં હલકા ગણાતા **અંત્યજ** ભાઇઓને એક દમ પાંચ મિનિટમાં પાવન કરી તેમને પોતાના જેવા બનાવી પોતાની સાથે એકજ ભાણામાં ખવાડવા, એકજ પીયાલામાં પાણી પાવા, તથા કુરાને શરીફ જેવું પવિત્ર પુસ્તક તેમના હાથમાં આપી મસજીદ જેવી પાક જગામાં પોતાના કરતાં પણ આગળ બેસાડવા તૈયાર છે. આવી રીતે એ લોકોને પાવન કરી તેમને પાંચ મીનીટમાં બરાબરીના હક આપી શકે એવી હીંદુ ગૃહસ્થોની હાલત કયાં છે? આ વાત સાફ ઉઘાડી છે તો પણ એ ભાઇઓ કયાં વિચાર કરે છે? એ હીંદુ ભાઇઓમાંથી આજ સુધીમાં લગભગ સાઠ લાખ કરતાં પણ વધારે લોકો વટલીને કિરસ્તાન થઇ ગયા છે તો પણ તેમનાથી શું થઇ શક્યું છે? હીંદુસ્તાનમાં લગભગ છ કરોડ અંત્યજો છે. અ.ટલા બધા લોકોને પાવન કરવાનું કામ ઘણુંજ ભારે છે માટે, કિરસ્તાન હીંદુ તથા મુસલમાન ત્રણે કોમના ઊપદેશકો તેમને પાવન કરવા માંડે તોજ તે ગરીબોનો જલદી નિકાલ આવે. આવા સ્વતંત્રતા અને આઝાદીના જમાનામાં તેમની મરજી પ્રમાણે પાવન થવાની તેમને તક જલદી આપવી જોઇએ. એકલપેટાપણાથી તેમને અમુક પંથનેજ વળગવા ફરજ પાડવી એ એમના જલદી થનાર ઉધ્ધારમાં ખલલ નાખવા જેવું ગણાય. માટે આનો

---

* શું આથી એમ સાબિત થતું છે કે મુસલમાનોને હીંદુ ભાઇઓની લાગણીનો ખીયાલ નથી?

જલદી વિચાર કરવાનો છે. જો ત્રણે કોમો તેમને પાવન કરવા કોશીશ કરે તો એકદમ તેમનો ઉધ્ધાર થઇ જાય.

આ લોકોને પાવન કરવા માટે એક જબરૂં મેદાન આલિમો તથા મશાયખો માટે ખુલ્લું છે અને તેમાં તેમને જોઇએ તેવી ધર્મની સગવડ પણ છે તોપણ કોણ ધ્યાન પહોંચાડે છે? કદાચ એકાદ ઢેડ મુસલમાન થવા તૈયાર થાય છે તો મુસલમાનો જાણે પોતે એક મોટો કિલ્લો જીત્યા હોય એમ શોર મચાવી મુકે છે. પણ તેમણે સમજવું જોઇએ કે આવી જાહેર ધાંધલ કરવાથી અશાઅતના કામને જબરો ધોકો પહોંચે છે કારણકે તેથી બીજા કેટલાક દેશી ભાઇઓમાં અસંતોષ પેદા થાય છે.

આ મેદાનમાં ઘણુંએ કામ કરવાની જોગવાઇ છે પણ કોઇ નજર ઉઠાવીને જોતું પણ નથી. જ્યાં જુવો ત્યાં મતલબની વાતો થઇ રહેલી વધારે જોવામાં આવે છે. આલિમો લડાવી મારવાના મસલા બયાન કરી પૈસા ઉઘરાવવા લાગ્યા છે. તેમનું જોઇને મશાયખો પણ એ રસ્તે ઉતરી પડયા છે. મશાયખોને આ વિશે પુછીએ છીએ તો કહે છે કે અમે પહેલાં અમારા અસલ તરીકા પ્રમાણે દાવતનું કામ કરતા હતા પણ અમને એ ભાઇઓએ કાફર તથા મુશરિક બનાવી તે કામથી અલગ કર્યા એટલે હવે અમે નવરા થયા. પહેલાં એ કામમાંથીજ અમે પોતાનું ગુજરાન જેટલું મેળવી લેતા હતા, અને દીનની ખીદમત કરતા હતા પણ તે ગોઠવણી તોડી નાખી એટલે હવે લોકો પાસે લાચારીથી હાથ ધરવો પડે છે. વળી જ્યારે આલિમ ભાઇઓ દીનનો ઇલમ શીખીને લોકો પાસે છડેચોક માગવાનું કામ કરે છે તો પછી અમને શો વાંધો છે? વિગેરે મશાયખો કહે છે. આલિમો કહે છે કે અમે લોકો પાસેથી ફંડ એટલા માટે ઉઘરાવીએ છીએ કે અમે મદરસાઓનાં છોકરાં પઢાવીએ છીએ અને સામાવાળાઓના વિરૂધ્ધ છાપા છાપીએ છીએ. તો મશાયખો કહે છે કે અમારૂં ઘણુ ઉપયોગી મિશનનું કામ હતું તે તોડી નાખવાથી અમે પણ હવે છોકરાં પઢાવીએ છીએ અને સામાવાળાઓના મુકાબલામાં હેન્ડબીલ છપાવીએ છીએ. એટલે લોકો તો એમજ કહે છે કે હાલ કોમ ઉપર જ્યાં જુવો ત્યાં આ પ્રમાણે ભીખનો બોજો હમેશાં વધતોજ જાય છે. કારણકે આલિમોનું જોઇને બીજાઓ પણ માગવાનું શીખે છે.

નાનાં ગામડાંઓમાં જ્યાં મોટા આલિમો માટે પૈસા મેળવવાની સારી જોગવાઇ હોતી નથી ત્યાં ગરીબ મશાયખો જાય છે અને પોતાનું કામ

ચલાવે છે. આલિમોનો ભીખ માગવાનો દરોડો કોમ ઉપર ફ્રીજ અને મશા-યખોનો પણ થાય તો કોમને તો દબાએલીજ રહેવું પડે એવી હાલત થઇ છે. વળી હાલ કોમની પૈસા સંબંધી હાલત ઘણી ખરાબ થઇ ગઇ છે. તેને પોતાનું ગુજરાન કરવું પણ મુશકેલ થઇ પડયું છે અને જે થોડું ઘણું તેના હાથ આવે છે તેમાંથી એ ભાઇઓને પણ આપવું પડે છે. માટે ઇલમવાળા ભાઇઓએ વિચાર કરવાનો છે કે જેમ બને તેમ કોમ ઉપર પૈસાનો બોજ ઓછો થાય તેવું ધોરણ અખત્યાર કરવું જોઇએ. અને આનો ઈલાજ એજ છે કે આલિમોએ મશાયખોની આડે નહીં આવતાં તેમને પાછા પોતાના દાવતના કામ પર ગોઠવી દેવાની કોશીશ કરવી જોઇએ અને પોતે પણ ભીખ માગવાથી અલગ થઇ જવું જોઇએ કે કોમ પરનો બોજો ઓછો થાય અને તેને રાહત થાય.

કેટલાક લોકો ચોખ્ખું કહે છે કે આલિમોએ મશાયખોની જગાએ ગોઠવાઇને લોકો પાસે ભીખ માગવાનું કામ અખત્યાર કર્યું અને ઇખતિ-લાફી મસલા બયાન કરી લોકોમાં નાઇતિફાકી પેદા કરી તેમને લડાવ્યા અને નુકસાનમાં ઉતાર્યા. જેથી હવે લોકો તો એમજ કહેવા લાગ્યા છે કે જેમ જેમ આવા આલિમો વધતા જાય છે તેમ તેમ કોમ ઉપર ભીખનો બોજો અને નકામા ઝગડાનો તફસાનિયતનો ભાગ વધતો જાય છે. લોકોમાં કાંઇ ખુલ્ક અને નરમી આવવા પામી નથી. પણ ઇલ્મ, અકકલ, હુકમત, પૈસા, જવાની, ખુબસુરતી, અને મોટાઇનાં અજીરણો બેહદ વધી જવા પામ્યાં છે. આપણે કાંઇ ઇલમ અને આલિમોની બદગોઇ કરવા માગતા નથી. ઇલમ શીખવોજ જોઇએ અને આલિમો હોવાજ જોઇએ. કોઇ પણ માણસ ઇલમનો દુશમન હોય નહી પણ એકલા ઇલમથી કાંઇ વળી શકતુ નથી. હાલ તો ઈલમ શીખવાથી લોકો અનુભવ મેળવી એવી દલીલો કરવા લાગ્યા છે કે શેતાનમાં ઇલમ હતો, ઇબાદત હતી અને વેહદાનિયત પણ હતી; બલકે વેહદાનિયત ઉપર તો તે પોતાના ખીયાલ પ્રમાણે એટલો બધો કાયમ હતો કે તે કહેતો હતો કે હું તો એકજ ખુદાને માનનારો અને તેનેજ માથું ઝુકાવનારો છું. બીજાને કદી સિજદો નહીં કરૂં. અને એજ ખીયાલમાં તેણે હઝરત આદમને સિજદો કર્યો નહીં. તેનામાં નફસા-નીયત અને ખુદી હતી, ખુલ્ક નહોતો. જો ખુલ્ક અને નરમી હોત તો આદમને સિજદો કરવા તૈયાર થઇ જાત. એટલે ઇલમ, ઇબાદત અને વેહ-દાનિયતના ખાલી ખીયાલ ઉપર માણસે ભુલા પડવાનું નથી પણ પેગમ્બર

સલ્અમને ખુલ્ક અખત્યાર કરી નરમ થઇ ચાલવાનું છે કે જેથી ફાયદો થાય. જ્યારે ખુલ્ક અને નરમીવાળા ભાઇઓ વધુ પેદા થશે ત્યારેજ તેઓ કોમનો બોજો ઓછો કરી શકશે અને તેને ફાયદો પહોંચાડી આગળ વધારી શકશે. નહીં તો હાલ જો કે જાહેર ઇલમનો ભાગ વધતો જાય છે તો પણ લોકોના મનમાં ઘણી અફસોસી પેદા થઇ ગઇ છે, એવું એ લોકો સાફ કહી રહયા છે. [૧]

પ્રકરણ ૬ ઠું.

મશાયખો અને આલમો વચ્ચે બેદીલી.

કેટલાક મશાયખો કહે છે કે કેટલાક પરદેશી મતલબવાળા ભાઇઓનો એ પણ ખીયાલ થઇ ગયો છે કે મશાયખોનું જોર જે કેટલેક દરજે ટુટી ગયુ છે તેને ફરી મજબૂત થવા દેવું નહીં. જો પાછું જોર થશે તો મશાયખો પોતાની દાવતની ગોઠવણી પાછી ઘણી મજબૂત કરી નાખશે. જેથી આ કામ માટે જે મદદ મળે છે તે બંધ થઇ જશે. પયગમ્બર સલ્અમની મોલૂદ કરવી, તેમના નામ લેવાતી વખત અંગુઠા ચુમવા, તેમના મઝાર મુબારક ઉપર જવાની ખાસ તાકીદ કરવી, તેમની ઉપર દરૂદ પઢવી, તેમની મોલૂદમાં કયામ કરવો, તેમની આલના બુઝુર્ગ લોકોના ઉરસ થવા દેવા, તેમની તારીફો કરવી, તેમની કરામતો બયાન કરવી, તેમના સંદલ વિગેરેના જુલૂસ કહડવા, તેમના મઝાર ઉપર શાનો શૌકત થવા દેવી, વિગેરે બાબતો એવી છે કે પેગમ્બર સલ્અમ અને બુઝુર્ગોની ભારે શાન તેમાં દેખાય છે અને તેની લોકોના મન ઉપર બેહદ અસર થાય છે અને તેથી લોકો તેમની આલના મશાયખોને તે અસરને લીધે ભારે માન આપે છે માટે ઉપલી વાતો શિરક અને બીદઅતના

---

૧ આવી ઉઘાડી વાતો હાલ લોકોમાં થઈ રહી છે એ જો આપણા ભાઇઓ તપાસ કરશે તો તેમને સાફ જણાઇ આવશે. પણ આમાં આલિમોનો વાંક નથી મતલબવાળા ભાઇઓની હિકમતથી આવી હવા ફેલાય છે કે આલિમો અને મશાયખોમાં બેહદીલી થવા પામે નહીં.

રૂપમાં લોકો આગળ રજુ કરી જેમ બને તેમ બંધ કરાવવા કોશીશ કરવી કે. મશાયખો એ વાતો પાછી ચાલુ કરી જોરપર આવી શકે નહીં. બલકે લોકો હજ પઢવા મક્કે જાય તે વખતે મદીને પયગમ્બર સલ્અમના રોઝા મુબારક ઉપર પણ ઓછા જાય તેવી તજવીજ કરવી કે લોકો તેમના તરફ વધારે ખેંચાય નહીં. એ રોઝા ઉપર ઓછા જશે તોજ બુઝુ-રગોના રોઝા ઉપર જતા અટકશે માટે ત્યાં જવાનો ખીયાલ લોકોના મનમાં ઓછો કરાવવો જોઇએ. મશાયખોને લોકો મહાન હઝરત સલ્અંમના મરતબાને લીધે અને બુઝુર્ગ લોકો જે મશાયખોના વડીલો છે તેમની બુઝુર્ગીને લીધે ઘણુ માને છે માટે જે વાતોથી લોકોના મન ઉપર તેમના મરતબાની વધારે છાપ પડે છે તે હમેશાં ઘટે તેવી કોશીશ કરવી જોઇએ કારણ કે મશાયખોના લાભમાં ઘણી ચીજો છે માટે તે ખોળી કહાડીને તેના વિરૂધ્ધ દલીલો કરી હમેશાં તેમને પાછળ રાખવા પેરવી કરવી કે તેઓ આગળ વધી શકે નહી. આવી શીખવણીથીજ આપણા કેટલાક ભાઇઓ એવી વાતો કહાડે છે અને મશાયખોને જે તે વાતે બદનામ કરી તેમને તોડવા હમેશાં પોતાને મતલબ વાળાઓ તરફથી મળેલી તાલીમ પ્રમાણે કોશીશ કરે છે. આપણા ઘણા ભાઇઓ મળીને આને માટે એક થયા છે અને પોતાના માણસોને હમેશાં એજ તાલીમ આપે છે કે તમે જ્યાં જાઓ ત્યાં અમુક વાતોને બિદઅત બતાવવી અને લોકોમાં તે ચાલે છે તે બંધ કરાવવી અને લોકોને એ પ્રમાણે સમજાવવું કે અમે દુનિયામાંથી બિદઅત શિરક કુફ્ર વિગેરેના કામો મટાડી દેવા માગીએ છીએ અને મશાયખો પોતાની જીદથી તે ચાલુ રાખી દીનની તોહીન કરે છે અને ઇસ્લામમાં આડ નાંખે છે. અમે તો દીનની ઘણી ખીદમત કરવા હમેશાં તૈયાર છીએ, પણ મશાયખો માનતા નથી અને પોતાની જીદ છોડતા નથી, અને વળી અમારી વાત પણ સાંભળતા નથી; પણ આપણે કહીશું કે આમાં એ ભાઇઓનો હેતુ ફકત મશાયખોને બદનામ કરવાનો અને તેમને તોડી પોતાની વાતને આગળ લાવવાનો છે એમ જણાય છે. એવું એવું કરીને તેમણે મશાયખોને બીજાઓની શીખવણીઓથી તોડયા અને તેમની જગાએ પોતે ગોઠવાઇને જે કામો માટે મશાયખોને તેઓ બદનામ કરતા હતા તેજ હવે પોતે કરવા લાગ્યા છે. પણ તેમણે સમજવું જોઇએ કે લોકો આવી વાતોથી હવે સારી રીતે વાકેફ થઇ ગયા છે કે આમાં કોનો હાથ છે અને કોની તાલિમથી આ બધુ થાય છે. જ્યારે આવી વાતો ઉઘાડી થઇ ગઇ છે તો પછી એ ભાઇઓએ પણ હવે ચેતીને ચાલવું જોઇએ.

મશાયખોને જે નાણું લોકો તરફથી મિશનને અંગે મળતુ હતું તે ભીખ નહોતી પણ ખુશીની ભેટો હતી જેને માટે કોઇ પણ જાતનું ઉઘરાણું લોકો પાસે કરવામાં આવતું નહોતું.[1] લોકો ખુશીથી નજર કરી જતા હતા અને તે નાણા મિશનના ઉમદા કામમાં ખરચતાં હતાં. લોકો ઘણા ખરાં નાણાં મશાયખોનેજ તેમના ઉમદા કામથી દોરાઇને નજરે કરતા હતા જેથી દાવતનું કામ ઘણું જોર પર હતું. એટલે નાણાનો રેલો તેમની તરફથી બંધ કરી પરદેશીઓને ખુશ કરવા માટે હિકમતો થવા લાગી અને હવે તો રિસાલા ચોપાનીઆ અને હમેશના લખાણોથી મશાયખોને ચુપ કરી નાખ્યા છે; અને જુદાં જુદાં ખાતાઓના નામથી ચોખ્ખી ભીખ માગવાનું કામ ધમધોકાર થવા માંડયું છે. લોકો બિચારા એમ સમજે છે કે આલિમો દીનને પાક કરે છે અને દીનની પાછળ જીવ તોડી નાખે છે પણ મશાયખો માનતા નથી અને બિદઅત છોડતા નથી અને હીંદુઓ આગળ ઇસ્લામના વિરૂધ્ધની વાતો બોલે છે અને એમને રાજી કરે છે પણ ખરી વાત એમ છેજ નહીં એ તો મશાયખોને પરદેશીઓની લાલચને લીધે બદલામ કરી તોડવાના રસ્તા છે. અને ધારો કે કદાચ મશાયખો ગેર કોમો આગળ ઇસ્લામની વિરૂધ્ધ વાતો પણ કરતા હોય તો પણ મુસલમાનોને કયાં ખુદાએ કિતાબ નથી આપી ? તેમાં તેઓ જુવે અને તેમાં જે હોય તે પ્રમાણે અમલ કરે. મશાયખો જે દાવતનું ઉમદા કામ કરે છે તેમને બદલામ કરવાની શું જરૂર છે ?

ખરૂં પુછો તો મશાયખોજ દીનની સાચી ખીદમત કરે છે અને લોકોને ખુદાના ખરા રસ્તે ખેંચી દીનની તરક્કી કરે છે. પણ આપણા ભાઇઓ તેમને જપીને બેસવા દેતા નથી તેમજ તેમના કામમાં પણ ઘણી અડચણો નાખે છે અને તેમની નકામી ભુલો કહાડી બદનામ કરે છે. મોટા મોટા નામચીન આલિમોની ભુલો વિશે વારંવાર ઘણા જોરથી ચરચાઓ ચાલી છે અને તેમાં તેમની ભુલો બતાવવામાં આવી છે તો શું તેમને ખોટા ગણયા છે ? જો એમ દલીલ કરવામાં આવે કે લોકોને તેમાં ભુલો જણાય તો તેમાં આલિમો શું કરે ? તેમ આમાં પણ લોકોને મશાયખોની

---

૧ મશાયખોએ ભીખ માગી લોકોને તકલીફ આપવાની જરૂર નથી પણ પોતાની જાતથી વગર પૈસો દીનની જેટલી બને તેટલી ખીદમત કરવાની છે. નાણા ઘણાં મળશે પણ દીનની ખીદમત મળવાની નથી.

ભુલો જણાય તો મશાયખો તેમાં શું કરે ? વિગેરે મશાયખો કહે છે.*

તેઓ એમ પણ કહે છે કે કેટલાક આલિમો છેટેથી મોટી મોટી વાતો કરે છે અને કદાચ પાસે આવે છે તો બે ચાર દિવસ રહી સારા વાએઝો સંભળાવે છે જેથી લોકો એમ સમજે છે કે એ સાહેબ ઘણાજ પરેજગાર છે. પણ "ડુંગરા દુરથી રળીઆમણા" એ હિસાબે તેઓ છેટેના હોવાથી સારા દેખાય છે પણ જો આપણી સાથે તેઓ ચાર છ મહીના રહેતો આપણા જેવાજ આપણને માલમ પડે. તેઓ દુર રહે છે તેથી લોકોના મનમાં તેમના માટે કાંઇક ચડતો ખીયાલ રહે છે, પણ જો તેઓ હમેશાં આપણી સાથે અગર નજીકમાં હોય તો તેમને કોઇ પણ આટલા માને નહીં કારણ કે નજીકમાં રહેવાથી કસોટી થાય છે. વળી આ સિવાય તેમનામાં જો જાહેર અને બાતિન એ બંને ઇલમ હોય અને ખાસ ઇસલામનીજ ખીદમતનો ખીયાલ હોય તોજ તેઓ ટકી શકે. જેમ વેપારીને વેપાર કરવામાં મુડીની તેમજ જાહેર શાખની જરૂર છે તેમ આલિમોને પણ પોતાની અંદરની બાતિન મુડીની તથા જાહેર સારા ચલણની તથા સારી દાનતની શાખની જરૂર છે. આ બે ચીજ વગર તે ટકી શકે નહીં. સારા આલિમો દુનિયામાં ઘણા હશે પણ વસતીના પ્રમાણમાં તેમની સંખ્યા નહીં જેવીજ છે.[1] આથી આલિમોની આપણે કાંઇ બદગોઇ કરવા માગતા નથી પણ તેમના બાતિનના ઇલમની જરૂરત ઉપર ભાર દઇએ છીએ વિગેરે મશાયખો કહે છે.

મશાયખો અને આલિમો વચ્ચે આ પ્રમાણે હમેશાં બેદિલી પેદા થયા કરે છે. આલિમો અવાર નવાર મશાયખોને બિદઅતી કહી બુરા જાહેર કર્યા કરે છે તેથી મશાયખો એમજ સમજે છે કે આલિમો અમને તોડવા માગે છે. પહેલાના આલિમો મશાયખોના દાવતના કામને સારૂં ગણી વાએજમાં ટેકો આપતા હતા, તેમની નેક નીયત લોકોને સમજાવતા હતા, અને

---

* આ દલીલો કેટલાક મશાયખો તરફની છે. અને તે એટલા માટે આપી છે કે તે ભાઇઓના જાણવામાં આવે. આથી જોઈ શકાય છે કે બંનેમાં કેટલી બેદિલી પેદા થઈ ગઈ છે. પણ આ હિમતવાળા ભાઇઓની હિકમતનુંજ પરિણામ છે. બીજું કાંઈ નથી.

૧. મશાયખોના મનમાં આલિમો માટે આવા ખીયાલ પેદા થયા હોય એ શું અફસોસની વાત નથી? આલિમો અને મશાયખોમાં આવી બેદિલી હોય એ શોભા ભરેલું નથી. તેમણે સમજવું જોઇએ કે આમાં આલિમોનો વાંક નથી પણ ફક્ત ગેરસમજ છે, અને મતલબવાળાઓની બાજીઓ છે, જેમણે બંનેના મનમાં આવી બુરાઇઓ પેદા કરી દીધી છે.

તેમના દાવતના કામની જાહેર વ્યાનોની અંદરમાં રોકી ખુશીઓથી લોકોને પ્રચારચાર કરતા હતા એમ મશાયખો કહે છે અને જણાવે છે કે પહેલાના આલિમોનો તરીકો હાલના આલિમો ભુલી ગયા છે અને વગર સમજે અમને હલકા પાડવાની કોશીશ કરે છે.

બીજી તો તેઓ કાંઇ ખામી જોઇ શકતા નથી પણ મશાયખો દાવતના કામના અંગે ગેર મુસલમાનો સાથે ભળીને તેમને તેમના ખીયાલ પ્રમાણે ખુદાનું જ્ઞાન શીખવાડવાનું કામ કરે છે તેને તેઓ પકડે છે અને તેમના ઉપર શિરક અને કુફરના આરોપ મુકીને તેમને બીજાઓની શીખવણીથી હલકા પાડવાની કોશીશ કરે છે અને તેમને તોડે છે. પણ તેમણે મૌલાના હાજી ઇમદાદુલ્લાહ સાહેબે જણાવેલી મસલહત તરફ નજર કરવી જોઇએ અને બુરાઇથી દુર રહેવું જોઇએ. હાજી સાહેબે મસલહતથી કામ લીધું હતું. તેમણે મશાયખોના કામને તોડવા કદી પણ કોશીશ કરી નથી એનો આલિમોએ ઉંડો વિચાર કરવો જોઇએ. ઇલમ પઢીને તેઓ ભીખ માગે છે, લોકોમાં ઇખતિલાફી મસલા ઉભા કરી કુસંપ પેદા કરી લોકોને લડાવે છે, અને ઇસ્લામને બદનામ કરી ખુદાના રસ્તાની દાવતના કામને પણ બરબાદ કરે છે. ત્યારે તેમણે ઇલમ પઢીને લોકોને અને દીનને શું ફાયદો પહોંચાડયો ? અને તેમણે પોતાના પેશવા હાજી ઇમદાદુલ્લાહ સાહેબનું શુ ફરમાન બજાવ્યું એમ કેટલાક મશાયખો બોલે છે. પણ આ ગરીબ ફકીરની તો મશાયખોને એજ અરજ છે કે તેમણે કોઇ પણ આલિમનું બુરૂં નહીં બોલતાં દાવતનું કામ જારી રાખવું કે જેથી ખુદા ખુશ થાય અને દીનની તરક્કી થાય. કોઇનું બુરું બોલવાથી કાંઇ આપણું ભલું થતું નથી. આલિમોને સારા ગણીને ચાલવામાંજ મશાયખોની શોભા છે. આવું થશે તોજ કામ સારૂં ચાલશે અને મશાયખોના કામની કદર થશે. માટે તેમણે એ વાતનો ખીયાલ રાખવો જોઇએ. બિચારા આલિમો જાણતા પણ નથી કે પાછળથી કોણ દોરી ખેંચી રહયું છે, અને તેમને એ રસ્તે કોણ ચડાવી રહયું છે.

આલિમો કહે છે કે મશાયખો આવી બુરાઇ કરે છે અને કરાવે છે તો શું અમે ન બોલીએ ? તો મશાયખો કહે છે કે એ વાતો બુરાઇનીજ ક્યાં ? એ તો ઇખતિલાફી છે. તે કાંઇ તદન હરામ નથી. તે વાતો જાએઝ હોવાના ફતવા પણ મોજુદ છે. જે વાતો ખીલાફતના કામમાં થઇ તેવીજ મશાયખોના મિશનમાં થાય છે. ખીલાફતના કામમાં તેઓ ચુપ રહયા, ત્યાં

તેમને બુરાઈ ન દેખાઇ અને મશાયખોના કામમાં બુરાઇ દેખાય છે એ તાજુબીની વાત છે. તેમ છતાં પણ જો તે ભાઇઓ એમ કહેવા માગતા હોય કે આલિમોજ ખરા છે અને તેજ ખરી વાત કહેનારા છે તો પાંનસો આલીમોએ ખીલાફતને અંગે જે ફતવો આપેલો છે તે પ્રમાણે તેમણે ચાલવું જોઇએ. એ પાનસો આલિમોએ તો સાફ કહેલું છે કે હીંદુ ભાઇઓ સાથે દેશના ફાયદા માટે મેલાપ રાખવો, સરકારી કોરટોનો આસરો લેવો નહીં, ત્યાં વકીલાત કરવી કે કરાવવી નહીં, સરકારી નિશાળોમાં છોકરાંઓને ભણવા મોકલવાં નહીં, પરદેશી કાપડ વાપરવું નહીં. આ પાનસો આલિમોના કહેવા પ્રમાણે એ ભાઇઓ ચાલે તો તેમને માટે સારૂં ગણાય. વળી જુઠું બોલવું, ગીબત કરવી, હસદ કરવો, ઇલિમને કીમત—ઉજરત લેવી, ભીખ માગવી વિગેરે કામોથી પણ દુર રહેના ફતવો થાય. ગરાજની તેમના કાંઇ કામમા આડ નાખવા કે તેમને વખોડવા માગતા નથી પણ તેઓ મશાયખોના ઉપર હુમલો મુકે છે તેથી આટલું કહેવું પડે છે, વિગેરે મશાયખો દલીલ કરે છે.

પણ આપણે કહીશું કે મશાયખોએ પોતાને ભારખાના અને આલિમોને પાસીંજર ગાડીઓ સમજી કામ લેવું જોઇએ. ભારખાનાઓથીજ દેશનો વધારે વેપાર ચાલે છે અને લોકોને રાહત મળે છે, તેમજ કંપનીને પણ ઘણી ઉપજ થાય છે. એટલે તેમનાથી દીનને અને દુનિયાને ઘણો ફાયદો છે. તેમનો રસ્તો ખુલક, નરમી અને આજીજીનો હોવો જોઇએ. જેમ રૂનો ઢગલો હોય અને તેમાં ગમે તેટલી તલવારો કોઇ મારે તોપણ રૂને કાંઇ હાની થતી નથી તેમ તેમણે પણ રૂ જેવા નરમ થઇ કામ કરવાનું છે કે ગમે તેટલા ઉપરથી ઘા પડે તોપણ ઇજા થાય નહીં. તેમની નિશાળોમાં એજ તાલીમ હોય છે તો તેજ પ્રમાણે તેમણે ચાલવાનું છે. તેઓ સ્ટીમવાળા—રૂહાની તાકતવાળા હોય તો પછી તેમને આગળ વધવામાં કોઈ પણ ચીજ રોકી શકતી નથી. જો અંદર તાકત હોય તો ભલે લોકો કુફર અને શિરક કરનારા કહે પણ તેથી કાંઇ વળી શકતું નથી. તેમણે એમજ સમજવાનું છે કે જો મશાયખોએ શિરકને ઉત્તેજન આપ્યું હોત તો "રૂપલા" અને "પેમલા" મીયાં ઇબ્રાહીમ અને માયાં ઇસમાઇલ થાત નહીં; ‡ મદરસાઓ તથા મસજીદો બંધાત નહીં અને આજે હીંદુસ્તાનમાં જે સાત કરોડ મુસલમાનો જોવામાં આવે છે તે કદી હોત નહીં.

---

‡ આથી આપણે એ ઈસ્લામમાં આવેલા ભાઇઓનું બુરૂં બોલવા માગતા નથી પણ તેમને ઈસ્લામે જે બુલંદ દરજ્જા આપેલા છે તે બતાવીએ છીએ.

તેમને માટે આ સંતોષ બસ છે. કારણકે દાવતનું કામ સહુ ઇબાદતો કરતાં ચડતી ઇબાદત છે અને સહુ નેકીઓ કરતાં ચડતી નેકી છે અને તેનું ફળ પણ તેટલુંજ ચઢીઆતું છે.

જો કદી એમ કહેવામાં આવે કે એ લોકોને કાંઇ મશાયખોએ પોતાની તાલીમથી ઇસ્લામ તરફ ખેંચ્યા નથી પણ બાદશાહ સુલતાન મેહમૂદ બેગડાએ મારીને મુસલમાન બનાવ્યા છે; તો એમ કહેવું એ ઇસ્લામ ઉપર જબરો આરોપ મુકવા જેવું છે. "દીનમાં જબરાઇ છેજ નહીં" એવું તો ઇસ્લામનું સાફ ફરમાન છે. વળી હાલના આપણા ભાઇઓના બાપદાદા જો મારથી મુસલમાન થયા હોય તો તેમના ઇસ્લામ માટે પણ આપણને અફસોસી થયા વગર રહે નહીં. હીંદુસ્તાનમાં એક પણ માણસ મુસલમાન નોહતો, અને ફક્ત ખ્વાજા સાહેબ જેવા બુઝુર્ગ એકલા આવ્યા હતા અને તેમણે હજારોને મુસલમાન કર્યા હતા ત્યારે માર કોણે માર્યો હતો? શું તે વખતે લોકો મારથી મુસલમાન થયા હતા? શું અહીં બુઝુર્ગોના રૂહાની તાકત અને તાલીમથી ઇસ્લામ ફેલાયો નથી? જ્યારે એક પણ મુસલમાન હીંદુસ્તાનમાં નહોતો ત્યારે ઇસ્લામને કોઇ તાકત રોકી શકી નથી તો હલ સાત કરોડની ઇસ્લામી વસ્તીમાં તેને કોણ નુકસાની પહોંચાડી શકે એમ છે? અને કોણ રોકી શકે એમ છે? ગમે તેટલા લોકો તેની વિરૂદ્ધ કોશીશ કરે તો તેમાં બીજાનું શું છે? બુઝુર્ગોએ તેની જડ પોતાની રૂહાની તાકતથી એવી તો ઉંડી ઘાલેલી છે કે તે કદી ઉખડનાર નથી. સામાવાળા ગમે તેટલી વાતો છાપાઓમાં લખે પણ તેથી મશાયખોનો તો કાન પણ ગરમ થવાનો નથી. કદાચ આલિમ ભાઇઓ ઇસ્લામની મજબૂતીની માહીતી નહી હોવાથી ઉંચા નીચા થઇ જાય પણ મશાયખો તો જરા પણ ગભરાવાના નથી કારણકે તેઓ સમજે છે કે ઇસ્લામનું કોઇથી કાંઇ પણ થઇ શકવાનું નથી. જો ઇસ્લામને માટે આ જગા ખુદા તરફથી નીમાએલી ન હોત તો ખ્વાજા સાહેબના હાથે તે અહીં આવી પોતાનો પાયો નાખતાજ નહીં.

બુઝુર્ગોજ તેને અહીં લાવ્યા છે અને તેમણેજ તેના મીઠાં ફળ લોકોને ચખાડી જન્નત તરફ ખેંચ્યા છે. જે બુઝુર્ગોએ લોકોને કુફરના અંધારાવાળા કોતરમાંથી ખેંચી કહાડી ખરા ખુદાની રોશનીમાં લાવી જન્નતના હકદાર બનાવ્યા હોય તે બુઝુર્ગોના મઝાર પર ફાતેહા માટે જવાને પણ લોકો આનાકાની કરે અને તેને શિરક બનાવે એ પણ જમાનાની ખુબી છે! તેમણે જે એહસાન કર્યું છે તેનો બદલો કીની

ફરમાન પ્રમાણે એહસાનથી વાળવા જોઇએ તેને બદલે બુઝુર્ગોની બંદગીની કંઇ તેમને વીસારે પાડવા જેવી વાતો થઇ રહી છે ! તેમના મઝાર પર જઇ ફાતેહા વિગેરેથી તેમની અરવાહને સવાબ પહોંચાડવાની વાત તો બાજુ પર રહી પણ તેમના મઝાર પરજ લોકોને જતા અટકાવી તેમની અરવાહોને ઉઘાડી રીતે નારાજ કરવાની જાહેર કોશીશો કરવામાં આવે છે. પણ આમાં આપણા ભાઇઓનો વાંક નથી. તેમને એ બુઝુર્ગોને વીસારી દેવાની તાલીમ જાણી જોઇને આપવામાં આવે છે કે તેઓ વીસારે પડે તો તેમના સિલસિલાના મશાયખોનું જોર તુટે, પણ ભાઇઓએ ગફલતમાં રહેવા જેવું નથી. તેમણે સમજીને ચાલવાનું છે. જો તેઓ મશાયખોથી ગફલત કરશે તો દાવતની મહા મહેનતે બાંધેલી લાઇન બરબાદ થઇ જશે અને કયામતના દિવસે ખુદાના દીનની દાવતનો પુલ તોડી નાખવાના તેઓ જુમ્મેદાર ગણાશે. આપણે તો તેમની આંખો ઉઘાડીએ છીએ. ચાલવું ન ચાલવું એ એમની મરજીની વાત છે વિગેરે મશાયખો કહે છે.

કેટલાક આપણા ભાઇઓ એવી પણ દલીલ કરે છે કે ઓલીઆઓમાં દુનિયાંથી ઉઠી ગયા પછી કાંઇ તાકત રહેતી નથી અને તેઓ કાંઇ પણ કરી શકતા નથી કારણ કે તે મરીને મટોડું થઇ જાય છે. તો આના જવાબમાં એમ કહી શકાય કે ખુદાતઆલા તો જીવતો જાગતો છે અને બધે ઠેકાણે હાજર નાજર છે અને ઓલીયાઓને મરી ગયા પછી કાંઇ ફેજ પહોંચાડવાની તાકત હોતી નથી એવી દલીલ કરનારા એ ભાઇઓ પણ ખુદાને તેવો જીવતો જાગતો અને હાજર નાજર બતાવે છે અને સાથે સાથે અનેક પ્રકારનાં ગુન્હા પણ કરતા જાય છે. જ્યારે ખુદાને દરેક ઠેકાણે હાજર નાજર તેઓ બતાવે છે તો પછી ગુન્હા તેઓ શી રીતે કરે છે ! કોઇ સાધારણ માણસ તેમની પાસે ત્યાં હાજર હોય તો તે ગુન્હો કરી શકતા નથી તો પછી ખુદા હાજર હોય તો પછી કરીજ શી રીતે શકે ? પણ અહીં તો જીભે ખુદાને જીવતો જાગતો અને દરેક ઠેકાણે હાજર નાજર કહેવામાં આવે છે અને જાણે તે મુદ્દલ હોયજ નહીં એમ ગુન્હાના કામો ધમધોકાર કરવામાં આવે છે. જો તેઓ ખુદાને જે પ્રમાણે જીભે કહે છે તે પ્રમાણે દીલથી માનતા હોય તો કદી ગુન્હા કરે ખરા ? પણ તેઓ ખુદાને ત્યાં જીવતો હાજર નાજર માનતા નથી તેથીજ તેઓ જુઠું બોલે છે, ગીબત કરે છે, હસદ કરે છે, વ્યાજ ખાય છે અને એવાંજ બીજાં કામો કરે છે. જ્યારે તે ભાઇઓ ખુદાનેજ (નાઉઝો

મિસ્બાહ) હાજર નાજર અને હયાત સમજતા નથી તો પછી ઓલીયા-ઓને હયાત સમજે શી રીતે? તેમની ખુદા તરફની ઉપલી રીતભાત તો સાફ કહે છે કે તેઓ ખુદાને કાંઇ પણ લેખામાં ગણતા નથી. કારણ કે જો લેખામાં ગણતા હોય તો એક પણ ગુન્હો કરે નહીં. પણ જ્યારે તેઓ પોતાના ખુદાનુંજ અપમાન કરે છે તો પછી ઓલીયાઓનું અપ-માન કરે એમાં નવાઇ જેવું શું છે? પણ એમાં એમનો વાંક નથી તેમને હિકમતવાળાઓ તરફથી તાલીમજ એવી આપવામાં આવે છે કે એ બહાને ઓલીયાઓનું નામ લેવાનું લોકો મુકી દે અને તેથી મશાય-ખોને પોતાના એ વડીલ ઓલીયાઓના નામે આગળ વધવાનો મોકો મળે નહીં. અને તેમની કબરો ઉપર પણ કોઈ જાય નહીં. ઓલીયાઓ તરફ લોકોનું માન હોય તો લોકો તે તરફ ખેંચાએલા રહે અને મશાય-ખોનો મામલો જોર પર ચાલે તેથી ઓલીયાઓને મરવા પછી તાકતવાળા બતાવવા એ તો મશાયખોનું જોર વધારવા બરાબર છે. આવા જ્યાં મશાયખોને તોડવાના ખીયાલ બંધાએલા હોય ત્યાં દાવતનું કામ શી રીતે થઇ શકે એવી દલીલો પણ કેટલાક કરે છે.

કબરસ્તાનમાં જતી વખતે ત્યાં કબરવાળાઓને સલામ કરવાનો શરીઅતમાં હુકમ છે કારણ કે મુરદા સાંભળે છે એવું માનવામાં આવે છે. જ્યારે સાધારણ મુરદાઓ સાંભળી શકે છે તો પછી ઓલીયાઓ મુરદા છે અને સાંભળી શકતા નથી એવું કહેવું એ ભાગ્યેજ વ્યાજબી ગણાય. તેઓ જીવતા હોય કે ન હોય તેની આપણે બેહેસ કરવા માગતા નથી. જેને તેમને એવા માનવા હોય તો ભલે એવા માને. †

આવા ખીયાલવાળાઓની પણ એક હવા ચાલી છે. શદ્દાદ, નમરૂદ, અને ફિરઔન જેવાઓએ ખુદાઇ દાવા કર્યા હતા તેમની હવા પણ સેંકડો વરસ ચાલી હતી, બલકે એ હવા તો એટલા બધા જોર પર ચાલી હતી કે જે કોઇ શદ્દાદ, નમરૂદ અને ફિરઔનની વિરૂદ્ધ જરા ચુંચા કરતો કે તેને કતલ કરવામાં આવતો. જ્યારે ખુદા બની બેસનારાઓની સારી રીતે લાંબો વખત હવા ચાલી ગઇ હતી તો પછી બીજાઓની હવા ચાલે એમાં કાંઈ નવાઇ જેવું નથી. આમાં આપણે કાંઇ બેહેસમાં ઉતરવા માગતા નથી. જેને જેવો ખીયાલ બાંધવો હોય તેવો બાંધે. એમાં કોઇથી આડે

---

† ઇસ્લામ તો ચોખ્ખું કહે છે કે ઓલીયા અલ્લાહ અને શહીદો મુરદા નથી પણ જીંદા છે. કારણ કે તે ખુદાના રસ્તા ઉપર ફના થઈ ગયા છે.

આવી શકાય નહીં, આ તો ફક્ત દલીલ કરવામાં આવી છે. તેને માનવું જ જોઇએ એવું નથી. એ તો પોતપોતાની મરજી અને મુનસફીની વાત છે, એવું મશાયખો કહે છે.

પ્રકરણ ૭ મું.

દાવત દેવાના રસ્તા.

હાલમાં જાહેર રીતે એવું કહેવા આવે છે કે ઇસ્લામને બે ધર્મ તરફ ખીયાલ રાખવાનો છે. એક તો ઇસાઈ—ક્રિશ્ચીયન ધર્મ જે વિશે આપણે આગળ કહી ગયા છીએ અને બીજો આર્ય પંથ જે હમણા થોડા વરસથી અહીં નીકળ્યો છે. આગેવાનો કહે છે કે આવા સંજોગોમાં કામતો ઘણું કરવાનું છે પણ અંદર અંદરના ઝગડા એટલા બધા વધી ગયા છે કે જે કરવાનું છે તે થઇ શકતું નથી. આપણે આપણું સાચવવું જોઇએ પણ તેમ કરવામાં બીજાઓને નકામી તકલીફ આપી હેરાન કરવાના નથી. જોઇ વિચારીને કામ લેવાનું છે. માણસમાં જો નેકી ન હોય તો તે કદી આગળ વધી શકતો નથી એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. આર્ય સમાજ સાથે આપણે લડવા માગતા નથી તેમ આર્ય સમાજી ગૃહસ્થોનું આપણે બુરૂ બોલી તેમનો વાંક કહાડવાનો નથી. તેમનો તો ઉપકાર માનવો જોઇએ કે તેમણે આલિમોની અને મશાયખોની ગફલત દુર કરી છે જેથી હવે દાવતનું કામ કેવી રીતે કરવુ તે એ લોકો જોતા થયા છે. આલિમો મશાયખો ઉપર કુફર અને શિરક કરવાના જે ઇલ્ઝામ મુકતા તેની પણ ઓળખવટ થઈ જવાનો અને દાવતના કામમાં કઇ ચીજની જરૂર છે તે સમજવાનો વખત આવી લાગ્યો છે. તેઓ આપણને કાંઇ નુકશાન પહોંચાડી શકવાના નથી, કારણ કે તેમને આપણી સાથેજ

રહેવાનું છે અને તેમને આપણી જરૂર છે. હીંદુ મુસલિમ એકતાનો માર્ગ એજ છે. આપણે તેમનાથી ગભરાવાનું નથી. *

કામ કરવાની હોંશ ધરાવનાંરા આપણા ભાઇઓ જ્યાં સુધી મહાન હઝરત પયગમ્બર સલ્અમનો ખુલ્ક-વિવેક મુખત્યાર કરશે નહીં તથા હઝરત પોતે ગેરકોમવાળાઓ સાથે કેવી રીતે વર્તતા હતા તે શીખશે નહી ત્યાં સુધી કામ થઇ શકવું ઘણું મુશ્કેલ છે. ગેરકોમના લોકોને ખુદાનો રસ્તો શીખવાડવાના પણ રસ્તા છે. અને એ રસ્તા ખુદાએ કુરાને શરીફ મારફત પયગમ્બર સલ્અમને જણાવેલા છે. **કુરાને શરીફ**માં ફરમાવ્યું છે કે મુશરિકો તરફ ખીયાલ ન કરો. જો ખુદા ચાહતે તો તેઓ શિરક કરત નહીં. અને અમે તમને તેમની ઉપર દેખરેખ રાખનારા બનાવ્યા નથી કે તમને તેમની ઉપર કાંઈ અખત્યાર આપ્યો નથી. તેઓ ખુદા સિવાય બીજા બુતોની પૂજા કરે છે તે બુતોનુ તમે ભુંડું બોલો નહી. કારણ કે જો તમે તેમ કરશો તો તેઓ વગર સમજે દુશમનીથી આગળ વધીને તમારા ખુદાનું ભુંડુ બોલશે (જેથી તમે ખુદાને ગાળો ખવાડવાના ગુન્હામાં કારણરૂપ થશે)' (જુવો કુરાને શરીફ સૂરએ અનઆમ, આયત ૧૦૭, ૧૦૮). વળી કુરાને શરીફમાં ફરમાવ્યું છે કે મુશરિકો-ગેરકોમવાળાઓમાંથી જો કોઇ પણ તમારો આશરો માગે તો તેને આપો કે જેથી તે ખુદાના કલામ સાંભળે. તે પછી તેને પોતાની સહી સલામત જગાએ પહોંચાડી દો. (જુઓ સૂરએ તોબા. આયત ૬.) તે ઉપરાંત કુરાને શરીફમાં છે કે

---

* આર્ય સમાજીઓ તેમજ ખ્રિસ્તીઓનુ આપણે ખરૂં બુરૂં બોલવા માગતા નથી તેમને પોતપોતાના પંથની લાગણી હોય એ ઉઘાડું છે. પણ આર્ય સમાજ ભાઈઓને આપણે એટલું તો દેશી ભાઈ તરીકે કહી શકીએ કે જેવી રીતે ખ્રિસ્તીઓ પોતાનું કામ વગર ધાંધલે શાંતીથી કરે છે તેમ તેઓ પણ કરે તો બીજાઓની લાગણી દુઃખવાનો વખત આવે નહીં. કામ કરવું અને જાહેર છાપાઓમા નકામી ધાંધલ કરવી એમાં ઘણો ફરક છે. તેમને પોતાનું અંત્યજોને પાવન કરવાનું કામ કરતાં કોઈ રોકતું નથી પણ છાપાઓમા ભડકાવનારા લેખ લખી—તથા મીટીંગોમાં જેમ તેમ બોલી મુસલમાનો વિરૂધ્ધ ઉશકેરણી કરવાની અને તેમની લાગણી દુઃખાવવાની કેટલાક તરફથી કોશીશ થાય છે એથી પરિણામ ઘણું ખરાબ આવે છે અને અંદર અંદરના ઝગડાઓને લીધે બીજાઓ લાભ લઈ જાય છે. અંત્યજોનો ઉદ્ધાર કરવામાં મુસલમાનો તેમની આડે આવતા નથી. મુસલમાનોની તો એજ ખાહેશ છે કે અંત્યજોને આજે પાવન કરી નાખવામાં આવે. આવું છે તો પણ ફંડ એકઠું કરવાની ખાતર મુસલમાનોને ખરાબ રૂપમાં ચીતરી હીંદુ ભાઈઓની લાગણી ઉશકેરવામાં આવે એ શોભા ભરેલું કહેવાય નહીં.

"દરેક કોમની અમે ધર્મ ક્રિયાઓ મુકરર કરી છે તે પ્રમાણે તેઓ ચાલે છે. તેમને એ વિશે તમારાથી કાંઇ ઝગડો નથી. તમે તમારે ખુદાની તેમને દાવત આપો. (જુઓ સૂરએ હજ આયત ૬૭.) કુરાને શરીફમાં એ પણ ફરમાવ્યુ છે કે "તમે લોકોને હિકમત (જ્ઞાન), ઉંડી સમજ, અને નેક નસીહતથી દાવત આપો, તમે તેમની સાથે દલીલ ભલે કરો પણ તે દલીલ સારા રસ્તાવાળી હોવી જોઇએ" (જુઓ સૂરએ નહલ આયત ૧૨૪.) વળી કુરાને શરીફમાં છે કે 'ધર્મ'માં કાંઇ દબાણ નથી. ખરેખર સત્યપંથ અસત્ય પંથમાંથી જાહેર કરવામાં આવ્યો છે. પછી જે મૂર્તી વિગેરેને માનતો નથી અને ખુદાની ઉપર ઇમાન લાવે છે તે ખરેખર મજબુત હાથને વળગી રહયો છે જે કદી ટુટવાનો નથી" (જુવો કુરાને શરીફ, સૂરએ બકર, આયત ૨૫૫.)

ઉપલાં કુરાને શરીફનાં ફરમાનો જોતાં તો માલમ પડે છે કે લોકોને ખુદાનું જ્ઞાન સમજાવવાનું કામ ઉંડી સમજ, દાનાઇ, ડહાપણ, વિવેક, નરમી, સમજાવટ, શાંતી અને ઉદારતાથી કરવાનું છે. તેમની સાથે ઝગડા કરી તેમને નારાજ કરી આઘા નસાડી મુકવાના નથી પણ તેમને સંતોષ પમાડી ખરા રસ્તા તરફ દોરવાના છે. જો તેઓ હટી જશે તો પછી જોડાણ શી રીતે થઇ શકશે? પયગમ્બર સલ્અમ માટે કુરાને શરીફના આલે ઇમરાનની સુરતની ૧૫૮મી આયતમાં છે કે "જો તું ખરાબ સ્વભાવનો અને સખત દિલવાળો હોતતો તેઓ તારી આસપાસથી વિખરાઇ ગયા હોત માટે તેમને માફ કર અને તેમને માટે માફી માગ અને કામમાં તેમનો અભિપ્રાય પૂછ."

જ્યારે મહાન હઝરત સલ્અમ જેવા ખુદાના ખાસ પયગમ્બરને ખુદાએ આ પ્રમાણે અમલ કરવાની સલાહ આપી હતી તો પછી તેમનાથી હજારો દરજે ઉતરતા લોકોની કયાં વાત? આ બધાનો સાર એજ છે કે દાવતનું કામ કરનારા લોકોએ જ્ઞાન ફેલાવવાનું કામ એવી તો દાનાઇ, સમજ, ઉદારતા અને શાંતીથી કરવાનું છે કે તેમાં કોઇ પણ જાતની હરકત પેદા થાય નહીં બલકે લોકોના મનમાં પ્રેમ અને મોહબત થાય.[1]

---

1 આ હિસાબે તો મહાન હઝરત સલ્અમને પણ ખુદાએ દાવતનું કામ કરવાજ મોકલ્યા હતા અને એમણે એજ કામ કર્યું હતુ. તેમણેજ ફરમાવ્યુ છે કે "મને અલ્લાહ તરફથી હુકમ થયો છે કે તમારે લોકોની સાથે તેમની અક્કલ જોઇને વાત કરવી." એટલે હુજુર લોકોની તબીયતો જોઇને તેમને તાલીમ આપતા હતા. મશાયખો પણ તેજ પ્રમાણે કામ કરી રહયા છે, અને એ બાબતોમાં તેમની ખાસ પૈરવી ઉપર છે.

કુરાને શરીફમાં ફરમાવ્યું છેકે 'ખુદા તમને એવા ગેર—મુસલ-માનો સાથે ભલાઇ અને ઇનસાફ કરવા રોકતો નથી જેમણે તમારી સાથે મઝહબી લડાઈ કીધી નહોય અને તમોને તમારા ઘરોમાંથી કહાડી મુ-ક્યા નહોય. બેશક ખુદા ઇનસાફ કરનારાઓને દોસ્ત રાખેછે—ચાહે છે "‡ આ આયતના ધોરણેજ પાનસો આલિમોએ હીંદુ ભાઇઓ સાથે ખીલા-ફતના કામ માટે ખાસ મેલાપ રાખી તેમની સાથે મોહબ્બત વધારવાનો ફતવો બહાર પાડેલો છે. કારણકે અહીંના કોઇ હીંદુઓ મુસલમાનો સાથે જેહાદ—લડાઇ કરવા માગતા નથી કે તેમણે મુસલમાનોને તેમના ઘરો-માંથી હાંકી કહાડ્યા નથી આવું ચોખ્ખું છે તોપછી આપણે તેમનાથી નફરત રાખવાનું કંઇ કારણ નથી.

ખુદાએ તો આમ સાફ ભલાઇ કરવાનું ફરમાવ્યુ છે તો પછી ભલા-ઇનુ કામ કરનારાઓએ એનો જરૂર ખીઆલ રાખવાનો છે પણ આપણા કેટલાક કડક અને જોશીના ભાઇઓ એવા નીકળ્યાકે જેમણે જોશમાં ને જોશમાં વગર સમજે હીંદુ શાસ્ત્રની બાબતોની નીંદા કરવાનું કામ હાથ ધર્યું. મશાયખોની ઉમદા સેવાથી તેમને જે મરતબા હીંદુઓમાં મળ્યા તે એ ભાઇઓ જોઇ શક્યા નહીં તેથી તેમને તોડવા માટે હીંદુ ધર્મની ટીકા કરવા તૈયાર થયા અને 'રદ્દે હિન્દુ" માટે કડક ભાષામાં કિતાબો છાપી બહાર પાડી † આ કિતાબોમાં હીંદુ ગૃહસ્થોની કેટલીક ધર્મની બાબતો ઉપર સખત ટીકા હોવાથી તેમને ખોટું લાગવાનું કારણ મળ્યું તેથી તેમણે તેના ઇલાજ શોધવા માંડયા અને છેવટે કેટલાક સમજદારોની ઉશ્કેરણીથી એવી દલીલ ખોળી કહાડી કે જે વાતો વિષે મુસલમાનો ટીકા કરે છે તે પોતાના ધર્મમાંની નથી પણ પાછળથી કોઇએ ઘડીને ઘુસાડી દીધી છે. એવું બતાવી હીંદુઓએ પોતાના ધર્મનો બચાવ કરવા માંડયો. અને ઉલટા ઇસ્લામની ખામીઓ કહાડવાનું કામ ઉપાડયું. આથીજ "આર્યસમાજ" હસ્તીમાં આવી અને 'સત્યાર્થપ્રકાશ" નામની ચોપડી જેમાં દયાનંદ સરસ્વતીજીએ ઇસ્લામની ખામીઓ કહાડી છે તે મતલબવાળાઓની હિક-મતથી બહાર પડી + જો આલિમોએ બુઝુર્ગ મશાયખોએ દાવતની જે લેન

‡ કુરાને શરીફ, સુરતુલ મોમ્તહેના, આયત ૮.

† જ્યારે આલિમો મશાયખોને પુછતા નથી તો પછી મશાયખો પણ તેમને ન પુછે એ કુદરતી છે એવું મશાયખો કહે છે.

+ આર્ય સમાજીઓએ નકામું છેડાઈ પડવાનું નથી પણ વીચાર કરવાનો છે કે અમને તેમને માટે દુશ્મનાઈની લાગણી નથી. જો થોડી લાગણી હોય તો આવી વાત લખીએજ નહી.

બાંધી હતી તે પ્રમાણે ઉંડી સમજથી કામ કર્યું હોત તો હીંદુભાઈઓ આવી રીતે આથા ખસત નહીં અને બુધ્ધીની ચળવળ પણ ઉપડત નહીં કારણ કે મશાયખો તેમના મન પસંદ ધર્મી બાબતો અખત્યાર કરીને અને તેમના રંગમાં રંગાઈનેજ તમને પોતાની સાથે જોડેલા રાખતા હતા. ભગવાં લુગડાં, ભજન કીર્તન લાંબા વાળ, પાવડી, તુમડી, ભભુત વિગેરે તેમને ગમતી ચીજો એ મશાયખોએ ફકીરો પાસે મસ્લેહતની ખાતર અખત્યાર કરાવી હતી એટલુંજ નહી. બલ્કે દેવળોમાં જેમ લોકો પોતના આકીદાને લીધે ફુલ ચંદન, નાળીયેર, શાકર, પકવાન નિશાન, પારણાં ઘોડા, લુગડાં વિગેરે ચડાવે છે તેવા તમામ માનતાઓ પણ એ લોકોને સંતોષવાના ખાતર દરગાહોમાં દાખલ થવા દીધી હતી જેથી તેમનું મન પીરો તરફ વળતું ગયું હતુ અને વહેદાનિયતનો રંગ લાગવા માંડયો હતો આ પ્રમાણે સમજ અને ધીરજથી મશાયખોએ કામ કરેલું છે.

તેમનું કામ જાહેર જોનારને ગમે તેવું લાગતુ હોય પણ જેમ બીજા કામોમાં નીયત વારંવાર જોવામાં આવે છે તેમ તેના કામોમાં તેમની નીયત તરફ નહીં જોતા તેનો વખોડવાનું કામજ કેટલાક તરફથી થએલું છે. પણ યાદ રાખવું જોઈએ કે મશાયખો બીજા લોકોને દેવના કમાના દીવા જેવી રીતે તેમના ધર્મમાં હમેશ રિવાજ પ્રમાણે થાય છે તેવા દીવા પીરોના તેમના અકીદાના રિવાજ પ્રમાણે કરવા સૂચના આપે તેમાં કાંઈ તેમની નીયત શિર્ક ફેલાવવાની હોતી નથી પણ બુતો પરથી પીરો તરફ અને પીરો તરફથી ખુદા તરફ તેમને લાવવાની હોય છે. એટલે શિરક તો હમેશા ઓછુંજ થતુ જાય છે. મશાયખો નેક નીયતથી આવું સારૂં કામ કરે છે તે પણ વગર સમજે તેમનું બુરૂંજ બોલ્યા કરવું એ કાંઈ જ નહી પણ ઈસ્લામના ઈમારત બેડવાને પીંખી નાખવા બરાબર છે. પોતે મતલબવાળાઓના રંગમાં રહી કાંઈ કરી શકે નહી અને બીજાઓને બુરા કહેવા તૈયાર થાય એથી કાંઈ ખુદા રાજી થતો નથી. મશાયખો ગમે તેવા છે પણ વગર પૈસે દીનની ખીદમત કરે છે માટે તેમની બુરાઈ કરવામાં કંઈ સાર નથી.

મશાયખોએ તો દાવતનું કામ એવું તો ઉમદા કર્યું છે કે જેણે "બાલીઆ" અને "માનીઆ" ને "હઝરત મુસા" અને "હઝરત

ઇસ્લામ" બનાવી દીધા છે+ જે લોકો નમાઝ રોઝાની જાહેર પરેજગારી બતાવે છે તે પોતાની જાતનું ભલું કરે છે. બીજાને તેથી કાંઇ ફાયદો થતો નથી પણ જે લોકો દાવતનું કામ કરે છે તે બીજા હજારો નુકશાનમાં પડેલાઓનું ભલું કરે છે અને ખુદાના રસ્તાની ખાસ ખીદમત બજાવે છે એ આપણે આ હિસાબે જોઇએ તો બાજા સાહેબો કરતાં મશાયખોએ દીનની ઘણી ઉમદા સેવા બજાવી છે અને તેમની આ નેકી ઘણી અફઝલ છે.

આપણા ત્યાં જે ઇસ્લામી જુવાન ભાઇઓમા દાઢી મુડાવવાનો અને કોટપાટલુન પહેરવાનો રીવાજ થઇ ગયો છે તેમને કોઇ તે વિષે જરા ઇશારો કરે છે તો તેઓ કહે છે કે તુરકોને જુઓ. તેઓ દાઢી મુડાવે છે, કોટપાટલુંન પહેરે છે, બેન્ક સાથે કારભાર રાખે છે, બેન્ડ વીગેરે વાજાં વગાડે છે, બેપરદગી ચાલવા દે છે, ટેબલ ખુરશીપર છરી કાંટાથી ખાય છે, તસવીરો પડાવે છે, વિગેરે ઘણા કામો એવા જાહેર શરીઅત વિરુધ્ધનાં કરે છે તો તેમનુ શું ? ત્યારે તે વખતે [illegible] એમ દલીલ પેશ કરવામાં આવે છે કે તેઓ તો ઇસ્લામની ઉ[illegible] [illegible]વા બજાવે છે. તેમના જેવું તમે દીનનુ કામ કરતા નથી તે તમારે [illegible] એ દુરસ્ત નથી તો પેલા જુવાનભાઇઓ એમ કહે છે કે અમે પણ અમારાથી બનતી ઇસ્લામની ખીદમત કરીએ છીએ નાણાં ઉઘરાવીએ છીએ, લેખો લખીએ છીએ, આગેવાનો આવે છે ત્યારે પગદોડી કરીએ છીએ, અને લોકોને સમજાવીએ છીએ અને એ રીતે અમે પણ ઇસ્લામની સેવાજ બજાવીએ છીએ. જયારે ઉપલા તુરકીભાઇએ જે દાઢી મુંડાવે છે, કોટપાટલુન પહેરે છે, વ્યાજના ધંધા કરનારી બેન્કો સાથે વહેવાર રાખે છે બેન્ડ વીગેરે વાજાં વગડાવે છે, બેપરદગી ચલાવે છે, છરીકાટાથી ખાય છે, તસવીરોનો છુટથી ઉપયોગ કરે છે તેમનો તો હમેશાં આપણા તરફથી એવો બચાવ કરવામા આવે છે કે તેઓ દીનની સેવા બજાવે છે અને અહીંના જુવાનભાઇઓ પણ તુરકીભાઇઓનો હવાલો આપી પોતે દીનના કામ માટે નાણાં ભેગાં કરે છે, લેખો લખે છે, પગદોડી કરે છે અને લોકોને સમજાવે છે તેમાં દીનની ખીદમતજ કરે છે એમ કહે છે.

+ આ ભાઇઓના દરજા કેટલા બલંદ બતાવ્યા છે તે આથી સાફ જણાય છે, અને એજ તેમને માટે મોટી [illegible]નો સબબ છે, એટલે તેમને [illegible] [illegible] આપી નેકીપર ચાલતા કરી તેમને બેહદ ફાયદો પહોંચાડયો છે.

એટલે દીનની ખીદમતને નામે તુરકીભાઈઓ તેમજ તેઓ સાહેબો પોતાના ઉપર જરાપણ ગુન્હો લાગુ થવા ન દેતાં ઉપલી એ ખીદમત માટે પોતાને ઇસ્લામની ખરી ખીદમતનું કામ કરનારા બતાવે છે અને હાલના આગેવાને પણ એમની એ વાતને ટેકો આપે છે, જયારે મશાયખો જે સઉ ભાઇના જેવો ઇસ્લામી લિબાસ રાખી આખી ઉમર સખતમાં સખત મુશકેલીઓ અને બદનામીઓ વેઠી ખાસ દીનની ખીદમત કરે છે તેમને વગોવવામાં કોણ પાછું ફરીને જુંએ છે? મશાયખો ઉપલા ભાઇઓને તેમના કોઇ પણ કામ માટે એક શબ્દ પણ બોલતા નથી, બલકે તેમને મીઠા સુખનથીજ બોલાવે છે તો પણ મશાયખોની જ્યાં વાત આવે છે ત્યાં બસ તેમનુ બુરૂ બોલવામાં આવે છે. પણ આપણા ભાઇઓએ યાદ રાખવું જોઇએ કે આ હવા દીનના વિરોધીએ ફેલાવેલી છે

મશાયખો દાવતનું કામ ઘણીજ ફતેહમંદીથી કરતા જાય છે એટલે બાજાઓનુ કાંઇ ચાલતું નથી. આવું હોવાથી મતલબવાળાઓ મશાયખોને પાછળ પાડવાની હિકમતો કરવા માંડી અને હિકમતથી કેટલાક ઇલમવાળા ભાઇઓને લલચાવ્યા કે તેઓ મશાયખોનુ કોઇ પણ રીતે બુરૂં બોલી તેમને તોડે. લાલચ બુરી ચીજ હોય છે તેથી આ કામ હાથ ધરવામાં આવ્યું અને તેમને પુરી મદદ હોવાથી તેઓ કેટલેક દરજ્જે ફાવ્યા. વળી તેમણે કેટલાક માણસોને પીરના જુઠ વેશ ધારણ કરાવીને પણ લોકોમાં મોકલ્યા અને તેમની પાસે દગાઇઓ કરાવી પીરોનું નામ બદનામ કરાવ્યું. અને આવી વાતો ઉભી કરી તેમણે મશાયખો ઉપર એવા તુમારો બાંધ્યા અને એવા મોરચા માંડયા કે બદનામીની બીકથી તે બિચારાઓને કિનારો કરવો પડયો. આથી પાદરીઓને ઘણી સહેલાઈ થઇ અને તેમનું કામ સારી રીતે વગર અડચણે ચાલવા લાગ્યું. આ હિકમત આપણા ભાઇઓ સમજી શકયા નહીં કે મશાયખોને તોડવામાં દાવતના એક જબરામા જબરા થંભને તોડવાનું કામ આવી રહયું છે. પણ તેમણે તો જોશમાંને જોશમાં એ થંભના મૂળમાં કુવ ડીઓના એવા તો જબરા ઘા કરવા માંડયા કે તેને તદન હચમચાવી દીધો.

મશાયખો તરકીબ, ધીરજ, શાંતી અને મોટા મનથી દાવતનુ કામ લેતા હતા તે કેટલાક કડક ભાઇઓને પસંદ પડયું નહીં અને તેઓ તેમને વગર સમજે મતલબવાળાઓએ ફેલાવેલી હવાની અંધારથી

નકામા ગણવા લાગ્યા અને આમ કરવાથી મશાયખો કરતાં પોતે દીનની ખીદમતમાં વધારે આગળ વધી જશે એ ખીયાલમાં તેમણે હીંદુઓની સખત ઝાટકણીઓ કહાડવા માંડી. જ્યારે ઘણું થયું ત્યારે આર્યસમાજ હસ્તીમાં આવી અને તેણે મતલબવળાઓની શીખવણીથી ઈસ્લામ ઉપર હુમલા કરવાનું કામ શરૂ કર્યું.

જ્યારે આર્યસમાજના હુમલા ઇસ્લામ પર થવા લાગ્યા ત્યારે મશાયખોને પાછો ખીયાલ પેદા થયો કે આર્ય સમાજીઓનુ બુરૂ નહી બોલતા તથા તેમને દુશમન નહી ગણત. એવો રસ્તો કાંઇ કહાડવો જોઇએ કે જેથી કોમ કોમ વચ્ચે ફિસાદ નહીં જાગતા એકદીલીથી કામ સલ્લાહથી ચાલ્યા કરે.* તેમણે તેટલા માટે કેટલાક આલિમોને ખિલાફત આપી અને ઇસ્લામની ખરી વહદાનિયતની શકલ તારવી કહાડી આર્ય સમાજીઓના જવાબમાં આગળ ધરવા સુચના કરી. જે ઉપરથી આલિમોએ ઇસ્લામનુ ખરૂં સ્વરૂપ અને તત્વ તારવી કહાડી જવાબો તૈયાર કર્યા. આ કોશીશ માત્ર જવાબ દેવા પુરતીજ હતી કાંઇ આર્યસમાજની સાથે દુશમનાઇ કરવાની અને ઇસ્લામના હરીફ પેદા કરવાની નોહતી. દીનના કિલ્લામા એક તરફ ગાબડું પડયું હતું તેથી આલિમોને મિશનના એક અંગ તરીકે મશાયખોએ કામે લગાડયા જે મૌલાના હાજી ઇમદાદુલ્લાસાહેબ વિગેરે સારી રીતે જાણતા હતા. આથી આલિમોએ મશાયખોની મદદથી મદરસા ખોલી એ કામ માટે બીજા આલિમો તૈયાર કર્યા* અને આર્ય સમાજને ઇસ્લામની ખરી શકલ દેખાડવા માટે ખુદાની ખરી વેહદાનિયતની કિતાબો લખી તેમને પોતાની તરફ રોકેલા રાખ્યા જેથી મશાયખોને દાવતનુ કામ કરવામાં વધારે નડતર આવવા પામી નહી આલિમો ફકત પોતાનું એજ કામ કરવામાં રોકાએલા રહેતા હતા. અને મશાયખોને પોતાનુ દાવતનું કામ ધીરજ, શાંતી અને નરમીતાઇથી કરવાની જોગવાઇ મળતી હતી પણ જેમ જેમ આલિમોની સંખ્યા વધતી ગઇ તેમ તેમ તેઓ એ ધોરણથી

---

* શું આ લખાણ આર્યસમાજ તરફની બુરી લાગણી સાબિત કરે છે? કે તેમને ખરી હકીકત બતાવે છે. સચ્ચાઈથી માણસ આગળ વધી શકે છે અને આપણે પણ સચ્ચાઈથી કામ લેવાનુ છે. તેઓ ભલે આપણને બીજાઓની ઉશ્કેરણીથી બદનામ કરે પણ આપણે તેમનું બુરૂ બોલવાનું નથી.

* મશાયખોની મદદથી તૈયાર થએલા આલિમો હવે મશાયખોનેજ બુરા ભલા કહી રહયા છે એ પણ જમાનાની ખુબી છે!

અલગ થઈ પેટના માટેગામે ગામ નોકરીમાં ગોઠવાતા ગયા અને પછી ઠેકાણે પડી વગર સમજે મશાયખોને તેડવા કોશીશ કરવા લાગ્યા કારણ કે તેઓ હિકમતવાળા ભાઈઓના ભુલથાપમાં આવી જવાથી આ ગોઠવણની ખુબી સમજી શક્યા નહીં. તેમણે તો ઉપર ટપકે એવોજ ખીયાલ કરી લીધો કે આ મશાયખોજ શિરકના વાતો કરે છે અને કરાવે છે જેથી આર્યસમાજીઓના હુમલાને ટેકો મળે છે. તેથી જ આપણે હીંદુ ધર્મના રદીઆ મોટા પ્રમાણમાં લખીને બહાર પાડીશું તો હીંદુએ પોતાના ધર્મને નકામો સમજી તેનાથી ખસી જશે અને સીધા આપણા વાડામાં આવી જશે જેથી મશાયખો કરતા આપણી નેકનામી ઘણી વધશે. આલિમો આજ ખીયાલમાં રહ્યા અને એથીજ એમણે હીંદુઓના રદીઆ સાથે મશાયખોના વાતો પણ શિરકમાં સામિલ કરી ઉઘાડી પાડવા માંડી. જેનું પરિણામ એ આવ્યું કે ગફલતીને લીધે દાવતના પુલ હચમચી ગયા, અને છેવટ પડવા માંડ્યા *

કોઈ કદાચ એમ કહે કે મશાયખો પોતાના બાપદાદાની લેન ઉપર કાયમ રહ્યા નહીં જેથી ખુદાના રસ્તે આવેલા લોકો પાછા શિરકમાં ચાલ્યા ગયા. તો આ માટે પણ આપણે ના કહી શકતા નથી. કેટલાક એવા પણ નીકળ્યા હશે જે કાળજી નહીં રાખતાં ગફલતમાં પડી ગયા હશે પણ એનો જવાબ આપતાં મશાયખો કહે છે કે તેવા ગફલત કરનારાઓ તો આલિમોમાં પણ ઘણા થયા હશે જે મોલાના હાજી ઇમદાદુલ્લાહ સાહેબ વિગેરેની લેન, પરેજગારી અને મેહનત કેવી હતી તેનો કદાચ તેમને ખીયાલ પણ નહીં હોય. ધારો કે કદાચ મશાયખોએ પોતાના બાપદાદાના કામ માટે ખંત રાખી ન હોય તોપણ તેમના બાપદાદાઓએ ગેર લોકોના જે જથા ધાણ દાવતથી તૈયાર કર્યા હતા તેમાંના પંદર આની તો ખુદાના રસ્તા ઉપર પુરી રીતે આવી ગયા છે અને તેથીજ આજે હીંદુસ્તાનમાં સાત કરોડ મુસલમાનોની સખ્યા મોજુદ છે. પણ છેવટમાં કદાચ એ ચાર ધાણ પાકવાના રહી પણ ગયા હોય તો તે ધાણ કાંઈ આપણામાંના નહોતા પણ બહારના લીધેલા હતા. તેથી એવું થવામાં એટલે એ પાછા

---

* મહેલા આલિમોની કિતાબો જે છપાઈ છે તેમ. ઈસ્લામના શકલ સાફ બતાવવામાં આવી છે અને ફલાણી વાત ઇસ્લામમાં નથી અને ફલાણી બિદઅત છે એવું લખ્યું એ તે આર્યસમાજના ફક્ત જવાબ માટેજ છે. કાંઈ આપણામાં તેના ઝગડા જગાડી લડી મરવા માટે નથી

જતા રહેવામાં પણ ઇસ્લામી વખારમાંથી કાંઇ જવા પામ્યું નથી. પણ ફક્ત એટલુંજ થયું છે કે ઇસ્લામી વખારમાં જે ઘાણ જરા મહેનત કરવાથી દાખલ થઇ શકે એવા હતા તે રહી ગયા. આથી કાંઇ મળ પુંજીમાં નુકસાન થયું નથી. ગનીમતનો માલ હજારો ઉંટો ભરીને આવ્યો હોય અને તેમાંથી કોઇ બે ચાર ખોબા ભરી ને લઇ જાય તો બે ચાર ખોબા આપણને ઓછા મળે એટલુજ બકી જે હજારો ઉંટો ભરીને માલ હાથ લાગ્યો છે તેમાંથી તો કાંઇ ઓછુ થવાનુ નથી. ફક્ત એટલુંજ સમજવાનુ છે કે બે ચાર ખોબા માલ ઓછો મળ્યો હતો. મશાયખોના બાપદાદાની ગોઠવણથી સેકડો ઘાણ ઇસ્લામમાં ધીરે ધીરે આવી ગયાં છે એટલે તેમણે જે સેવા બજાવી છે તેથી ફાયદોજ થયો છે એવું લેકો કહેવું થાય છે.

હાલ કેટલાક ઇલમવાળા ભાઇઓ આર્ય સમાજની કોશીશોને અને ખાસ કરીને શુધ્ધીની ચળવળને જબરૂં રૂપ આપી ઇસલામી આલમને બેચેન કરી મુકે છે અને તેની જબરી બીક બતાવે છે. એ ખરૂ છે કે કેટલાક આર્યસમાજી લોકો મતલબવાળાઓની ઉશકેરણી અને હિકમતથી એ બહાને હીંદુ મુસલમાનોમાં ફિસાદ જગાડવા બહાર પડયા હોય તો આપણે એમ પણ કહી શકીએ કે તેવા સખસો આપણામાં પણ હોય અને બીજાઓના હથ પર ચડી નાની વાતને મોટી કરતા હોય અને અથડાવી મારવા મોકા શોધતા હોય × આવા નુકસાનનુ કામ લઈ બેઠેલા ભાઇઓની પાછળ મજબુત મદદનો હાથ હોય એ બનવાજોગ છે. તો પણ જો આપણે ચેતીને ચાલીએ અને આપણી બેહતરી શામાં છે તે જોઇએ તો બીજાઓ આપણને તોડવામાં ફાવી શકે નહીં. આર્ય સમાજથી આપણે બીવાનું નથી કારણકે તેના સંતોષ માટે બુજુર્ગોનુ ધોરણ પુરતું છે.

બીજાં નવાં ધોરણ ગોઠવવામાં આવશે તો જુનાની માફક કદી પણ કામ કરી શકશે નહીં. જુના ધોરણથીજ હજારો લોકો આપણાથી જોડાએલા રહયા હતા. પણ આપણા કેટલાક ભાઇઓએ એ ધોરણ તરફ અભાવ દેખાડી તેને નબળું પાડયું ત્યારે વળગેલા મલકાના જેવા ભાઇઓ પણ આપણને છોડવા તૈયાર થયા હતા.' મશાયખો તો કહે છે કે આર્ય સમા-

× શુ આ આર્યસમાજ અથવા હીંદુ ભાઇઓ તરફ બુરા લાગણીથી લખ્યું છે કે મલકાના ભાઇઓ બીજા પંથમાં જતા રહ્યા ન. પણ આથી તમામ ભાઇઓ અકલતની કેદમાંથી નાઠા છે, તે ફાયદો થયો છે.

જેથી આપણે ડરવાનું નથી.[1] ફક્ત આપણે આપણું જુનું આઠસો વરસનું અનુભવમાં પ્રાકટ થએલું ધોરણ સાચવી રાખવાનું છે. શુધ્ધીની ચળવળ આપણને હાલ કાંઇ નુકસાન પહોંચાડી શકવાની હાલતમાં નથી અને વખત જતાં જ્યારે તે જોર પર આવવા જેવી થશે ત્યાં સુધીમાં તો આપણું અશાઅતનું કામ ક્યાંનું ક્યાંય આગળ વધી જશે. શુધ્ધીની હાલની સ્થીતી જો આપણે તપાસીએ તો આપણને સાફ જણાય છે કે તે હીંદુ ભાઇઓને અને ખાસ કરીને અત્યજ ભાઇઓને જરા પણ સંગીન આસરો આપી શકવા જેવી ગણાતી નથી. કારણકે લોકો કહે છે કે તેના કેટલાક કામ કરનારાઓ નેક દાનતથી કામ કરતા નથી. તેઓ હલકી વર્ણના લોકોને પાવન કરવાની મોટી મોટી વાતો કરે છે, એ બહાને ફંડો ભેગા કરે છે અને તેમને આશાઓ આપે છે એનું કારણ એજ છે કે એ લોકો બીજા ધર્મમાં ચાલ્યા ન જાય, પણ ઉમેદમાં ને ઉમેદમાં વળગેલાજ રહે કે શુધ્ધીનું કામ ઉપડ્યું છે તો હવે તરતજ પાવન થવાનો વખત આવશે. એટલે અત્યજોને પોતાના જેવા બનવવા અને જેમ એક વાણી-આને બીજા વાણીઆના ત્યાં ખાવાપીવા વિગેરેના હક હોય છે તેવા હક આપવાની તેમની હાલત નથી છતાં કહે છે કે અમે તમને અમારા જેવા બનાવીશું. આમાંજ તેમની નીયત ટકી શકતી નથી. જો ટકી શકે અને તેઓ એ ભાઇઓને પાવન કરી પોતાના જેવા બનાવી નાખે તો ઘણુંજ સારૂં છે. આપણે તેથી કાંઇ નારાજ થવાનુ નથી પણ ખુશ થવાનું છે કે ગરીબોનું ભલું થાય છે. પણ એમના લોકોજ કહે છે કે એમાં કાંઇ દહાડો વળવાનો નથી. કાઠીઆવાડ અત્યંજ પરિષદના પ્રમુખ મી૦ સ્યામજી નાનજી મારવાડી તમામ હીંદુ ભાઇઓનું ધ્યાંન એચતાં મુંબાઇના રોજીંદા પેપર "હીંદુસ્થાન"ના તા૦ ૯ ફેબ્રુઆરી ૧૯૨૪ના અંકમાં લખે છે કે "હીંદુ સભાએ 'શુધ્ધી સમાજ' અને 'હીંદુ સંગઠન' જેવી સંસ્થાઓ (મંડળીઓ) સ્થાપના (કાયમ) કરી પણ ભાઇઓ ખરી શુધ્ધીને ભુલીને વિશુધ્ધી શુધ્ધીના અર્થે નીકળી પડયા છો જેથી અમારી વિનંતી છે કે એ શુધ્ધી સમાજે અને હીંદુ સંગઠન સંસ્થાએ કામ કરવું હોય અને કરોડો માણસોનો આશિ-ર્વાદ મેળવવો હોય અને હીંદુ સમાજનું ગઉરવ (નામ) વધારવું હોય તો આજે જે સાત કરોડ તમારાજ હીંદુ ભાઇઓ અધમ સ્થીતી (નબળી હાલત)માં પડયાં છે તેના તરફ નજર કરો. તેમના શું શું દોષો (ખામીઓ) છે તેનો

1. જેના મનમા બુરાઈ હોય તે શું આવું લખે ?

વિચાર કરી કહેવાતા અત્યંજ હીંદુઓને પાવન કરો. અને હીંદુ સમાજ સાથે ભેળવી દો. એજ મોટામાં મોટુ કામ કર્યું એમ કહેવાશે. અમારી સાત કરોડની વસતી ખરેખરા પોતાના હીંદુ ધર્મને જાળવી રાખે અને બીજા કોઇ પણ ધર્મનો આસરો ન લે એમ થવું જોઇએ. વળી એ તરફ દુરલક્ષ રહયું છે તો દયા કરી લક્ષ (ધ્યાન) આપી અમારા ભાઇઓને પાવન કરો. મુસલમાન કે ક્રિશ્ચિયન થઇ ગએલા તરફ દોડાદોડ કરી મુકી છે પણ જે તમારા હીંદુ કહેવાતા અત્યજ ભાઇઓ હીદુ ધરમના ગઉરવ સાથે જે આટલું આટલું કષ્ટ (દુઃખ) વેઠી પગ તળે કચરાઇ ગયા છતાં તેના તરફ ધ્યાન આપવામાં આવતુ નથી, પણ અમુક ગામમાં આટલા ક્રિશ્ચિયન અને મુસલમાન થઇ ગએલા ભાઇઓને પાવન કરી હીંદુ ધર્મમાં દાખલ કર્યા છે. તો જણાવવાને મહેરબાની કરશો કે આ ભાઇઓને એટલે ઢેડ, ભંગીને પાવન કરી પાછા હીંદુ ધર્મમાં દાખલ કરવામા આવે છે કે? અને તે પાછા છુટથી હીંદુ ભાઇઓ સાથે રહી શકે છે કે પાછા ઢેડવાડે અને ભગીવાડે મોકલી તેમની અસલ સ્થીતી હતી તેજ રહેવા દેવામા આવે છે? આમાં અમારે સમજવુ શુ? મારા સમજવા પ્રમાણે હાલમાં થઇ રહેલી શુધ્ધી ઢેડ કે ભગીમાંથી ક્રિશ્ચિયન અથવા મુસલમાન થએલા માટે નહી હોય પણ બીજી કહેવાતી ઉચ્ચ હીંદુ કોમ પઇકીજ થતી હશે.' વિગેરે હકીકત જાહેરમાં આવેલી છે. એટલે સાફ જણાય છે કે હાલની શુધ્ધીની ચળવળ અંત્યજો અને બીજા હલકા વરગના લોકોને ધારેલો ફાયદો પહોંચાડી શકે એવી હાલતમાં નથી. ગમે તેમ હોય તોપણ શુધ્ધીની ચળવળથી નહી. પણ તેની પાછળ રહેલી મતલબવાળાઓની હિકમતથી આપણે ચોંકતા રહેવાનું છે. કારણકે પરદા પાછળથી દોરી હલાવવાનું કામ રાતદિવસ જારી છે. કેટલાક આર્ય આગેવાનો તથા કેટલાક આલિમો એ હિકમતની દોરીમાં ગુચવાઇ ગએલા છે અને એ સુંયોજ આપણને નડી રહી છે. પણ જો આપણા ભાઇઓ મશાયખોને કામ કરવા દે તો તેમનુ કામ એવુ તો જાડા રસ્સા જેવુ મજબુત વણાય છે કે તે ગુચો તેમાં સહેલાઇથી દબાઇ જાય. આપણા મતલબવાળા ભાઇઓ તથા તેમના હાથ પર ચડેલા દોસ્તો મશાયખોના ધોરણની ઘણી ધાસ્તી રાખે છે કારણકે તેમનુ મકાણુ લગભગ આઠસો વરસનું પાકટ છે, અને કદી પણ તુટે તેવી હાલતમાં નથી. આથીજ તેઓના કેટલાક ભાઇઓ મશાયખોનું ભુડું બોલવા બહાર પડયા છે. પણ મશાયખો તો જરા પણ પરવા નહીં રાખતાં પોતાના ધોરણ પ્રમાણે ઉંડી સમજ વાપરીને કામ કરે જાય છે.

વળી કેટલાક ભાઇઓ એમ દલીલો કરે છે કે શુધ્ધીની ચળવળ જોરથી કામ કરી રહી છે તો આપણે ધીરે ધીરે અને પગથીએ પગથીએ એ લોકોને રસ્તે ચડાવવાની શું જરૂર છે? એકદમ ચોખ્ખી દાવત દઇ દેવી જોઇએ કે ઇસ્લામનો પહેલુ સાફ રહે. અને જે આવવાના હોય તે આવી જાય. પણ દલીલ કરનારા ભાઇઓએ જાણવું જોઇએ કે દાવતનું કામ ઘણુંજ મુશકેલ છે. અને તે માટે ઘણીજ અકલમંદીથી કામ લેવું પડે છે. લોકો મહેનત કરી ખુદા તરફ ખેંચવાના છે. કાંઇ માથેથી વેઠ ઉતારવાની નથી. માત્ર કહી દેવાથી કાંઇ વળતું નથી. જો કહી દેવાથીજ લોકો માનતા હોય તો હાલના આગેવાનો સ્વરાજ્યના કામ માટે ઘણુંએ કહે છે પણ કોણ માને છે? મહાન હઝરત સલ્અમને ખુદાએ આ જગત માટે દાવત કામ કરવા પોતાના ખાસ પયગમ્બર બનાવીને મોકલ્યા હતા અને તેઓ લોકોને રાત દિવસ ખુદાની વાતો કહેતા હતા તોપણ કોણ માનતું હતું? તેમને પોતનું કામ કરવાને જુવાની મળ્યા પછી પણ તેવીસ વરસ લાગ્યાં હતાં.* બકી ખરૂ જોતાં તો તેમને આડત્રીશ વરસ ભારે મેહનત કરવી પડી હતી. નમાઝ પઢવાનો, રોજા રાખવાનો, કાબા તરફ મ્હોડું રાખવાનો, શરાબ હરામ ગણવાનો તથા તેવાંજ બીજા હુકમો કાંઇ એકી વખતે આપવામાં આવ્યા નહોતા, પણ એક પછી એક ધીરેથી આપવામાં આવ્યા હતા. વળી ખુદાના ઘરમાં ત્રણસોને સાઠ બુત પેસી ગયા હતા તે પણ એકદમ જલદી નીકળ્યા નહોતા. કારણકે તેમ કરવું ઘણું મુશકેલ હતુ.

દુનિયામાં અનેક રંગના માણસો હોય છે. જેમની તબીયત સાફ હોય છે તે તો સારી વાત તરત કબુલ કરી લે છે પણ બધાજ તેવા હોતા નથી. દાવત તો બધાનેજ દેવામાં આવે છે પણ જેવી સામાવાળાની તબીયત હોય છે તેટલાજ પ્રમાણમાં તે તેને કબુલ કરે છે. જ્યાં સુધી પુરેપુરો મનને સંતોષ થતો નથી ત્યાં સુધી વાત કબુલ થતી નથી. અને સંતોષ પમાડવાને ઘણીજ મેહનત કરવી પડે છે. જેમ જેમ સંતોષ થતો જાય છે તેમ તેમ સચ્ચાઇ તરફ ખેંચાણ થતુ જાય છે. આજ એક બાબતનો સંતોષ થાય છે તો કાલે બીજી બાબતનો થાય છે. અને એમ કરતાં કરતાંજ ખરા રસ્તાની પુરી ખાતરી થાય છે. જ્યારે પુરેપુરી ખાતરી થાય છે ત્યારેજ લોકો દાવત કબુલ કરે છે. એટલે દાવતના કામમાં જેટલો વખત જાય છે તે

* મશાયખો મહાન પયગમ્બર સલ્અમની આ સુન્નતની ખાસ પૈરવી કરે છે અને ધીરે ધીરે પોતાનું કામ કરે જાય છે.

લોકોને એકેક વાતની ખાતરી કરી આપી તેમના મનને પુરેપુરો સંતોષ કરવામાંજ જાય છે. બાકી દાવત દેનારાઓ તો ઇંતેજારજ હોય છે કે આજને આજ દાવત કબુલ થઇ જાય. આ કામમાં ઘણીજ અક્કલ અને ઉંડી સમજથી કામ લેવું પડે છે, કારણકે દુનિયામાં અનેક રંગના લોકો છે. તે તમામની તબીયતો પારખવી પડે છે અને તેમની હાલત જોઇને વાત કરવી પડે છે.

પ્રકરણ ૮ મું.

હીંદુ ભાઇઓ માટે ખાસ.

એક વાત એ છે કે હીંદુભાઇઓમાં તપને ઘણી ઉંચી ઇબાદત ગણવામાં આવે છે. કેટલાક સાધુઓ બાર વરસ આગની ધુણી ધીકાવી વચમાં બેસે છે, કેટલાક બાર વરસ જંગલમાં ફર્યા કરે છે, કેટલાક બાર વરસ મુગા રહે છે, કેટલાક બાર વરસ દુધ પીને રહે છે, કેટલાક બાર વરસ હાથ ઉંચો રાખે છે, કેટલાક બાર વરસ ઉભા રહે છે, એવી તરેહના જે કામો સાધુઓ કરે છે તને એ લોકો તપ કહે છે. આ તપ કરવાનો અસલના જમાનામાં ઘણો રિવાજ હતો અને જે લોકો એવો તપ કરતા તે મોટામાં મોટા સાધુ ગણાતા અને હીંદુઓ તેમને બેહદ માનતા. હઝરત બાવા ફરીદ શકરગંજ (રે૦ અ૦) જે આજથી સાડી સાતસો વરસ ઉપર થઇ ગયા છે તે આવા તપ કરવામાં ઘણાજ આગળ વધેલા હતા. તેમને અજમેર શરીફવાળા મહાન ખ્વાજા સાહેબ તથા હઝરત કુતબુદ્દીન બખતીયાર કાકી સાહેબ એ બંનેએ મળીને વિલાયત આપી હતી અને પોતાના નાયબ બનાવ્યા હતા તે વખતે સાધુઓ તપની બાબતમાં ઘણા કુશળ હતા. એટલે તેમનાથી આગળ વધવા હઝરત બાવા ફરીદ સાહેબને પણ તપના કામમાં ઘણી મહેનત કરવી પડી હતી. બાર વરસ તેઓ ઝાડનાં પાંદડાં ખાઇને રહ્યા હતા. તે પછી બાર વરસ પેટે લાકડાની રોટલી બાંધીને

જંગલમાં ફર્યા હતા. અને છેવટે બાર વરસ ઉંધે માથે કુવામાં ટીંગાઇને ખુદાની ઇબાદત કરી હતી. * આ તેમનું તપ એવું તો મુશ્કેલી ભરેલું હતુ કે જેથી તે વખતના લોકોમાં તેમના ખરાપણાની જબરી છાપ બેઠી હતી. કોઇ પણ સાધુ આવું જબરૂં તપ કરી તેમના મુકાબલામાં ટકી શકેલો નહીં હોવાથી હજારો લોકો સઉ સાધુઓને પડતા મુકી તેમની તરફ ખેંચાયા હતા અને નવ લાખ માણસોને તેમણે ખરે રસ્તે ચડાવી પોતાના મુરીદ બનાવ્યા હતા. તપનું કામ હીંદુભાઇઓમાં મોટી બુજુર્ગીવાળું ગણાતું હતુ અને તપ કરનારને લોકો ખાસ ખુદાનો વલી ગણતા હતા તેથી ઇસ્લામી સાધુપણાની સચ્ચાઇ માટે તેમણે તે કામ કરીને પણ એ લોકોની ખાતરી કરી આપી કે મુસલમાનો પણ તપ કરવામાં જરાએ ઉતરે એવા નથી. તેમનામાં ઇલમ બહુ હતો તો પણ લોકોની તબીયતો અને તે વખતના સંજોગો જોઇને તેમણે એ કામ કીધું હતું. અને પોતાની રૂહાની તાકત અને ખુદાની રિયાઝતથી ઇસ્લામની સરસાઇ સાબિત કરી આપી હતી.

રાગ એટલે ઝિકર શગલની બાબતમાં પણ મુસલમાન બુજુર્ગો ઘણા આગળ વધેલા હતા અને એ રસ્તેથી પણ તેઓ ઘણા લોકોને ખુદા તરફ ખેંચતા હતા. જમાનામાં જે જે ચીજની દાવતના કામમાં જરૂર પડતી તેને વખત આવે કરી દેખાડવામાં જરાપણ પાછા પડતા નહીં. તેમનામાં સચ્ચાઈ હતી અને રૂહાની તાકત પણ હતી. તો પણ તેઓ વખત વિચારતા અને લોકો જોઇને અને લોકોની તબીયતો પારખીને કામ લેતા. કારણ કે તેઓ સમજતા હતા કે જે માણસ માછલી પકડવા ચાહે છે ને પહેલાં તો એ નકકી કરે છે કે કયા પ્રકારનો ખોરાક ગિલમાં ભેરવાશુ કે જેથી માછલી તે તરફ જલદી ખેંચાશે. જ્યારે તે ખોરાક માછલીની તબીયતને પસંદ પડતો હોય છે તોજ માછલી તે ગિલ જલદી મ્હોડામાં લે છે. આ ફકત એક દાખલો છે, કાંઈ માછલી પકડવાની તાલીમ નથી. એટલે લોકોની તબીયત પારખવાની ખાસ જરૂર છે.

ભગવાં લુગડાં હીંદુ ભાઇઓમાં માનને લાયક ગણાય છે અને તે પહેરનારાઓને સારા સાધુ તરીકે આવકાર મળે છે અને તેમને લોકો માને છે તેથી ફકીરોએ પણ એકતાની ખાતર એ લુગડાં ધારણ કર્યાં અને તેમનામાં જઇ સબંધ પેદા કરી પ્રેમમાં વધારો કર્યો અને લોકોને સારા

* આ ઇબાદતને "નમાઝે માકૂસ" નામ આપવામાં આવ્યું છે.

માર્ગે દોર્યા. ચિસ્તી સિલસિલાના ફકીરોમાં ભગવાં અને પીળાં લૂગડાં આજ નેક નીયતથી પહેરવાનો રિવાજ થએલો છે. †

કદાચ કોઇ કહેશે કે એ તો લોકોને જુઠથી સમજાવવાનો રસ્તો છે. પણ આપણે કહીશું કે જ્યાં સુધી દાવત દેનારાઓની નીયત સાચી અને લોકોને ફાયદો પહોંચાડવાની છે ત્યાં સુધી તેઓ લોકોને અવળા રસ્તે દોરે છે એમ કહી શકાયજ નહીં. તેઓ તો બુરાઇના ખાડામાં પડેલા લોકોને ખુદાના ખરા રસ્તા ઉપર લાવી તેમનું ભલું કરવાની ખાહેશ રાખે છે અને તે માટે હમેશાં તન તોડી મેહનત કરે છે અને તેમને નેકીના પ્રકાશમાં લાવે છે. ‡ એક છોકરો જે નાદાનીને લીધે મદરસામાં કે નિશાળે ન જતો હોય તેને તેનો કોઇ વાલેસરી બુટ, ટોપી, લૂગડાં કે પૈસાની લાલચ આપી ત્યાં જતો કરે કે જેથી તેનું ભલું થાય અને તે માણસ તેને પાછળથી કાંઇ ન આપી શકે તો તેથી તે કાંઇ ગુન્હેગાર ઠરે છે એમ કહી શકાય નહીં. કારણ કે છોકરાને એવું કહેવામાં તે વાલેસરીની દાનત તેને ફાયદો પહોંચાડવાનીજ હતી. તેમાં તેનો કાંઇ સ્વાર્થ નહોતો. તેમ અહીં પણ દાવતનું કામ કરનારા કદાચ બીજાઓને સારે રસ્તે ચડાવ-વાની ખાતર કાંઇ તદબીર કરે તો એમાં તેઓ ખોટું કરે છે એમ મનાય નહી. તેમની નીયતજ જોવાની છે. કુરાન શરીફને બોસા દેવાથી તેમજ કાબે-તુલ્લાહના હજરે અસવદ પત્થરને ચુમવાથી જાહેર રીતે તો એમજ જણાય છે કે ચામડું, કાગળ અને પથ્થરને બોસો દેવાય છે પણ નીયત એવી નથી. નીયત તો ખુદાની કિતાબની તાઝીમ કરવાની અને કાબાની હુરમત સાચવવાની છે.

જેમ આ બોસો દેવાના કામોમાં નીયત જોવામાં આવે છે તેમ મશાયખોના કામોમાં પણ નીયત જોવાની છે. તેઓ ઘણી સારી નીયતથી કામ કરે છે અને તેનું પરિણામ પણ ઘણું સારૂં આવે છે કારણ કે લોકો ખુદાના નેક રસ્તે દોરાય છે. જો મશાયખોને તેમની નીયત નેકીની છે એમ ધરીને તેમના બુજુર્ગોની ઢબથી કામ કરવા દીધુ હોત અને વગોવ્યા ન હોત તો આજ સુધીમાં તો લાખો માણસો ખુદાના રસ્તે આવી ગયા હોત,

† મુક્તી ફોજના પાદરીઓ પણ શું ભગવાં લૂગડાં પહેર્યા નથી?

‡ આ કિતાબ કંઈ હીંદુ ભાઈઓને અવળે રસ્તે દોરવા માટે લખવામાં આવી નથી પણ તેમની સાથે ભાઇચારો અને જોડાણ કરવામાં કેટલાક હક વિનાના આલિમો મશાયખોની આડે આવે છે તેમને માહિતગાર કરવા માટે લખવામાં આવી છે કે જેથી તેઓ સમજે અને હીંદુ ભાઇઓથી અતડાપણું રાખે નહીં.

અને સામાવાળાઓને કાંઇ પણ કામ કરવાની જોગવાઇ મળી ન હોત. અંત્યજો અને પાછળ વર્ગના લોકો જેમની સખ્યા આજે ૭ કરોડની મનાય છે તેમને એ ધોરણથી જો તૈયાર કરવા ગોઠવણ કરવા દીધા હોત તો આજે શુધ્ધીની ચળવળ ઉપડવાનો વખત આવત નહી અને ઇસ્લામ ઉપર હુમલા થાત નહીં, તેમજ ભાઇઓ ઉપર ફંડનો બોજો નાખવાની પણ જરૂર રહેત નહીં.

મશાયખોની દાવતની જે તરકીબ હતી તે તૈયાર કરેલી નેહેર અથવા **કાંસની** માફક હતી. જેમ જંગલમાંનુ પાણી કાંસમાં પડીને કોઇ મોટા તળાવમાં ભેગું થાય છે તેમ એ કાંસના રસ્તે લોકોનો આવરો ખુદાવાળા જથા તરફ હતો પણ તેની પાળો તોડીને ભાઇઓએ એ કાંસને નુકશાન લગાડયું એટલે ન કાંસ કામ કરતા અને ઉપયોગમાં આવતા અટકી ગયા. તેમાંથી જે આવરો થતો હતો તે બંધ થઇ ગયો અને જે જુનો આવરો થયો હતો તે નવા આવરાનું જોર તુટી જવાથી જ્યાંનો ત્યાં કાસના ખાડા ખબોચીઆમાં પડી રહયો. તેવામા કેટલાક બીજા લોકો કાંસ આગળ આવી ચડયા અને પોતે ફાયદો મેળવવા તેનો ઢાળ પોતાની તરફ કરવા તેને ખોદવા લાગ્યા. કાંસનુ ઢલાણ જરા તેમની તરફ થયુ એટલે કાંસમાના ખાડા ખાબોચીઆમાં જુના આવરોનો જે કાંઇ જથો રહી ગયો હતો તે તેમની તરફ ઢળી જવા લાગ્યો. હવે આમાં મશાયખોનો શુ કસુર? તેમને તો એવડી નુકશાની થવા પામી છે. એક તો તેમના બાપદાદાના વખતનો અસલી અને ઘણોજ ઉપયોગી કાંસ બિસ્માર થઇ ગયો છે અને બીજુ હવે તેમને આલિમોની માફક લોકોની આગળ હાથ ધરવાનો વખત આવ્યો છે. જયાં સુધી એ કાંસ આબાદ હતો ત્યાં સુધી મશાયખો તેનાથીજ પોતાનું કામ કહાડી લેતા હતા. કોમપર પોતાનો બોજો નાખતા નહોતા. પણ જ્યારે એ કાંસને નુકસાન પહોંચ્યુ ત્યારે તેમનો બોજો પણ ઇસ્લામી કોમ ઉપર પડયો, કારણ કે તેમના રસ્તા બંધ થઇ જવાથી આખરે તેમને પણ આલિમોની માફક ભીખ માગવાનો ધંધો શરૂ કરવો પડયો.

આપણા કેટલાક ભાઇઓને એમજ તે વખતે લાગતુ હતું કે મશાયખો આ પ્રમાણે ઉલટા ચાલીને નુકશાન પહોંચાડવાનું કામ કરે છે અને હમેશાં બુરાઇપરજ રહે છે. અને હજુ પણ ઘણા ખરા ભાઇઓનો એવોજ ખીયાલ છે. પણ જો તેઓ ઉંડા ઉતરીને જુવે તો તેમને જણાય કે મશાયખોએ કદી પણ દીનની બુરાઇનો ખીયાલ રાખ્યો નથી. તેમણે તો નેક નીયતથી હમેશા દીનની બેહતરી માટેજ કોશીશો કરી છે. તેમનામાં બુરાઇ

નથી. પણ હાલ બુરાઇવાળી કેટલી બધી બીજી ચીજો આપણી સામે મોજુદ છે અને આપણે તેમને કેવા શોખથી વળગીએ છીએ. દાખલા તરીકે, **અખબારો**—છાપા હમેશાં તેમાં શરાબની જાહેરાતો આવે, સીનેમા, નાટક, તમાશા, ઓરતોના ગાયનના જલસાની જાહેરાતો આવે, અને તેમની તારીફ થાય; સટ્ટા જુગારની જાહેરાતો આવે, જોતીષ જોવાની જાહેરાતો આવે અને તેની તરફદારી થાય, બ્યાજની જાહેરાતો આવે અને તેમાં લાભની વાતો થાય, તસવીરોની જાહેરાતો આવે અને તેની ખુબીઓનું બયાન થાય. બલકે તસવીરો પણ તે છાપાઓમાં જોઇએ તેટલી આવે. આવી હજારો બુરાઇઓથી ભરપુર અખબારો આપણા મ્હોડા આગળ હમેશાં સવારે આવવાજ જોઇએ એટલુજ નહીં પણ તે વગર આપણને એક દીવસ પણ ચાલે નહીં. આવી નીતી ઉપર ખરાબ અસર કરનારી અને ખોટે રસ્તે દોરનારી જાહેર ખબરોવાળા છાપા વિરૂધ્ધ એક અક્ષર પણ આપણે બોલીએ નહી બલકે તે હમેશાં લઇને છાતી સાથે લગાડીને મોહબ્બતથી વાંચીએ પણ જો મશાયખોમાં એક પણ ખામી જણાય તો તેમને બુરાઇના ભંડાર ઠરાવવામાં આવે.

કોઇ શખ્સ ગેરકોમવાળા એક પણ માણસને ખુદાની વેહદાનિયત ઉપર લાવી તેને તે ટોળામાં દાખલ કરે તો તેણે **સીતેર ઉંટ ભરીને ખુદાના નામપર** સોનું ખરચ કર્યું * એટલો સવાબ થાય એવું પણ જણાવવામાં આવેલું છે. જ્યારે એક માણસનો આટલો બધો સવાબ હોય તો હજારો માણસોનો તો બે હિસાબ હોવો જોઇએ. જો સો માણસો તે મશાયખના હાથથી વેહદાનિયત ઉપર આવે તો સાત હજાર ઉંટ સોનું ખુદાના રસ્તા ઉપર ખરચ્યું એમ મનાય, અને જો હજાર માણસ આવે તો સીતેર હજાર ઉંટ સોનું ખરચ્યું કહેવાય. આટલા બધા સોનામાં તો સેંકડો મસ્જીદો તૈયાર થઇ શકે છે. અને અનેક હજ થઇ શકે છે. એક મસ્જીદ બનાવનાર બેશક જન્નતી છે એવું ચોખ્ખું ફરમાન છે તો પછી સેંકડો મસ્જીદો બનાવવા અને અનેક હજો કરવા જેવું કામ કરનાર મશાયખો ઇસ્લામને હાની પહોંચાડનારા અને ખોટા શી રીતે ગણાય એ એક વિચારવા જેવી બાબત છે.

કેટલાક મશાયખોની ખાનકાહોમાં દાવતને અંગે તરકે હેવાનાત કરવાનો એટલે ગોસ્ત નહી ખાવા દેવાનો પણ રિવાજ છે. તેમને વિશે

---

* કેટલીક કિતાબોમા છે કે "ઓહોદ"ના પહાડ જેટલુ સોનું ખરચવા બરાબર છે. કેટલીક કિતાબોમાં છે કે જેટલી ચીજોપર સુરજની રોશની પડે છે તે સઘ ચીજો કરતાં અફઝલ છે. એટલે એ કામ પાર વિનાની નેકીવાળું છે.

પુછીએ છીએ તો તેઓ ખુલાસો કરે છે કે ગોસ્ત ખાનારા લોકોમાં ઝનુન અને ગુસ્સો ઘણો રહે છે તેથી જ્ઞાનના કામમાં વાંધો આવે છે. ઇસ્લામમાં સંસારી અને ફકીર એવા બે વર્ગ છે તેમાં સંસારીઓ ગોસ્ત ખાય છે અને ફકીરોમાં થોડા ઘણા પોતાનો નફ્સ કાબુમાં રાખવા તેની પરેજી કરે છે. પણ ઇસ્લામમાં તેનો ઉપયોગ કરવાની પરવાનગી હોવાથી તમામ લોકો તે છુટથી ખાય છે. વળી હીંદુભાઇઓને જોવા જઇએ તો તેમનામાં પણ લગભગ નવાણું ટકા જાહેર રીતે તેનો ઉપયોગ કરે છે. દક્ષિણ, બંગાલ, પંજાબ, મધ્યપ્રાંતો, રજપૂતાના, સીંધ વિગેરે હીંદુસ્તાનના લગભગ તમામ હીંદુભાઇઓ પોતાને તે ખાવાની પરવાનગી હોવાનું માને છે અને ઉઘાડે છોગે ખાય છે. ફક્ત ગુજરાતમાંજ બ્રાહ્મણ, વાણીઆ, જૈન, પાટીદાર વિગેરે લોકો છે જેમનામાં જાહેર રીતે તે ખાવાનો રિવાજ નથી. આ લોકો તેનાથી છેટે રહે છે તો પણ ગુજરાતમાં પણ રજપૂત, ક્ષત્રી, બારીઆ, ઠાકરડા, કોળી, ભીલ, વાઘરી, ઢેડ વિગેરે પાછળ કોમના તમામ લોકો ખાય છે. આ હીસાબે કહેવામાં આવે છે કે હીંદુસ્તાનમાં પણ ૯૯ ટકા જેટલા હીંદુભાઇઓ જાહેર રીતે છડેચોક ખાય છે. અને પોતાને તેમ કરવા શાસ્ત્રથી પરવાનગી હોવાનું બતાવે છે. જો આ ભાઇઓ બકરાંઓનુ આ ગોસ્ત ખાવાનુ છોડી દેતો તે ગોસ્ત કદાચ મુસલમાનોના હાથ જાય અને તેથી તેઓને ગાયનુ ગોસ્ત ખાવાની જરૂર જેવુ રહે નહી. આથી ગાયો કાપવાનુ હાલ જે કામ ચાલે છે તે બંધ થઇ જાય. એટલે તેમ કરવામાં ગાયોનો ઘણો બચાવ થઇ શકે એમ છે એવું મશાયખો માને છે.

વળી હીંદુભાઇઓમાં કેટલાકનો એવો પણ ખીયાલ છે કે એવા ખોરાકથી દુર રહેવું એ સારૂં છે અને તેમ થવુ જોઇએ. "અહીંસા પરમો ધર્મ" એટલે જીવ બચાવવાના નિયમને માનનારા હીંદુભાઇઓ એ કામથી અલગ રહે છે અને તે નહી કરનારને સારો નેકીવાળો માણસ સમજે છે. તેમનામાં ખુદાનું જ્ઞાન મેળવવાના જે નિયમો છે તેમાં એક નિયમ આ પણ છે કે એવા ખોરાકથી અલગ રહેવુ. એટલે આ ખોરાકથી અલગ રહેનારાઓને તેઓ ખુદાના જ્ઞાનવાળા નેક માણસો ગણે છે અને તેમને ઘણા માને છે એ વાત તો ખરીજ છે. એટલે દાવતના કામ માટે કેટલાક મશાયખો આ નિયમ પણ અખત્યાર કરે છે કે દાવત-એકતાના કામમાં સહેલાઇ થાય. તેથી તેઓ લોકો ખુદાના રસ્તા તરફ લાવવા માટે સાદા ખોરાકની ભલામણ કરે છે કે તેમનુ મન શાંતી અખત્યાર કરે અને તેઓ

નફસ મારીને પોતાના મનમાં ખુદાનું નૂર પેદા કરે. મુસલમાન ભાઇઓ આ વાત સાંભળે છે ખરા પણ તેમનામાં તો તેની છુટ હોવાથી તે ખાવાં તરફ તેઓ ખેંચાએલા રહે છે. ફકત જેમનો નફસ વધારે હેરાન કરે છે તે કેટલાક તેની પરેજી કરે છે. હીંદુભાઇઓમાં જ્ઞાન મેળવવા માટે તેનાથી અલગ રહેવાનો નિયમ છે એટલે એ નિયમના આધારે મશાયખો તેમને તેનાથી અલગ રહેવાનો બોધ કરે છે કે જેથી તેમના મન શાંત થાય. અને ઝગડા મટે. મશાયખોનો આ બોધ ઘણા હીંદુભાઇઓને પસંદ પડે છે અને તેઓ એ નિયમ ઉપર આવી પણ જાય છે રજપૂત, ક્ષત્રી, મરાઠા, સીખ, બારીઆ, ભીલ, કોળી, ઠાકરડા, ધારાળા, નરડા, ચોધરા, ગામટા, વસાવા, વાઘરી, વિગેરે હીંદુ કોમો ગોસ્ત જબરા પ્રમાણમાં ખાતી હોવાથી તે જલદી ઝનુનમાં આવી જાય છે. મુસલમાનો ઝનુની અને આ ભાઇઓ પણ ઝનુની, એટલે બંનેમાં વખતો વખત બખેડા થાય છે અને લડાઈ જાગ્યા કરે છે. તેથી એકતા થવામાં ઘણી અડચણ આવે છે. મુસલમાનો ઉપર આ ખોરાક નહીં ખાવા દબાણ કરવા માટે ધર્મનો કાંઇ નિયમ માલમ પડતો નહીં હોવાથી તેઓ વધારે તેનાથી અલગ થઇ શકતા નથી પણ હીંદુભાઇઓને રોકવાનો તો ઉપર બતાવ્યા પ્રમાણે તેમનો એક નિયમ હોવાથી તે રોકાઇ શકે છે. આ નિયમને આધારે મશાયખો હીંદુ ભાઇઓને બોધ કરે છે અને તેમની પાસેથી ગોસ્ત નહીં ખાવાની કબુલતો લેવામાં આવે છે. આથી ઘણા ગોસ્ત ખાનારા હીંદુ-ભાઇઓ તે ખાવાનું છોડી દે છે અને શાંતી અખત્યાર કરી નેકીના રસ્તે ચડી જાય છે. મશાયખો આ પ્રમાણે હીંદુભાઇઓને તેમના શાસ્ત્રના એક જરૂરના નિયમ તરફ ખેંચે છે અને તેમને શાંત બનાવી દેશને ફાયદો પહોંચાડે છે. હીંદુભાઇઓ જ્યારે એ ખાવાનું છોડી દે છે ત્યારે ઘણા જનાવર બચવા પામે છે કારણ કે તેટલા ગોસ્તનો ખપ ઓછો થાય છે. હીંદુસ્તાનમાં હીંદુભાઇઓની વસતી તેવીસ કરોડની છે તેમાં બાવીસ કરોડથી પણ વધારે ગોસ્ત ખાનારા છે. જ્યાં હીંદુ ભાઇઓની આટલી મોટી સંખ્યા ગોસ્ત ખાતી હોય તો કેટલા બધાં જાનવરો કપાતાં હશે તેનો વિચાર કરવાનો છે. એટલે મશાયખોના બોધથી તે ખાવાનું બંધ કરે છે અને વાણીઆ, બ્રાહ્મણ જેવા થઇ ભક્ત બની જાય છે. તેઓ એમ સમજે છે કે મુસલમાનો જે ગોસ્ત ખાનારા છે

તેમની કોમના મશાયખો તેની પરહેજી કરી આપણને આપણા ધર્મ પ્રમાણે જીવદયાનો બોધ કરે છે તો આપણે તે માનવો એ આપણી ફરજ છે. આ ખીયાલથી તેઓ તે ખાવાનું છોડી દે છે જેથી મશાયખેની કોશીશથી હજારો જનાવરોનો બચાવ થાય છે. હીંદુસ્તાનમાં લાખો જનાવરો હમેશાં કપાય છે તેથી આપણા અહીંના કેટલાક નહીં ખાનારા હીંદુ ભાઇઓ તો એમજ સમજે છે કે એ બધા મુસલમાનો માટેજ કપાય છે. પણ તેવું નથી. મુસલમાનોની વસ્તી તો હીંદુસ્તાનમાં સાત કરોડની છે પણ હીંદુભાઇઓની તેવીસ કરોડની છે. એટલે મુસલમાનોથી હીંદુભાઇઓ ત્રણગણા કરતાં પણ વધારે છે. જો નહીં ખાનારાઓને બાદ કરીએ તો પણ હીંદુભાઇઓમાં બાવીસ કરોડથી પણ વધારે ખાનારા હોવાથી મુસલમાનો કરતાં તેમનામાં ત્રણગણા ખાનારા છે. આવી હાલત હોય તો પછી વધારે જીવદયાનુ કામ તો હીંદુભાઇઓમાં કરવાનુ છે અને આ હીસાબેજ મશાયખો તેમને ગોસ્ત નહી ખાવાનો બોધ કરે છે. જો હીંદુભાઇઓ ખાવાનું છોડી દે તો તેમના મન નરમ થવાથી દેશમાં જબરી શાંતી ફેલાઇ જાય અને બંને કોમોમાં ઝનુનને લીધે હાલ જે બખેડા વખતો વખત થાય છે તે થવા પામે નહીં. હીંદુભાઇઓ તે ખાવાનુ છોડીને શાંત થઇ જાય તો મુસલમાનો કદાચ બરડ રહે તો પણ હીંદુભાઇઓની શાંતી એટલું બધુ કામ કરે કે જરાપણ અડચણ આવે નહીં. એ ભાઇઓ ગોસ્ત છોડી દઇને વાણીયા બ્રાહ્મણના દરજે ચડી શાંત સ્વભાવના થઇ જાય તો દેશમાં બંને અમન ફેલાઈ જાય અને ઝનુની કજીયા થવાનો વખતજ આવે નહીં. હીંદુભાઇઓ જો મશાયખોના કહેવા પ્રમાણે ચાલે તો લાખો જનાવરો બચે એટલુંજ નહી પણ તેઓ નરમ શાંત અને વધારે જ્ઞાની થઇ જવાથી દેશમાં જરાપણ ફિસાદ જાગવાનો વખત આવે નહીં. ફિસાદ ન જાગે તો સંપ કાયમ રહે, અને સંપ કાયમ રહે તો ધાર્યું કામ થાય. એટલે મશાયખો એકસંપી કરાવવામાં ઘણાંજ કામના છે. જે મશાયખો જીવદયાના નિયમનો હમેશાં બોધ કરી હીંદુ ભાઇઓને મુસલમાનો સાથે જોડેલા રાખે અને બંનેમાં જરા પણ ફિસાદ જાગવા ન દે એ શું ઓછી ખીદમત કરે છે? તેમની કોશીશથી કરોડો હીંદુભાઇઓ જો ગોસ્ત ખાવાનું મુકી દે તો શું ઓછો ફાયદો થાય? મશાયખોની આ કોશીશ શું ઓછી છે! આખિમે જે કામ હીંદુભાઇઓમાં

વરસોના વરસોમાં પણ ન કરી શકે તે મશાયખો પળવારમાં કરી શકે છે. †

પ્રકરણ ૯ મું.

ઉરસ અને મઝારો.

આપણને જાણીએ છીએ કે આપણા અહીં ઘણે ઠેકાણે ઘણા ખરા બુઝુર્ગોના મઝાર ઉપર **ઉરસો** મોટા પાયા ઉપર ભરાય છે અને ત્યાં લાખો માણસો આવે છે. આથી વેપારને જબરી મદદ મળે છે. અને દાવતના કામને પણ ઘણો ફાયદો થાય છે. જે બુઝુર્ગના મઝાર ઉપર હજારો લોકો ભેગા થાય છે તેમાં કેટલાક કુરાન પઢે પઢવે છે, કેટલાક વાએજના જલસા કરાવે છે, કેટલાક મોલૂદ શરીફની મજલિસો ભરે છે. એટલે આમાં સવાબનાં કામો ઘણાં થાએ છે. વળી ભાઈઓ નો દર વરસે

† ગોપાલન પણ કેટલાક મશાયખો આજ નિયમથી કરે છે કે દેશમાં સંપ થાય અને હીંદુભાઈઓ મુસલમાનો સાથે શાંતીથી જોડાએલા રહે. કેટલાક પીરો પહેલાં રજપૂતો પાસે પતિજ્ઞાઓ લેવરાવતા હતા કે દારૂ પીશું નહીં, મડદાલ ખાઈશું નહીં તો આ વાત કટલાકને રૂચી નહીં અને એમણે એવી વાતો લોકોમાં ફેલાવી કે એ તો રજપૂતોને મુસલમાન બનાવે છે. આથી પીરોએ એ કામ પડતું મુક્યું રજપૂતોમા દારૂ પીવાનો રિવાજ તેથી એટલો તો જોર પર આવી ગયો કે તેમની મીલકતો વેચાઈ ગઈ અને તેઓ પાયમાલ થઇ ગયા. જ્યારે પાણી ફરી વળ્યું ત્યારે તેઓ કહેવા લાગ્યા કે પીરોની સલાહ પ્રમાણે અમે જો ચાલ્યા હોત તો આજે આ દશા થાત નહીં, વિગેરે તેમને પાછળથી સમજ પડી. હજુ પણ રજપૂત ભાઈઓ તેવી પ્રતિજ્ઞાઓ લે તો તેમને ઘણો ફાયદો થાય. પણ બીક છે કે મતલબી લોકો તેમને પીરો પાસે જઈ એવી પ્રતિજ્ઞાઓ લેવા દેશે નહીં. જ્યારે લગભગ તમામ લોકોને માંસ મદિરાનો ચટાકો લાગેલો હોય તો તેઓ એ લોકોને શી રીતે છોડવા દે? તો પણ મશાયખો તો હજુ પણ ગમે તેમ મેહનત કરીને ઘણા દારૂ પીનારાઓનો દારૂ મુકાવે છે.

ત્યાં જમાવ થવાથી જથો પણ કાયમ રહે છે. ‡ ત્યાં ઘણી વાતોના મશ-
વરા પણ થાય છે. લાખો માણુસ પોતાના ખરચે ત્યાં ભેગા થતા હોવાથી
દેશમાં ચાલતી ચળવળોની હકીકતો પણ તેમની આગળ સહેલાઇથી મુકી
શકાય છે. હજારો રૂપીઆ ખરચતાં અને જબરી મહેનત ઉપાડવા
છતાં પણ જેટલા લોકો ભેગા થાય નહીં † તેટલા સહેલાઇથી
વગર મેહનતે આ ઉરસોમાં ભેગા થાય છે અને તે જલસા કોન્ફરન્સની
ગરજ સારે છે. ભાઇઓનો મોટો જમાવ એ એક સંપી અને ઇખલાસની
નિશાની છે અને હરીફો ઉપર તેની જબરી અસર થાય છે. ઇદનું અને
હજનુ ધોરણ પણ કેટલું ઉપયોગી છે તેનો પણ ઉંડો વીચાર કરવાનો છે.
કદાચ એમ દલીલ કરવામાં આવે કે આવા ઉરસોમાં બુરા માણસો ઘણા

‡ રસુલે પાકના રોજાપર જવાથી આ લાભ ભાઇઓને મળી શકે છે
કેટલાક કડક ભાઇઓ કહે છે કે રોજા ઉપર રોશની કરવી એ બિદઅત છે પણ
હજરતના રોજા મુબારક પર કઈ મસલહતથી હમેશાં રોશની થાય છે તે શોધી
કહાડવાનું છે.

† આનો તાજો દાખલો આપણે રજુ કરી કરીશું. **અજમેરમાં ખીલાફત કોન્ફરન્સ**—"અજમેર, મેરવાડા, રાજપુતાના, અને મધ્ય હીંદુસ્તાનની પ્રાંતીક ખીલાફત કોન્ફરન્સ અજમેર ખાતે ખ્વાજા સાહેબના ઉરસ ટેકાણે તા૦ ૯–૧૦ અને ૧૧ ફેબ્રુઆરીએ મૌલાના મોહંમદઅલીના પ્રમુખપણા હેઠળ ભરવામાં આવશે....પ્રાંતીક જમીઅતુલ ઓલેમાની કોન્ફરન્સ પણ એજ દીવસોએ અજમેર ખાતે મળશે. જ્યાં મઉલાના અબદુલ માજીદ સાહેબ કાદરી બદાયુની પ્રમુખસ્થાને બીરાજશે. આ કોન્ફરન્સોમાં ઘણા અગત્યના સંસારી અને ધાર્મિક સવાલો ચરચાશે–**સાંજવર્તમાન** તા૦ ૨૨ જાનેવારી ૧૯૨૪.

મુસલમાન ભાઇઓના આ ફાયદાનો હીંદુભાઇઓ પણ લાભ લેવા લાગ્યા છે. તા૦ ૨૩ જાનેવારી ૧૯૨૪ ના "હીંદુસ્થાન" ના અંકમાં જણાવવામાં આવ્યું છે કે "પં૦ માલવીયાજી જણાવે છે કે તા૦ ૨ અને ૩ ફેબ્રુઆરીએ પ્રયાગમાં કુંભ મેળો ભરાય છે તે ઠેકાણે હીંદુ મહાસભાની ખાસ બેઠક ભરવામાં આવશે અને તેમાં સામાજીક અને સંગઠનના પ્રશ્નો ચર્ચાશે."

શું ઉપલી બાબતોથી ઉરસ ભરવાની અગત્ય જણાતી નથી ? હીંદુ ભાઇઓ જ્યારે એવી વાતોનો ફાયદો ઉઠાવવા તૈયાર થાય છે તો પછી મુસલમાનોએ પોતાનો જુનેનો એ ફાયદો શા માટે જતો કરવો ?

આવે છે તો આપણે કહીશું કે ત્યાં સારા માણસો સાથે બુરા પણ આવે છે એ વાત ખરી છે. પણ એવાઓની ઘણી જરૂર પડે છે કારણ કે વખત આવે છે ત્યારે બચાવ કરવામાં તેઓજ કામ આવે છે. બાકી સારા તો વખત આવે શોધેલા પણ જડતા નથી. તેથીજ સઉ જમાવની જરૂર છે અને બધા ત્યાં ભેગા થાય તેમાંજ લાભ છે કારણ કે એ ઇસ્લામી **સંગઠન છે** ‡ મતલબ કે ઉરસો એ ભાઇઓને એક જથામાં બાંધવાની ઉમદા ગોઠવણી ઓ છે. ગામ હોય ત્યાં ઢેડવાડો હોય એમ દરેક કામમાં બુરાઇ તો થોડી ઘણી હોવાનીજ. તે નાની બુરાઓને લીધે મોટા મોટા ફાયદાઓને ફટકો લગાવવો એ પોતાનાજ પગપર કુહાડી મારવા બરાબર છે.

ઉર્સમાં બુજુર્ગના મઝારપર જવાથી મોત યાદ આવે છે, તેમના જેવા પરેજગાર થવાની ખાહેશ થાય છે, તેમને સવાબ પહોંચાડી નેકી હાંસલ કરવામાં આવે છે, ગરીબોને ખેરાત થાય છે, વેપાર વધે છે, લાખો ભાઇઓના જમાવ થવાથી પોતાના ફાયદાની અનેક વાતો શોધી કહાડવામાં આવે છે, જેની બીજાઓ ઉપર જાદુઇ અસર થાય છે અને આવા મોકા દર સાલ વગર પઇસે અને વગર મહેનતે ભાઇઓના હાથ આવે છે જેથી તેમનામાં હમદર્દી અને જોશ કાયમ રહે છે × અને તેમને આ જલસા જોઈ અરબસ્તાન હજ કરવા જવાનો પણ શોખ પેદા થાય છે.

આ ઉરસોની પણ કેટલાક અમલદારોને ઘણીજ ધારતી રહે છે અને તેમને બંધ કરાવવાની પણ પડદામાં રહીને કોશીશો થઇ રહી છે. આને માટે મોટા મોટા આલિમોને હાથપર લેવામાં આવે છે અને તેમના ફતવા તથા તેમની મુખ જુબાનીઓથી લાભ લઈ પોતાનું કામ પાર પાડવાની રાત દિવસ કોશીશો થઇ રહી છે. પણ આપણે જરાપણ

---

‡ આ સંગઠનમાં જેમ બને તેમ વધારે લોકો ભેગા થાય તેટલા માટે ધામધુમ પણ કરવામાં આવે છે કે એવી તબીયતોના લોકો વધારે ખેંચાય અને જમાવ વધારે થવાથી મતલબવાળા ભાઈઓ પોતાની મતલબોમાં ફાવી શકે નહી.

× ગેરકોમોએ આમાં ફાયદા જોયા ત્યારે તેમણે દાદાભાઈ જયંતી, ગોખલે જયંતી, તીલક જયંતી, બુદ્ધ જયંતી, મહાવીર જયંતી વિગેરે જયંતીઓ કરવા માંડી જયંતીનો અર્થ ઉરસ થાય છે આપણા કેટલાક ભાઇઓ પણ એવા છે કે જે ગેરકોમના મેળાવડાઓમાં ખુશીથી જાય છે અને ઉરસમાં જતાં તેમને ખોટું લાગે છે. પણ જ્યાં હવાજ એવી ફેલાવવામાં આવી છે ત્યાં એમનો શું વાંક?

સમજતા નથી. પણ યાદ રાખવુ જોઇએ કે હવે ગફલત કરવાનો વખત નથી. ઉલટે રસ્તે દોરવાઈ જઇને આપણે ઘણું નુકસાન ભોગવ્યું છે. માટે હવે વિચાર કરવાની જરૂર છે.

હીંદુ ભાઇઓથી આપણે ડરવાનું નથી પણ બીજાઓ જેમને આપણુને દરેક વાતો તોડવાની ખાહેશ છે, તેમનાથી સાવચેત રહેવાનું છે. હીંદુભાઇઓ તો આપણા હાથમાં છે અને તે તો આપણી તરફજ છે. કારણકે તેઓ એમ સમજે છે કે સાત કરોડ મુસલમાનો સાથે દુશમનાઈ કરવાથી કાંઇ ફાયદો થવાનો નથી. તેમની જાહેર કોશીશ ગમે તેટલી વિરૂધ્ધની જણાય પણ તેઓ આપણુને નુકસાન પહોંચાડી શકવાના નથી. આપણે તો જુદીજ દિશાઓ તરફ આપણી આખો જમાવવાની છે. માટે ઇખતિલાફી મસલાઓના ઝગડા છોડો અને ગફલતમાંથી આંખો ઉઘાડી મશાયઓના ધોરણને ટેકો આપી તેની હમદર્દીમાં રહો. તેમના ત્યાં ઉરસમાં એજ ચીજો થાય છે જે ખીલાફતમાં થઇ હતી અને થઇ રહી છે. અને એ રસ્તે તેઓ દીનની સેવા બજાવે છે. ખીલાફતની ચીજો વિરૂધ્ધ આપણે ન બોલ્યા તો પછી અહીં પણ તેમજ ચાલવાનું છે. તેઓ તમારી પાસે કાંઈ માગતા નથી. ફક્ત તમારી દિલસોજી અને મોહબ્બત માગે છે. શું હજુ કાંઇ બરબાદ થવામાં બાકી રહયું છે? માટે સંમજો અને વિચાર કરો કે બુજુર્ગોના ઉરસો મુસલમાનોનો જમાવ અને તેમનો જોશ કાયમ રાખવાનાં ઘણાં ઉમદા સાધનો છે અને તેથીજ મતલબવાળા ભાઇઓના લાભ માટે ઉરસોમાં જવાના કામને ભારે ગુન્હાવાળું બતાવવાની કોશીશો થાય છે. *

મુસલમાન ભાઇઓનો આવો જોશવાળો જબરો જાથુકનો જમાવ કેટલાક કડક અમલદારોને ન રૂચે એ ઉઘાડું છે કારણ કે તઓ એમ સમજે છે કે જો મુસલમાનો આ પ્રમાણે ભેગા થશે તો તેમને એક થઇ પોતપોતામાં મશવરો કરવાની ઉમદા તક મળશે અને પોતાના ભેગા થએલા જથા આગળ પોતાની બેહતરીની વાતો રજુ કરી આગળ વધવાનાં કાંઇ ઇલાજ લેવા તૈયાર થશે તેથી તેમને ભેગા થઇ મશવરો કરવાની તથા એક થવાની તક આપવીજ નહીં. આજ કારણને લીધે તેમણે કેટલાક આલિમોને હાથપર લીધા અને ઉરસ બિદઅત છે અને તેમાં શરીક થવું એ બુરાઈ છે એવા વાયઝો કરાવી મુસલમાનોને એ નામે ભેગા થતાં

---

* કેટલાક તો બારેમાં બારે ગુન્હો કરવા બેઠેલા અગાઉ બતાવે છે!

બંધ કરાવી દેવા કોશીશો કરી. ઈદની, જુમ્માની, અને હમેશાં પાંચ વખતની નમાઝોમાં પણ મુસલમાનોનો જમાવ ભારે થાય છે તે પર પણ ઘણાઓની આંખ છે. નાના ગામડાઓમાં જુમ્માની નમાઝ માટે ગામડાના જોશીલા લોકો ભેગા થાય છે તેમને રોકવા માટે પણ ત્યાં જુમ્માની નમાઝ જાએઝ નથી એવી વાતો બહાર પાડી છે અને મોટા શહેરને માટે પણ એવાજ વિચારો થઇ રહયા છે કે જેથી લોકોનો જમાવ થતો અટકે. પાંચ વખત નમાઝ વખતે લોકો તમામ ગામોની મસ્જીદમાં શરીઅતના હુકમ પ્રમાણે ભેગા થાય છે તે રોકી શકતા નથી તો પણ તેને માટે પણ તેમણે એવી યુકતી ખોળી કહાડી છે કે લોકોને ભેગા બેસી પોતપોતામાં મશવરો કરી એક થવાનો વખતજ આવે નહીં કારણ કે **ફાતેહા** તથા **મુસાફો** જે નમાઝ થઈ રહયા પછી લોકો અદા કરતા હતા અને એ બહાને મસ્જીદમા એક બે મીનીટ થોભી બધા તે ઠેકાણે જમેલા રહેતા હતા અને પોતપોતામાં મુલાકાત કરી મશવરો કરતા હતા તે વખતજ હવે મટી ગયો છે. કારણ કે આલિમોએ મતલબવાળાઓના હાથપર ચડીને એ ચીજો પણ કેટલેક ઠેકાણે બંધ કરાવી દીધી છે. એટલે પોતપોતાની મરજી પ્રમાણે નમાઝ પઢી લોકો મસ્જીદ છોડીને એકદમ ચાલવાજ માંડે છે. જેથી તેમને મશવરો કરવા તથા ભાઇચારો પેદા કરવા એક થવાનો વખતજ મળતો નથી. × ફાતેહા એ મુસ્તહબ છે એટલે પઢે તો સવાબ છે અને ના પઢે તો કાંઇ ગુન્હો નથી. આ એક જોવામાં નાની બાબત છે. પણ તેનાથી જમાવ મજબૂત થાય છે તેથી તેના ઉપર પણ હિકમતવાળાઓનો એટલો બધો ખીયાલ

× આપણે વ્યાજ ખાઇએ, જુઠું બોલીએ, નાટક તમાશાઓ જોઇએ. દહાડી મુંડાવીએ, તો કાંઈ નહીં અને જો ફાતેહા પઢવાની અગર મુસાફો કરવાની વાત આવે તો પીઠ ફેરવીને ચાલવા માંડીએ એને ખુદા કેવું માને !

મહાન હઝરત પયગમ્બર સલઅમે ફરમાવ્યું છે કે "જયારે બે મુસલમાનો પોતપોતામાં મુસાફો કરે છે તો સીતેર રેહમતો—નેકીઓ તેમને ખુદા તરફથી આપવામા આવે છે. તેમાં અગનોતેર નેકીઓ જે વધારે ખુશીની સાથે મુસાફો કરે છે તેને માટે હોય છે. વળી જયારે બે મુસલમાનો પોતપોતામાં સલામ કરે છે તો સો રેહમતો—નેકીઓ તેમને ખુદા તરફથી મળે છે તેમાં નેવું નેકીઓ જે પહેલે સલામ કરે છે તેને માટે હોય છે." બુઝુર્ગોના હાથ ચુમવા સુન્નત છે હઝરત અબુ ઉબએદા રદી૦ એ હઝરત ઉમર ફારૂક રદી૦ ના હાથ મુબારકને બોસો દીધેલો છે.—જુઓ "અન્નારે સૂફિયા" ઉરદુ માસિક માહે (શાબાન) માર્ચ ઈ૦ સ૦ ૧૯૨૪.

છે કે ગમે તેમ પણ તે વાત બંધ થવીજ જોઇએ. આને માટે ખાસ રિસાલા છપાવી જબરી કોશીશો થાય છે તેનો ભેદ એજ છે કે એથી જે મુસલમાનોનો જમાવ કાયમ રહે છે તે તુટે અને લોકોને એકદિલ થવાનો વખત આવે નહીં. + મતલબવાળા લોકો કેટલે દરજ્જે પોતાની મતલબમાં ફાવ્યા છે તે આથી સહેજ સમજી શકાય એમ છે.

મુસલમાનોનો જમાવ શરીઅતથી પાંચ વખત હમેશાં મસ્જીદોમાં એટલાજ કારણથી થાય છે કે ભાઇઓ ત્યાં ભેગા થઇ ખુદાની ઇબાદત કરે અને તે વખતે તેમનું મન ખુદા તરફ રજુ થયેલું હોવાથી જો મુસાફો કરી પોતપોતામાં મળે તો જે કાંઇ જરાતરા મેલ અંદર હોય તે નીકળી જઇ બધાના મન એક થઇ જાય અને દીનની અને કોમની બેહતરી માટે કાંઈ ઇલાજ લેવાય. આવા મોકા તેમને ઇસ્લામે તો દીવસમાં પાંચ વાર આપેલા છે અને એમાં ભાઇઓની બેહતરીનોજ સવાલ છે પણ તેનો રસ્તો પણ તેમણે આલિમોની મારફત ઇખતિલાફી મસલાના બયાન કરાવીને બંધ કરાવી દીધો છે. એટલે હવે લોકો જરાપણ થોભ્યા વગર ઝટ નમાઝ પઢીને મસ્જીદ છોડી એકદમ ચાલતાજ થાય છે. હજના જમાવ માટે પણ મતલબવાળાઓને એટલીજ ચીંતા છે અને તેમા પણ દરેક રીતે દખલ દેવામાં આવે છે. શરીફને લલચાવવામાં આવે છે, બદુઓને ઉશકેરવામાં આવે છે, અને તેમનામાં લડાઇ જગાડવાની કોશીશો થાય છે કે જેથી હાજીઓને જબરી કનડગત થાય અને તેઓ ત્યાં જતા અટકે. + વળી પયગમ્બર સલ્અમના રોજા ઉપર જતા પણ લોકોને રોકવાની તજવીજો થાય છે. કેટલાક વખત તો આલિમોજ ભાઇઓને ત્યાં જતા ટહાડા પાડી નાંખે છે કે જેથી ઘણા ખરા ભાઇઓ તો મદીના મુનવ્વરા નહીં જતાં મક્કા મોઅઝ્ઝમાથીજ ઘેર પાછા ફરે છે.

+ ફાતેહા પઢવા થોભવા જેટલો વખત ન હોય તો થોભવાની કાંઈ ફરજ નથી પણ જે પઢતા હોય તેમને બુરા ગણવાની જરૂર નથી. વળી મુસાફામાં લોકો નમાઝીઓના સામાં આવતા હોય તો તેમને તાકીદ કરી સમજ આપવી જોઈએ. પણ તેમને આવી સારી બાબતથી રોકવાની શરીઅત કાંઈ ફરજ પાડતી નથી.

* કેટલીક વખત ત્યાં કોલેરા આવે છે, આગબોટોનો ટોટો છે, રસ્તો સહી સલામત નથી, ભાડાં બહું વધી ગયાં છે, અરબ હાકેમોનો જુલમ છે વીગેરે વાતો બહાર પાડવામાં આવે છે કે જેથી લોકો ત્યાં જતાં અટકે. વળી હવે ટીકીટની ફરજ પણ નાખી છે કે ઘણા લોકો તયાર થાય નહીં.

આ જે કાંઈ થાય છે તે હિકમતોથી થાય છે પણ ભાઈઓ સમજતા નથી કે તેમને કઈ દિશાએ ઘસડવામાં આવે છે.

મોહરમનો જબરો જમાવ પણ મતલબવાળા ભાઈઓને ઘણો નડે છે અને તેથી આલિમો તથા આગેવાનોને હાથપર લઈ તે પણ ઘણે ઠેકાણે બંધ કરાવી દીધા છે અને હજુ બંધ કરાવતા જાય છે * ઈદોની નમાઝોમાં જબરો જમાવ થાય છે પણ ફાતેહા તથા મુસાફા આલિમોએ તેમના હાથપર ચડી બંધ કરી દેવાડવાથી લોકો એકદીલી માટે ત્યાં જરા પણ શોભતા નથી અને લાગલા ઘર તરફ એકદમ ચાલવાજ માંડે છે. એટલે એ લોકોના મનનું ધાર્યું થાય છે. આ સઘ વાતમાં મતલબવાળા ભાઈઓનીજ હિકમતો છે.

શરીઅતે તો ભાઈઓના જમાવનું ધોરણ ફાયદા માટે બાંધેલું છે પણ તે લોકો ભાઈઓને એ ફાયદો લેવાનો વખતજ આવવા દેતા નથી. આપણા આલિમ ભાઈઓ એટલુ પણ સમજતા નથી કે તેમને એ લોકો કેવી ભુલ થાપ ખવડાવી રહ્યા છે અને તેથી દીનને કેટલું બધું નુકશાન થઈ રહ્યું છે. હાલમાં આલિમો હીંદુભાઈઓનું સંગઠન કાયમ થતું જોઈ ખાસ્તી ખાસને ઈસ્લામી સંગઠન કાયમ કરવાની ઘણીજ જરૂર બતાવે છે પણ આ ઈસ્લામનુ કાયમનું સંગઠન જે મોજુદ છે તેને ભાઈઓની ગફલતીને લીધે કેટલું તોડી નાંખ્યું છે તેનો કોઈને ખીયાલ શુધ્ધાં પણ આવતો નથી. ઈખતિલાફી મસલાઓના બયાન કરનારા ભાઈઓએ આ હિસાબે દીનની કેટલી બધી સેવા બજાવી છે તે સાફ જણાઈ આવે છે. × પણ જયાં ભાઈઓજ સમજતા નથી તો બીજાઓને શું કહેવુ? આવા લોકોને આપણે ઘણા પરહેઝગાર અને શરીઅતના પાબંદ સમજીએ છીએ અને જે લોકો ઈસ્લામની ખરી ખીદમત કરે છે તેમને બિદઅતી ગણીએ છીએ !

---

* આ બંધ કરાવવામાં મદદ કરવા માટે કેટલાક ભાઈઓને તો ખીતાબો પણ મળ્યા છે.

× આવા આલિમભાઈઓ આ પ્રમાણે ખીજમત કરી ઘણા ખીતાબો લઈ બેઠા છે તે કોણ નથી જાણતુ? તેમને આ ખીતાબો આવા કામો માટે મળ્યા નથી તો બીજા કયા કામે મળ્યા છે? વળી કેટલાકને તો છુપી રીતે પગાર પણ મળે છે એ વાત જાહેર છાપાઓમાં આવી ગઇ છે. તો આવી રીતે બીજાઓથી છુપી રીતે મળીને કામ કરનારા આલિમભાઈઓ દીનની કેવી ખીદમત બજાવે છે [illegible] ?

જ્યારે પીરોના ઉરસમાં કેટલાક કડક અમલદારો ખાસતી જુવે છે તો પછી પીરોની **પાકી કબરો** જે હમેશનાં બાઇઓના જમાવના મુકામ છે અને ઇસ્લામના નિશાન તરીકે છે તેમાં કેટલી ખાસ્તી જોતા હશે તેનો વિચાર કરવાનો છે. તેઓ જેમ ઉરસોને મટાડવા માગે છે તેમ પાકી કબરો પણ નાબુદ કરવા ખાહેશ રાખે છે, કારણ કે આ પાકી કબરોજ મુસલમાનોને જમીન ઉપર દાવો કરવા હક આપે છે. જ્યાં આવી પાકી કબરો હોય છે તે ગમે તેવા ઉમદા મોકાપર હોવાથી બીજાઓને અડચણ રૂપ હોય છે તો પણ તેવી તમામ જગાઓ મુસલમાનોની મિલ્કત ગણાય છે અને મુસલમાનો તેમાં જમેલા રહે છે. કારણ કે તે ઇસ્લામની માલકીનો હક છે. આવા પાકી કબરો જ્યાં જ્યાં નીકળે છે, દેખાય છે, અથવા હોય છે ત્યાં મુસલમાનો એકદમ તે જગા ઉપર કબજો કરવા દાવો કરે છે અને આ તેમને માટે જમીન કબજે રાખવાનુ એક ઉમદામાં ઉમદા સાધન છે. હાલ પણ એજ હિસાબે મુસલમાનો કબરો ઉપરથી જમીન ઉપરનો માલકી હક પોતાનો બતાવી અવાજ ઉઠાવે છે અને તે જમીન પોતાના કબજા વહીવટમાં લેવા ફતેહ પામે છે. આવી કબરો ઠેર ઠેર હોય છે અને બધે ઠેકાણે નીકળે છે એટલે એ તમામ જમીન મુસલમાનોની ગણાય છે. સરકાર તે પડાવી લઇ શકતી નથી. પાકી કબરો લાંબા વખત સુધી ટકી રહે છે. તે જલદી તુટી જતી નથી તેથી મુસલમાનોને ગમે ત્યારે પોતાના હક જણાવવા તે મદદગાર થઇ પડે છે. કાચી કબર થોડાજ વખતમાં જમીન સાથે મળી જઇ મટી જાય છે પણ પાકી હોય છે તો લાંબી મુદત ટકી શકે છે. અને લાંબા વખત પછી પણ જ્યારે માલુમ પડે ત્યારે મુસલમાનોને તેની જમીન કબજે લેવાનો હક મળી શકે છે. હાલ પણ મોકાની ઉમદા જમીનોના કબજા માટે તકરારો ઉઠાવી દલીલો રજુ કરવામાં આવે છે તે ઘણે ભાગે આ જુની કબરોના આધારેજ હોય છે. જેમ એ પાકી કબરો આબાદ અને મોજુદ છે તેમ તેની જમીનો ઉપર મુસલમાનોનો હક હમેશ માટે કાયમ છે. એજ ધોરણે ત્યાં નિશાન ઉભાં કરવામાં આવે છે તથા આસ્તાના ગોઠવવામાં આવે છે કે જેથી જણાય કે એ કબરો મુસલમાનોનીજ છે. એટલે પાકી કબરો એ ગમે તેવા સંજોગોમાં પણ મુસલમાનોને જમીનો ઉપરનો કબજો પોતાના હવાલામાં રખાવવાનુ એક ઉમદામાં ઉમદા સાધન છે. અને એ સાધનો સાચવી રાખવા બીજા હીંદુ તથા પારસીભાઇઓ પણ

આપણને મદદ કરી શકે છે કારણ કે તેઓ પણ તેથી લાભ લઇ શકે છે.+

જમીનોનો કબજો પોતાના હાથમા રાખવા માટે મોટી મોટી લડાઇઓ થાય છે. હાલની યુરોપની જબરી લડાઇઓ પણ જમીનોના કબજા માટેજ છે. અને તેની પાછળ હજારો માણસોના લોહી રેડાય છે અને કરોડો રૂપીઆ ખરચ થાય છે. જમીન એવી એક જરૂરની ચીજ સમજાય છે તેથીજ તેને પોતાના હાથમાં લેવા આસમાન જમીન એક કરી નાંખવામાં આવે છે. તો પણ જયાં મુસલમાનોની પાકી કબરો હોય છે તે જમીન તો વગર તકરારે તેમને સોંપી દેવીજ પડે છે. કારણ કે જો સોંપી ન દે તો ધર્મના નામે લોકોમાં ઉશ્કેરણી ફેલાય અને સરકારની બદનામી થાય મતલબવાળા લોકો તો ચાહે છે કે કોઇબી રીતે આં પાકી કબરો હમેશને માટે નાબુદ થઇ જાય અને હવેથી લોકો પાકી બનાવે નહી તેને માટે અનેક કોશીશો અને યુકતીઓ કરવામાં આવે છે કે મુસલમાનો તેની મારફત વખતો વખત ગમે ત્યારે પાકી કબરોનો હવાલો આપી ગામે ગામની જમીનો ઉપર પોતાનો હક બતાવવા બહાર પડે છે તે તેમનો રસ્તો બંધ થઇ જાય. તેટલા માટેજ કેટલાક સરકારી અમલદારો કબરો નીકળી જાય અને કબરસ્તાનો બંધ થઇ જલદી સપાટ જમીન થઇ જાય એવી ચાહેના રાખે છે. આજ કારણને લીધે મોટા મોટા શહેરોમાં વસતીવાળા ભાગમા મુસલમાનોને પોતાની લાશો દફન કરવા દેવા સખત મનાઇ કરવામાં આવી છે કે નવી કબરો ત્યાં થઇ શકે નહી. અને હવેથી કબરો કાચી અને તે પણ એવા ઠેકાણે બને કે તરતમાંજ નાબુદ થઇ જાય અથવા ત્યાં જવામાં ભાઇઓને બેહદ તકલીફ પડે એટલે બીજા લાગ જોઇને નાબુદ કરી નાખે. અને તેથી મુસલમાનો જે ઉમદા જમીનો ઉપર વખતો વખત એ બહાને કબરો બનાવવા ઉભા થાય છે તે થાય નહી. ×

+ ઘણા હીંદુ રાજા રજવાડાઓ પોતાની મુસલમાન રૈયતને રાજી રાખવા તથા તેમની સાથે પ્રેમ વધારવા આવા કામોમાં ઘણા ભાગ લે છે જેથી તેમની નેકનામી વધે છે.

× આ હીસાબે તો આગળ ઉપર કબરસ્તાન માટે આપણને જગા મળવી જરા પણ સહેલ થશે નહી આથીજ કેટલેક ઠેકાણે કબરસ્તાનમાં ઉગતી ઘાસ વિગેરેની ઉપજ ઉપર સરકાર પોતાની માલકી બતાવી પોતે વસુલ કરે છે.

મશાયખો આ વાતને બરાબર સમજે છે અને તેથીજ તેઓ પાકી કબરોની હિમાયત કરે છે કે લોકોમાં તેનો ખીયાલ જારી રહે. તેમની કોશીશોથી બુઝુર્ગોની પાકી કબરો ઉપર ફુલ ચડે છે, ફાતેહા પઢાય છે ઉરસ થાય છે, ગલેફ ચડે છે, સંદલ નીકળે છે, નઝાર નિયાઝ થાય છે. નિશાન ચડે છે જેથી આ કામો પાછળથી કેટલાક લોકોની યુકતીઓથી બંધ થઇ જાય છે તો પણ ઉપલા કારણને લીધે વખત આવે કેટલાક પુરાવા એવા મળી આવે છે કે એ પાકી કબરો ઉપર મુસલમાનોનો વહીવટ હતો અને છે, કારણ કે અમુક વખતે ત્યાં ઉરસ થતો હતો અને લોકો ભેગા થતા હતા.* આ પુરાવાથી એ જમીન પાછળથી પણ બીજાઓના કબજામાં નહીં જતાં મુસલમાનોનાજ કબજામાં રહે છે જેથી મુસલમાનોનો એ બહાને બેહદ જમીન ઉપર કબજો અને હક રહી શકે છે. અને એવી ઘણી જમીનોના કબજા કબરોના આધારે મુસલમાનોને મળેલા છે અને હજુ પણ મળતા જાય છે. આપણા મશહુર અખબાર "પોલીટીકલ ભોમીઆ" એ આને માટે કેટલી બધી લડત ચલાવી છે તે આપણે જોવાનું છે. આમાં આવો મુસલમાનોને જાહેર ફાયદો હોવાથી કેટલાક મતલબવાળા લોકોએ કબરો તરફ મુસલમાનોને અભાવ પેદા થાય એવી યુકતીઓ શોધવા માંડી. તેમણે પોતે તેમાં ઉઘાડા પડી હાથ નાખ્યો નહીં પણ કેટલાક આલિમોને તેમણે પોતાના હાથપર લીધા અને પગાર આપીને તેમની પાસે એવી કોશીશો કરાવી કે જેથી લોકો કબરો ઉપર જવું તથા પાકી કબરો બનાવવી એ તો શું, પણ કબરનો ખીયાલ રાખવો એ પણ બુરૂં સમજવા લાગ્યા. આથી નતીજો એ આવ્યો કે મતલબી લોકો કેટલેક દરજે પોતાનું કામ કરવામાં ફતેહમંદ થયા. જેથી આજ સુધીમાં લાખો કબરો નાબુદ થઇ ગઇ અને તેટલી જમીનોનો કબજો આપણા હાથથી ચાલ્યો ગયો. આપણા ભાઇઓ આ ભેદ સમજી શક્યા નહીં કે આમાં મતલબવાળાઓની કેવી મતલબ છે અને આવુ કરવાથી જમીનો ઉપર આપણો હક બતાવવાનું જે સાધન ઇસ્લામે આપણને આપ્યુ છે તે નાબુદ થઇ જાય છે. આલિમો આ વાતથી ગાફેલ રહ્યા અને તેમણે એવી એવી વાતો કરવા માંડી કે કબરો ઉપર

---

* જે મુસલમાન ભાઇઓ હમેશાં કબરો ઉપર ફુલ ચડાવવા જાય તો તેઓએ કબરો ઉપર [illegible] તાજી રહે. વળી [illegible] ત્યાં જાય તો ચાલવાથી કબ[illegible] [illegible] મળે અને [illegible] [illegible] ચારે તરફની [illegible] પણ [illegible] દાર થાય [illegible] [illegible] સારી રીતે [illegible].

જવું એ શિરક છે. આથી કેટલાક લોકોએ જવાનું છોડી દીધું. હા કેટલેક ઠેકાણે કબરસ્તાનોમાં ગામના આગેવાને સરકારી કામદારોની હુકમથી પોતાના ઢોર ચ વા છોડે છે ત્યારે આલિમભાઇએ આપણને સમજ પાડે છે કે તમે તે બંધ કરાવી શકો છો કારણ કે જનાવરોના છાણ પેસાબથી મુરદાઓને તકલીફ થાય છે. જો આથી મુરદાઓને તકલીફ થાય છે તો પછી તેમની કબરોની સાંચવણીથી શું તેમને ખુશી પેદા ન થાય? અને આપણાં હકો આપણા કબજામાં ન રેહે? મતલબવાળા ભાઇઓએ તમામ મુલક ઉપર કબજો કરી લીધો છે અને હજુ પણ કરતા જાય છે તો પણ આપણા ભાઇઓ તો હજુ કુફર અને શિરકની વાતોમાંજ બરબાદ થઇ રેહયા છે! કેવી કેવી યુકતીએ થાય છે તે કોઇ જોતું પણ નથી. આલિમોને પણ મતલબવાળા ભાઇઓએ કેવા સપડાવ્યા છે તે તેઓ પણ જાણતા નથી. પણ આમાં આપણે મતલબવાળાઓને કાંઇ વાંક કહડી શકતા નથી. કારણ કે દરેકને મતલબ વળગેલી છે. આપણને મતલબ છે તો પછી તેમને કેમ ન હોય!

આપણાજ ભાઇઓ આપણને મુશરિક અને કાફર બનાવી પોત પોતામાં લડાઇઓ જગાવી રહયા છે અને ફાયદા કારક સાધનો નાબુદ કરી રેહયા છે એ કોણ નથી જાણતુ? આજકાલ હીંદુ મુસલમાનોને એક કરવાની વાતો થઇ રહી છે ત્યારે અહીં આપણા ઇલમવાળા સાહેબો આપણામાંજ ફિસાદ જગાવી આપણને નુકસાન પહોચાડી રહયા છે.

હીંદુ સાધુઓ ઠેર ઠેર ધુણી ધીકાવી થાનક બનાવી તુરત એ જમીન ઉપર પોતાનો કબજો કરે છે. મંદીરો ઉભા કરે છે. તેમને તેમ કરવા આવા આઝાદીના જમાનામાં કોઇ રોકી શકે નહીં પણ આપણે આપણાં સાધનો સાચવીએ તો તેમાં તેમને કાંઇ વાંધો હોય નહીં. એ ભાઇઓને તો દરેક ઠેકાણે પોતાના દેવની થાપના કરવાનો રસ્તો ખુલ્લો છે. તેમને કાંઇ કોઇની કબર શોધવાની નથી. કબર તો મુસલમાનોને શોધવાની છે. અને તે દરેક ઠેકાણે હોતી નથી. જ્યાં તેની જગા હોય છે ત્યાંજ હોય છે. જ્યારે હિન્દુઓનાં આવાં થાનકો તો મહોલ્લે મહોલ્લે હોય છે. આવો આમલો હોવાથી [illegible] હમેશાં અનેક ગણુ વધવા પામે છે કારણ કે એ [illegible]માં રિવાજ એવો છે. જ્યારે આવી રીતે થાય છે ત્યારે તેમની સામે તેમને તોલાની સાથે જોડવા તેમની નજીકમાં કોઇ બુઝુર્ગની કબર જોઇને કોઇ માણસ ત્યાં બેસી જાય જેથી બીજા લોકો હમેશાની સોહબત અને વાત

ચીતથી વેહદાનિયત તરફ ખેંચાય છે કારણ કે તેમાં ખુદાની વેહદાનિયતનો રંગ રહેલો છે.* આવી કબરો પથરોની પૂજા કરનારા લોકોને ધીરે ધીરે ખુદાના રસ્તા તરફ ખેંચવામાં અને જોડાણ કરવામાં કામ લાગે છે એટલુંજ નહીં પણ જ્યાં તે હોય છે ત્યાંની તમામ જમીન ઉપર કબજો પણ મુસલમાનોનો રહે છે. મસ્જીદોમાં પણ કોઇ બુજુર્ગોની પાકી કબરો એટલાજ માટે બનાવવામાં આવતી કે કદાચ મુસલમાનોની માઠી હાલતને લીધે તે મસ્જીદો પાછળથી શકિસ્તા થઇ તુટી જાય અને મુસલમાનોમાં તે સમારવાની તાકત રહે નહીં તોપણ જો ત્યાં પાકી કબરો હોય અને ત્યાં ફાતેહા અને ફુલ ચડાવવાનો મુસલમાનોનો વહીવટ જારી હોય તો તે જમીન મુસલમાનોના કબજામાંજ સરકારને રહેવા દેવી પડે. તેના ઉપર બીજા કોઇનો કબજો કદી થઇ શકે નહીં. મસ્જીદની ઇમારત તુટી જાય તો પણ કબરોને લીધે તેની જગા મુસલમાનોના કબજામાંથી કદી જઇ શકતી નથી. કબરોમાં આવા ફાયદા રહેલા છે તેથીજ મતલબવાળા લોકો તેમને નાબુદ કરવા અને

---

* કેટલાક ફકીરો પીરોના છિલ્લા પણ આજ હિસાબે કાયમ કરે છે અને કહે છે અમે અનુભવથી કહીએ છીએ કે તેથી બાતિલ પરસ્તી ધીરે ધીરે ઓછી થાય છે, ગેર કોમના લોકો સાથે જોડાણ થાય છે અને એ છિલ્લાવાળી જમીન પર કબજો પણ ઈસ્લામનો થાય છે. કોઈ પણ બુજુર્ગની અરવાહને સવાબ પહોંચાડવા ફાતેહા ગમે ત્યાથી પઢવામાં આવે તો તેનો સવાબ પહોંચી શકે છે જેમાં કબરની કાંઈ જરૂર હોતી નથી. તેમ કોઇ છિલ્લા આગળથી પણ ફાતેહા દેવામાં આવે તો ખાલી જગાએથી જેમ સવાબ પહોંચે છે તેમ ત્યાંથી પણ પહોંચી શકે છે. છિલ્લા એ કાંઇ કબર નથી તેમ તેમને તેવા માની પણ શકાય નહી મુસલમાનોએ આવા છિલ્લા પોતાના ત્યાં રાખવાના નથી પણ જે લોકોના ઘરમાં અનેક દેવતાઓની થાનકો થતી હોય તેમના ત્યાં કદાચ કોઈ પીરનો છિલ્લો હોય તો તેમાં નવો શિરક શું છે ? આવા છિલ્લા ગેર કોમવાળા ભાઇઓના ત્યાં ઘણા હોય છે જે તેમના મનમાં ઇસ્લામ તરફની મોહબત તાજી રાખવાનું અને સચ્ચાઈ તરફ ખેંચવાનું ઉમદા કામ કરે છે. વળી તેમના ઘરોમાં પીરોના નામના દીવા તેઓ કરે છે તે દીવા પણ આજ કામ કરે છે. ગમે તેમ હોય તો પણ જેને છિલ્લાઓ ઉપર ન જવું હોય અને ત્યાં ફાતેહા ન દેવા હોય તો તેમાં કાંઈ વાંધો નથી તે ત્યાં ન જાય. પણ બીજા લોકો ત્યાં જાય તો તેમને કોણ રોકી શકે એવું છે ? મૂર્તિઓને ઉઘાડે છોગે પુજનારા વેપારી લોકો સાથે પોતાના વેપારની કે, દુનિયાની મતલબની ખાતર મોહબત રાખવામાં આવે છે તો પછી છિલ્લા ઉપર જનારા ભાઇઓ માટે નફરત રાખવામાં આવે તો, તેઓ કેવું માને ? માટે વિચાર કરવાનો છે વિગેરે ફકીરો કહે છે.

લોકોનો તે તરફથી ખીયાલ કહાડી નખાવવા માગે છે. કબરોથી શિરક વધતું નથી પણ આપણે આગળ બતાવી ગયા તેમ ધીરે ધીરે ઓછું થાય છે અને આખરે નાબુદ થાય છે અને છેવટે ખરા ખુદાને માનનારા લોકો પેદા થાય છે. એટલે એકંદરે જોતાં કબરોથી દાવતના કામને ઘણો ફાયદો થાય છે, વેથી હીંદુ ભાઇઓ સાથે જોડાણ ચાલુ રહે છે અને એ કબરો વાળી જમીનો પણ આપણા કબજામાં રહે છે જેનો તમામ કોમની રૈયત ફાયદો ઉઠાવે છે. સરકાર તે કબજે કરી શકતી નથી. આમાં આવા ચોખ્ખા ફાયદા છે અને તે વગર ખરચે અને વગર મહેનતે આપણને—રૈયતને મળી શકે છે તો તે મતલબવાળા ભાઇઓ ન રૂચે એ ઉઘાડુ છે. પણ જ્યારે આપણાજ ભાઇઓ વગર સમજે મતલબવાળા ભાઇઓની શીખવણીથી તેમને નાબુદ કરવા માગે તો પછી બીજાઓને શું કહેવું ? પાકી કબરો આબાદ છે તો મુસલમાનોની આબાદીનાં ઘણા સાધનો આબાદ છે.[1] તે કબરો આબાદ છે તો તેને લીધે ઉપલા ફાયદા પણ આપણને મળી શકે છે અને વળી ત્યાં ખજુર, લોબાન, નારીએલ વિગેરેની નઝર ન્યાઝ ઘણા લોકો તરફથી અબાબ પહોંચાડવા ચઢાવવામાં આવે છે તો એ ચીજોના ઘણા વપરાશથી અને માગણીથી અરબસ્તાન તથા તુરકીને પણ કરોડો રૂપીઆનો ફાયદો થાય છે. પણ જુવે છે કોણ ? હાલ તો બિચારા અરબો અને તુરકો એજ કહી રહયા છે કે અમારે માટે હીંદી ભાઇઓ ભીખ માગી અમને ફાયદો પહોંચાડવા બહાર પડયા છે પણ તેમણે વગર વિચારે અમારો ઉપલો વેપાર તોડી અમારા જે પગ કાપી નાખ્યા છે તેનો બદલો તેઓ શી રીતે વાળી આપવા માગે છે ?

જે કબરો વગર તકલીફે અને વગર ખરચે જમીનોનો કબજો અપાવે છે, હીંદુ મુસલમાનોનું જોડાણ કરાવે છે, શિરક ઓછું કરાવે છે, નઝરો નીયાઝની મારફત અરબસ્તાન અને તુરકીને જબરો ફાયદો પહોંચાડે છે તે

1 બુઝુરગોની કરામતોની વાતો પણ જાહેરમાં આવવાની ઘણી જરૂર છે કારણ કે લોકોનો ખીયાલ તેથી તેમની તરફ બંધાએલો રહે છે અને તેમની કબરો આબાદ રહે છે. આથીજ મતલબવાળા લોકો બુઝુર્ગોની કરામતો તરફથી પણ લોકોના મન હટાવી નાખે છે

કબરો અધિકારી ભાઇઓને ભારે લાગે એ ઉઘાડું છે × અને તેથી તેઓ તેમને નાબૂદ કરવા કોશીશ કરે એમાં પણ તેમનો કાંઈ વાંક કહાડી શકાય નહીં. કારણ કે તેમાં તેમની મતલબ રહેલી છે. પણ આપણા ભાઇઓ જે તેમના હાથપર ચડી ઇસ્લામને નુકસાન કરવા તૈયાર થયા છે તે શું કરી રહયા છે તેનો તેમણે વિચાર કરવાનો છે. દરગાહો, કબરો, ઉરસો, માનતાઓ વિગેરેથી દાવતના કામને ફાયદો થાય છે અને મુસલમાનો હમેશાં સઘે વાતે આગળ વધે છે અને આબાદ થાય છે એટલુંજ નહીં પણ પાદરીઓ ફાવી શકતા નથી આ ચીજો આવી જરૂરની છે તેથી. તે નાબૂદ ન થઇ જાય તેનો ખીયાલ મશાયખો લોકોના મનમાં તાજો રખાવવા હમેશાં લોકોને તે તરફ જોડેલા રાખે છે ત્યારે તેમને કબરપરસ્ત કહી હલકા પાડવામાં આવે છે, અને તેમને તોડી મુસલમાનોને આગળ વધતા અટકાવવા તથા નબળા પાડવા હિકમતો કરવામાં આવે છે. * આ હિકમતોથી આજ સુધીમાં એટલુ બધું નુકશાન થયુ છે કે આપણે દરેક વાતે અત્યારે મોહતાજ થઇ ગયા છીએ. જયારે જમીન દોસ્ત થઇ જવાનો વખત આવ્યો ત્યારે ઇલમવાળા ભાઇઓ જાગ્યા અને ખીલાફતના કામ માટે મદદ કરવા બહાર પડયા. પણ આમાં પણ શું થયું ? જયાં સુધી અવેજ મળ્યો ત્યાં સુધી કામ કર્યું અને અવેજ ન મળ્યો તો થઇ રહયું ! દીનની કોને પડી છે ? દીનનો ઇશક છેજ કયાં ? હાલ તો પોતપોતાની મતલબની સઉને પડી છે. આવુ હોય તો પછી ગમે તે કોમ ઇસ્લામને હફાવે એમાં નવાઇ શું ? આલિમો તો મ્હોડેથી મોટી મોટી વાતો કરે છે અને કબરોનો ખીયાલ રાખવાનું મના કરી મશાયખોને કબરપરસ્ત બતાવી લોકોનું ધ્યાન તે તરફથી ખસેડી નાખે છે અને મુસલમાનોને જમીન કબજે લેવાનાં તથા ટકવાનાં

× પાકી કબરો, ઉરસો, નઝર નિયાઝો વિગેરેનું ધોરણ કાયમ રહેશે અને લોકો તેમને મજબૂત વળગેલા રહેશે તોજ પોતે ટકી ઈસ્લામને ટકવી શકશે. નહીં તો થોડાજ વખતમાં બરબાદ થઇ જવાનો વખત આવશે. કારણ કે હાલ [illegible] ફકત. વધારે આલિમો મતલબવાળા ભાઇઓ તરફથી કામ કરી રહયા છે. તેઓ જાહેરમાં તો સરકાર વિરૂધ્ધ બોલે છે અને તેમ કરી લોકોને [illegible] નાખી કામ કરે જાય છે.

* વ્યાજ જે નાદુરસ્ત છે તેની કેટલાક તરફથી હિમાયત કરવામાં આવે છે કે [illegible] લોકોને અને [illegible] ફાયદો થાય અને આ [illegible] ઇસ્લામને [illegible] ફાયદો [illegible] તેમને [illegible] નાબૂદ [illegible] આવે છે.

જે સાધનો છે તે તરફ લોકોને અણગમો અને અભાવ દેવડાવે છે. જ્યારે આપણા ભાઇઓજ આપણા ફાયદાકારક સાધનો તરફ આવો ખીયાલો રાખે તો પછી બીજાઓને શુ કહેવું ? આ કાંઇ કબરો તથા છિલ્લાઓ પૂજવાની વાત નથી કારણ કે ઇસ્લામમાં ખુદા સિવાય કોઇની પૂજાનો હુકમજ નથી. ફક્ત એક ખુદાજ બંદગીને લાયક છે. ઇસ્લામમાં "કલેમાં"નો માયનોજ એ છે કે ખુદા એક છે. કલેમો પઢનાર સખસ એકજ ખુદાને માનનારો ગણાય છે તો આપણે તેને મુશરિકો સાથે તશબીહ દઇ શકીએં નહીં. કારણ કે તે ખુદા સિવાય બીજાને પૂજતોજ નથી. અહીં પૂજા કે બંદગીનો સવાલજ નથી. કબરો આગળ સવાબ પહોંચાડવા માટે ફાતેહા દેવા એમાં કાંઇ ગુન્હો નથી. [1] કદાચ કોઇ એમ કહે તો પણ તે ઇખતિલાફના આધારે કહેતા હોય તો ઇખતિલાફથી કાંઇ એ વાત તદન હરામ થઇ જતી નથી. જે ચીજ આપણને ઉપયોગી હોય તેની સાચવણી લોકો કરે એ ઉચિત છે. તા૦ ૧૨ ડીસેમ્બર ૧૯૨૨ ના મુંબાઇના રોજંદા પેપર "હીંદુસ્થાન" માં "સીપાઇઓની કબરોને માન" એ મથાળા હેઠળ એવી વાત છપાઇ હતી કે "અસમત પાશાએ જાહેર કર્યું હતું કે સઘળી જાતની કબરો તે ગમે તે પ્રજાની હોય તેને માન આપવાની તુરકોની પ્રશંસનીય ખાસીયત છે. અને ખાસ કરીને જેઓ રણ સંગ્રામ (લડાઇ) માં પડ્યા હોય (શહીદ થયા હોય) તેઓને તો ખાસ માન આપે છે" વિગેરે તેમાં લખ્યુ હતુ. એટલે કબરોની સાચવણીમાં ફાયદોજ છે. દોલત અને મીલકતની સાચવણી કરવામાં કેટલી કેટલી કોશીશો કરવામાં આવે છે તે સઉ કોઇ જાણે છે. પૈસાને સારી સહીસલામત જગાએ સારી દેખરેખથી રાખવાથી અને તેની સારી કદર કરવાથી કાંઇ પૈસાની પૂજા કરેલી ગણાતી નથી. તેમ કબરોને પણ સલામતીમાં રાખવા તેની ઉપર દેખરેખ રાખવામાં આવે અને તેમનો સારી રીતે ખીયાલ રાખવામાં આવે તો કાંઇ તેમની પૂજા કરેલી કહેવાય નહીં. દોલતથી માણસને જમીન મળી શકે છે તેમ કબરથી પણ મળી શકે છે. થોડા પૈસાથી થોડી જમીન મળે છે અને વધારે પૈસાથી વધારે જમીન મળે છે તેજ હિસાબે કબરોથી પણ આપણને જમીન મળી શકે છે. એટલે મુસલમાનો માટે કબરો એ એક ઉમદા સાધન છે. એમાં સમજી મુસલમાનો તેની સલામતી માટે ખીયાલ રાખે તો તેઓ તેમની પૂજા કરે છે અને

[1] આ વિષે ઘણી કિતાબો છપાએલી છે જે તપાસ કરશો તો માલમ પડશે.

કોઇને નુકસાન પહોંચાડે છે એમ કહી શકાય નહી. કબરોની સાચવણીથી આટલા બધા ફાયદા થાય છે તો પણ કેટલાક કડક ભાઇઓ કહે છે કે તેમની જરૂર નથી કારણ કે તેથી શિરક વધે છે, તો બીજાઓ એમ પણ દલીલ કરી શકે કે વેપારમાં લોકો જુઠું બોલે છે, લોકોના નાણા દબાવે છે, વ્યાજ ખાય છે, બીજા હરીફોનો હસદ કરે છે વિગેરે વેપારથી આવી ઘણી બુરાઇઓ થાય છે. તેથી વેપાર બુરી ચીજ છે અને તે છોડી દેવો જોઇએ. તો શું આપણે તે છોડી દઇશું ? અને તે છોડી દેવાથી શું આપણને ફાયદો થશે ? કદાચ વેપારમાં બુરાઇ હોય તો તે સુધારવા કોશીશ કરવી જોઇયે કોઇ પણ વેપાર છોડી દેવાથી કાંઇ ફાયદો થવાનો નથી. બલકે તેથી તારાજ થઇ જવાનો વખત આવે. હાલ ઓલાદ ઘણી ખરાબ થાય છે તેથી ગુન્હાઓનો બોજો ઘણો વધે છે અને દુનિયામાં ઘણો ફિસાદ ઉભો થાય છે. ઓલાદ શાદી કરવાથી થાય છે માટે જેનાથી આવુ દેખીતું નુકસાન થાય તે શાદી કરવાની જરૂરત નથી. શાદી એ એક ફક્ત સુન્નત તરીકો છે માટે જેનાથી ગુન્હા ઘણા વધવાનો અને ફિસાદ થવાનો સંભવ હોય તે સુન્નત અદા કરવામાં ફાયદા કરતાં નુકસાન દેખીતી રીતે વધારે છે એમ કહીને કોઇ શાદીઓ નહીં કરવાની સલાહ આપે તો શું આપણે પરણતા અટકીશું ? અથવા એવી સલાહથી શું કોમ અને દીનનો વધારો થઇ શકશે ? શાદી કરવાથી બુરાઇ પેદા થાય તો તે બુરાઇઓ દુર કરવા કોશીશ કરવી જોઇએ પણ શાદીજ ન કરવી એવું કહેવું એ તો દીનનો અને કોમનો ઘટાડો કરવા બરાબર છે. તો પછી આમાં પણ કાંઇ બુરાઇ હોય તો તેથી મુળ બાબતને તોડી નાબુદ કરી નાખવાની નથી. કબરોના ફાયદા એથી પણ ઘણા છે પણ અહીં લખવાની હાલ તક નથી. જે જાણે છે તેજ જાણે છે. બીજાને તેની માહીતી હોતી નથી.

કાલે ઉઠીને કદાચ હીંદુસ્તાનમાં એવો કાયદો થાય કે જમીન ઉપરની માલકી રૈયતની નહીં ગણાતાં સરકારનીજ ગણાશે અને તે ઉપર જે કોઇ માણસ ઘર બાંધશે તેનો ફકત અમલા એટલે કાટમાલ ઉપરજ હક રહેશે. આવો કાયદો બંધાય તો પણ કબરોવાળી જમીન ઉપરનો હક તો મુસલમાનોનોજ રહે કારણકે તે મુસલમાનોની ધર્માદા વકફ મીલકત હોવાથી બીજા કોઇથી લઇ શકાય નહીં. એટલે કબરો એક એવી ચીજ છે કે જમીનના હક સંબંધી આઇંદા ગમે તેવા કાયદા થાય તો પણ તેની જમીન મુસલમાનોનાજ રૈયતનાજ હવાલે સોંપવી પડે. ત્યારે આવા ઉમદા સાધન-

તરફ લોકોને બેદરકાર બનાવવામાં આવે તો કેટલું બધું નુકસાન થાય એ ઉઘાડું છે. માટે આપણા ભાઇઓએ સમજવું જોઇએ કે કબરો તરફ બે-દરકાર રહેવાની જે હવા ફેલાવવામાં આવે છે તેમાં શું મતલબ રહેલી છે.

કબરો, ઉરસો, નઝર નિયાઝો વિરૂધ્ધ ઘણું બોલી તથા ઘણા રિસાલા છપાવી આપણા ભાઇઓને તેથી બેદરકાર બનાવવાની ઘણી કોશીશો થઇ છે અને હજુ થાય છે અને તેથી આપણા હકોને બેહદ નુકસાન પહોંચ્યુ છે તો પણ ભાઇઓની આંખો ઉઘડતી નથી. * એને માટે ઇખતિલાફ છે અને કેટલાક તેને બીજાઓના ફાયદા માટે પકડી રહયા છે કે એ ચીજો દુરસ્ત નથી. ‡ વેપારમાં હાલ કેટલીક ચીજો નાદુરસ્ત છે તેનો અમલ આપણા ભાઇઓ છડેચોક કરે છે તેથી કાંઇ વેપાર નાદુરસ્ત નથી. તેમ કબરો, ઉરસો અને નઝર નિયાઝોનો સવાબ માટેનો ખીયાલ કાંઇ બુરો ગણાતો નથી. જો કદાચ તેમાં કાંઇ બુરાઇ હોય તો તે દુર કરવા કોશીશ કરવી જોઇએ. માટે દરેક દીનની અને દેશની ખરી લાગણીવાળા ભાઇઓની એ ફરજ છે કે પોતાના હકો સાચવવા કોશીશ કરવી. રાજા રજવાડાઓ, નવાબો, ઠાકોરો, તાલુકદારો, અમીર ઉમરાવો, શેઠીઆઓ તેમજ કુલ ભાઇ-ઓએ આનો વિચાર કરવાનો છે. +

કોઇ ભાઇ કહેશે કે સરકારને તો આપણા જુના બાદશાહોના તથા અમીરોના મકબરા તથા તેમની કબરોની જગાઓનો ઘણો ખીયાલ છે અને તેથીજ એ મકબરા તથા જગાઓ હમેશાં દુરસ્ત રહે તેટલા માટે સરકારે કબજે લીધી છે. ભલે સરકારની તેમાં નીયત નેક હોય, આપણે સરકારનું બુરૂં બોલવા માગતા નથી. પણ સરકારને એ સલાહ આપનાર

* ઉરસો, નઝર નિયાઝો, ફાતેહા, વિગેરે દુરસ્ત છે એવી કિતાબો પણ ઘણી છે, જે મંગાવવાને જોશો તો માલમ પડશે એક તરફી કિતાબો હિકમતથી બહાર પાડવામાં આવેલી હોવાથી આપણા ખીયાલો તે તરફ દોરવાઇ ગયા છે પણ તે દુરસ્ત કહેનારાઓની દલીલો પણ જોવા જેવી છે.

‡ જેમ હાલ ખિલાફતના કામમા કેટલાક ઇલમવાળા ભાઈઓ દોસ્તના રૂપમાં સામેલ થઇ દુશમનની ગરજ સારે છે તેમ આમાં પણ એવાજ ભાઇઓ છે.

× કેટલાક નવાબો તથા અમીર ઉમરાવો ઉરસોનો વધારે ખીયાલ રાખે છે તેમાં તેઓ ઈસ્લામનો ફાયદોજ સમજે છે. આવા લોકોને પણ કેટલાક આપણા ભાઈઓ બુરા ભલા કહેવા ઉભા થાય છે પણ તેઓ શું કરી રહ્યા છે તેનો વિચાર કરવો જોઇએ.

તથા એ ગોઠવણ કરનાર આપણો પેલો ઇસ્લામનો ખરા જીગરનો દોસ્ત લોર્ડ કર્ઝન હતો ! તે વખતે તે હીંદુસ્તાનમાં વાઇસરાય હતો. તેનું વલણ ઇસ્લામ તરફ કેવું છે તે તેની આખી ઉમરની હકીકત કહી આપે છે. ઇરાન, અરબસ્તાન, અને તુરકસ્તાનને નાબુદ કરવામાં ગોરાઓનો હાથ તેનોજ છે. આ વાઇસરોય ઘણો ચાલાક હતો. તેણે હીંદુસ્તાનમાં ફરીને જોયું તો ઇસ્લામીઓની મોટી મોટી જગાઓ જેવી કે તાજબીબીનો મકબરો, હુમાયુનો મકબરો, સફદરજંગનો મકબરો, અકબર બાદશાહનો મકબરો, જહાંગીરનો મકબરો, કુતુબ મિનારવાળી મોટી જગા તથા એવીજ બાજી ઇસ્લામી જાહોજલાલી દેખાડનારી અનેક જગાઓ ઘણીજ શાનો શૌકતવાળી છે. તેણે વિચાર કર્યો કે આ જગા જો આપણે અમલદારી કબજામાં નહીં લઇએ તો મુસલમાનો તેનો કબજો હમેશને માટે પોતાના હાથમાંજ રાખશે ! અને જો એવી જબરદસ્ત શાહી ઇમારતો તેમના હાથમાં રહી તો તેમની જાહોજલાલી અને શાનો શૌકત કાંઇ જુદીજ દેખાશે ! અને તેથી તેમના મગજ પણ ઠેકાણે રહેશે નહી ! વળી તેઓ તેમાં પોતાનું મિશનનું કામ જોરથી ચાલુ કરશે, અથવા બાદશાહોના નામથી મોટા મોટા ઉરસો ભરશે અને તેથી પોતાની હાલત ઘણી સારી અને મજબુત બનાવશે ! વળી તેમાં પોતાના બીજા આગેવાનોને દફન કરી ત્યાં નવી કબરો પણ તૈયાર કરશે જેથી કબરોનો જોર બી વધારો થશે. અથવા કોઇ બાદશાહના વારસદારને ઉભો કરી તેનો કબજો કરાવી પાછળથી કાંઇ ધાંધળ ઉપાડશે અને એ જગાઓને મથકો બનાવી ત્યાં રહયા રહયા પોતાની ચળવળો આખા દેશમાં ફેલાવશે અને આગળ જતાં ઘણી મજબુતી પકડશે ! માટે હમણાથીજ કાંઇ હિકમત કરી એ મોટી શાહી ઇમારતો સરકારના કબજામાં લઇ લેવી સારી છે કે પાછળથી મુસલમાનો તે ઉપર પોતાનો હક બતાવવા બહાર પડે નહીં. આ ખીયાલ દોડાવીને તે અમલદારે તે વખતના કેટલાક આલિમો તથા અખબારવાળાઓને હાથ પર લીધા અને એવી દરખાસ્ત તેમના તરફથી કરાવી કે આ શાહી ઇમારતો દહાડે દહાડે ખરાબ થતી જાય છે. એ મોટા મોટા બાદશાહોની નિશાનીઓ છે પણ તેમને સારી હાલતમાં રાખવાનું કામ જબરા ખરચનું છે જે મુસલમાનોની હાલત તંગ હોવાથી તેમનાથી બનવું મુશકેલ છે માટે સરકાર જો પોતાના હસ્તક લઇ એને વારંવાર દુરસ્તી કરી આબાદ રાખે તો એ ઇસ્લામી નિશાનીઓ સચવાય અને મુસલમાનોની એ વિશેની ચીંતા દુર થાય ! આ પ્રમાણે હિકમતથી માગણીઓ કરાવી અને લોર્ડ કર્ઝન જાણે ઇસ્લામી કોમ પર એક મોટો ઉપકાર કરતો

હોય એમ ઇસ્લામીઓની હમદરદી કરવા તૈયાર થયો ! અને તેણે એ જગા-ઓની દુરસ્તી હમેશને માટે સરકારને માથે નાખી ગરીબ મુસલમાનોનું દુઃખ મટાડવા પગલાં ભર્યાં ! એટલે એ ઉમદા શાહી ઇમારતો જે અત્યારે આપણને ઘણીજ ઉપયોગની હતી તે આપણાજ ભાઇઓની મારફત અમલ-દારોના કબજે કરાવી અને ઉપરથી ઇસ્લામીઓ ઉપર ઉપકારનો ભાર મુકયો ! આ પ્રમાણે સારી સારી જગાઓ આપણો ભાર ઓછો કરવાના બહાને તેણે આપણી પાસેથી હમેશને માટે પડાવી લીધી છે. ત્યાં તમામ વહીવટ સરકારી અમલદારોનોજ છે. તેમણે માણસો પણ પોતાનાજ રાખ્યાં છે. એ જગાઓમાં મુસલમાનો કાંઇ કરવા માગે અથવા તેને કબજે લેવા માગે તો તેમ હાલ કાંઇ ચાલી શકે નહીં. આ આપણી ખાસ ઉપયોગી જગાઓ સરકારી અમલદારોના કબજામાં અપાવી દેવામાં આપણા આ કબરો અને મકબરાઓને શિરક કુફ્ર બતાવનારા ઇલમવાળા ભાઇઓજ હતા. કારણકે તેમણે આવી જગાઓથી શિરક અને કુફ્ર વધે છે એવી જબરી હવા લોકોમાં ફેલાવી હતી. હાલ પણ એ હવા જોરથી ચાલી રહી છે. જેવા બાદશાહોના મકબરા હિકમત કરી લઇ લીધા છે. તેજ પ્રમાણે કેટલાક અમલદારોનો ડોળો બુજુર્ગોની દરગાહો ઉપર પણ છે, કારણકે તે ઇસ્લામી જમાવના જબરા મથકો છે. અને તેથીજ એ જગાઓ તરફ આપણા આલિમ ભાઇઓની મારફત કુફ્ર અને શિરકના વાએઝો કરાવી જબરી નફરત પેદા કરાવી દીધી છે. આથીજ લોકો દરગાહોથી શિરક વધે છે એમ બતાવી તેની દુરસ્તી માટેના ઉઘરાણામાં કાંઇ પણ ફાળો આપતા નથી એટ-લુંજ નહીં પણ તે ફાળો ઉઘરાવનાર માણસને પણ કુફ્ર અને શિરકનાં કામ કરનારો બતાવી વગોવવામાં આવે છે ! આટલા દરજે સુધી આપણા ભાઇઓ એ હિકમતોના ભોગ થઇ પડયા છે ! કયાં સુધી હિકમતવાળા ભાઇઓ ફાવ્યા છે તે જોવાનું છે ! આમાં આપણે સરકારનો વાંક કહાડતા નથી પણ એવા અમલદાર ભાઇઓ સરકારને કેવા રસ્તે દોરે છે અને આપણે તેમને કેવી રીતે મદદરૂપ થઇ પડીએ છીએ તે જોવાનું છે.

કબરોને તોડવા માટે હિકમતવાળા લોકો તરફથી શું શું ચાલાકીઓ વાપરવામાં આવે છે તેનો એક દાખલો હાલમાંજ બહાર આવ્યો છે. મુંબા-ઇનું રોજીંદા "હીંદુસ્તાન" પેપર પોતાના તા૦ ૨૬-૨-૨૪ને મંગળવારના અંકમાં પોતાના તરફથી "**દુનીઆના બનાવો**"ના મથાળાથી એક નાનો લેખ લખતાં જણાવે છે કે "મિસરની લગામ પ્રજાકીય સરકારે હાથમાં

લઇને તુતનખામનની કબર બંધ કરી એક જાણવા જેવું પગલું ભર્યું છે. પરિણામે પ્રજાની ધાર્મિક માન્યતાઓની સામે પડી શોધખોળ કરનારા શોખીન અંગ્રેજો આશ્ચર્યમાં પડયાં છે! આજની લગભગ પાંચ છ હજાર વર્ષ ઉપર ઇ૦ સ૦ પૂર્વે ૨૫૦૦ વર્ષ અગાઉ તુતનખામન નામના બાદશાહને મિસર ખાતે નાઇલ નદીના પટમાં લક્ષરની ખીણમાં દાટેલે હતો. આ ખીણમાં આવેલી કબરની અત્યાર સુધી બહારની દુનિયાને ખબર ન હતી. હમણાંજ થોડા સમય અગાઉ આ ખીણને યુરોપીયન શોધખોળ કરનારાઓએ ખોદવા માંડી. તેમાંથી મહાન ફેરાઓ બાદશાહના ભત્રિજા તુતનખામનની કબર નીકળી. આ કબરની સાથે મરહુમ બાદશાહ સાથે દાટેલાં કેટલાંક સુંદર કારીગરીવાળાં અમુલ્ય વાસણો અને ચીજો મળી આવી! શોધખોળ કરનારાઓની પારકા પ્રદેશોનું દોહન કરવાની સર્વ ભક્ષીવૃત્તિ સંતોષ પામવાને બદલે લોભવૃત્તિથી ખરડાતી ચાલી! "સોનું દેખીને મુનીવર ચલે" તેમ એ અંગ્રેજ શોધકોને કીમતી વસ્તુઓ જોઇને પોતાના સંગ્રહસ્થાનોમાં ઘસડી જવાનો લોભ લાગ્યો પરંતુ ઇજીપ્ત (મિસર)ની પ્રજાકીય સરકારે આ ખોદકામ બંધ કરવાના હુકમ કાઢયા છે. શોધખોળના શોખની ખાતર એ ખોદકામ ચાલુ રહયું હોત તો જરૂર એક સમય એવો પણ આવત કે જયારે તાજમહાલ, કુતુબ મિનાર યા અકબરની મસ્જીદ તળે શું છે એ જાણવાની પણ જીજ્ઞાસા (ઇંતેજારી) થાત! ઇલીઝાબેથ કે નેપોલીયનની કબર ખોદવાની આજે કોઇ વાત કરે તો યુરોપનાં રાજ્યો સામ સામી ટોટા પીસવાનું પણ નાજ ચુકે! ત્યારે સવાલ એ થાય છે કે ઇજીપ્ત (મિસર)ની સરકારના હુકમ સામે અંગ્રેજોનો આટલો બડબડાટ શા માટે?" વિગેરે, એ હીંદુ છાપાએ ચોખ્ખું લખેલું છે.

આથી કબરોને નાબૂદ કરવા દુનિયામાં કેવી કેવી હિકમતો થઇ રહી છે તે આપણા ભાઇઓ જાણતા પણ નથી. મિસરની ઇસ્લામી સરકારે પાંચ હજાર વરસ પહેલાં મિસરમાં ગુજરેલા બાદશાહની એક કબરની સાચવણી કરવા માટે અંગ્રેજ સરકારનો મુકાબલો હાલ જોરથી કરેલો છે અને ગમે તેમ કરી તેને સાચવી છે કે આઇંદા કબરો તરફ કોઇ ગફલતી કરે નહીં; અને આપણા ત્યાં કબરોથી શિરક થાય છે અને બુરાઇઓ વધે છે એવી હિકમતવાળી તાલીમ આપી કબરો તરફ આપણા ભાઇઓના મનમાં બામુબા અભાવ તથા બુરાઇ પેદા કરી તેમને નાબૂદ કરવાના રસ્તા ખુદ આપણા ભાઇઓજ સામાવાળાઓને કરી આપવા મેદાને પડયા છે? હિકમત-

વાળા ભાઇઓની હિકમત કયાં સુધી કામ કરી ચુકી છે તે જોવાનું છે. આપણા ત્યાંનો કદાચ કોઇ ભાઇ કબરની કે દરગાહની તરફેણમાં કે તેની દુરસ્તી માટે જરા વાત કરે છે કે લાગલા આપણા કેટલાક કડક ભાઇઓ તે બિચારાને હસી કહાડે છે 'અને જાણે' તે તદન બેવકુફ અને જાહેલ હોય અને જાણે * પોતેજ ખરા રસ્તાપર હોય એવો દેખાવ કરે છે પણ તેમણે ઉપલી તમામ વાતો જોઇને સબક હાંસિલ કરવાનો છે કે તેમની ગફલતથી હિકતવાળા ભાઇઓ કેટલું ફાવી શકયા છે.

આ સઉ બાબતો મશાયખો સારી રીતે સમજે છે અને બીજાઓના હાથપર નહીં ચડતાં દીનના માટે જાન તોડ મહેનત કરી રહયા છે × તો પણ હિકમતવાળાઓની કારરવાઇઓથી આપણા ભાઇઓ તેમને નકામા બદલામ કરી લોકોને તેમનાથી બદગુમાન કરી રહયા છે. આ બિચારાઓનો એટલોજ કસુર છે કે તેઓ ઉરસો, નઝર નિયાઝો, અને પાકી કબરો તરફથી લોકોનું ધ્યાન ખસવા દેતા નથી. આથીજ એ બિચારાઓને ચારે તરફથી તોડવાની હિકમતો થઇ રહી છે. હિકમતવાળાભાઇઓ તરફથી તેમને હાથપર લેવાની ઘણી ઘણી પેરવીઓ થાય છે પણ તેઓ તો કહે છે કે તમામ ભાઇઓ મારાથી હટી જાય તો પણ તેમની મરજી પણ અમે તો એ વાતોના ભેદ સારી રીતે સમજીએ છીએ તેથી ઇસ્લામના નુકસાનની બાબતમાં કદી પણ હા ભણીશું નહીં. અમે તો જે કરતા આવ્યા છીએ તેજ કરીશું અને રસુલેપાકના ઉપર જાન ફિદા કરનારા બુજુર્ગોની કબરોને જીવના જોખમે સાચવીશું. શું આમાં તેમની દાનત બુરી છે? શું તેઓ દીનના નુકસાનમાં છે? પણ જયાં બુરી હિકમતો તેમની ગરદનો મારવા કામ કરી રહી છે તો બિચારા હવે કેટલું સહન કરી શકશે? હવે તો તેમની તકલીફોનો પાર રહયો નથી. પણ જયા આપણા ભાઇઓજ સમજતા નથી તો બીજાએને શું કહેવું? અફસોસ!

---

* આથીજ કેટલીક જુની દરગાહોની દુરસ્તી કરવામાં મદદ મળી શકતી નથી.

× દીલ્લીવાળા ખ્વાજે હસન નિઝામી સાહેબ ઘણી સારી ખીદમત કરે છે એ કોણ નથી જાણતું?

પ્રકરણ ૧૦ મું

શું ખુદાના પણ ભુલ ?

મશાયખોની વાતો આલિમો સમજ્યા નહીં અને સમજ્યા હશે તો પણ તેમણે તેમને જાણી જોઇને કે અજાણતાં તોડવાની કોશીશ કરી. આથી દાવતના કામને જબરો આંચકો લાગ્યો અને દીનની વાતો ઉઘાડી પડી. તેમણે દાવતનું ધોરણ તોડયું એટલુંજ નહીં પણ જુના લોકો વાતો કરે છે તેમ ગામે ગામ કાજી, પેશઇમામ, બાંગી, વિગેરેનીજે સરસ ગોઠવણ હતી તે પણ સુધારાના નામે જમીન દોસ્ત કરી નાખી. આપણે આપણા ભાઇઓની ખોટી વાતો કરવા માગતા નથી પણ એ ગોઠવણો તુટવાથી આપણને કેટલું નુકસાન થયું છે તે જોવાનું છે. દરેક માણસની ઉંડો વિચાર કરવાની ફરજ છે અને આપણે દેશના ભલા માટે આપણી ફરજ બજાવીએ તો કાંઇ ખોટું મનાય નહીં.

પહેલાં દરેક ગામમાં એવી ગોઠવણ હતી કે ગામના કાજી અથવા મસ્જીદના પેશ ઇમામ ગામમાં જેટલા માણસો ગુજરી જતાં તેની દફતરમાં યાદી રાખતા અને તેના ફાતેહાનો દિવસ આવતો તો તેના ઘરવાળાઓને બાંગી મારફત ખબર પહોંચાડતા એટલે તે દિવસે તે લોકો રાંધીને ગરીબોને ખવાડતા. આમાં મસ્જીદના પેશ ઇમામ, તથા તેમના બાલબચ્ચાં વિગેરે સઉ આવી જતા. દરેક ઘરમાં બાર મહીને મા, બાપ, દાદા, દાદી એ ચારના ફાતેહા તો ઓછામાં ઓછા હોયજ એટલે દરેક ઘર બાર મહીને ઓછામાં ઓછા ચાર વખત તો એ લોકોને ખવડાવે. કદાચ એક દીવસે બે ત્રણ ઘરોના ફાતેહા યાદીમાં સામટા આવે તો તેઓ આગળ પાછળ મુકી ટંક પ્રમાણે ગોઠવણ કરી લેતા. એક ગામમાં જો સો ઘર હોય તો ચારસો ટંક એટલે બસો દીવસ તો કાજી, પેશઇમામ, બાંગી, ફકીર વિગેરેને ખાવાનું પુરૂં થતું. વરસના ત્રણસોને સાઠ દહાડા ગણીએ તો બાકી

એકસોને સાઠ દીવસ અથવા ત્રણસોને વીસ ટંક ખવડાવવાના રહયા. હવે જો દરેક ઘર પોતાના ત્યાં બાર મહીને એક મોલૂદના ફાતેહા, એક ગાસ-પાકની અગીયારમીના ફાતેહા, એક ખ્વાજા સાહેબના ફાતેહા અને એક કોઈ બીજા બુજુર્ગના ફાતેહા એ પ્રમાણે ચાર ફાતેહા ફકત નાના પાયા ઉપર દેવડાવી ઉપલા લોકોને ટંકની સવડ પ્રમાણે ખવડાવે તો ચારસો ટંક એ લોકોને ખાવાનું મળે. એટલે તમામ ઉપલા આઠે ફાતેહાના ટંક ગણતાં એ લોકોનું બારે મહીનાનું ખાવાનું બહાર નીકળતું. અને મસ્જીદના તગારાથી ફકીર મુસાફરોનું પુરું થતું. મહોલ્લાની મસ્જીદનો બાંગી જેના ત્યાં ફાતેહા હોય તેના ત્યાં જઇને ઇજન દેવાની તથા રાંધવાની તથા ખવડાવવાની તમામ સવડ કરી લેતો તથા કાજી પેશ ઇમામ વિગેરેના ઘરની ઓરતો માટે પણ ખુનચો આપી આવતો. બાર મહીનામાં આઠ વખત નાના પાયા ઉપર એટલે પાંચ સાત માણસોને ખવડાવવાનું ગરીબ લોકોથી પણ વગર તકલીફે બની શકતું. આથી તેમને સવાબ મળતો અને મદરસા તથા મસ્જીદના પેશ ઇમામ, બાંગી વિગેરેનુ વગર પૈસે સારી રીતે ગુજરાન થતુ. વળી શાદી ગમીના ટાંકણે એ લોકોને કાંઇક મળતું તથા બંને ઇદોમાં પણ ફીતરા, સદકા, ખેરાત વિગેરેની તેમને તક હતી. મોલૂદ, વાએજ, મોહરમ, અગીયારમી, મજાલિસો, જુમ્માનોપઇસો, ખત્મે કુરઆન, બચ્ચાંઓનાં ખતમ, ખતના, બિસમિલ્લાહ, અકીકો, હીલો, ખેતીના દાણાની મોસમ વિગેરેમાંથી પણ તેમને બાર મહીનાની હાથ ખરચી સુખેથી મળી જતી. બાર મહીનાનું ખાવાનું મળતું અને ઉપરથી બીજા પૈસા પણ હાથ ખરચના વગર માગે ખુશીથી મળતા જેમાં તેમનું ઘણી ઉમદા રીતે ગુજરાન ચાલતું. એટલે એ લોકો ઇલમની ઉજરત માગતા નહોતા તેમ લોકોને તે આપવાની પણ જરૂર પડતી નહોતી. આ ગોઠવણ એવી તો સરસ હતી કે લોકો સવાબની ખાતર ખુશીથી એ લોકોને ખવાડતા અને થોડા થોડા પૈસા આપી બારે મહીનાનું તેમનું સહેલાઇથી પુરું કરતા. અને ખાનારા લોકો પણ વગર ભીખ માગે કે વગર ઉજરતે ખુશીથી પોતાને સોંપેલું કામ કાળજી અને ખતથી બજાવતા. આ ગોઠવણ પહેલાના સમજદાર અને અક્કલમંદ આગેવાનોએ એવી તો ઉમદા ગોઠવી હતી કે પેશ ઇમામ, તથા બાંગી હમેશાં એક ઠેકાણે પગ જમાવીને રહેતા અને તેમને આમ લોકોની કાળજી રહેતી. વળી તેઓ આમલોકોનું સઉ કામ કરી લેતા તેથી તેમને આમલોકો સાથે એવો ગાઢો સંબંધ થઇ જતો કે તેમને કોઇ કહાડવાની ખાહેશ રાખતું નહીં.

મોટા ગામોમાં પણ એમજ થતું. દરેક મહોલ્લાની મસ્જીદના પેશઇમામ અને બાંગી તથા મુસાફરોનો તે મહોલ્લા તથા ગામમાં સારી રીતે વગર અડચણે ગુજર થઇ જતો. મસ્જીદોની દુરસ્તી માટે પણ નિકાહ, દાણાની મોસમ, ખેતી, વેપાર વિગેરેમાંથી મળતી તથા ધર્માદા જમીનોના બણોતની આવતી રકમોમાંથી ગોઠવણ થઇ જતી. આ બધો મામલો કોઇ પણ જાતની તકલીફ કે અડચણ વગર સારી રીતે ચાલતો હતો. હાલની માફક લોકો પાસેથી નાણા ઉઘરાવી તેમને તકલીફ આપવાની જરૂર પડતી નહોતી. સઉ લોક એ ગોઠવણી પ્રમાણે પોતપોતામાં સમજીને નચીંતાઇથી એક જથે રહીને કામ કરતા હતા. પણ આ વાત મતલબવાળાઓને રૂચી નહીં કારણ કે તેમાં સંપની જડ મજબૂત કાયમ રહેતી હતી અને લોકો એક જથામાં જોડાએલા રહેતા હતા. હવે એ જથો કેમ તોડવો તેની હિકમતો થઇ અને જયારથી ઉત્તર હીંદુસ્તાન તરફથી ઇલમ પઢીને ઘણા તાલીબે ઇલ્મો નીકળવા લાગ્યા ત્યારથી મામલો પલટાઇ ગયો. આ લોકોને ફકત દીનનોજ ઇલમ હોવાથી તેઓ તૈયાર કરેલી ગોઠવણી પ્રમાણે ગમે ત્યાં જઇ કોઇ ગામની મસ્જીદમાં કે તેના અંગના મદરસામાં ગોઠવાઇ જવા માટે પહેલાં ઘણી કોશીશ કરતા પણ ઉપલી જુની ગોઠવણને લીધે મસ્જીદ કે મદરસાના અસલના કામ કરનારાઓ ગામલોકો સાથે એવા ગાઢા સબંધથી વળગેલા હતા કે ગમે તેવા તાલીબે ઇલ્મ પણ તેમને તે વખતે કહાડી શકતા નહીં. આ તાલિબે ઇલ્મોએ તેમની જગાએ ગોઠવાવાની ઘણીએ કોશીશ કરી પણ તેઓ ઉપલા બંધારણને લીધે જરાપણ ફાવી શકયા નહીં. મદરસાઓમાં પઢીને આવેલા નવા લોકોનું જયારે કાંઇ ચાલ્યું નહીં ત્યારે હિકમતવાળાઓના મશવરાથી એવો બંદોબસ્ત થયો કે આ જુની ગોઠવણ છે તેને કોઇ રીતે તોડવી જોઇએ કે હાલ જે લોકો ત્યાં કામ કરે છે તેઓ એ ખીજમત છોડી દઇ ગામલોકોથી જુદા પડે અને કાયમનો જથો તુટે. આથી એ લોકોએ ફાતેહા, મોલુદ, અગીયારમી, મજાલિસો જેમાં તે જુના કામ કરનાર લોકોને ખાવાનું મળતુ હતું તેને બિદઅત બતાવવા માંડી અને પોતાના આલિમો પાસે પોતાને મદદ મળે તેટલા માટે એવા ફતવા પણ બહાર પડાવ્યા. તેમણે પોતાના એ આલિમોને કહયું કે આવું થશે તોજ આપણા તાલિબે ઇલ્મોને સાં ગામેગામ ગોઠવાવાની સવડ મળશે, નહીં તો બધા ભટકતા ફરશે. માટે તમે તેમ ! એ લોકો ગામોની મસ્જીદોમાં ગોઠવાય તેવી સવડ કરી આપો કે તેમને પગાર મળે અને તેમનું ગુજરાન થાય. એક વખત તે

ગોઠવાશે તો તેઓ બધું કરી શકશે. કારણ કે પહેલાં તો આપણાં ખાતાંઓ માટે ગામેગામ ચંદા થશે અને લોકોનું તમારી તરફ વલણ થશે. અને જુનો જથો નાબુદ થશે. આ વાત આલિમોને બંને રીતે ઠીક લાગી તેથી તેમણે એ ચીજોને બિદઅત બતાવવા માંડી. તે આધાર લઇને આ તાલિબે ઇલ્મો જયાં મોકો મળતો ત્યાં અવાર નવાર વાએજમાં એવાજ બયાન કરતા અને એવા છાપેલા રિસાલા પણ લોકોને આપતા. આથી પરિણામ એ થયું કે થોડા વખતમાં આપણા કેટલાક ભાઇઓ તેમના કહેવા ઉપર ઉતરી પડયા અને જુની વાતોને બુરી ગણવા લાગ્યા. તેમણે એમ ન વિચાર્યું કે આ જુની ગોઠવણથી કોઇને જરા પણ અડચણ પડતી નથી, તેમ ચંદા માટે પણ કોઇને કાંઇ તકલીફ નથી.

નવા તાલિબે ઇલ્મો જે પોતે ગામેગામ ખુબીથી ગોઠવાવા માગતા હતા તે તો ઘણે ભાગે બહારગામના હતા એટલે તેમનાથી આપણા ત્યાંની જુની ગોઠવણ પ્રમાણે બાયુક રહી શકાય એવું નહોતું. તેમને તો માસિક પગારની ખાહેશ હતી કે જેટલો વખત રહેવાય તેટલો વખત ઇખતિલાફી ઝગડા ઉભા કરી ગામનો જમાવ તોડવો અને જેટલા મહીના રહેવાય તેટલા મહીનાનો પગાર લઇ રસ્તે પડવું અને ગામલોકોને એ પ્રમાણે હમેશાં નવા પેશઇમામ કે નવા હાફેજી માટે શોધમાંજ રાખવા. આવું કરવામાં તે તાલીબે ઇલ્મો પોતાના વડીલ આલિમોની મદદથી ફતેહમંદ થયા અને જુની ગોઠવણ તુટી. આવું થવાથી હવે તેમના પગાર બંધાયા અને ઇલમની કીમત–ઉજરત લેવાનું જારી થયું. આવી ઉજરત લેવા મનાઇ હોવા છતાં તે લેવાના ફતવા એ આલીમોએ આપ્યા અને પગાર આપવાનું ધોરણ બંધાયું. પરિણામ એ આવ્યું કે ગામલોકોને દર મહીને પેશઇમામ, હાફેજી, બાંગી વિગેરેને પગાર આપવાની ચીંતા ઉભી થઇ. પેશઇમામ અને બાંગી એવા બે માણસોને મળીને દર મહીને ઓછામાં ઓછા ત્રીસ રૂપીઆ તો આપવાજ જોઇએ. એટલે બાર મહીનાના ત્રણસોને સાઠ રૂપીઆ ફકત એક પેશઇમામ અને એક બાંગી માટે ગામલોકોને ભરવાના આવ્યા. × પહેલાં જુની ગોઠવણમાં જે કામની અને પૈસાની નચીંતાઇ હતી તે ઉડી ગઇ અને હવે નવી ગોઠવણમાં ચંદા માટે લોકોની ખુશામતો

× ખુદા ન કરે ને આપણી હાલત જો વેપારની મંદીને લીધે કે ધંધાની કમીને લીધે, વધારે નબળી થઈ તો એક પૈસો પણ આપવો આપણને ઝહેર જેવો થઈ પડશે એનો વિચાર કર્યો નથી.

કુરઆનનો અને સારા લોકોને પણ ભીખ માગવાનો વખત આવ્યો. વળી આ ચંદો ભેગો કરવામાં અનેક તરેહની બોલીઓ લોક બોલવા લાગ્યા, અને નકુસાનીઅત વધવા લાગી એટલુજ નહીં પણ ફાળા માટે માંહોમાંહે બેદીલી પેદા થવાથી ટંટા બખેડાનુ પણ જોર વધ્યું. તે ઉપરાંત કદાચ ચંદો પણ થાય તો તેમાં પણ ઘણા ગોટાળા થાય અને મસ્જીદ અને દીન બદનામ થાય. એટલે જુની ગોઠવણ તોડી નાખવાથી આપણા લોકોનેજ સોસવાનું થયું છે. તાલિબે ઇલ્મોનું એમાં કાંઇ ગયું નથી. એમને તો પગાર મળે છે અને વળી લાપરવા પણ છે. કારણ કે તેઓ એમ સમજે છે કે આ મસ્જીદ નહીં તો બીજી મસ્જીદ. તેમને તમારી પરવા નથી પણ ઉલટા તમારે તમારૂં નચીંતાઇનું ધોરણ તોડી લોકો પાસે ભીખ માગી તેમને પૈસા આપવાની નવી ચીંતા વહોરી તેમને ભાઇબ વા કરવાનો વખત આવ્યો છે. તેમની સીડી તો હવે અહીંથી તે ઠેઠ હીંદુસ્તાન સુધી એકજ રીતની ગોઠવાએલી છે. તમે જરા ચું કે ચાં કરશો તો આલિમો જે એ લોકોને મદદ કરવા તૈયાર છે તે તમારી ઉપર કુફ્ર અને શિરકના ફતવા આપવા વાર લગાડવાના નથી. માટે ભાઇઓએ પોતેજ સમજવાનું છે કે આ શિરક, કુફ્ર અને બિદઅતોના સવાલ કઇ હિકમતથી ઉપાડવામાં આવે છે, વિગેરે ગામના આગેવાનો તથા જુના મસ્જીદના મુતવલ્લીઓ સાફ કહી રહયા છે. [1]

કોમ માટે ઇલમ તથા મદરસાઓની બેશક ઘણી જરૂર છે. પણ જે મદરસાઓમાં એવા ભાઇઓ ઇલમ પઢીને નીકળે કે જે મતલબ વાળા ઓના હાથપર ચડેલા આલિમ ભાઇઓની તાલીમમાં તઇયાર થએલા હોય તો પછી દીવસે દીવસે વધારે ખરાબ સંજોગો આપણે મોટે આવે એ ઉઘાડું છે. હાલ જે ઘણા ખરા મદરસાઓ છે અને નીકળે છે તેમાં ઘણે ભાગે કુરાને શરીફ પઢી જાણે તેટલી તથા દીનિયાતના નાના નાના રિસાલા વાંચી શકે તેટલીજ તાલીમ અપાય છે અને તેની પાછળ હજારોનો ખરચ થાય છે.* આટલી તાલીમ તો કોઇ પણ મસજીદનો પેશ ઇમામ સ્થાનિક

---

[1] આ બાબતની ખાતરી ગામલોકોને પુછવાથી થશે. કાસળુક જો દલીલો તેમના તરફની છે

* મદરસાઓના ફંડ માટે આપણે ના કહેતા નથી પણ જેથી વધારે ફાયદો થાય તેવી તજવીજ થવી જોઇએ. એ મદરસાઓમાં "ધંધા" તથા મજુરી-રીના કામ વધુ શીખવાડવા જોઇએ કે ઇલમ પઢીને પાછળથી ભીખ માગવાનો વખત આવે નહીં.

ગોઠવણી પ્રમાણે થોડા ખરચમાં સહેલાઇથી આપી શકે છે. અને જે આપણા હજારો રૂપીઆ હાલના કેટલાક મદરસાઓ પાછળ ખરચાય છે તેનો ઉપયોગ દાવતની તાલીમ આપવાનાં જે અસલ ખાતાં છે તેમાં સારી રીતે થઇ શકે છે. જયાં સુધી આ કિતાબમાં બતાવેલી રૂઢી પ્રમાણે દાવતના ફનમાં કાબેલ થએલા લોકો વધુ પ્રમાણમાં નહીં નીકળે ત્યાં સુધી દીનમાં નવો આવરો કદી પણ વધવાનો નથી. દાવતનો ઇલમ હાલના મદરસાઓમાં અપાતા ઇલમથી ઘણોજ ચડીઆતો છે અને તેનીજ હાલ ઘણી જરૂર છે. હાલના મદરસાઓમાં તેનું ધોરણ છેજ નહીં .કારણ કે તેમાં કામ કરનારાઓ ઘણે ભાગે એ ફનથી અંજાણ છે. મશાયખોના ત્યાં એ ખાતાં હાલ પણ મોજૂદ છે પણ તેમના તરફથી લોકોનું મન તેમને બિદઅતી વિગેરે કહી હટાવી દીધેલું હોવાથી તેમનામાં પણ ઠંડાપણું આવી ગયું છે. તેમને માટે પૈસાની જરૂર નથી પણ હમદરદીની વધારે જરૂર છે. [1] પણ મતલબવાળા ભાઇઓ તેમને માટે લોકોના મનમાં તે હમદરદી પેદા થવા દેવાને પણ ઘણું જોખમ ભરેલુ માને છે કારણ કે જો તે વધારે જોર પર આવે તો દાવતનું કામ બેહદ વધી જાય તથા અરબસ્તાન, તુરકી, કોમ તથા દીન જેને કમજોર કરવાની પોલીસીઓ થઇ રહેલી છે તે પાછા ટટાર થઇ મુકાબલો કરવાની હાલતમાં આવે. અને પાદરીઓના કામમાં પણ નડતર થાય. આવું હોવાથીજ લોકોના મનમાં તેમના વિશે હમદરદી કે દિલસોજી પેદા નહીં થવા દેવાની હિકમતો ચાલુ છે. તોપણ હવે વધારે ચીંતા રાખવાનું કારણ નથી કેમકે આપણા ભાઇઓ મતલબવાળા ભાઇઓની ચાલાકીથી હવે ઘણાખરા વાકેફ થઇ ગયા છે.

મશાયખોનાં ખાતાં પહેલા કરતાં હાલ વધારે જોરદાર થવા લાગ્યાં છે.અને દાવતના ઇલમની ત્યાં સારી તાલીમ અપાઇ રહી છે. * આવા ખાતાં તરફ ભાઇઓની ફકત હમદરદી હોય એટલુંજ બસ છે. આ ખાતાઓમાં ઇલમની શાખાઓ કાયમ છે જયાં દાવતના ઇલમની તાલીમ ઉમદા પાયા ઉપર આપવામાં આવે છે. આમાં કામ કરવાને લાયક હોય તેમનેજ દાખલ કરવામાં આવે છે. દરેકને

---

૧ ખરા અશાખાનું કામ અસલ ધોરણથી ચ૦ સક છે, માટે તેમા આબાદી થવા જોઇએ. તે આબાદ થશે તો કામ જલદી આગળ વધી શકશે, વળી તેમા પણ જોઇતા સુધારા થવા જોઇએ આપણે કંઈ આની ખાસ હીદાયત કરતા નથી પણ ભાઈએ, આગળ એક હકીકત રજુ કરીએ છીએ. મરજીમા આવે તો ધ્યાનમા લે.

નકામા રોટલા ખવાડવા દાખલ કરવામાં આવતા નથી. કામ કરવાને લાયક માણસો તૈયાર થઇને નીકળે તોજ દાવતનું કામ થઇ શકે છે. નહીં તો હાલના મદરસાઓની માફક દરેકને ઘી ખીચડી ખવાડવા અને તેમને પંપાળીને સુંવાળા બનાવી કોમ ઉપર હુકમત કરવા અને તેની ઉપર બોજ નાંખવા તેમને તૈયાર કરવામાં આવે તો લાખોનો ખરચ નકામો જાય, કોમ ઉપરના બોજ અને ઇખ્તિલાફના ઝગડા વધે, દાવતના કામને જબરો ધોકો પહોંચે, કોમની અને દીનની બરબાદી થાય અને મતલબવાળા ભાઇઓ માટે રસ્તો ઉઘાડો થાય. માટે ખાનકાહોના ખાતાઓમાં જોઇ વિચારીને ઉંડી સમજથી કામ લેવામાં આવે છે કે કોમ ઉપર બોજો પડયા સિવાય દાવતનું કામ શાંતીથી ઉમદા રીતે થાય. * જે ખાનકાહો હાલ કામ કરવા જેવી હાલતમાં આબાદ છે તેમને પડતી મુકી નવાં ખાતાં ઉભાં કરવાં એ કાંઇ નહીં પણ જવાનોને ઝેર દઇને મારી નાખવા તથા નાની ઉમરના બાળકો ઉપર આશા બાંધી તમની પાછળ પૈસા ખરચ કરવા તથા વખત રોકવા બરાબર છે એવું આપણે વિચાર કરીએ તો ચોખ્ખું જણાય છે એવી વાતો હવે લોકો ઉઘાડી રીતે કરી રહયા છે.

સાધારણ રીતે મશાયખોને કેટલાક લોકે તરફથી બિદઅતી બતાવવામાં આવે છે અને જાણે બિદઅતોને રિવાજ દેનારાજ એ છે એમ લોકો આગળ કહેવામાં આવે છે. જે ચીજ પયગમ્બર સલ્અમના વખતમાં દીનમાં નહોતી તે શરૂ કરવામાં આવે તેને સાધારણ રીતે બિદઅત કહેવામાં આવે છે. સારાં સારાં વિલાયતી લુગડાં, ઉમદા વિલાયતી ફરનીચર, વિલાયતી ઘોડાગાડીઓ, મોટરો, સારી સારી વીજળી અને ગેસની વિલાયતી બત્તીઓ, ચીનીના ઉમદા વાસણો, રકમ રકમના ઘડીઆળો વિગેરે એવી ચીજો છે કે જેથી પરદેશમાં આપણા લાખો રૂપીઆ ઘસડાઇ જાય છે. તેથી પાંચસો આલિમોએ એવો ફતવો આપ્યો છે કે પરદેશી માલ વાપરવો એ નાજાએઝ છે કારણ કે એ ચીજોની ખરીદીથી પરદેશને લાંખો રૂપીઆનો ફાયદો થાય છે. આ હિસાબે આ ચીજો વાપરવાના કામને ગુન્હા તરીકે બનાવવામાં આવ્યું છે એટલુજ નહીં પણ તે ચીજો નવી નીકળેલી અને આલિમોના ફતવા વિરૂધ્ધ વપરાતી હોવાથી

---

* આપણે આથી કાંઇ હાલના મદરસાઓનું બુરૂં બોલવા માગતા નથી. પણ દાવતના શીરતી ખાતાના કામની હકીકત સમજાવીએ છીએ; કે હાલના સંજોગોમાં તેની કેટલી બધી જરૂર છે મદરસાઓની પણ ઘણી જરૂર છે પણ તેમાં વધુ સંગીન કામ થવાની ગોઠવણ થવી જોઇએ.

બિદઅત પણ ગણાઇ શકે છે કારણ કે તેથી દીનમાં નુકસાન આવે છે એવું સાફ કહેવામાં આવ્યું છે. + વળી હાલના ઉમદા મકાનો, ઉમદા ભોજનો, ઉમદા લિબાસો, વિગેરેથી પણ ઇસરાફ થાય છે. એક તરકારીથી ચાલે એવું હોય છે તો પછી બેચાર તરકારીઓ દસ્તરખાન પર આવે તો તે ઇસરાફ તરીકે ગણાઇ શકે કારણ કે તેટલા પૈસા બચે તો કોઇ ગરીબોના કામ લાગે. હવે આવી વાતો તો આપણેજ કરી રહયા છીએ અને બદનામ બિચારા મશાયખો થાય છે. એ વાત ખરી છે કે મશાયખો એવી ચીજો વાપરનાર ભાઇઓના ત્યાં બેધડક જાય છે અને એમની સાથે ઘણી માહબતથી મળે છે. પણ ન મળે તો શું ભાઇઓને છોડી દે? તેઓ તો તેમના ત્યાં ખુશીથી જાય છે કે લોકોને તેમનો કાંઇક ખીયાલ રહે અને હીદાયત થાય. મહાન હઝરત સલ્અમ પણ એ પ્રમાણે જતા જેથી લોકો સુધારા ઉપર આવતા. મશાયખો બિચારા સારી નીયતથી કામ કરે છે તોપણ 'મને કોણ જશ આપે છે? વિગેરે લોકો કહે છે.

આપણામાં બદફેલી કરવાનાં, વ્યાજ ખાવાનાં, જુઠું બોલવાના, શરાબ પીવાનાં, ગરીબોને સતાવવાનાં, હકદારોના હક ડુબાવવાનાં, હસદ કરવાનાં, ગીબત કરવાનાં, નાટકો અને તમાશા જોવાનાં, રંડીઓ નચાવવાનાં, ઓરતોને દુઃખ દેવાનાં, માબાપનું નહીં સાભળવાનાં, વકફના માલનો હીસાબ નહીં આપવાનાં, ધર્માદા નાણાનો પોતાના કામે ઉપયોગ કરવાનાં, પુરી જકાત નહીં કહાડવાનાં, નમાઝ નહીં પડવાનાં, રોજા નહીં રાખવાનાં, મુશરીકો માટે જલસા કરી તેમના ગુણ ગાવાનાં, ખરાબ લોકોની સોબતમાં પૈસાની બરબાદી કરવાનાં, દુનિયાની ખાલી આબરૂ મેળવવા હજારો રૂપીઆ ઉડાવી દેવાનાં, સટ્ટા કરવાનાં, પોતાની મતલબ માટે બીજાને સતાવવાનાં, અકલ, ઇલમ, પૈસા, હુકમત, જવાની, વિગેરેના

+ આપણે કાંઇ આની વિરૂધ્ધ બોલતા નથી, પણ દલીલને ખાતર હાલના સંજોગ સમજાવીએ છીએ. બિદઅતો તો ઘણી છે પણ જે ફાયદાકારક બિદઅતો છે તે સારા ગણાય છે અને જે નુકસાનકારક બિદઅતો છે તે બુરી ગણાય છે તગાવીહ, હાલના મદરસા હાલની મસ્જીદો, તફસીરો, ચાર મઝહબો વિગેરે પણ પાછળથી હસ્તીમા આવેલ છે પણ તે ફાયદાકારક હોવાથી બિદઅતે હસના એટલે સારી કહેવાય છે હવે આ વિલાયતી ચીજો નવી બનેલી છે અને તેને પાનસો આલિમોનો ફતવો નુકસાનકારક બતાવે છે તો તે બિદઅતે સઇયેઆ-બુરી ગણાય એ દેખાતું છે. આ ખપરાતી ચીજોની વિરૂધ્ધ આપણે કાંઇ બોલવા માંગતા નથી: જે જેની મરજીમાં આવે તેમ ચાલે પણ દલીલને ખાતર આટલું કહેવું પડે છે.

તોરમાં બીજાઓને હલકા ગણુવાનાં, એનમાજીઓના હાથનું ખાવાનાં, દહાડી મુંડાવવાનાં; લોકોમાં લડાઇ સળગાવવાનાં, અનામત પચાવી પડવાનાં, ખોટી જુબાની આપવાનાં, જુઠા વાયદા કરવાનાં, બીજાઓને હલકા પાડવાનાં, લોકોની નીંદા કરવાનાં કામો કરવાનો તો આપણામાં રિવાજ થઈ ગયો છે અને આપણેજ મશાયખોને કહીએ છીએ કે તેઓ બિદઅતી છે! મશાયખો વેહદાનિયતના કાયલ છે અને હમેશાં એજ કહે છે અલ્લાહ સિવાય બીજો કોઇ ખુદા ઇબાદતને લાયક નથી તોપણ તેમને કેટલાક ભાઇઓ મુશરિક બનાવે છે. પણ પેગમ્બરોને લોકોએ છોડયા નથી તો પછી મશાયખોનો શું આસરો? એમ મશાયખોએ સમજીને ચુપ થઇ ચાલવું જોઇએ.

કેટલાક હીંદુભાઇઓ પોતાના ગુરૂના પગ ચુમે છે તેવી તરેહ તેમના રિવાજ પ્રમાણે મશાયખોને પણ મહાત્મા સમજી તેમના પગ ચુમે છે તો તેમાં પણ કડક ભાઇઓ એ ઇલઝામ મુકે છે કે તેઓ સિજદા કરાવે છે. પણ અસલ વાત એમ છેજ નહીં. હીંદુભાઇઓના ત્યાં પોતાના ગુરૂના પગે પડવાનો ખાસ રિવાજ છે. જો તેમને તેમ કરતાં કોઇ રોકે તો તેમને નેકી કરતાં અને સવાબ મેળવતાં જાણી જોઇને રોકવામાં આવે છે એમ માની તેઓ નારાજ થાય છે અને આવવાનું મુકી દે છે. એટલે હિદાયતનો રસ્તો બંધ થઇ જાય છે. એ ભાઇઓમાં પવન, પાણી, આગ, ધાતુ, માટી, પત્થરની મુર્તી, સૂરજ, ચાંદ, તારા, વિગેરે આગળ માથુ ઝુકાવવાનો રિવાજ છે એટલે તેમ કરવામાં તેઓ શિરક કરે છે એમ તેઓ કયાં ગણે છે? આવો સતર આની શિરક કરવાનો તેમનામાં મહાવરોજ છે, પણ ઉપલી જીવ વગરની ચીજોને ઝુકનારા જ્યારે મશાયખોની સોહબતમાં બેસે છે ત્યારે આપો આપ તેમની બુતપરસ્તી છુટવા લાગે છેઅને દીવસે દીવસે શિરક ઓછું થઇ ખુદાની રોશની તેમનામાં ઝળકે છે* એટલે મશાયખો તો તેમને ખુદાના રસ્તા તરફ લાવવાનું કામ કરે છે. તેમને શિરકથી કાંઇ વાસતો નથી. તેમની વ્યવસ્થાથી તો છેવટે વેહદાનિયતના ફણુગા ફુટે છે. તેઓ ખાનકાહો અને દરગાહો બનાવે છે અને

---

* અસહાબે કહેફના કુતરાને નેક લોકોની સોહબતને લીધે જન્નતી ગણવામાં આવ્યો છે નહીં તો કુતરાને માટે તો એવું છે કે તે જ્યાં હોય છે ત્યાં રહેમતનો ફરિસ્તો પણ આવતો નથી. જ્યારે કુતરાને સારી સોહબતને લીધે જન્નતનો રસ્તો મળ્યો છે તો પછી આદમીને કેમ ન મળે?

એજ ખાનકાહે મિશન—દાવતનું કામ ઉમદા જાણે છે. રોજા અને દરગાહો બનાવવાનું કામ કાંઇ ગુન્હાવાળું નથી; જો તે બનાવવાનું કામ ઠીક ન હોત તો પયગમ્બર સલ્લમનો રોજો મુબારક હસ્તીમાં આવત નહીં. બીજા બુજુર્ગોના પણ ઘણા રોજા મોજુદ છે અને તેથી સારૂં કામ થાય છે. એટલે એકંદરે જોતાં મશાયખોનું ધોરણ ગેરખુદાને સિજદો કરાવાનું કે શિરક કરાવાનું નથી પણ આગળ જણાવ્યા પ્રમાણે લોકોને ધીરે ધીરે વેહદાનિયત ઉપર લાવવાનું છે જે જાહેર જોનારાઓના ધ્યાનમાં એકદમ આવી શકતું નથી.

ઘણા ભાઇઓ જેમ ઉપલી પેશઇમામ અને બાંગી વાળી જુની ગોઠવણની ભુલો કહાડે છે તેમ મશાયખોની પણ ભુલો કહાડયા કરે છે. તેમનામાં ઘણી ભુલો હશે એ વાત ખરી છે. પણ ભુલો કહાડવી સહેલી છે પણ મશાયખોના જેવું દાવતનુ કામ કરવું ઘણું મુશકેલ છે. જાનવરો નદીમાં પાણી પીવા જાય છે ત્યારે તેના પાણીથી ફાયદો મેળવે છે અને તેમાં પેસાબ પણ કરતા જાય છે. જાનવરો નદીથી ફાયદો મેળવી નદીનું અપમાન કરે છે તો પણ નદી તો એક હરફ બોલ્યા સિવાય ફાયદો પહોંચાડેજ જાય છે. મશાયખોની દાવતના કામથી ભાઇઓ કુફરના અંધારામાંથી ખુદાના નુરની રોશનીમાં આવ્યા છે તેજ ભાઇઓ ફાયદો મેળવ્યા પછી મશાયખોને બિદઅતી અને શિરક કરનારા કહી તેમનો તીરસ્કાર કરે છે એ પણ મશાયખો એ ભાઇઓની ખાતર સહન કરે જાય છે. ભાઇઓ મશાયખોની ભુલો કહાડે છે અને મશાયખો તેમના ભલા માટે ખુદા આગળ દોઆ માગે છે કે ખુદા તેમનું ભલું કરે. જે માણસને ભુલો કહાડવાની ખાહેશ છે તે તો (નઉઝો બિલ્લાહ) ખુદાના કામમાં પણ ભુલો કહાડવા તૈયાર થઇ જાય છે.

એક બુજુર્ગે એ વિશેનો એક દાખલો આપ્યો છે કે એક વખત એક માણુસ બહારગામ જવા નીકળ્યો. રસ્તામાં ચાલતાં એક તળાવ અને આંબાના ઝાડ જોયા તો ત્યાં બપોર વખત તેને આરામ લેવાની ખાહેશ થઇ. ઉનાળાનો દહાડો હોવાથી ગરમીમાં નહીં ચાલતાં તે ત્યાંઆંબાના ઝાડ નીચે આરામ લેવા સુતો એટલામાં પાસેના ખેતરમાંથી એક માણુસ છીંડામાંથી નીકળ્યો. તેણે પેલા સુનારને સલામ કરી અને કયાંથી આવ્યા, કયાં જાઓ છો વિગેરે હકીકત પુછી. પેલાએ તેનો જવાબ આપ્યો અને સાધારણ વાતો કરતાં કરતાં તેણે પુછ્યું કે આ ખેતરમાં તમે શું વાવો છો? તો પેલા ખેતરવાળાએ કહ્યું કે ઓણુ સાલ તો કોળાં વાવ્યાં હતાં અને પાક સારો

ગયો હતો. થોડી ઘણી વાતચીત થયા પછી ખેતરવાળો ખેતર તરફ પાછો ગયો અને પેલો મુસાફર ત્યાં સુતો સુતો વિચારમાં પડ્યો. તેના મનમાં તરંગ ઉઠવા લાગ્યા કે કોળાનું ફળ લગભગ દશ શેર જેટલું મોટું હોય છે તેને એક વેલા જેવા નાના ઝાડ સાથે ખુદાએ લગાડી દીધું છે અને આ આંબાનું ઝાડ આટલું મોટું છે તોપણ તેને ફક્ત નવટાંક કે પાશેર જેટલીજ કેરી લગાડી છે. તો શું એમાં ખુદાની ભુલ થઇ નથી? મોટા ઝાડને મોટું ફળ જોઇએ અને નાનાને નાનું જોઇએ. આ આંબાનું ઝાડ આટલું મોટું છે તેને એ કોળાનું ફળ લગાડતાં ખુદાને શું નડતર થતી હતી? એવા એવા તરંગોથી તે ખુદાની ભુલ કહાડી રહયો હતો તેટલામાં પવનના સપાટાથી આંબાની એક કેરી ઉપરથી ટુટી અને તેના કપાળ પર એવી તો જોરથી વાગી કે ચક્કર આવી ગયા, અને મોટું ઢીમડું ઉઠયું. સખત માર લાગવાથી તે એવો તો ચુપ થઇ ગયો કે તેના પેલા તરંગો સમી ગયા અને તેને ભાન આવ્યું કે નવટાંકીઆ કેરી હતી તોજ હું બચ્યો. જો કોળા જેટલું દશ શેરનું ફળ હોત તો બાર વાગી જાત. હવે આમાં કાંઇ ખુદાની ભુલ નહોતી. ખુદાએ તો બરાબરજ પોતાની કુદરત માફક કર્યું હતું પણ પેલા ભાઇની સમજ ઉલટી હોવાથી તેને ખુદાની ભુલ જણાતી હતી. પણ જ્યારે સમજ પડી ત્યારે તેણે કબુલ કર્યું કે આમાં ખુદાની ભુલ નથી પણ મારીજ ભુલ છે.

આજ પ્રમાણે આપણા કેટલાક ભાઇઓ ભુલો કહાડે છે અને પછી સમજે છે ત્યારે પસ્તાય છે. મશાયખોની બાબતમાં પણ એમજ થવાનું છે. આ કિતાબ વાંચ્યા પછી તેમને જરૂર માલુમ પડવાનું છે કે મશાયખો ભુલ ઉપર નથી પણ લોકોની સમજ ફેરથી એવું દેખાય છે. ખરા આલિમ તથા ખરા પરહેજગાર તેઓજ છે તેમને તમામ પ્રકારનો દાવતનો સઉથી ચડતો ઇલમ હોય છે તેમ તેઓ ઘણી જબાનો જાણે છે જેથી તેઓ લોકોને ખુદાના રસ્તા તરફ ખેંચે છે. વળી તેઓ તે કામ માટે કોઇ પાસે એક પાઇ સરખી પણ માગતા નથી પણ ખુદા ઉપર ભરોસો રાખીનેજ પોતાનું કામ કરે જાય છે. એટલે તેઓ ભુલ ઉપર નથી પણ ખરી નેકીના કામ ઉપર છે. જે માણસો ખુદાના રસ્તાનો પુરેપુરો ઇલમ જાણતા હોય અને લોકોને તકલીફ આપ્યા વગર ખુદાના ભરોસા ઉપરજ કામ કરતા હોય તો તેમને લોકો મોટા આલિમ તથા પરહેજગાર ગણે અને તેમને વળગેલા રહે

એમાં લોકોની ભુલ કહાડી શકાય નહીં. પણ આપણા મતલબવાળા ભાઇઓને એ પસંદ પડતું નથી. તેમને તો મશાયખોને જેમ લોકો તેમની ભુલો કહાડી વધારે બુરા કહે અને ખોટા ગણે તેમાંજ સંતોષ થાય છે એવું કેટલાકનું કહેવું છે.

મશાયખોને લોકો ધર્મગુરૂ તરીકે માનતા હતા તેથી મુસલમાનોનું બંધારણ—**સંગઠન** મજબૂત હતું. આ બંધારણની મજબૂતીથી મતલબવાળા પરદેશી અમલદાર ભાઇઓને ઘણી ધાસ્તી લાગતી હતી તેથી પહેલાં તો તેમણે મશાયખોની જે તે વાતમાં ભુલો બતાવી તેમને તોડવાની હિકમતો કરવા માંડી કે જેથી તેમનું વજન નાબૂદ થઇ જવાથી ઇસ્લામી જમાવની મજબુતી તુટી જાય અને લોકો એ સંગઠનથી હટી જઇ એક બીજાથી વિખૂટા પડી જાય. આ કામ કરાવવા માટે એ મતલબવાળા ભાઇઓએ આપણા કેટલાક આલિમ ભાઇઓને હાથ પર લીધા અને મશાયખોને બિદઅત, શિરક, કુફર, વિગેરેનાં કામ કરનારા અને ઇસ્લામને બુરાઇ તરફ લઇ જનારા તરીકે જાહેર રીતે બતાવી તેમનું વજન ઇસ્લામી આલમમાં તદન ઓછું કરી નાખવા બાજીઓ રચવા માંડી. આલિમ ભાઇઓ હિકમતવાળા ભાઇઓની આ શેતરંજની રમતનો દાવ સમજી શકયા નહીં કારણકે તેમને અંધારામાંજ રાખવામાં આવ્યા હતા. તેથી તેઓ કેટલાક અમલદારોની શીખવણીથી દીનની ખીદમત કરવાના નામે મશાયખોને ચોતરફ બદનામ કરવા તનતોડ કોશીશ કરવા લાગ્યા. નતીજો એ આવ્યો કે મશાયખો જે ધર્મગુરૂ તરીકે બધે વજન ધરાવતા હતા તે તેમનું વજન લોકોમાં ઓછું થવા લાગ્યું અને ધર્મગુરૂઓ બધા ઢોંગી છે એવી હવા તેમણે બધે જોરથી ફેલાવી લોકોના મન ઉપર તેમની જે છાપ હતી તે મટાડી દીધી. આ ચેપ ફેલાતાં ફેલાતાં હિકમતવાળાઓની હિકમતથી ઠેઠ તુરકસ્તાન સુધી જઇ પહોંચ્યો. ધર્મગુરૂ એ શબ્દ આવતાંજ લોકોના મનને કંટાળો છુટવો શરૂ થયો. એટલે "**ખલીફ.**" જે ધર્મના વડા તરીકે મોટા ધર્મગુરૂ મનાતા હતા તેમના માટે પણ લોકોના મનમાં અનેક વસવસા પેદા થવા લાગ્યા કારણકે ચારે તરફથી એવી જાળો પથરાતી હતી. અને આખરે "ખલીફા"ની કાંઇ જરૂર નથી, એથી ઇસ્લામની તરક્કીના રસ્તા જોઇએ તેવા ખુલ્લા થતા નથી, એવી જોરથી દલીલો થવા લાગી, અને ખીલાફત તોડવાના સંજોગો લાવી મુકયા. "સાંજ વર્તમાન" અખબાર તા૦ ૫ માર્ચ ૧૯૨૪ના અંકમાં ખબર આપે છે કે "મુસલમાન ભાઇઓ માટે એક બહુજ ચોંકાવનારી ખબર મળી છે. તે ખબર જેટલી ચોંકાવનારી

…જ તે … ઇસ્લામી દુનિયાની …ની લાગણી દુખાવનારી છે. … … ઉપરથી … મળ્યો છે કે અંગોરાની રાજ સભાએ નામદાર ખલીફાને પદભ્રષ્ટ કર્યા છે અને "ખલીફા'નો હોદ્દો કહાડી નાખ્યો છે. . . . . નામદાર ખલીફાને પદભ્રષ્ટ કરી અને ખલીફાનો હોદ્દો નાબુદ કરી આખી દુનિયાના મુસલમાનોને સખત આંચકો માર્યો છે. . . . . ખલીફા તુરકીમાંજ નહીં પણ દુનિયાના ગમે તે ખુણામાં વસતા મુસલમાનોના ધર્મગુરૂ છે. તેમની સત્તા ઇસ્લામનો દરેક સાચો મુરીદ સ્વિકારવાને કદી આનાકાની કરી શકેજ નહી. . . . . . . ના. ખલીફા એકલા તુરકીનાજ હતા અને તુરકી મુસલમાનોજ તેમને પોતાના ધર્મગુરૂ તરીકે ગણતા હતા એવું કાંઇ નથી. દુનિયાના સઘળા મુસલમાનોના ધર્મગુરૂ તરીકે ગણાવાનો પોતાનો દાવો નામદાર ખલિફા ધરાવે છે, અને તે દાવાનો ઇનકાર નામદાર ખલિફાનુંજ નહીં પણ કુરાને શરીફના પાક ફરમાનોનું દેખીતું અપમાન છે.[1] નામદાર ખલિફાનું અપમાન તે આખી દુનિયાના મુસલમાનોનુ અપમાન છે." વિગેરે સાંજ વર્તમાન છાપાએ ચોખ્ખું લખેલું છે. મશાયખો—ધર્મ ગુરૂઓનું વજન ઓછું કરવામાં હિકમતવાળા ભાઇઓની આ હિકમત હતી અને હાલ તો તેઓ કેટલેક દરજ્જે ફાવ્યા છે. તેમની હિકમતોને આપણા ભાઇઓની વગર સમજની કોશીશથી કેટલી જબરી મદદ મળી છે તે આપણા ભાઇઓ હવે પુરતી રીતે જોઇ શકશે. ના. ખલીફા એ વડા ધર્મગુરૂ તરીકે હોવાથી વડા મશાયખ હતા. અને એમને તોડવા માટેજ મશાયખોને તોડવાની બાજીઓ રચાતી હતી એ આથી સાફ જોઇ શકાશે. હાલના આપણા અહીંના ભાઇઓને ખુદાના ફઝલથી ઇલમ, સમજ, અને અનુભવ હોવાથી હવે સઉ બાબતો તેઓ સારી રીતે સમજી શકે છે એટલે આટલો ઇશારો ફક્ત બસ છે.

---

[1] ખલીફાનો હોદ્દો કહાડી નાખવાની જે ખબર હાલ આપણને મળી છે તે ખુદા ખોટી પાડે કદી એક વખત આપણા સંતોષ માટે ખોટી પાડવામા આવશે તોપણ પાછળથી તે ખરીજ છે એમ જાહેર કરવામાં આવશે. કારણકે તે હોદ્દો નાબુદ કરવાની બાજીઓ રચાઈ ચુકી છે. પણ ખુદા ધર્મનું વડપણ તો હમેશાં કાયમજ રાખશે.

પ્રકરણ ૧૧ મું

હીંદુ મુસ્લિમ જોડાણ.

કુરાને શરીફમાં ફરમાવ્યું છે કે "અમે તને સર્વ કોમ અને સર્વ લોકો માટે (પયગમ્બર તરીકે) મોકલ્યો છે. તને અમે ખુશ ખબર આપનાર તથા ચેતવણી આપનાર તરીકે મોકલ્યો છે. પણ ઘણાં માણસો જાણતા નથી."*

"અને અમે તને હે મોહમ્મદ, ખાસ સર્વ આલમ (જગત) માટે એક રહેમત (પ્રસાદ—આશિર્વાદ) તરીકે મોકલ્યો છે."†

"ખુદા તેજ છે જેણે પોતાના પયગમ્બરને રસ્તો દેખાડનાર અને સાચા ધર્મ સહીત મોકલ્યો છે તેટલા માટે કે તે તે ધર્મને બીજા બધા ધર્મથી ચડીઆતો બનાવે."‡

"હે લોકો, અમે તમને એક મરદ અને એક ઓરતમાંથી પેદા કર્યા છે અને અમે તમને જુદી જુદી કોમ અને જુદા જુદા ખાનદાનના બનાવ્યા છે કે તમે એક બીજાને ઓળખી શકો."×

"અને તમારામાંથી કેટલાક લોકો એવા હોવા જોઇએ કે જે ભલાઇ તરફ માણસોને બોલાવે અને નેક વાતો કરવા સમજણ પાડે અને બુરી વાતો કરવાની મના કરે. અને આવા લોકોજ નેક બદલો મેળવનાર છે."+

કુરાને શરીફમાં બયાન કરેલી ઉપલી વાતો જોતાં માલમ પડે છે કે મહાન હઝરત પયગમ્બર સલ્અમને તમામ દુનિયા માટે ખુદાએ દાવતનું કામ કરવા મોકલ્યા હતા અને તે પણ રહેમત એટલે એક આશિર્વાદ તરીકે મોકલ્યા હતા.※ તેઓ સાચો ધર્મ લઇને આવ્યા હતા અને એ ધર્મને બીજા તમામ ધર્મો કરતાં તેમને ચડીઆતો સાબિત કરી બતાવવાનો

---

* કુરાને શરીફ—સૂરતુસ-સબા, આયાત ૨૭-૨૯

† કુરાને શરીફ—સૂરતુલ અંબીયા. આયત ૧૦૭

‡ કુરાને શરીફ. સૂરતુસ સફા. આયત ૮-૯-૧૦

× કુરાને શરીફ. સૂરતુલ હોજોરાત આયત, ૧૩

+ કુરાને શરીફ. સૂરતુલ-આલે ઇમરાન. આયત ૧૦૪

※ આખા જગત માટે આ ધર્મ નીમાઇને આવેલો છે એ આથી જોઈ શકાય છે આ આયતમાં ઈશારો મશાયખો તરફજ છે કારણકે કુફરની બુરાઈમાંથી

હતો. વળી તેમને એ પણ લોકોને જણાવવાનું હતું કે આપણે બધા એકજ મરદ અને એકજ ઓરતમાંથી પેદા થએલા હોવાથી એક બીજાના ભાઇ છીએ. જ્યારે તમામ માણસો આપણા ભાઇ છે તો પછી આપણને જે સારી અને આપણું ભલું કરનારી ચીજ મળી છે તેનો લાભ આપણે આપણા બીજા ભાઇઓને પણ આપવો જોઇએ કે આપણી સાથે તેમનું પણ ભલું થાય. અને આને માટે એક ખાસ ગિરોહ લોકોને દાવત દેવા હમેશાં કાયમ રહેવો જોઇએ. આપણને આવી ચોખ્ખી તાલીમ મળેલી છે તો પછી આપણે આપણી તાલીમ પ્રમાણે ચાલવું જોઇએ. મશાયખો આ ધોરણ ઉપરજ ચાલી રહ્યા છે અને મહાન પયગમ્બરની ખાસ પેરવી કરી રહ્યા છે કે જેથી દીનની સચ્ચાઇ સાબિત થાય, લોકો ખરા રસ્તા તરફ ખેંચાય, અને ભાઇચારો કાયમ થાય. મશાયખો આવા ખરા રસ્તાથી દાવતનું કામ કરી મહાન પયગમ્બર સલ્અમની વાતને સચાવી રહ્યા છે તોપણ તેઓ દીનની ખીદમત બરાબર નહીં કરતાં ઉલટા ચાલે છે એમ વારંવાર બતાવવામાં આવે છે. પણ ભાઇઓએ યાદ રાખવું જોઇએ કે એ ફક્ત સમજ ફેરનુંજ પરિણામ છે. મશાયખોએ તો એ કામ ખરા દીલથી લાંબા વખતથી ઉપાડી ખરો ભાઇચારો જમાવ્યો છે, અને એકતાની લાગણી ભાઇઓ ભાઇઓમાં એવી તો મજબુત કરી છે કે લગભગ આઠસો વરસ થઇ ગયાં તોપણ તે લાગણી તુટવા પામી નથી. હાલ પણ હજારો બીજા ભાઇઓ મશાયખોને ઘણા માને છે અને તેમને પોતાના ખરા ખેરખ્વાહ સમજી તેમની વાત માથે ઉપાડે છે. કારણકે તેમની એકતામાં કોઇ પણ જાતની મતલબ કે સ્વાર્થ નથી.* હાલ આગેવાનોએ સ્વરાજની મતલબને ખાતર એકતાનો બોધ જોરથી આપવા માંડ્યો છે તોપણ એ એકતા મશાયખોની એકતા જેવી સંગીન થવા પામી નથી કારણકે તે મતલબના રંગ વિનાની ચોખ્ખી નથી. વળી મશાયખોની એકતામાં તમામ લોકો ઇસ્લામ તરફ

લોકોને કહાડીને નેકી તરફ સમજ અને ખુબીથી બોલાવવાનું કામ તેઓ કરે છે. કેટલાક લોકો કહે છે કે આ ઈશારો આલિમો માટે છે તો તેમ. પણ કાંઈ ખોટું નથી પણ ખરૂં પુછો તો એ ઈશારો જે લોકો બીજાઓને સમજાવી કુફરપણામાંથી ખુદાની નકી તરફ લાવે છે તેમને માટે છે કારણકે "અલાહ તરફ" "બોલાવે" "સમજણ પાડે" વિગેરે શબ્દો એવા છે જે દાવત દેનારાઓ માટેજ વપરાએલા હોય એમ લાગે છે.

* પીરની દરગાહો એટલા માટેજ હીંદુ મુસલમાન અને પારસી જોડાણનું એક ખાસ સાધન ગણાય છે; કારણકે બધાજ લોકો ત્યાં એક થઇને રહે છે.

પ્રેમથી ઝુકતાં આવે છે જ્યારે હાલની એકતામાં આગલો બીજાઓ તરફ જઇને ઝુકવું પડે છે. આવો ચોખ્ખો તફાવત છે તોપણ કેટલાક ઇસ્લામી આગેવાનો આ હાલની એકતાને પણ મસલેહતની ખાતર જોર દઇ રહયા છે. આવું હોવાથીજ એકતાનો જોરથી બોધ આપવામાં આવે છે તોપણ ભાઇઓ ભાઇઓમાં વારંવાર ટંટા બખેડા જાગે છે અને ફિસાદ ઉભો થાય છે. પણ જે બીજા કોમના ભાઇઓ મશાયખોને માને છે તેમને મશાયખોનો એટલો બધો ખીયાલ થઇ જાય છે કે તેઓ તેમના કહેવા પ્રમાણેજ ચાલે છે જેથી કોમ કોમ વચ્ચે કુસંપ પેદા થવાનો વખત આવતો નથી. એટલે મશાયખોની એકતાનું ધોરણ એવું તો ચડીઆતું છે કે વગર મેહનતે અને વગર પૈસે તમામ ભાઇઓનાં દીલ એક થઇ જાય છે અને તેમાં નિખાલસપણું હમેશાં કાયમ રહે છે. કારણકે તેમાં કોઇ પણ જાતની દુનવવી મતલબ નથી.

હાલ ભાર દઇને એમ કહેવામાં આવે છે કે તમામ ભાઇઓ માટે એકતાની એટલી બધી જરૂર છે કે એકતા હોય તોજ આપણે ટકી શકીએ. આનો બોધ હાલ જોરથી અપાય છે. જ્યારે તે એક ઘણી જરૂરની બાબત છે ત્યારેજ દરેક આગેવાનનું મન હાલ તે તરફ ખેંચાઇ રહયું છે અને જ્યાં જુવો ત્યાં એકતાની વાતો થઇ રહી છે. આવું છે તેથીજ મ૦ ગાંધીજી, મી૦ દાસ, લાલા લજપતરાય, મી૦ મોતીલાલ નેહરૂ, તથા બીજા હીંદુ આગેવાનો મુસલમાનો સાથે એકતા કરવા ઘણી મેહનત કરે છે અને બંને કોમોને એક થઇ કામ કરવા જોરથી ભલામણો કરે છે. આથી સાફ જણાય છે કે હીંદુ ભાઇઓ મુસલમાનો સાથે એકતા કરી સુલેહશાંતીથી કામ કરવા ઇંતેજાર છે. એ લોકો જ્યારે તૈયાર છે તો મુસલમાનોએ પણ તેમની સાથે મળવા કોશીશ કરવી જોઇએ કારણકે તેમને તો તેમ કરવા દીની ફરમાનથી સવડ છે.

આ કારણને લીધેજ મૌલાના હુસેન એહમદ સાહેબે કોકોનાડા ખાતેની જમીઅતુલ ઓલેમાની કોન્ફરન્સના પ્રમુખ તરીકે પોતાના ભાષણમાં કહયું હતું કે કુરાને શરીફમાં હુકમ છે કે "અગર ગેર ઇસ્લામી કોમો સુલેહ શાંતીનો ખીયાલ રાખે અને હાથ લંબાવે તો તમે પણ તેમની તરફ હાથ લંબાવો અને ખુદા ઉપર ભરોસો રાખો. જો એ સુલેહશાંતીથી તમને તેઓ ધોકો દેવાનો ઇરાદો રાખે તો તેનો ખીયાલ ન કરો. ખુદા તમારે માટે બસ છે." (કુરાને શરીફ, સૂરએ અનફઆલ.) આ આયતથી તો સાફ જણાય છે

કે જે ગેર કોમના લોકો આપણી સાથે સુલેહશાંતી રાખવા માગે તો તેમની સાથે આપણને તેમ કરવા પરવાનગી આપવામાં આવી છે. બલકે ભલાની ખાતર તેમ થવું જોઇએ. અને સઉ વાતનો ભરોસો ખુદા પર રાખવો જોઇએ. આ આયતમાં એ પણ બતાવી દેવામાં આવ્યું છે કે કદાચ તમને એમ માલમ પડે કે તેઓ તમારી સાથે કપટ કે દગાથી કામ લેશે તોપણ તેથી તમારે શક લાવવાનું કારણ નથી કારણકે ખુદાની મદદ તમારે માટે કાફી છે વિગેરે મૌલાના હુસેન અહમદ સાહેબે સાફ જણાવ્યું છે.* એટલે હીંદુ ભાઇઓ આપણી સાથે જોડાણ કરવા માગે તો આપણે પણ તેમની સાથે મળવા તૈયાર થવું જોઇએ. એમાં કોઇ જાતનો વાંધો નથી. વળી એજ મૌલાનાએ તા૦ ૧૮ આગષ્ટ ૧૯૨૩ના રોજ આણંદ મુકામ હીંદુ મુસલમાનોને બોધ આપતાં કહયું હતું કે "તમે પોતાને હીંદુ કે મુસલમાન ન કહેતાં હીંદી માનો અને પહેલાં તમારા ઘરની હાલત સુધારો. . . . . . દુશમનો જે ચાલબાજી ચલાવી રહયા છે તેથી હીંદુ મુસલમાનો બંને અજાણ છે આપણા આ માંહોમાહેના કુસપમાં દુશમનોનોજ પુરેપુરો લાભ જળવાએલો છે." વિગેરે પોતે કહે છે. ×

એ એકસંપી માટે મુંબાઇનું "સાંજ વર્તમાન" નામનું પેપર પોતાના તા૦ ૨ ફેબ્રુઆરી ૧૯૨૪ના અંકના મુખ્ય લેખમાં લખે છે કે: "જે વખત હીંદુ-મુસલમાન એકસંપી ભયમાં આવી પડી છે અને રાષ્ટ્રીય કરારનામું કરી આ દેશમાં વસનારા હીંદુ મુસલમાન કોમોને એક દિલના જાથુકના ગાઢમાં જોડવાનો સવાલ આપણી રાષ્ટ્રીય (મુલકી) મહા સભાએ (કોન્ગ્રેસ) ઉપાડી લીધો છે તે વેળાએ સ્વામી શ્રધ્ધાનંદની શુધ્ધીની હીલચાલ કેટલી કવખતની છે તે વિશે આ પત્રની કટારોમાં અમો અગાઉ બોલી ગયા છીએ * અને હજુ પણ કહીએ છીએ કે તે હીલચાલને હાલ તુરત પડતી મુકવામાંજ સ્વામીજી હીંદુ કોમને તેમજ દેશને લાભ કરી શકશે.

---

* મૌલાના હુસેન અહમદ સાહેબનો આ ખુતબો રોજીંદા અખબાર ઉરદુ "ખિલાફત"ના તા૦ ૭ જાનેવારી ૧૯૨૪ના અંકમાં છપાયો છે તેમાં ઉપલી હકીકત મોજૂદ છે મરાયખો આ હિસાબેજ શરૂથી કામ કરી રહયા છે.

× પ્રજામિત્રના તા૦ ૨૩ આગષ્ટ ૧૯૨૩ના અંકમાં આ હકીકત ચોખ્ખી છે.

* આ શુદ્ધીની હીલચાલને મુસલમાનો પસંદ કરતા નથી એટલુંજ નહીં પણ પારસી ભાઇઓ પણ નાપસંદ કરે છે. આ પેપર પારસી માલકીનું છે, અને તે ઉપર પ્રમાણે કહે છે.

મલકાના રજપૂતોને હીંદુ ધર્મમાં દાખલ કરવાની ચળવળ શરૂ કરી એક નવો ઝગડો તેઓએ ઉભો કર્યો છે અને તેથી ઉત્તર હીંદુસ્તાન તથા દેશના બીજા ભાગોનાં મુસલમાનો વચ્ચે જબરી ઉશ્કેરણી ફેલાવી છે. કેટલાક ભાગોના મુસલમાનોએ સ્વામીજી સામે પોતાની કમર કસી છે. તેનું પરિણામ અત્યાર સુધીમાં શું આવ્યું છે? હીંદુ મુસલમાનો વચ્ચે નાહક કુસંપ જગાડ્યો છે. આપણા જાણીતા દેશ હિતકારી નરો અને રાષ્ટ્રીય મહા સભાના સુકાનીઓએ પણ શુધ્ધીની હીલચાલને કવખતની જાહેર કરી છે અને સ્વામીજીને હાલ તરત એ હીલચાલ ઉપરથી પોતાનો હાથ ઉઠાવી લેવાની સલાહ તેઓ આપી ચુકયા છે.x તે છતાં આ વિદ્વાન આર્ય સમાજી સન્યાસી એ હીલચાલને પોતાની ધાર્મિક ફરજ દાખલ બા પોકાર જાહેર કરી મેદાને પડયા છે. અમો કબુલ કરીએ છીએ અને તવારીખની શહાદતો પણ છે કે હીંદુસ્તાનમાં આવેલી પારકી પ્રજાનો મોટો ભાગ મુસલમાન છે. તેમની સંખ્યા છ કરોડ કરતાં પણ વધારે છે. તેઓ સેંકડો વરસથી પોતાનો દેશ તજી આ દેશના વતની થઇને રહેલા છે. તેમનો મોટો ભાગ વટલેલા હીંદુઓ છે એ ખરૂં છે. મુસલમાની રાજ્યની સ્થાપ્ના આ દેશમાં થઇ, તેવામાં અને ઝનુની બાદશાહો કે સરદારોના વખતમાં હીંદુ-મુસલમાન વચ્ચે ભારે વેર ચાલતું હતું. પણ વખતના વહેવા સાથે તે વેર નાશ પામ્યું. હીંદુ મુસલમાનો હળીમળીને રહેવા લાગ્યા. તેઓ એક બીજાના ધર્મને અને રીતભાતને માન આપવા માંડયા. એક બીજાની પડોશમાં રહેવા છતાં પણ કજીઆ કંકાસ તેઓમાં થતા નહીં. હીંદુ મુસલમાન એકદીલીમાં એટલા તો જોડાયા કે મુસલમાનો હીંદુઓને કાફર કહેવાનું અને હીંદુઓ મુસલમાનોને મ્લેચ્છ (કસાઇ) કહેવાનું ભુલી ગયા. ઉલટા પરમેશ્વર અને ખુદા એકજ છે એમ કહી ધર્મનું સમાધાન કરતા. પણ આપણને જોઇને ભારે દુ:ખ ઉપજે છે કે થોડાક વખતથી તેઓ કોઇ કોઇ ઠેકાણે ટંટા ફીસાદમાં પડી ગયા છે. મસ્જીદ આગળ વાજાં વગાડવાથી હીંદુઓ ઉપર મુસલમાનો હુમલા કરે છે, કે હીદુઓના કોઇ ધાર્મિક વરઘોડામાં આડે આવવાથી તેઓ મુસલમાનો સાથે ઝગડા મંચાવે છે. આવા બનાવ બંને કોમના હિતમાં ગંભાર નુકસાન કરનારા છે. આં બંને કોમો એકજ દેશમાં વસનારી છે તેથી એકજ

x મુસલમાન ભાઇઓમાં જે અર્થમાં "મોલાના" શબ્દ વપરાય છે તેજ અર્થમાં હીંદુ ભાઇઓમાં "સ્વામી" શબ્દ વપરાય છે મોલવીનો અર્થ હીંદુઓમાં કથાકાર, પુરાણી કે શાસ્ત્રીનો થાય છે. મુલ્લાંનો અર્થ પંડ્યા કે મુખીયાજીનો થાય છે. બુઝુર્ગનો અર્થ મહાત્મા થાય છે.

પ્રજા તરીકે અને એકજ દેશનાં વતની તરીકે તેમનામાં ભાઇચારાનો સંબંધ જરૂર રહેવો જોઇએ. તેમની ફાટફુટ તેઓ બંનેનેજ નહીં પણ દેશના રાજદ્વારી લાભોને કાતિલ ફટકો મારનારી પુરવાર થઇ છે. હાલના સંજોગો જોતાં સ્વામી શ્રધ્ધાનંદજીની શુધ્ધીની હીલચાલે એ ફાટફુટ વધારી છે. સર્વ દેવને નમસ્કાર (સલામ) કરવાનો મત ધરાવનારા હીંદુ ભાઇઓ ધર્મને માટે બીજા લોકો સાથ લડી મરે તે સારૂં નથી. દેશહિતની નજરે જોઇએ તો એક આસામી ધર્મ ગમે તે પાળે તેની દરકાર બીજાઓએ રાખવી જોઇતી નથી. લોકોને મનપસંદ ધર્મ પાળવાની છુટ છે. પણ હમણા આપણો દેશ જે રાજદ્વારી વાતા વરણમાંથી પસાર થાય છે તે ધ્યાનમાં લેતાં અમે દીલગીર છીએ કે સ્વામી શ્રધ્ધાનંદજીની શુધ્ધીની હીલચાલને ટેકો આપી શકતા નથી.” વિગેરે તે પારસી આગેવાન પેપર ભાર દઇને કહી રહયું છે. એટલે તે હીંદુ મુસલિમ જોડાણને ઘણું જરૂરનું સમજે છે ત્યારે શુધ્ધીની હીલચાલને વખોડી કહાડે છે. હાલ તો દરેક સખસની નજર એ જોડાણ તરફ લાગેલી છે.*

શુધ્ધીની ચળવળ ઉભી થવાથી આપણા કેટલાક ઇસ્લામી ભાઇઓ હીંદુભાઇઓ તરફ નારાજી અને શકની નજરથી જોવા લાગ્યા છે પણ તેમ કરવાની બિલકુલ જરૂર નથી તેઓ હીંદુસ્તાનના સાત કરોડ મુસલમાનોને જાણી જોઇને પોતાના દુશમન બનાવે એવા તેઓ નાદાન નથી. તેમનાથી આપણે બીવાનું કાંઈ પણ કારણ નથી. તેમ તેમનું બુરૂં બોલવાની પણ જરૂર નથી. તેઓ આપણા દેશી ભાઇ છે તેમને આપણી અને આપણને તેમની લાગણી હોય એ કુદરતી છે. તેમના આપણી સાથેના જોડાણથી દેશને જબરો ફાયદો છે સગા ભાઇઓ જેમ કોઇ વખત પોતપોતામા લડે છે તેમ આમા પણ કેટલાક દાખલા બને પણ તેથી નાઉમેદ થવાનું નથી. હીંદુસ્તાનમાં તેમની વસતી તેત્રીસ કરોડની છે‡ અને મુસ-

---

* પીરોના ખાનકાહો અને દરગાહો એ હીંદુ, મુસલમાન અને પારસી એકતાના ખરા નામુનો છે કારણકે ત્યાં દરેક કોમના માણસો ચોખ્ખા મનથી આવી એક બીજાના સાથે નિખાલસપણે મળે છે અને ફાયદો મેળવે છે. અને એ જગાઓમા જ્યાં સુધી એ લોકો રહે છે ત્યા સુધી તેમનામાં જરા પણ જુદાઈ રહેતી નથી પીરોની દરગાહોમાં આ ખુલ્લી ઉઘાડી રીતે રહેલી છે જે મતલબવાળા આગેવાન પસંદ પડતું નથી.

‡ છેલ્લી વસ્તી ગણત્રી પ્રમાણે હીંદુસ્તાનની વસતી ૩૧ કરોડ ૮૯ લાખ, ૪૨ હજાર, ૪ સોને ૮૦ જેટલી છે જેનો ૧ ઠો ભાગ પછાત વર્ગના લોકોનો છે

લમાનોની સાત કરોડની છે. તેઓ ન મુસલમાનોને નાબુદ કરી શકે છે કે ન મુસલમાનો તેમને હાંકી કહાડી શકે છે. એટલે તેમણે બંનેએ એક બીજાની સાથે મળીનેજ કામ કરવાનું છે. માટે એક બીજાના જોડાણની ખાસ જરૂર છે. આ જોડાણને હાલના હીંદુ મુસલમાન આગેવાનો પણ ઘણું જરૂરનુ સમજે છે અને તેને માટે હમેશાં મહેનત કરે છે. બલકે તેને માટે પાંનસો આલિમોએ ખીલાફતના અંગે ફતવો પણ બહાર પાડયો છે જેમાં લાખવામાં આવ્યું છે કે જે કોમ મુસલમાન ન હોય (હીંદુ હોય) અને મુસલમાનો સાથે દુશમનાઇથી પેશ નં આવતી હોય તે કોમ સાથે દેશના ભલા માટે મેલાપ રાખવો જોઇએ તથા તેમની સાથે ભલાઇ રાખી તેમની ઉપર ઉપકાર કરવો જોઇએ વિગેરે પાનસો આલીમોએ જણાવેલું છે.[1] અને તે ફતવામાં દેવબંદ સહારનપુર, દીલ્હી, લખનઉ, ભોપાલ, બરેલી, અજમેરશરીફ, વિગેરેના મોટા મોટા આલિમોના સહી સિક્કા છે. અને તેમાં મોટો ભાગ દેવબંદ મદરસા અને દીલ્હીના અમીનીઆ મદરસાના આલિમોનો છે.

વળી જમીઅતુલ ઓલોમાનો જલસો જે કોકનાડામા ઇ૦ સ૦ ૧૯૨૩ ના ડીસેમ્બરની આખરીમાં શેખુલ હીંદના નાયબ મૌલાના હુસેન એહમદ સાહેબના પ્રમુખપણા નીચે થયો હતો તેમાં પણ એક મતે એવો ઠરાવ હીંદુ મુસલિમ એકતા માટે કર્યો છે કે સ્વરાજ એ હીંદુ મુસલમાનોની એકસંપી ઉપર આધાર રાખે છે. આથી હીંદુ મુસલમાનોએ બંને કોમોની એકસંપી માટે કોશીશ કરવી જોઇએ ‡ એકસંપીના પાયા નબળા કરનાર હીલચાલને દેશની શત્રુરૂપ ગણવી જોઇએ.* તેજ અરસામાં કોકનાડા ખાતે ખીલાફત કોન્ફરન્સનો એક મોટો જલસો મૌલાના શૌકતઅલીના પ્રમુખપણા નીચે થયો હતો તેમાં પણ મૌલાના અબુલ

---

૧ જ્યારે દેશની ભલાઈ માટે મળવાનું છે તો પછી દીનની ભલાઈ માટે મળવાનુ છે એ ઉઘાડુંજ છે.

‡ પારસી ભાઇઓ પણ આમાં આવી જાય છે. હુસેની સાદાતોની સાથી વડી મા બીબી શહેરબાનું એ કોમનાજ હતાં જેમનાથી મોટા મોટા વલી પેદા થએલા છે. આ કોમ સગે મુસલમાનોને ઘણોજ ગાડો સબંધ છે એ ભુલવું જોઈતુ નથી માટે તેની સાથે તો એકતાની ખાસ જરૂર છે.

* આ ઠરાવ તા૰ ૩જી જાનેવારી ૧૯૨૪ના સુરતના રોજીંદા પેપર "સમાચાર"માં છપાએલો છે. અને બીજા ગુજરાતી, ઉરદુ, અંગ્રેજી પેપરોમાં પણ તેજ અરસામાં બહાર પડેલો છે.

કલામ આઝાદે હીંદુ મુસલિમ એકતાનો ઠરાવ જોરથી રજુ કર્યો હતો જેમાં સઘળી કોમોની ધર્મની જગાઓનું રક્ષણ કરવાની, સહનશીળતા બતાવવાની અને કોઇબી કોમના હુલ્લડખોરોની સામે થવાની કોમને અપીલ કરવામાં આવી હતી અને આ ઠરાવ એકે મતે પસાર કરવામાં આવ્યો હતો.[૧]

પાનસો આલિમોનો ફતવો, જમીઅતુલ ઓલોમાએ હીન્દનો ઠરાવ તથા ખીલાફત કોન્ફરન્સનો ઠરાવ એ ત્રણે જે વાતને જોર દે તે જરૂરની ગણાય એ ઉઘાડું છે. એટલે હીંદુ મુસલિમ એકતાની જરૂરત માટે આનાથી બીજા કોઇ જોરદાર પુરાવાની જરૂર રહેતી નથી. તે ઉપરાંત હીંદુ આગેવાનો પણ એજ બાબત ઉપર જોર દઇ રહયા છે. મ૦ ગાંધીજી લખે છે કે હીંદુસ્તાનમાં ગમે તે ધર્મના માણસ રહી શકે છે, તેથી કાંઇ તે એક પ્રજા મટનાર નથી. નવા માણસો દાખલ થાય, તે પ્રજા ભંગ નથી કરી શકતા: તેઓ પ્રજામાં મળી જાય છે. એમ થાય ત્યારેજ અમુક મુલકમાં એક પ્રજા ગણાય તે મુલકમાં બીજા માણસોનો સમાસ કરવાનો ગુણ હોવો જોઇએ. તેવું હીંદુસ્તાનમાં હતુ અને છે. બાકી ખરૂં જોતા જેટલા માણસ તેટલા ધર્મ છે એમ ગણી શકાય. એક પ્રજા થઇ રહેનાર માણસો એક બીજાના ધર્મની વચ્ચે પડતાજ નથી. જો પડે તો એમ સમજવું કે તેઓ એક પ્રજા થવાને લાયક નથી. હીંદુ જો એમ માને કે આખું હીંદુસ્તાન હીંદુથીજ ભરેલું હોવું જોઇએ તો તે સ્વપ્નુ સમજવું; મુસલમાનો એમ માને કે તેમાં માત્ર મુસલમાનજ વસે તો તે પણ સ્વપ્નું સમજવું. છતાં હીંદુ, મુસલમાન, પારસી ખ્રીસ્તી, જેઓ તે દેશને મુલક કરી વસ્યા છે તેમણે એક બીજાના સ્વાર્થને ખાતર પણ એક થઈ રહેવુ પડશે. દુનિયાના કોઇ પણ ભાગમાં એક પ્રજાનો અર્થ એક ધર્મ એમ થયો નથી, હીંદુસ્તાનમાં હતો નહી." *

---

૧ આ ઠરાવ મુંબાઈના રોજીંદા અખબાર " સાંજ વર્તમાન "ના તા૦ ૨ જાનેવારી ૧૯૨૪ના અંકમા છપાયા છે તથા બીજા પણ ઘણા પેપરોમા બાહાર પડ્યા છે

* આ હકીકત મુંબાઈના મશહુર છાપા " સાંજ વર્તમાન "ના તા૦ ૨૮ એપ્રીલ ૧૯૨૩ના મુખ્ય લીડરમાં હવાલા રૂપે છપાએલી છે. ગાંધીજી હાલ પણ એન માટે ઘણું જોર દઇ રહયા છે. તેમજ મી૦ દાસ, મીસીસ સરોજની નઇડુ, પંડીત મોતીલાલ નેહરૂ, લાલા લાજપતરાય વિગેરે પણ આ એકતાની વાતને ખાસ ટેકા આપે છે.

ઉપલી તમામ હકીકતથી જણાય છે કે હીંદુ તથા મુસલમાનો બંનેના ભલા માટે જોડાણની ખાસ જરૂર છે એવું હાલના આગેવાનો કહે છે. એ જરૂરતને હીંદુસ્તાનના ચિશ્તી મશાયખો × આજથી સાડી સાતસો વરસ પહેલા જાણતા હતા એમ એમની એ વિશેની કોશીશો સાફ સાબીતી આપી રહી છે. હાલના કાબેલ ગણાતા આગેવાનો જે એકતાથી દેશને આગળ વધારવા માગે છે તે એકતાના ફાયદા તો એ બુજુર્ગોએ પહેલાંથીજ બતાવી દીધા છે અને તેથીજ તેમણે એને માટે જાન તોડી નાખ્યા છે. આ એકતાને માટેજ તેમણે કેટલાક કડક આલિમોના કુફર અને શિરકના ફતવા પણ સહન કર્યા છે અને ઘણી ઘણી બદનામીઓ ઉડાવી છે અને હજુ પણ બિચારા ઉડાવતા જાય છે. આલિમો તો ખીલાફતનો સવાલ ઉપડયા પછી એકતા માટે બહાર પડયા છે. પણ મશાયખોએ તો આ એકતાનું કામ લગભગ સાતસો વરસથી ઉપાડયું છે. કોઇની પાસે તેમણે આ કામ માટે એક પાઇ સરખી પણ માગી નહોતી. જ્યારે વગર પૈસે આ કામ તેઓ વગર ધોંધાટથી ઉમદા રીતે કરી રહયા હતા ત્યારે તેમને દેશની કેટલી બધી લાગણી હતી તે જોવાનું છે. તેઓ એકતાનું આવું સરસ કામ કરતા હતા તોપણ તેમને બુરા બતાવવામાં આવ્યા અને તેમને જમીનદોસ્ત કરવાની કોશીશો થઇ. + પણ આમાં એક ઉંડો ભેદ હતો. હીંદુ મુસલમાન એક થઇ જવાથી કેટલાક કડક અમલદારોને આનાથી નડાવ થતો હતો અને પાદરીઓનું ઇસાઇ બનાવવાનું કામ ચાલી શકતું નહોતું કારણ કે મશાયખોના ધોરણથી તેમને ઘણી નડતર થતી હતી. તેથી તેમણે બંનેને એમ કહીને બેદિલ કર્યા કે મશાયખો હીંદુઓને મુસલમાન બનાવે છે અને ગાયો પણ કપાવે છે અને હીંદુઓ મુસલમાનોને વટલાવીને પોતાના ધર્મમાં લે છે. આથી બંનેનાં મન એક બીજાથી જુદાં પડવા લાગ્યાં. પાદરીઓના અને હુકમતના કામમાં સહેલાઇ થાય તેટલા માટે કેટલાક ગોરા અમલદાર ભાઇઓએ એ મશાયખોના કામને તોડી પાડવાની

× મશાયખનો અર્થ આચાર્ય થાય છે.

+ આ એકતા એવી તો મજબૂત થઇ હતી કે મુસલમાનોએ ગાયોનું પાલન સારી રીતે કરવા માડયું હતું અને હજારો ગાયો પળાતી હતી. હીંદુભાઇઓનો ખીયાલ રાખીને તેમણે આ બોધ કર્યો હતો અને એકતા કરાવી હતી આજ કારણથી કેટલાક રજપુત ભાઇઓ પોતાની દીકરીઓ ખુશીથી મુસલમાનોને આપતા હતા અને આ રિવાજ હાલ પણ કચ્છ અને કાઠીઆવાડમાં નજરે છે

યુકતીઓ કરવા માંડી* તેમણે જોયું કે મહાશયો આ કામને નડતરરૂપ છે તો તેમને પહેલાં તોડવા તેમણે આલિમોને હાથપર લીધા અને મુસલમાનોએ ગાયો કાપવીજ જોઇએ અને જે નહીં કાપે તે ખુદાના ગુન્હેગાર ગણાશે કારણ કે તે હીંદુઓથી ડરે છે એમ મનાશે, વિગેરે ફતવા ખામુખા આલિમો પાસે દેવાડયા. અને એ ફતવા બહાર પડવાથી કેટલાક મુસલમાનભાઇઓ જોશમા આવી ગાયો કાપવા લાગ્યા. પરિણામ એ આવ્યું કે હીંદુભાઇઓ નારાજ થઈ અલગ થઈ ગયા અને એકતામાં જબરૂં ભંગાણ પડી ગયું. તેમણે એમ ન વિચાર્યું કે તેવીસ કરોડ હીંદુભાઇઓથી બિગાડ કરવાથી શું લાભ થઇ શકે એમ છે. એક દુશમન બુરો હોય છે તો પછી તેવીસ કરોડને દુશમન બનાવવાથી શું ફાયદો થવાનો હતો ? તો પણ મતલબવાળા ભાઇઓની હિકમતોથી તેઓ આડે રસ્તે દોરવાયા. આ કામથી હીદુ મુસલમાનોમાં કંકાસ પેદા થયો અને ગોરા અમલદાર ભાઇઓ તથા પાદરીઓ પોતાનું કામ સુખ નચીંતાઇથી આગળ વધારવા લાગ્યા. આપણા ભાઇઓ એ પણ સમજી શકયા નહીં કે શા માટે આ હિકમતો થઇ રહી છે. તે તો એમ સમજયા, કે આપણે આ કામ કરીશું તો આપણને ખીતાબ મળશે, × અને ઇસ્લામની આવી જરૂરની બાબતો માટે પણ આપણે કાળજી રાખીએ છીએ અને ઇસ્લામીઓને સીધે રસ્તે દોરવાની હીમત રાખીએ છીએ એમ પણ લોકોમાં ગણુશે. બેશક તેમનું ધારવું ઠીક હતું. તે વખતે તો તેમના ખીયાલ પ્રમાણેજ વાતો થઇ પણ જ્યારે માઠા સંજોગો પેદા થવાથી ભાઇઓને ખમવું પડયું ત્યારે તેમની આંખો ઉઘડી. અને તેઓ સમજવા લાગ્યા કે આલિમોનું એ કામ કાંઇ ઠીક ન હોતું.

હજુ પણ ભાઇઓ પુરી રીતે સમજતા નથી. હજુ પણ કેટલાક એમ કહે છે કે એ તો હીંદુઓને રાજી કરવા મહાશયોએ એવા ધધા કરેલા છે પણ આપણે કહીશું કે હીંદુ ભાઇઓને રાજી કરવા

---

* હુકમત કે પાદરીએનું આપણે બુરૂં બોલવા માગતા નથી કારણ કે હરેકને મતલબ રહેલી છે પણ આપણે પોતાનું સાચવીને રહેવાનું છે કે આઇંદા વધારે નુકશાન થવા પામે નહીં. આ આપણા સંજોગો સમજાવ્યા છે, કાંઈ બીજાઓની નીંદા કરવાની આમાં મતલબ નથી

× આવા ખિતાબો આલિમોને ઘણા મળ્યા હતા, અને તેમનો વગવસીલો પણ ઘણો થઇ ગયો હતો એ કોણ નથી જાણતું ?

તેમણે ગમે તે કર્યું પણ ઇસ્લામના દુશમનોને રાજી કરવાનો તો તેમણે કાંઇ પણ ધંધો કર્યો નથી. તેઓ તો ખાસ સમજે છે કે એકતાની ઘણી જરૂર છે અને એકતા કાંઈ છુટછાટ મુકાય તોજ થાય છે. તે પ્રમાણે છુટછાટ રાખીને મશાયખોએ કામ લીધું હતું. અને એકતા જબરા ધોરણ ઉપર જમાવી હતી. પણ આપણા ભાઇઓએ વગર સમજે બીજાઓના ધોકામાં આવીને તે તોડી નાખી અને હવે કહેવા તૈયાર થયા છે કે "એકતા કરો, એકતા કરો" "તેની ઘણી જરૂર છે!" મશાયખોનું વગર બોજનું એકતાનું જે અસલી ધોરણ હતું તે તોડી નાખી અંજુમનો. મંડળીઓ વિગેરેનુ બેહદ બોજાવાળું ધોરણ કાયમ કરવા કોશીશો કરી પણ આ એકતાને તોડવામાં કોની કસુર છે તે આથી જણાયા વિના રહે એમ નથી. આ એકતાની જરૂરત તો મશાયખો લગભગ આઠસો વરસથી પીછાનતા આવ્યા છે અને તેમણે તે માટે ભારે કોશીશો કરી છે. પણ આપણા ભાઇઓએ તો ઉલટી દિશામાંજ આપણને દોર્યા છે.

કેટલાક કડક અમલદારોના હાથ ઉપર ચડી આપણા ઇલમવાળા ભાઇઓએ ઇખતિલાફવાળા મસલા ઉભા કરી મશાયખોના ધોરણને તોડી દાવતનું કામ બરબાદ કરી પાદરીઓને કેવી સનડ કરી આપી અને મશાયખોને ભીખ માગતા કર્યા, અરબસ્તાનનો વેપાર નાબુદ કરી તેને કેવું નિર્ધન બનાવ્યું, અને તેની પ્રજાને ભીખ માગતી કરી, મુલક નિર્ધન થઇ જવાથી તુરકીને કેવી તંગી અને હાલ હવાલીમા મુકી દીધું અને છેવટે ભીખ માગતું કર્યું વિગેરે વાતો એવી છે કે જે જોવા બેસીએ તો જીગરના ટુકડા થઇ જાય છે. આવા લોકોને આપણે શરીઅતના ઘણા પાબંધ ગણવા ઉભા થઇએ છીએ પણ આપણે કેટલા ભુલાવામાં છીએ તેનો વિચાર કરવાનો છે વેપાર તુટી જવાથી ભાઇઓની દુનિયા બગડી છે અને દાવતનું કામ તુટી જવાથી દીનને જબરૂ નુકસાન થયું છે. એટલે દીન અને દુનિયા બંનેમાં બરબાદ થઇ જવાનો વખત આવ્યો છે. મતલબવાળાઓના હાથ પર ચડી ઇખાતેલાફી મસલા બયાન કરવાનો નતીજો કેવો આવ્યો છે તે જોવાનું છે.

પ્રકરણ ૧૨ મું.

ચિશ્તી ખાનદાન.

મશાયખોના વડીલો તમામ જબરા ઇલમવાળા હતા. તેમણે પહેલાં થોડો વખત હાલના આલિમોના તરીકા પ્રમાણે ઇસ્લામની દાવતનું કામ સાફ અને ખુલ્લી રીતે કરવા માંડયું ત્યારે બીજા ભાઇઓ ઘણા નારાજ થયા જેથી તે કામ અટકી પડયું. તેમને આ વાતનો અનુભવ થવાથી તેમણે પોતાના ધોરણમાં સંજોગો જોઇને કેટલોક ફેરફાર કર્યો અને એક દમ ઉતાવળ નહીં કરતાં એ ભાઇઓ સાથે એક થઈ તેમના ખીયાલ પ્રમાણે પોતાનું હાલનું ધોરણ તેમણે કાયમ કર્યું. એટલે હાલ આલિમો જે પ્રમાણે ઉતાવળથી ઉઘાડી રીતે તબલીગનું કામ કરવા જાય છે તેનો તજુરબો મશાયખોએ પહેલાંથી લઇ લીધો છે અને તેથીજ તેમણે અહીંના સંજોગ જોઇને દાવત—જોડાણનું હાલનું ધોરણ બાંધ્યું છે. તેમણે સેંકડો વરસ તેની પાછળ મહેનત કરી છે લાખો રૂપીઆ ખરચ્યા છે અને પોતાના અનેક ભેજાં તથા જાનો ઘસી નાખી છે. ત્યારે આ મકાન મંડાયું છે.* આવી મુસીબતે તૈયાર કરેલું ધોરણ આપણા ભાઇઓ વગર સમજે તોડી નાખવા તૈયાર થાય એ ઇસ્લામ અને કોમને કેટલા નુકસાનમાં ઉતારવા જેવું છે તેનો વિચાર કરવાનો છે.

તમામ હદીસો પેગમ્બર સલ્અમના મુખ મુબારકથી નીકળેલી છે પણ કેટલાક લોકો તેનો ગમે તે અર્થ કરતા તેથી ઘણું નુકસાન થતું ઇમામ અબુ હનીફા, ઇમામ શાફઇ, ઇમામ માલિક, ઇમામ હમ્બલ જેવા ચાર ઇમામોએ તેહકીક કરી તે તમામ હદીસોની ગોઠવણી

* આવી આવી મેહનતો કરીને મશાયખો, ખાનકાહો જમાવે અને તેનો લાભ તેમના મુરીદો તેમની ઓલાદને નહીં લેવા દે તો પછી દાવતનું કામ ચાલી શકે નહીં કારણકે મશા[illegible] હોય તોજ લોકો [illegible] થાઈ શકે, મુરીદો કાંઇ મશાયખની માફક કામ કરી શકે નહીં.

કરી જેથી તમામ લોકો તેમના તાલુકાની ગોઠવણી પ્રમાણે તે ઉપર અમલ કરવા લાગ્યા અને તેથી ગામડે મરીને કામ સરળતાથી ચાલવા લાગ્યું, તેમ અહીં પણ તેવીજ હકીકત છે. મશાયખોના વડીલોએ અહીંની તરકીબ રીતભાત તથા સંજોગો જોઇને દાવતનું કયું ધોરણ અહીં ઠીક પડશે તે નક્કી કરી દીધેલું છે અને તે ધોરણથી કરોડો માણસોને ખુદાનો રસ્તો દેખાડ્યો છે જેનું પરિણામ આજે હજારો મસ્જીદો, હજારો મદરસા અને કરોડો મુસલમાનોથી સાફ જણાઇ રહ્યું છે. ચીનમાં પણ આજે લાખો મુસલમાન છે. તે તમામ આ ચિશ્તીઆ ખાનદાનને લીધે છે કારણ કે ત્યાં પણ આ ખાનદાને લગભગ ચારસો ખાનકાહો કાયમ કરેલી છે * અહીં પયગમ્બર સલ્લમ કદી પણ આવ્યા નથી. પણ અહીં તો આ મશાયખોના બુઝુર્ગોએજ પોતાના બાંધેલા ધોરણથી કરોડોની સાથે જોડાણ કરેલું છે

હાલના કેટલાક આલિમોને પણ હવે એ વિશેનો ખીયાલ આવ્યો છે અને તેઓ સમજતા થયા છે કે બુઝુર્ગોએ પોતાના લાંબા અનુભવ ઉપરથી જે ધોરણ બાંધ્યું છે તેજ સારૂં છે અને તેનાથીજ કામ થઇ શકે એમ છે બીજું ધોરણ અહીંના સંજોગોને બંધ બેસતું આવે એમ નથી. જેમની ખાતરી થઇ છે તે તો સમજી ગયા છે અને જે નથી સમજતા તેમને હવે પછી ખાતરી થશે કે આ વગર બીજું ધોરણ અહીં કામ આવે એવું નથી.

જ્યારે તેમને સમજ પડશે અને દાવતની મજા મળશે ત્યારે આપોઆપ તેઓ આજ ધોરણ અખત્યાર કરશે. હઝરત ખ્વાજા મુઇનુદ્દીન ચિશ્તી સાહેબ અજમેરી * હઝરત ખ્વાજા કુતબુદ્દીન બખ્તીયાર કાકી સાહેબ ચિશ્તી, હઝરત ખ્વાજા સૈયદ મસઉદ ઉર્ફે બાવા ફરીદ સાહેબ ચિશ્તી, હઝરત અલાઉદ્દીન અલી એહમદ સાબિર સાહેબ ચિશ્તી, હઝરત નિઝામુદ્દીન ઓલીયા મેહબુબે ઇલાહી સાહેબ ચિશ્તી, વિગેરે સૌ જબરા ઇલમવાળા હતા અને તેમણે ઘણા બિકટ સંજોગોમાં કામ કરેલું છે. તેમનો

---

* ચીન, જાપાન, શ્યામ વિગેરેમાં મળીને લગભગ સાત કરોડ મુસલમાનોની હાલ વસ્તી છે એવું ઈ. સ. ૧૯૨૧ ની ગણતરી ઉપરથી મુકરર થયું છે

* ખ્વાજા સાહેબ પોતે ખાસ પાકના, મસીયઈ ભાઈ હતા, તેથી "કહરી" નહીં પણ ખ્વાજા સાહેબના ઘરનાજ છે. અને તરીકામાં જુદાઈ હોઇ શકેજ નહીં.

જે તફાવતો છે તે બીજા કોઇનો નથી કારણ કે તેમણે લાખો માણસોને ખુદાનો રસ્તો દેખાડયો છે એવા દાવતના ખરા અનુભવવાળા બુજુર્ગો પોતાની કિતાબોમાં શું કહે છે તે આપણા ભાઇઓએ જોવું જોઇએ. હાલના બિનઅનુભવી આલિમોના કહેવાથી એ બુજુર્ગોના ધોરણને વખોડવા લાગી જવું જોઇએ નહીં. ઉપલા બુજુર્ગો પોતે દીલ્લીવાળા, દેવબંદવાળા, સહારનપુરવાળા, થાનાભુવનવાળા, ગંગોહવાળા, અંબેડાવાળા, નાનોતાવાળા, અમરોહાવાળા વિગેરે આલિમોના દાદા પીરો અને પેશવા ગણાય છે એવું હાલના એ આલિમોના પોતાના સિલસિલાના લખાણો ચોખ્ખું કહે છે. + આથી સાફ જણાય છે કે ખ્વાજા સાહેબ, ખ્વાજા કુતબુદીન સાહેબ, બાવા ફરીદ સાહેબ, સાબીર સાહેબ વિગેરે તમામ તેમના દીની પેશવા છે, અને એ તમામને એ સાહેબો સારી રીતે માને છે અને પોતાના ચિશ્તી સિલસિલામાં હમેશાં તેમનાં મુબારક નામ અદબથી લખે છે × આવા મહાન બુજુર્ગોએ દાવતનું જે ધોરણ બાંધ્યું હોય અને જે રૂઢીઓ અખત્યાર કરી હોય તે અહીંના સંજોગોને લાયક પડતી હોય એમાં કાંઇ શક જેવું નથી.

કદાચ કોઇ એમ દલીલ કરે કે ઉપલા બુજુર્ગો તો હાલના આલિમોના ધોરણે ચાલતા હતા પણ તેમના પાછળવાળાએ આ જુદું ધોરણ બાંધ્યું છે, પણ એવું નથી. મશાયખોના ત્યાં જે જુની કિતાબો છે તેમાં તે ધોરણની હકીકત લખેલી મોજૂદ છે. એ હકીકત એવી તો બારીક અને ખુબીઓથી ભરેલી છે કે હાલના કોઇ પણ આલિમો કે મશાયખોના જલદી સમજવામાં પણ આવી શકે નહીં. તો પછી એવી હાલ બના શી રીતે શકે? એ બુજુર્ગોની કિતાબો હાલ મોજૂદ છે જેને જોવી હોય તે જોઇ શકે છે. આ લોકોજ ખરી દાવતનું કામ કરનારા હતા અને તેમજ તેમણે પોતાની જીંદગી ખપવી દીધી હતી માટે એમનું ધોરણ ખુબીવાળું અને ફાયદા કારક હોય એ ઉઘાડું છે.

+ આ સિલસિલા ઉપરાંત પાછળથી કોઇએ નકશબંદી, કોઇએ કાદરી, કોઇએ સોહરવરદી વિગેરે સિલસિલામાં પણ બયઅત કરેલી હતી. આ બધા તરીકા સારા છે સઘળાની મતલબ ખુદાની ઓળખ કરવાની છે.

× આ તમામ આલિમો હજરત બાવા ફરીદ સાહેબના મુરીદોના સિલસિલાના મુરીદ છે. ખાંગરોલની આદી બાવા ફરીદ સાહેબની ઓલાદના મુરીદોના છે.

ઉપલા બુઝુર્ગ આલિમોને આપણે કાંઇ આથી ઉતરતા ગણવા માગતા નથી. ઇસ્લામની વાતોના તેઓ બેશક જબરા માહિતગાર અને આપણા કરતાં ઘણે દરજ્જે ચડતા છે. પણ દાવતના કામમાં તેમને ઉપલા ખ્વાજાઓ અને બુઝુર્ગો જેટલો અનુભવ ન હોય એ ઉઘાડું છે. કારણ કે એ ખ્વાજાઓ અને બુઝુર્ગોએ કુફરના જબરા અમલના જમાનામા લાખો માણસોને પોતાના દાવતના ધોરણથી ખુદા તરફ ખેંચ્યા છે જ્યારે આ આલિમ સાહેબોએ તેટલો અનુભવ મેળવ્યો નથી એ તેઓ પોતે પણ કબુલ કરે છે. મશાયખો પોતે એ ખ્વાજાઓ અને બુઝુર્ગોએ બાંધેલા ધોરણ ઉપરજ કામ કરે છે તેથી તેમના ધોરણને તોડવું એ દાવતના અને ખ્વાજાઓના કામને તોડવા બરાબર છે.

મશાયખોએ જ્યારે મહાન બુઝુર્ગોના ધોરણ ઉપર કામ કરવા માંડયું ત્યારે મામલો ઘણો વધી ગયો અને લાખો લોકો તેમને માનવા લાગ્યા. આજ પણ ચિસ્તી ધોરણનો મામલો એવો જબરદસ્ત છે કે ખ્વાજા સાહબના રોજા ઉપર પ્રીન્સ ઓફ વેલ્સ, વાઇસરાય, ગવરનરો, મોટા મોટા રાજા રજવાડા, નવાબો, અમીર ઉમરાવો અને કરોડપતીઓ જાય છે અને તેમનો દરબાર સઉ દરબારો કરતાં ચડીઆતો ગણવામાં આવે છે આથી જોઇ શકાય છે કે ચિશ્તી બુઝુર્ગોએ કેવું કામ કર્યું છે ખ્વાજા સાહેબ, ખ્વાજા કુતુબ સાહેબ, બાવા ફરીદ સાહેબ સાબિર સાહેબ, નિઝામુદ્દીન ઓલીયા સાહેબ વિગેરેને આ દુનિયાથી ઉઠી જવાને આજે સાતસો વરસ ઉપર થયાં છે છતા તેમની જાહોજલાલી અને મહોબત લોકોના મનમા આજ પણ જેવીને તેવી કાયમ છે, બલકે વધતીજ જાય છે. એટલે લોકોને ખુદા તરફ ખેંચવા માટે અને તેમને આગળ વધારવા માટે તેમનુંજ ધોરણ ઉમદા છે એમ સઉ કોઇ કબુલ કરી શકે કે ખાનકાહો,* મશાયખો, તથા તેમના ફકીરોના મંડળો વિગેરેનું જે ધોરણ મહાન ચિસ્તી બુઝુર્ગોએ બાંધ્યું છે ને કાયમ રાખવાની ખાસ જરૂર છે કારણ કે તેવીસ કરોડ હીંદુભાઇઓને પસંદ પડે એવી ગોઠવણી તેમાં છે આવું છે ત્યારેજ હીંદુભાઇઓ તેમના રોજાઓ ઉપર લાખાની સંખ્યામાં ભેગા થાય છે અને ફાયદો મેળવે છે એ બુઝુર્ગોએ પોતાના જાને નેક નીયતથી ખુદા ઉપર કુરબાન કરી છે તેથી આજે લાખો

---

* ખાનકાહોથી એક એ દેખીતો ફાયદો છે કે ગમે તેવા માના માણસમાં પણ તે ખાનકાહ હોય તો તે ગામ ઘણુંજ મશહુર થઇ જાય છે.

માણસો તેમના ઉપર જીવ કુરબાન કરી રહ્યા છે જેટલા મોટા ખાનદા-નોની કબરને કોઈ પુછતું નથી કે તે ક્યાં છે પણ આ પીરોની દરગાહો ઉપર રોજ રાત દીવસ જાય છે અને આનંદ આવે છે.

એ બુજરુગોએ શિરકનો વધારો કરવાનું ધોરણ કાયમ કર્યું નથી પણ ઓછું કરવાની તરકીબ કહાડી છે અને તે પ્રમાણે કામ થએજ જાય છે. તેમાં તેમની નીયત સારીજ હતી. કારણ કે તેથી ખુદાના રસ્તાને જબરો ટેકો મળેલો છે. દાખલા તરીકે એક માણુસ ખાલી આપઘાત કરે છે ત્યારે તેનો જીવ જાય છે અને કોઈ નેક કામ કરવા જતાં તે શહીદ થાય છે તોપણ તેનો જીવ જાય છે. એટલે બંને વાતોમાં તેનો જીવ તો જાય છે; પણ આપઘાત કરવો એ ગુન્હાનું કામ ગણાએલું છે અને કાઇ નેક કામ માટે શહીદ થવું તે સવાબનું ગણાએલું છે. જો કે બંનેમાં પરિણામ તો જીવ ખોવાનુંજ આવે છે તો પણ નીયતને લીધે ફળમાં ઘણોજ ફેર પડે છે. તેજ પ્રમાણે અહીં પણ છે આ ચિસ્તી તરીકના બુજુર્ગોએ નેક નીયતથી કામ કરેલું છે એટલે તેઓ હકદાર પણ ભારે ફળના છે. તેમના મરતબા આ પ્રમાણે મોટા હોવાથી હજારો લોકોએ તેમનું વડપણ કબુલ કરી તેમના મુરીદ થઇ ખીલાફત મેળવેલી છે[1] તેઓ માને છે કે હીંદુસ્તાનના દીની—રૂહાની શહેનશાહ ખ્વાજા સાહેબ છે કેમકે તેમને રસૂલ અકરમના રૂહાની ફરમાનથી આ હીંદુસ્તાનની સલ્તનત મળેલી છે. જ્યાં આવો ચોખ્ખો મામલો છે તો પછી તેઓ આ સિલસિલામ મુરીદ થઇ પોતાની જગા મુકરર કરાવે એમાં નવાઇ જેવું નથી. આ હિસાબેજ અહીંનો મામલો ચાલેલો છે.

આ ખાનદાનની ખિલાફત વગર કોઇ પણ માણુસ પોતાને એ ખાનદાનનો ખલીફો કહી શકતો નથી કે કોઇને એ સિલસિલામાં મુરીદ કરી શકતે નથી. જેને સનદવાળી ખીલાફત હોય છે તેજ મુરીદ કરી શકે છે. આ ખાનદાનમાં ખ્વાજા સાહેબની પછી હઝરત બાવા ફરીદ શકરગંજ સાહેબે ઘણુંજ કામ કરેલું છે. કારણ કે તેમણે હઝરત અલાઉદ્દીન અલી એહમદ સાબિર તથા હઝરત નીઝામુદીન ઓલીયા મેહબૂબ ઇલાહી જેવા સાહેબોને પસંદ કરી તેમનાથી આ સિલસિલાને ઘણો આગળ

1 જે મશાયખો એ બુજુર્ગોની ઓલાદના છે અને તેમની ખાનકાહોની ગાદી ઉપર છે તે ગાદીવાળા કહેવાય છે જ્યારે બીજાઓ ખલીફા કહેવાય છે ખલીફાઓ કરતાં ગાદીવાળાઓનો દરજ્જો ઘણો મોટો ગણાય છે.

બતાવેલો છે. અને તેથીજ આખેરી તથા નીઝામી એ બન્ને ચાલ્મોના હઝરત બાવા ફરીદ સાહેબ મોટા પીર ગણાય છે. તેમની ઓલાદના લોકો હીંદુસ્તાનમાં ચો તરફ ગએલા છે અને ખુદાના રસ્તાની ઉમદા ખીદમત કરી મોટા મરતબા પામેલા છે.

વડોદરા પ્રાંતના પાદરા તાલુકાના **એકલબારા** ગામે પીર હઝરત શાહ કાયમુદીન બાવા સાહેબ ચિસ્તી ફરીદીની દરગાહ છે તે તથા નવસારી પ્રાંતના **આંગરોલ** ગામે પીર હઝરત મોઇનુદીન સાહેબ ચિસ્તીની દરગાહ છે તે એમનીજ ઓલાદના છે અને આજથી દોડસો વરસ ઉપર થઇ ગયા છે. આ બંને બુજુર્ગોને આજે હજારો માણુસો માને છે અને તેમની દરગાહો ઉપર જાય છે × પીર કાયમુદીન બાવા સાહેબે એક "દીવાને નૂરે રોશન" નામની કિતાબ ઘણીજ સહેલી અને સાદી ઇબારતમાં સુલૂક ઉપર લખેલી છે તેમાં મશાયખોનું શું કામ છે તે વિશે ઇશારો કરતાં એક ઠેકાણે પોતે ફરમાવ્યું છે કે:—

કાયમદીન, પહેલે કે બુજુર્ગ હો ગએ. ઉન્હોંને પીયુ સહી કર બુજા.
અબકે તો ફકત કિતાબાં પડને લગે, ઓર છોડી દિલકી પૂજા.
પીર સોહી જો પીયુસે મીલાવે, ઓર કરે હકસે વાસિલ,
અબકે તો ફકત વાએઝ કહેને લગે, વો મહાવરા ગયા નીકલ.
બયાન વાએઝ તો સુલક્ષાં કહેવે, પીરી રસ્તા કુછ જુદા,
કાયમદીન, પીર તો ઉસે કહીએ, જો સહી કરાવે ખુદા.
વો મહાવરા તો નીકલ ગયા હે. જો કુછ થા ભી આગે,
કાયમદીન, વો તો ભુલ ગએ, ફક્ત કિતાબાં પડને લાગે.
સાહેબ સહી કરના છોડ દીયા, ઓર લીતી ભેસ બડાઈ,
વો ચલન તો ઉઠ ગયા તબ, ફકત વાએઝ પર પીરી મુરીદી ઠેરાઇ.

× આ ગાદી હઝરત બાવા ફરીદ સાહેબની ઓલાદના લોકોની ગાદીઓથી આખા મુંબાઈ ઈલાકામ સહુથી મોટી ગણાય છે અને લોકો તેને હઝરત બાવા ફરીદની ગાદી માફકજ માને છે. એ ગાદીના સજ્જાદા નશીન તમામ સિલસિલામાં મુરીદ કરી શકે છે તથા ખિલાફત આપી શકે છે એવો તેમને બુજુર્ગોએ હક સોંપેલો છે. ઉપલી બને ખાનકાહોના અંગે દાવતનું કામ પણ ઘણું સારૂં ચાલે છે. આંગરોલમાં મૂળ ગાદી કાયમ કરનાર સાહેબનું નામ હઝરત મોઇનુદીન ઉર્ફે પીર મોટામીયાં સાહેબ ચિસ્તી છે. આ ગાદી ખ્વાજા સાહેબની ગાદી સાથે ખાસ સંબંધ ધરાવે છે.

આ પ્રમાણે તેઓ સાફ કહે છે કે અવામઓનો રસ્તો મુશ્કીલ છે. તેમને તો લોકોને ખરા ખુદા તરફ લઇ જવાના છે. બયાન, વાએઝ વિગેરે કંઇ અઘરૂં કામ નથી. તે તો કોઇ પણ થોડો ઘણો ઇલમ પડેલો માણસ બે રૂપીઆ લઇને કરી શકે છે પણ લાખો માણસોને ખુદાના રસ્તા ઉપર લાવવા એ ઘણુંજ અઘરૂં છે આનો માયનો એ નથી કે મશાયખોએ ઇલમ પઢવાનો નથી કે નસીહત કરવાની નથી પણ તેમણે ઇલમ પઢીને પૈસા કમાવવા માટે વાએઝ કરી ફકત પેટ ભરવાનોજ ખીયાલ રાખવા કરતાં દાવતનું ખરૂં કામ જે વાએઝ કરતાં પણ ઘણું ભારે છે તે બજાવવાનું છે અને એ પ્રમાણે એ બુઝુર્ગો બજાવતા આવ્યા છે. એટલે આજ સુધીમાં તેમણે જબરી મહેનત કરી દાવતના જોરથી દીનના પાયા ઘણાજ મજબુત કરેલા છે અને લોકોના મન પર ઉંડા સિક્કા જમાવ્યા છે * તેથીજ આ ચિશ્તીઆ ખાનદાન અસલથી ઘણુ મરતબા-વાળું મનાતું આવ્યુ છે કારણ કે તેમાં મોટા મોટા ઓલીયાઓ થઇ ગયા છે.

દીલ્લીના તખત ઉપર જેટલા બાદશાહ થયા તે તમામ આ ખાનદાનના બુઝુર્ગોને પોતાના પીર માનતા હતા આ પ્રમાણે હોવાથી ચિશ્તીઆ સિલસિલાની ખાનકાહોએ જબર કામ કરેલું છે અને હમેશાં લાખો લોકોએ તેમનો આસરો લીધેલો છે ઇ૦ સ૦ ૧૮૫૭ નો બળવો થયો ત્યાર પણ એ ખાનકાહો ઘણી જોર પર હતી અને તેમણે રૈયતને ઘણી સાચવી હતી. સરકાર પણ તેમને દેહશત રૂપ ગણતી હતી પણ બુઝુર્ગોએ એવી તો ખુબીથી કામ લીધું હતું કે તેમના વજનથી ગરીબ લોકો ઉપર આફત આવવા પામી નહોતી + એટલે આખા દેશ ઉપર એ ચિસ્તી મશાયખોનો મોટો ઉપકાર થએલો છે. તેમણે હીમતથી અને નિડરપણે સરકારની આંખો ખોલી હતી. આવુ હોવાથી આજ પણ સરકાર એ સિલસિલાને ઘણો વજનદાર વગવાળો, પુરાનો, જોરાવર, અને

---

* મહુમદ મોહમદ જોનપુરા સાહબ જેઓ મેહદવી ફિરકાના પેશવા ગણાય છે તે પણ ચિશ્તી ખાનદાનથી નિસબત—સબંધ ધરાવતા હતા એવું પાક-પુર્નાં તવારીખમાં બતાવેલુ છે વળી મુન્તકેમના મોટા પેશવા પીર મશાયખ સાહેબ પણ બાબા ફરીદ સાહેબની ઓલાદના એક પીર તાજુદીન સાહેબ ચિશ્તીના મુરીદ હતા એવુ ખાનગી બીજા પાસેની કિતાબોથી સાફ જણાય છે.

+ આજની સરકાર પણ એ ખાનકાહોને ઘણી જોરદાર ગણે છે અને તેથીજ મોટા મોટા અમલદારો ત્યાં જાય છે, અને તેમને માન આપે છે.

કાબેલ સમજે છે અને તેના તરફ માનની લાગણીથી જુવે છે.* આગાખાની મિશન, મુલ્લાંજી મિશન, પીરાણા મિશન એ બધું મળીને તેનો જથ્થો લગભગ આઠ દસ લાખ માણસોનો હશે જ્યારે ચિસ્તીઆ સિલસિલાનો જથ્થો હીંદુસ્તાનમાં લગભગ પોણા સાત કરોડ અને ચીનમાં લાખો મુસલમાનોનો છે. અને લાખો ગેર કોમના માણસો તેને માને છે તે તો જુદા. આ હિસાબે તમામ જથ્થાઓ કરતાં ચિસ્તીઆ જથ્થો ઘણોજ મોટો છે. તેનો જથ્થો જબરો હોવાથી સરકારને પણ તેનો ખીયાલ છે. અને તેના બળથી ભાઇઓ કોશીશ કરી આગળ વધી શકે છે આવા જોરદાર સિલસિલાની આવા પડતીના જમાનામાં કેટલી બધી જરૂર છે તે સમજી શકાય એમ છે. આને તોડવો એ ઇસ્લામની તાકતનો પાયો તોડી નાખવા બરાબર છે.

ખ્વાજા સાહેબના ઉરસ વખતે લાખો માણસો પોતાની ગાંઠના પૈસા ખરચીને અજમેર શરીફમાં ભેગા થાય છે અને તેમનામાં તે વખતે ઇસ્લામનો એવો તો જોશ હોય છે કે તેવો જોશ ખુદા દરેક ભાઇને આપે. આવો જોશ દરેક મહાન બુજુર્ગના ઉરસ વખતે હોય છેજ. મી० એમ० આર० ડબલ્યુ० નાઇટીગેલ નામના એક યૂરોપીઅન ગૃહસ્થે હઝરત બાવા ફરીદ સાહેબના ઉરસ વખતના જોશના વર્ણનનો એક મોટો લેખ ઇ० સ० ૧૯૧૧ ના "પૉલ મૉલ' ગેઝેટ (Pall Mall Gazette) ના નવેમ્બર માસના અંકમાં લખતા નીચે પ્રમાણે લખ્યું છે.

ઇસ્લામની તાકત.

જન્નતી દરવાજો.

નીચેના લેખ ઉપરથી માલમ પડશે કે માણસો ઉત્તર આફ્રિકામાં એક છેડેથી બીજે છેડે સુધી કોઇ વાર જેહાદ થશે એમ જે વાતો કરે છે તે પાયા વગરની નથી. એવું પણ બને કે એવી જેહાદ જો થાય તો તેનો ફણગો એશીઆમાંથી પણ ફુટે. આજે નેવાશ સદી થઇ અજુધન ગામ જે હાલમાં પાક પટ્ટણને નામે ઓળખાય છે તે તવારીખમાં મશહુર છે. પણ છેલ્લા આઠસો વરસ થયાં તે તે કિલ્લા તરીકે નહી પણ એક પવિત્ર ધામ તરીકે જાણીતું છે.

---

* ઇ० સ० ૧૮૫૮ ની ખાનકાહોને તોડવાની કોશીશો જોરથી થવાની શરૂઆત થયાનું કહેવાય છે.

ઈ૦ સ૦ ૧૧૭૩ માં એક મુસલમાન ગૃહસ્થનો જન્મ થયો હતો જેનું નામ જમાનાઓ સુધી પાક રહેશે. પાછળથી તેઓ બાબા ફરીદુદીન શકરગંજ સાહેબના નામથી ઓળખાતા હતા. ઇસ્લામના ધર્મગુરૂ તરીકે તેઓ પોતાના જમાનામાં સઉથી મોટા દરજ્જાના ગણાતા હતા. અજુધન શહેર જે તેમને બહુ પીયારૂં હતું ત્યાંજ તેમને દફન કરવામાં આવ્યા છે.

પુર્વના ધર્મોમાં પાકીઝગી ઉપરાંત ફાકાકશી (અપવાસ) અને રીયાઝત (asceticism) એ બે ચીજો પણ તેની સાથે જોડાએલી રહે છે. એટલે રયાઝતમાં તેઓ પહેલે નંબરે આવતા હતા. તેમનો અપવાસ એટલો બધો લાંબો હતો કે તીશ વરસ સુધી તેમણે મોઢે અન્ન પણ અડકવા દીધું નહોતુ. જયારે ભુખા થતા ત્યારે એક લાકડાની રોટલી અથવા લાકડાની અંગુરનો ઝુમખો પેટ સાથે દબાવતા અને ભુખને ટહાડી પાડતા. તેમની દરગાહ શરીફપર આ ઝુમખાઓ હજુ પણ માજૂદ છે અને મોમીનોને તબર્રૂક તરીકે દેખાડવામા આવે છે. એક મહાત્મા તરીકે તેમની કીર્તી છેક અફઘાનીસ્તાનમાં પહોચી ગઇ હતી એટલુજ નહી પણ ઇરાન અને મધ્ય એશીયામા પણ બધે ફેલાઇ હતી વળી અજુધનનું નામ પણ પછવાડેથી બદલાઇને પાક પટ્ટણ થઇ ગયું હતું, અને હજુ પણ એજ નામે ઓળખાય છે.

આ લેખમા મઝાર શરીફનું વર્ણન આપ્યા પછી જે દીવસે જન્નતી દરવાજો ખુલે છે તે વિશે લખતાં તે અંગ્રેજ લેખક કહે છે કેઃ—

મોહરમના દીવસોમાં પાક પટ્ટણ જ્યાં સાધારણ રીતે શાંતી અને ચુપકીદી ફેલાયલી રહે છે ત્યાં આશરે ૬૦,૦૦૦ ઈસ્લામીઓ ભેગા થવાથી તેમની વાતચીતના અને હસવાના અવાજોથી ઘોઘાટ થતો માલમ પડે છે. દક્ષીણમા મદ્રાસથી તે છેક અફઘાનીસ્તાન અને ઇરાન તેમજ બોખારા, તુરકસ્તાન અને અરબસ્તાન વિગેરે ઘણે ઠેકાણે સુધીના ઈસ્લામીઓ ત્યા આવે છે. અને પુર્વની દરેક ભાષા ત્યાં સમજાય છે. લોકો ઉંટ પર, બળદના ગાડામાં, પગે ચાલતાં વિગેર જેવી તરેહ અને તેવી તરેહ ત્યાં આવે છે.

પછી દરવાજો ખુલે છે તે દેખાવનું વર્ણન કરતાં તે લખે છે કે જ્યારે જન્નતી દરવાજો ખુલે છે કે તે ઉઘડતાની સાથે ત્યાં લોકોનું ટોળું દરીયાના મોજા માફક આગળ ધસે છે. દરેક માણસ જાણે કે હું તે દરવાજામાથી પહેલો નીકળી જાઉં એમ કોઇની પણ પરવા રાખ્યા વગર

આગળ ધસે છે. પોલીસ અને ગોરા અમલદારો ત્યાં હાજર હોય છે જે ટોળાંઓને આગળ ધસતાં અટકાવે છે. તેમ કરવામાં તેઓ લાકડીઓનો ઉપયોગ પણ કરે છે. એટલે તે ટોળું હારમાં ગોઠવાય છે. પણ તે થોડોજ વખત. વળી પાછું તે આગળ ધસી આવે છે. આ વખત જમણી અને ડાબી બંન્ને બાજુએથી એવો ધસારો થાય છે કે દરવાજામાંથી પસાર પણ થઇ શકાતું નથી અને કેટલાક તો દબાઈ બુમાબુમ મારે છે. જેમ તેમ ખેંચતાણ થઇ વળી જરા જગા થાય છે, એટલે પોલીસ પાછી સગવડ કરે છે અને બધાને હારબંધ ગોઠવી તેમને આગળ વધવા દે છે.

આવી રીતે એ ત્રણની હારમાં ગોઠવાઇને લોકો દરવાજામાંથી પસાર થાય છે અને "યા ફરીદ, યા ફરીદ" મોટેથી કહી દરવાજાના પથ્થરોને પોતાના ગરમ થયલા હાથ લગાડી અંદર દાખલ થાય છે. પછી અદબ અને ઇમાનથી તે મહાત્માની કબરને ચુંબન કરી જે બની શકે તે ભેટ ચઢાવી, ખુશી અને ઉમેદની નજરથી "ફરીદ, ફરીદ"ના નારા મારતા આગળ વધે છે.

દરવાજા આગળ જરા ઉભા રહીને આપણે જોઇએ તો—હીંદુસ્તાનમાંથી આવેલો એક પવિત્ર માણસ જોવામાં આવે છે. તેનો ચહેરો તદન સુકાઈ ગએલો હોય છે. જેમ જેમ તે દરવાજા આગળ આવે છે તેમ તેમ તે તેના હાથમાંની તસબીહના દાણા જલદી ફેરવતો અને અલ્લાહનું નામ લેતો માલમ પડે છે. તેની પાછવાડે ઉત્તર તરફથી આવેલો વિકરાળ દેખાવનો જનાવરના ચામડાથી ઢંકાયલો એક ખુની જેવો માણસ "ફરીદ, ફરીદ" કરી બુમ પાડતો દાખલ થાય છે. તેની પાછળ ટેકો દઇ ચાલતો આશરે નેવુ વરસનો, સફેદ બરફ જેવી દાઢીવાલો, કોઇ ગામનો મુખી, "ફરીદ, ફરીદ" કરી અંદર જાય છે. એટલે જુવાન ને બુઢ્ઢા, આંધળાં ને લૂલાં, બધા આવે છે અને તે દરવાજામાંથી પસાર થાય છે. હજારો ઢોલનો અવાજ આવતો હોય તેમ હવામાં બસ "ફરીદ, ફરીદ, ફરીદ," થઇ રહે છે, વિગેરે તે અંગ્રેજ ગ્રહસ્થે એક મોટો લેખ લખેલો છે.[1] આ ઉપરથી જોઇ શકાય છે કે બુજુર્ગોના ઉરસોમાં મુસલમાન ભાઇઓના મનમાં જે જોશ હોય છે તે વખત પડે ધર્મનું કામ બજાવવાને ઘણો મજબુત હોય છે એમ મનાય છે. આવાજ જોશથી જીહાદ થાય છે એ અંગ્રેજ લોકો પણ કબુલ કરે છે. તો શું બુજુર્ગોએ ગોઠવેલા આ ઉરસો નકામા છે? પણ જયાં તે બંધ કરાવવાની હિકમતો મતલબવાળા ભાઇઓ તરફથી થઇ રહી છે ત્યાં શુ કહેવું?

---

૧ માજારીશની ગાદી આજ બાવા ફરીદ સાહેબની ઓલાદના છે.

ઉરસોની હકીકત આવી ખુબીવાળી છે અને તેમાં દર વરસે લાખો ભાઇઓનો જબરો જમાવ થવાનું ઉમદા ધોરણ રહેલું છે. ખીલાફત અને શુધ્ધીના સવાલ ઉઠયા પછી કેટલાક ભાઇઓ ઇસ્લામમાં સંગઠન કાયમ કરવાની જરૂર બતાવે છે પણ આ સિલસિલાનું સંગઠન શું ઓછું છે? જયારે આ સંગઠન કાયમ છે તો પછી તેને આગળ વધારવાને બદલે તોડવાની જે કોશીશે થાય છે તે કેટલી નુકસાન કરનારી છે તેનો વિચાર કરવો જોઇએ. તે આબાદ છે અને તેની શાખાઓ દરેક ઠેકાણે મોજુદ છે. તેને માટે માણસો કે ફંડની કાંઇ પણ જરૂરત નથી. માત્ર હમદર્દી અને મોહબ્બતની જરૂર છે. જો ભાઇઓ તેની બુરાઇ ઉપર કમર બાંધી તેને વગોવવાની કોશીશ ન કરે તો હાલ એ સિલસિલાના મશાયખો એવું તો ઉમદા કામ કરી બતાવે કે જે લાખો રૂપીઆ અને સેંકડો આલીમોથી પણ ન થાય, વિગેરે એ તરીકાના મશાયખોનું કહેવું છે.

હીંદુસ્તાનમાં મુસલમાનોની સંખ્યા જયારે વધી ત્યારે તેમને એક જથામાં જોડેલા રાખવા માટે અને એ જથો દીવસે દીવસે વધારે મજબૂત થાય અને તેમાં વધારો થાય તેટલા માટે બએઅત એટલે મુરીદ બનાવવાનો સિલસિલો પણ એ ચિસ્તી મશાયખોએ અહીં જારી કર્યો, અને તેને એટલું બધું જોર દીધું કે જયાં જુવો ત્યાં મુસલમાનોમાં પોતપોતામાં સંગઠન—ભાઇચારાનુ ધોરણ ઘણું મજબુત થઇ ગયું. + લોકોને મુરીદ કરવાની સાબીતી કુરાન શરીફથી છે. અને તેથીજ એ વાતને આલિમો પણ કબુલ કરે છે. બલકે તેમાં તેમણે ફાયદો જોઇ તેનો લાભ પણ પોતે લીધેલો છે. કુરાને શરીફમાં ફરમાવ્યું છે કે "અમે તને (હે મેહમ્મદ) સાક્ષી અને ખુશ ખબર આપનાર અને ચેતવણી આપનાર તરીકે મોકલ્યો છે. એટલા માટે કે તમે (હે માણસો) ખુદા અને તેના પયગમ્બર ઉપર ઇમાન લાવો, અને તમે તેને મદદ આપો, અને તમે તેને માન આપો, અને તમે સવાર સાંજ તેની પવિત્રતા યાદ કરી નમાઝ પઢો.

+ જે સંગઠન માટે હાલ બનામણ કરવામા આવે છે તે સગઠનનો પાયો તો એ ચિશ્તી મશાયખોએ આજથી સાતસો વરસ પહેલાં અહીં નાખેલે. છ. આ કાંઇ એ સિલસિલની ખાલી મોટાઇના ગુણ ગાએલાં નથી પણ તેની ખરી હકીક્ત બતાવી છે.

ખરેખર જેઓ તારી સાથે **બઅેઅત** * કરે છે તેઓ ફક્ત ખુદા સાથે બઅેઅત કરે છે; ખુદાનો હાથ તેઓના હાથ ઉપર છે. પછી જે કોઇ વચન તોડે છે તે ફક્ત પોતાની વિરૂધ્ધ વચન તોડે છે અને જે કોઇ તે વચન પુરૂં પાળે છે કે જે તેણે ખુદાને આપ્યું છે તેને ખુદા જલદીથી મોટો બદલો આપશે." †

બીજી એક જગાએ કુરાને શરીફમાં ફરમાવ્યું છે કે "ખરેખર ખુદા મોમેનોથી ખુશ થયો છે જ્યારે કે તેઓએ તારી સાથે ઝાડ નીચે **બઅેઅત** કરી, અને ખુદા જે તેમના દિલમાં હતું તે જાણતો હતો. પછી તેણે તેમના ઉપર શાંતી મોકલી, અને તેમને નઝદિક ફતેહનો બદલો આપ્યો" ×

બઅેઅત માટે કુરાન શરીફમાં વળી એક જગાએ ફરમાવ્યું છે કે "હે, પયગમ્બર જ્યારે મોમિન ઓરતો તારી પાસે આવે કે તેઓ તારી સાથે **બઅેઅત** કરે (એટલે તારી સરદારી કબુલ કરી તારી તાબેદારીમાં દાખલ થાય) એવી શરતે કે તેઓ ખુદા સાથે બીજા કોઇને શરીક કરે નહીં, અને ચોરી કરે નહીં, અને બદફેલી કરે નહીં, અને પોતાનાં બચ્ચાંઓને મારી નાખે નહીં, અને જુઠ સહિત આવે નહીં કે જેની તેમણે પોતાના હાથ અને પગ વચ્ચે બનાવટ કરી છે. અને કાંઇ સારૂં કામ કરવામાં હુકમની નાફરમાની કરે નહીં ત્યારે તું તેમની પાસેથી **બઅેઅત** લે, અને તેમને માટે માફી માગ, ખરેખર ખુદા માફી આપનાર (અને) મહેરબાન છે." [1]

કુરાને શરીફનાં ઉપલાં ફરમાનો જોતાં માલમ પડે છે કે મરદ ઓરત તમામને મુરીદ થઇ કોઇ સારા દીની સરદારની તાબેદારીમાં જોડાઇ

---

* કોઈ દીનની ખીદમત કરનાર બુઝુર્ગની આગેવાની કબુલ કરી તેમના હુકમમાં રહેવાની પ્રતિજ્ઞા કરવી—કબુલત આપવી તેને બઅેઅત કહે છે ઉપલી આયાતમાં પયગમ્બરના હાથને ખુદાએ પોતાનો હાથ બતાવેલો છે, અને પયગમ્બર આગળ કરેલી કબુલતને ખુદા આગળ કરેલી કબુલત તરાકે બતાવેલી છે.

† કુરાને શરીફ, સૂરતુલ-ફતહ, આયત ૮, ૯, ૧૦

× કુરાને શરીફ, સૂરતુલ ફતહ, આયત ૧૮. આ બઅેઅતને બઈઅતુર-રિદવાન કહે છે.

૧ કુરાને શરીફ, સૂરતુલ-મોમ્તેહના, આયત ૧૨. સ્ત્રીઓ પણ મુરીદ થવા બઅેઅત કરી શકે છે એ આથી ચોખ્ખું જણાય છે

ઇસ્લામની મજબૂતી માટે ભાઇચારો—સંગઠન કરવાની ખાસ જરૂર છે.[૨] આપણને આવું સંગઠન કરવાની લગભગ સાડી તેરસો વરસથી સવટ કરી આપેલી છે અને તે પ્રમાણે મહાન બુઝુર્ગોએ તેનો અમલ પણ ઉમદા રીતે કરી દેખાડયો છે. આ સિલસિલો મહાન હઝરત પયગમ્બર સલ્અમે ખુદાઇ તાલિમથી કાયમ કરેલો છે અને તેને સાડી સાતસો વરસથી અહીં લાવી તેમના ફરમાન પ્રમાણે ચાલુ કરનાર ચિસ્તી મશાયખોજ છે.[૩] આ એક ખાસ ભાઇચારાનો તરીકો છે જેણે કરોડો માણસોને ખુદાનુ ખરૂં જ્ઞાન શીખવાડી નાનાથી મોટા બનાવી બધાને એક કરી "પીર ભાઇ" બનાવી દીધા છે. આ તરીકાની ખાનકાહો હીંદુસ્તાનમાં ઘણે ઠેકાણે છે અને તેના ખલીફા જ્યાં જુવો ત્યાં મોજુદ છે.*

કેટલાક ભાઇ એમ સમજે છે કે **બએઅત** કરવાની કાંઇ જરૂર નથી. માણસ એમજ દિલથી પોતાને કોઇ પણ સિલસિલામાં ગણી શકે છે. પણ એમ નથી. કોઇ પણ સિલસિલાના બુઝુર્ગ સાથે કાયદેસર જોડાવવા માટે રીતસર કબુલતની જરૂર છે.× જેમ કોઇ પણ ઓરતનો નિકાહ કોઇ પણ માણસની કબુલત વગર થઇ શકતો નથી તેમ આમાં પણ છે. રીતસર કબુલત થાય તોજ એ વાત નક્કી થઇ શકે છે અને તે કાયદેસર ગણાઇ શકે છે. આવી જાહેર કબુલત કર્યા વગર કોઇ પણ મરદ ઓરત પોતામાં સંબંધ રાખે તો તે ગેર કાયદે ગણાય. વળી બંને જણા ખાનગી વહેવાર ચલાવતા હોય તોપણ રીતસર કબુલત

---

૨ જો ઈસ્લામી સંગઠન કરવું હોય તો આ બાબત ઉપર ભાઇઓએ ખાસ ધ્યાન આપવાનું છે.

૩ આ સિલસિલાના પહેલા પેશવા અજમેર શરીફવાળા ખ્વાજા મોઈનુદ્દીન સાહેબ ચિશ્તી હીંદુસ્તાનમા ઇ૦ સ૦ ૧૧૬૫માં પધાર્યા હતા એટલે એ સિલસિલાને અહીં ૭૫૯ વરસ થયા છે.

* હાલ જે હીંદુ સંગઠન કાયમ કરવાની હિલચાલો ચાલે છે તેમાં પણ એ ત્રણ વાતો છે કે હલકા અછુતોને પોતાની સાથે મેળવવા. સહુ હીંદુ ભાઇ રોાન એક કરવા, અને હમદરદીન લાયક હોય તેમની સાથે હમદરદી કરવી. હીંદુ આગેવાનો સંગઠનના રૂપમાં હાલ જે કરવા માગે છે તે તો ચિશ્તી ખાનદાન આજથી સાડી સાતસો વરસ ઉપર કરી બતાવ્યું છે જે હજુ પણ કાયમ છે

× બએઅત માટે કુરાને શરીફ કરતાં બીજો ચડતો પુરાવો ક્યો આપી શકાય એમ હતો ?

બએઅત નહીં હોવાથી તે ધણી ધણીઆણી ગણાઇ શકે નહીં, તેમ તેમના માંનાં કોઇને પણ એક બીજાના વારસાનો હક પહોંચી શકે નહીં. કારણ કે એ સંબંધ અસલ ગોઠવેલા ધોરણ પ્રમાણે નથી. તેમ અહીં પણ **બએઅત** રીતસર થવીજ જોઇએ કે સિલસિલામાં જોડાણ થાય અને ભાઇચારાના હક કાયમ થાય.

જેમ શરીરની દુરસ્તી માટે હકીમની જરૂર છે તેમ રૂહની દુરસ્તી માટે મુરશદ–પીરની જરૂર છે. રૂહના હકીમ તેજ છે. જો પીર ન હોય તો માણસની રૂહને નફ્સાનીયતની જે ભારે બીમારી લાગેલી છે તે દુર થઇ શકતી નથી. અને તેની રૂહ હમેશાં વધારે હેરાન-ગતીમાં પડે છે. આ વાત ચોકસ છે પણ રૂહનો કોઈ ખીયાલ કરતું નથી તેથી તેની તેમને સમજ પડતી નથી. આ બાબત ઘણી ઉંડી છે તેથી ઉપર ટપકે જોવાથી એકદમ સમજમાં આવી શકતી નથી. આને માટે આ સિલસિલાના મહાન બુજાુર્ગોએ ઘણા ઉમદા રસ્તા ખોળી કહાડેલા છે. અને બધાને ફાયદો પહોંચાડેલો છે. આવું ચોખ્ખું હોવાથીજ મોટા મોટા આલિ-મોએ પણ એ સિલસિલામાં બએઅત કરેલી છે. હીંદુસ્તાનના દીની શહેન શાહ અજમેર શરીફવાળા મહાન બુજાુર્ગ ખ્વાજા મોઇનુદીન સાહેબ ચિશ્તી ગણાય છે કારણ કે હીંદુસ્તાનની વિલાયત તેમનેજ મહાન હઝરત પયગમ્બર સલ્અમના રૂહાની ફરમાનથી મળેલી છે અને તેથીજ તેઓ **હીંદલ-વલી** અતાએ રસુલ કહેવાય છે. જ્યારે હીંદુસ્તાનના દીની શહેનશાહ તેજ નક્કી થએલા છે તો પછી હીંદુસ્તાન ઉપર પહેલો હક તેમનાજ સિલસિલાનો છે અને તે પ્રમાણે સઉ લોકો માને છે. અને વહેલે મોડે એજ સિલસિલાનો આસરો લેછે.* આવું હોવાથી એ સિલસિલાનો ભાઇ-ચારો એટલો તો બહોળા પ્રમાણવાળો છે કે જેમાં મોટા અમીરોથી લઇને તે ગરીબ સુધી તેમાં શામિલ છે. હાલ આપણે અંજુમનો, કમીટીઓ, જમીઅતો, સોસાએટીઓ, સંગઠન વિગેરે કહાડી આપણું બંધારણ મજ-બૂત કરવા માગીએ છીએ પણ આ બંધારણ તો હીંદના શહેનશાહ ખ્વાજા ગરીબ નવાઝે આપણી બેહતરી માટે આજથી આઠસો વરસ ઉપર કાયમ કરેલુંજ છે. ફકત આપણે તેની તરફ નજર કરવાનીજ જરૂર છે. તેને માટે કાંઇ પણ ફી કે બીજી રકમ આપવાની છેજ નહીં. ફકત પ્રેમની

---

* બીજા સિલસિલાવાળા ભાઇઓ કવ્વાલી સાંભળવાનો હક હાંસિલ કરવા ચિશ્તીયા સિલસિલામાં બએઅત કરે છે એવું પણ ઘણાઓનું માનવું છે.

જરૂર છે. જે ખ્વાજાએ આ જમીનને કુફરથી પાક કરવા માટે તથા પોતાના ઘરબાર તજી આપણને ઇસ્લામ શીખવાડવા માટે લાખો માઇલ પગે ચાલી અહીં આવવાની તકલીફ લીધી અને આપણા માટે દીની રોશનીનો રસ્તો સાફ કર્યો હોય તેમના તરફ આપણે જેટલો પ્રેમ રાખીએ તેટલો ઓછો છે. તેમનો સિલસિલો એ તેમની યાદગીરી છે અને તે યાદગીરીને કાયમ રાખવાની તથા તેને વધારવાની દરેક દીંદીની ખાસ ફરજ છે.×

આ **ચિશ્તીયા** સિલસિલો ખ્વાજા અબુ ઇસહાક ચિસ્તી સાથે સબંધ ધરાવે છે. તેઓ શામના રહેવાસી હતા. ચિસ્તી સિલસિલો તેમનાથીજ શરૂ થએલો છે. તેઓ હી૦ સ૦ ૩૨૯ માં આ દુનિયાથી ઉઠી ગયા છે. એટલે આ સિલસિલો લગભગ એક હજાર વરસ ઉપર હસ્તીમાં આવેલો છે. એજ તરીકામાં ખ્વાજા મોઇનુદીન ચિસ્તી અજમેરી થયા છે અને તેજ પ્રથમ એને પયગમ્બર સલ્અમના રૂહાની હુકમથી હીંદુસ્તાનમાં ઇ૦ સ૦ ૧૧૬૫ માં લાવેલા છે. આ હિસાબે ચિસ્તીયા તરીકાને હીંદુસ્તાનમાં કાયમ થયાને સાતસો ને ઓગણસાઠ વરસ થયાં છે. *

કાદરીયા.— આ સિલસિલો હઝરત અબદુલ કાદર જીલાની સાહેબ સાથે સબંધ ધરાવે છે. તેઓ બગદાદમાં થઇ ગયા છે. તેમની રેહલત ત્યાંજ હી૦ સ૦ ૫૬૧ (ઇ૦ સ૦ ૧૧૬૬)માં થએલી છે. એટલે એ સિલસિલો હસ્તીમાં આવ્યાને સાતસો ને અઠાવન વરસ થયાં છે ‡ આ સિલસિલાને હીંદુસ્તાનમાં લાવનાર તેમની ઓલાદના એક સૈયદ જમાલ પથરી સાહેબ

× આથીજ ગામેનામ ચિશ્તીયા અન્જુમનો, ચિશ્તીયા મંડળો, ચિશ્તીયા બઝમો વિગેરે કહાડવાની તાકીદ ઘણા લોકો તરફથી કરવામા આવે છે કે એમના મુબારક નામથી લોકામા હમેશા જોશ કાયમ રહે અને તેઓ દીનની ખીદમત કરે. આ સિલસિલાવાળા લોકો ઇસ્લામ ઉપર હુમલા કરનારાઓનો મુકાબલો સહ કરતા વધારે કરે છે એ કોણ નથી જાણતુ ?

* ખ્વાજા સાહેબ ઈ. સ ૧૨૩૪મા ઉઠી ગયા છે જેમનો ઉરસ જબરી શાનો શફકતથી અજમેર શરીફમા થાય છે આ સિલસિલો હીંદુસ્તાનમાં ખાસ પયગમ્બરના હુકમથી કાયમ થએલો છે કાઇ પોતાની મેળે એમન એમ કાયમ થયો નથી. એટલે તેને કાયમ કરનાર પયગમ્બર સલ્અમ પોતેજ છેએમ ગણાય છે.

‡ હઝરત અબદુલ કાદર જીલાની સાહેબના એક પોતરા હઝરત અલાઉદીન અલીએહમદ સાબિર સાહેબ પીરાન કલીયરવાળા એ હઝરત બાવા ફરીદ સાહેબના ભાણેજ તથા ખલીફા પણ હતા એટલે કાદરીયા સિલસિલો ચિશ્તીયા સિલસિલાથી કાઈ જુદો નથી

છે. તેઓ પહેલાં દખણુ તરફ આવ્યા હતા અને પછીથી ઇ૦ સ૦ ૧૫૩૦ માં અમદાવાદમાં આવીને રહ્યા હતા. એટલે એ હિસાબે કાદરી તરીકાને હીંદુસ્તાનમાં આવ્યાને લગભગ ચારસો વરસ થયાં છે. આથી જોઇ શકાય છે કે ચિસ્તી તરીકો કાદરી તરીકાથી લગભગ ત્રણસોને સાઠ વરસ પહેલાં હીંદસ્તાનમાં કાયમ થએલો છે તેમજ તેના લગભગ અડીસો વરસ પહેલાં હસ્તીમાં આવેલો છે. એટલે તે કાદરી તરીકાથી ઘણો આગળનો છે. ×

નકશબંદીયા.—આ સિલસિલો હઝરત બહાઉદીન નકશબંદી સાહેબ સાથે સબંધ ધરાવે છે. તેઓ ઇરાનમાં થએલા છે અને હી૦ સ૦ ૮૫૭ (ઇ૦ સ૦ ૧૪૫૩)માં હરફા ગામમાં ઉઠી ગયા છે. એટલે આ સિલસિલાને હસ્તીમાં આવ્યાને ૪૭૧ વરસ થયાં છે. આથી માલમ પડે છે કે ચિસ્તીયા સિલસિલાની લગભગ પાનસો વરસ પછી તે હસતીમાં આવેલો છે. કેટલાક ખ્વાજા બહાઉદીન નકશબંદીનો વખત હી૦ સ૦ ૭૧૯ (ઇ૦ સ૦ ૧૩૧૯)નો બતાવે છે. તો એ પ્રમાણે જોવા જતાં પણ ચિસ્તીઆ સિલસિલાની તે ચારસો વરસ પછી કાયમ થએલો છે. *

સોહરવરદિયા. આ સિલસિલો શેખ શહાબુદીન સોહરવરદી સાહેબ સાથે સંબંધ ધરાવે છે. તેઓ ઇ૦ સ૦ ૧૧૪૫ (હી૦ સ૦ ૫૩૯) માં સોહરવર્દ ગામમાં પેદા થયા હતા અને ઇ૦ સ૦ ૧૨૩૪ (ઇ૦ સ૦ ૬૩૨)માં બગદાદમાં ઉઠી ગયા હતા. આ સિલસિલો હઝરત બહાઉલ હક મુલતાની સાહેબના વખતમાં હીંદુસ્તાનમાં આવેલો છે. બહાઉલ હક સાહેબ ઇ૦ સ૦ ૧૧૭૦ (હી૦ સ૦ ૫૬૫)માં પેદા થયા હતા અને ઇ૦ સ૦ ૧૨૬૬ (હી૦ સ૦ ૬૬૫માં) મુલતાનમાં ઉઠી ગયા હતા. એટલે એ હિસાબે સોહરવરદિયા સિલસિલો આસરે ૬૫૮ વરસ ઉપર હીંદુસ્તાનમાં કાયમ થએલો છે. ‡ આથી જોઇ શકાય છે કે ચિસ્તીઆ સિલસિલો આ સિલ-

---

× રિફાઇયા તરીકો એ કાદરીયા તરીકાની એક શાખ છે અને તે હીંદુસ્તાનમાં ઈ૦ સ૦ના ચઉદમાં સઇકામાં આવેલો છે.

* આ સિલસિલામાં થોડા ઘણા અનિમો તથા તેમના તરફના થોડા લોકો સિવાય વધારે જથા નહીં હોવાથી માલબવાના ભાઇઓને તેની વધારે ચાતા કે ધારવી નથી જનાર ચીંતા તો ચિશ્તીયા સિલસિલાના છે જેનો જથો ઘણોજ ભારે છે આથીજ ચિશ્તીયા તરીકા તરફથા લોકોને હટાવા બીજી તરફ લેવાની હિકમતો જારી છે.

‡ કિતાબોમાં લખેલું છે કે આ હઝરત બહાઉલ હક સાહેબ મુલતાની એ હઝરત બાબા ફરીદ સાહેબના મસીયાઈ ભાઈ થતા હતા. એટલે એ સોહરવર્દી સિલસિલાને હીંદુસ્તાનમાં લાવનાર પણ હઝરત બાબા ફરીદ સાહેબ ચિશતીના ખાસ સબંધી છે.

સિલા કરતાં પણ સો વરસ પહેલાં હીંદુસ્તાનમાં કાયમ થએલો છે અને તેનાથી લગભગ ત્રણસો વરસ પહેલાંનો હસ્તીમાં છે.

ઉપલા ચારે સિલસિલા જોવા જતાં તો તે બધા મહાન હઝરત પયગમ્બર સલ્અમ સાથે જઇને મળે છે પણ જે નામો ઉપરથી તે કાયમ થયા છે તે જોતાં તો ચિશ્તીયા સિલસિલો સઉ સિલસિલાઓ કરતાં પહેલાનો જુનો છે. અને સઉથી પહેલો તેજ હીંદુસ્તાનમાં કાયમ થએલો છે, અને તેણેજ દાવતનું સઉ કરતાં વધુ કામ કરી બતાવેલું છે. તેનો કબજો હીંદુસ્તાન ઉપર ઘણો પુરાનો હોવાથી તેનો હક તેની ઉપર સઉથી વધારે છે આવું ચોખ્ખું છે તો પછી બીજા સિલસિલાવાળા લોકો એ સિલસિલાની બએઅત પોતાની જગા અહીં કાયમ કરવા માટે કબુલ કરે એ કુદરતી છે. જે જગા જેને કદીમથી સોંપાએલી હોય તેની રજામંદી વગર બીજાને તેની ઉપર સ્વતંત્ર હક મળી શકે નહીં પણ તેના પેટામાં રહેવા માગે તો તે રહી શકે છે. આવોજ હિસાબ આ સિલસિલાઓનો છે. અને તેથીજ બીજા સિલસિલાઓવાળા આ સિલસિલામાં બએઅત કરી મુરીદ થઇ ખિલાફત મેળવે છે. તમામ લોકો આજ કારણે એ સિલસિલા તરફ વધારે વલણ રાખે છે અને તેમાં મુરીદ થયા છે અને થાય છે.*

---

* મૌલાના હાજી ઇમદાદુલ્લાહ સાહેબ મરહુમ તેથીજ પોતાને હમેશાં ચિશ્તી સાબિરી લખ્યા કરતા હતા કારણકે તેઓ પોતે તે તરીકામાં મુરીદ હતા. મૌલાના રશીદ અહમદ સાહેબ ગંગોહી, અને મૌલાના મોહમ્મદ કાસમ સાહેબ નાનોતવી (દેવબંદ મદરસો કાયમ કરનાર) એ મૌલાના હાજી ઇમદાદુલ્લાહ સાહેબના મુરીદ હતા. અને શેખુલ હિંદ મૌલાના મેહમૂદ હસન સાહેબ દેવબંદી, મૌલાના ખલીલ અહમદ સાહેબ, મૌલાના અશરફઅલી સાહેબ થાનવી, મૌલાના સિદ્દીક અહમદ સાહેબ અંબેઠવી, મૌલાના અહમદ હસન સાહેબ અમરોહી, એ તમામ મૌલાના રશીદ અહમદ સાહેબ ગંગોહીના મુરીદ હતા. એટલે આ હિસાબે જોતાં ઉપલા તમામ સાહેબો હાજી ઇમદાદુલ્લાહ સાહેબના સિલસિલામાં હોવાથી ચિશ્તી સાબેરી સિલસિલાના મુરીદ ગણાય છે. આવા મોટા મોટા આલિમ સાહેબો પણ એ સિલસિલામાં દાખલ થએલા છે. એટલે ચિશ્તીયા જથો આ હિસાબે જોતાં ઘણો જબરો ગણાય છે. આથી આપણે કોઇપણ સિલસિલાને હલકો ગણવા માગતા નથી. તેઓ સઉની મતલબ ખુદાનો રસ્તો કાયમ કરવાની છે. અને સઉ પોત પોતાના તરીકા પ્રમાણે સારૂં કામ કરે છે પણ આ તો ચિશ્તીયા સિલસિલો કેટલો કદીમ છે અને જથાવાળો છે તે બતાવવામાં આવ્યું છે.

આ સિલસિલો ઘણા ભરાવંર કદીમી અને જમાવમાં ઘણો ભારે અને મજબૂત હોવાથી તેને કમજોર કરવાની પણ મતલબવાળા ભાઇઓની શીખવણીથી કોશીશ થઈ રહી છે.‡ એ કામ માટે પણ કેટલાક આલિમ ભાઇઓને હાથપર લેવામાં આવ્યા છે કે જેથી એ સિલસિલાનો જમાવ અને ભાઇચારો મજબુત કરવાનાં જે સાધનો છે તેને શિરક અને બિદઅત બતાવી તોડવાં અને તેની કલો ઢીલી કરવી. આ હિકમતોથી આપણા ભાઇઓ ઘણે ભાગે અંજાણ છે પણ હવે ગફલતમાં રહેવાનો વખત નથી. અહીંને માટે બુજુર્ગોએ જે રસ્તા બાંધેલા છે તેજ વધારે ઉપયોગી છે અને તેથીજ દાવતનું કામ ઉમદા રીતે ચાલી શકે છે માટે તેમનાથી આઘા રહેવું એ ખુદાની વેહદાનિયતની સીડીના પગથીઆં તોડી નાખવા બરાબર છે. ઇસ્લામી ભાઇચારો એજ અલ્લાહની રસ્સી છે અને તેનેજ મજબુત પકડવાની છે. તેની સેરો ઢીલી કરી તેને તોડવાની કોશીશો હમેશાં જારી છે પણ આપણે આંખો ખોલીને ચાલીશું તો તેને કોઇ પણ હાથ લગાડી શકશે નહીં. પણ જો વગર વિચારે મતલબવાળાઓની જાળમાં ફસાઇશું તો એ મહા મેહનતે બાંધેલી ઇમારત ટુટી પડીને જમીનદોસ્ત થઈ જશે. આ એક આપણી તરક્કીનો જબરો સવાલ છે. તેની તરફ આંખમીચામણાં કરવાનાં નથી. અનેક બુજુર્ગોએ પોતાની જીંદગીઓ તેની પાછળ ખતમ કરી નાખી છે અને પોતાના જાનોની કુરબાનીઓ કરી છે. માટે આવા એક ઉમદા અને બેહદ ફાયદાકારક ધોરણ તરફ ગફલત કરવી એ દીનના દરખ્તની જડમાં કુહાડીના જબરા ઘા કરવા બરાબર છે. આજ સુધી ગમે તેમ થયું પણ હવે જો ગફલત કાયમ રહેશે તો "શિરક" અને "બિદઅત"ના ભૂત આપણને કયા ઉંડા ગારમાં હડસેલી મુકશે તે કહી શકાતું નથી. માટે ચેતીને ચાલવાનું છે. ભાઇચારો અને ધંધો બંને ટુટવાથી આગળ ઉપર આપણી હાલત કેવી કફોડી થવાની છે તે તરફ હમણાથી ખીયાલ દોડાવવાનો છે, બિગેરે કેટલાક આગેવાન મશાયખો કહી રહ્યા છે.[1]

‡ ખાન [illegible]ની કબરની નીચે ગોખલામાં હાથ નખાવી [illegible]ની અંગુઠીઓ લઇ લેવામાં આવે છે એવી વાતો પણ એટલાજ માટે ફેલાવવામાં આવે છે કે લોકો તેમના તરફથી હટી જાય.

૧ આ વાત ધ્યાનમાં આવે તો માનવી અને ન ધ્યાનમાં આવે તો ન માનવી. તેને માટે કાંઈ જબરજસ્તી કે દબાણ નથી. ખુશીનો સોદો છે. પણ એટલું તો વિચારવાનું છે કે હાલની હાલત કેવી છે, અને તેમાં સુધારો કેવી રીતે થઇ શકે છે.

પ્રકરણ ૧૩ મું.

ગાવા વગાડવાની બાબત.

મશાયખો માટે સાધારણ રીતે ભાઇઓ એવી વાતો કરે છે કે તેઓ **સિમાઅ** એટલે કૌવ્વાલીને ટેકો આપે છે, ઓરતોને બેપરદા ફરતી જોઇ તેમને રોકતા નથી, અને કબરો પુજાવી શિરક કરાવે છે. આ ત્રણ વાતો માટેજ ઘણે ભાગે મશાયખોને બુરા ગણવામાં આવે છે. અને તે પણ હજારો બુરાઇઓમાં સપડાએલા ભાઇઓ તેમને બુરા ગણવા નીકળે છે!

પહેલાં આપણે **સિમાઅ**—રાગનો સવાલ હાથ ધરીશું કે ભાઇઓ જાણી શકે કે આમાં ખરી હકીકત શું છે. જે ચીજ નાદુરસ્ત હોય તે મસલહતની ખાતર દુરસ્ત થઇ શકે છે એવું આપણે ઉપર બતાવી ગયા છીએ. તસવીર રાખવી એ દુરસ્ત નથી પણ રૂપીઆ, પૈસા, નોટો, પોસ્ટ કાર્ડો, પોસ્ટ લિફાફા ઉપર ઇસાઇ હાકમની તસવીર મોજુદ છે તોપણ બધાજ તે રાખે છે અને એને માટે એમ દલીલ લાવવામાં આવે છે કે એની હમેશાં જરૂર પડે છે તેથી દુરસ્ત છે. અહીં જરૂરતની ખાતર નાદુરસ્ત ચીજ દુરસ્ત થઈ જાય છે. ઇલમની ઉજરત લેવી બિલકુલ નાદુરસ્ત છે તોપણ મસલહતની ખાતર દુરસ્ત ગણી તેના પણ રસ્તા શોધી કહાડયા છે. દાવતનું કામ કરવાની દરેક ઇસ્લામીની ખાસ ફરજ છે. હીંદુસ્તાનમાં સાત કરોડ મુસલમાનો છે અને તેવીસ કરોડ હીંદુઓ તથા ત્રણ કરોડ બીજા લોકો છે એટલે અહીં છવીસ કરોડ ગેર મુસલમાનો છે. જ્યારે મુસલમાનો કરતાં સાડાત્રણ ગણી વસતી ગેર મુસલમાનોની છે તો આપણા ભાઇઓએ સમજવું જોઇએ કે તેમની બરાબરીમાં આવવા માટે જોડાણની કેટલી બધી જરૂર છે. સઉ કરતાં ખરૂં પુછો તો આ જરૂરત મોટી છે. પૈસા કરતાં પણ ખુદાના જ્ઞાનના વધારાની બાબતો તરફ હીની ભાઇઓએ વધારે ધ્યાન આપવાનું છે. પૈસો એક જરૂરી બાબત છે તેથી તેના ઉપર તસવીર જેવી નાદુરસ્ત ચીજ હોય તોપણ તે કબુલ કરવામાં અને રાખવામાં કોઇ વાતની હરકત નડે નહીં તો પછી અંશાઅતનું કામ

જે પૈસા કરતાં પણ વધારે કીમતી અને જરૂરી છે તેમાં એવી ચીજ કદાચ હોય અગર દેખાય તો તેમાં છેડાઇ પડવાનું શું કારણ છે ?

અહીં ત્રીસ કરોડની ગેર વસતીમાં ગાવું વગાડવું એ ખુદાની ઇબાદતનો એક ખાસ ભાગ ગણાય છે.× કારણ કે તેમની દરેક ધર્મની ક્રિયામાં વાજાં ગાજાં સાથે **ભજન** કિર્તન થાય છે જેમાં સતાર, સારંગી, તંબુરા, પખાજ ઢોલક, મંજીરા, કાંસી જોડાં, ભુંગળો, કિરતાલ, ખંજરી, તબલા વિગેરેનો ખાસ ઉપયોગ થાય છે. જેમ આવા સાજ વધારે તેમ તેમનામાં ભજનની ખુબી વધારે મનાય છે. ભજનનો અર્થજ તેમનામાં ઇબાદતનો થાય છે, અને દરેક સાધુ પુરૂષે ભજન કરવાંજ જોઇએ એવું તે પોતાના ધર્મ પ્રમાણે માનીજ બેઠેલા છે. જેમને સાધુ તરીકે છાપ પાડવાની હોય તેમને તો આ કામ અખત્યાર કર્યા વગર ચાલે નહીં. જે સાધુ ભજનકિર્તન ન કરે તેને તેઓ સાધુ તરીકે માને નહીં તો પછી મહાપુરૂષ, મહાત્મા કે ધર્મગુરૂ તરીકે તો માનેજ શી રીતે ? જ્યાં આવોજ ખીયાલ એમનામાં મજબૂત હોય તો પછી તેમને ખુદા તરફ દોરવા દાવતનું કામ કરનારાઓને આ કામ કર્યા વગર છુટકોજ કયાં છે ? જો તે નહીં કરે તો તેમને ધર્મગુરૂ ગણેજ કોણ ? અને ધર્મગુરૂ ન ગણે તો પછી તેમની પાસે આવે પણ કોણ ? અને પાસેજ ન આવે તો પછી હિદાયત શી રીતે થાય ? માટે તેમને પહેલાં તો પોતાની પાસે લાવવા માટે ભજન કિર્તનની ઘણીજ જરૂર છે.

ખ્વાજા મોઇનુદ્દીન સાહેબ ચિસ્તી (રે૦ અ૦) મદીનેથી મહાન હઝરત પયગમ્બર સલ્અમની બશારતથી હીંદુસ્તાનની ધાર્મિક શહેનશાહતનો હુકમ લઇને આજથી લગભગ આઠસો વરસ ઉપર આ દેશમાં આવ્યા અને અજમેર શરીફમાં મુકામ કર્યો ત્યારે અહીં ઇસ્લામનું કાંઇ પણ નહોતું. તેઓ એક ફકીર—સાધુ તરીકે આવ્યા અને ત્યાં આનાસાગર તળાવ ઉપર મુકામ કર્યો. અશાઅતનું કામ ગરીબોમાં સારૂં થઇ શકે છે તેથી જે ગરીબ લોકો તેમને સાધુ સમજીને મળવા આવતા તેમની આગળ તેઓ જ્ઞાનની વાતો કરતા. બે ચાર મહીના વીતી ગયા તોપણ વધારે લોકો તેમની પાસે આવવા શરૂ થયા નહીં. ફક્ત જુજજાજ કોઇ માણસ આવી ચડતો.

× તેથી તેમની ઓરતો પણ તેમનામાં છુટથી ગરબા ગાય છે અને તેને ધર્મની બાબત માનવામાં આવે છે. અને હમેશાં ભજનો તો ઇબાદત તરીકે તેમનામાં ગવાયાજ કરે છે.

તેમણે એક દીવસે પેલા માણુસને પુછયું કે તમારી વસ્તી તો ઘણી છે, તો બીજા માણુસો શું કરે છે અને કયાં જાય છે? તો પેલા માણુસે જવાબ આપ્યો કે દીવસે મજુરી કરે છે અને રાતે હમેશાં મંદીરમાં ભજન કરવા જાય છે. તેમણે પુછયું શું હમેશાં ભજન કરે છે? તો તેણે કહયું કે હા, એક દહાડો પણ ભજન કર્યા વગર ચાલે નહીં. રાતે ખાઇ પીને બધાજ મંદીરમાં મહારાજ પાસે જાય છે અને ત્યાં અડધી રાત સુધી ભજન કરે છે. ખ્વાજા સાહેબે જોયું કે આ લોકોને ભજનનોજ શોખ વધારે છે અને તેથીજ તેઓ ખુશ રહે છે માટે પોતે પેલા માણુસને કહયું કે અમને તમારાં ભજન ન સંભળાવો? પેલાએ કહયું કે શા માટે નહીં? હું અમારા લોકોને જઇને કહીશ અને એમને આપની પાસે લઇ આવીશ. તે પછી તેણે જઇને પોતાની મંડળીના માણુસોને કહયું કે એક સાધુ પુરૂષ થોડા વખતથી અહીં આવ્યા છે, ઘણા સારા માણુસ છે, ભકતીનો પણ ઘણો શોખ રાખે છે, તેમને ભજન સાંભળવાનો પ્રેમ છે તેથી એક દીવસ તેમની પાસે જઇને ભજન કરો તો ઘણું સારૂં. તેની મંડળીના લોકોએ કબુલ કર્યું અને એક દીવસે રાતના સઉ સાજ લઇને ખ્વાજા સાહેબની ખીદમતમાં આવ્યા. ખ્વાજા સાહેબે તેમને ઘણી મોહબ્બતથી બેસાડયા અને ખુદાની સારી સારી જ્ઞાનવાળી વાતો કરવા માંડી. મંડળીવાળાઓને ખાતરી થઇ કે જરૂર કોઇ ખુદાવાળા માણુસ છે તેથી તેમણે ખરા દીલથી ભજનો ગાવા માંડયાં. એ લોકો પોતાના દેવતાઓના ભજન જે તેઓ જાણુતા હતા તે ગાતા હતા અને ખ્વાજા સાહેબ તેમને તેજ હિસાબે સમજાવતા હતા. ખુદાના વલીને કાંઇ શીખવાડવું પડે એમ હોતું નથી એટલે તેમણે પણ એ લોકોને તેમના મનપસંદ સારી રીતે બોધ આપવા માંડયો. એ લોકોના મન ઉપર છાપ ચોટવા લાગી અને તેમને ખ્વાજા સાહેબ તરફ એવું તો ખેંચાણ થયું કે તેઓ વખત જતાં સઉ તેમને ગુરૂ તરીકે માનવા લાગ્યા. આ ભજનનો મામલો જારી રહયો અને તેની મારફત હજારો લોકો તેમની પાસે આવીને જ્ઞાનની ન્યામત લેવા લાગ્યા. ભજનને એ લોકો ખુદાની ભક્તી—બંદગી સમજતા હતા એટલે ખુદાની ભક્તીથીજ તેમને ખુદા તરફ ખેંચવાના હતા તેથી એમાં ખ્વાજા સાહેબની નીયત તેમને ખુદા તરફ પાકા બનાવવાની નેક હતી. પત્થરના દેવતાઓ ઉપરથી હવે તેમને ખરા ખુદા તરફ લેવા માટે ખ્વાજા સાહેબને ખુદાના ખરા જ્ઞાન વિશેના ભજનોની જરૂર જણાઇ અને એવા એકતાના ભજનો પણ તૈયાર કરવામાં આવ્યા. વખત જતાં દેવતાઓ ઉપરથી પીરો ઉપર અને

પીરો ઉપરથી ખરા ખુદા ઉપર લાવવાના ભજનો એ ભાઇઓ એવા તો **પ્રેમથી** ગાવા લાગ્યા કે તે ગાવાથીજ પોતાની મેળે તેઓ બધુ સમજવા લાગ્યા. તેમના સિલસિલામાં એક પીર કાયમદીન બાવાસાહેબ નામના મહાન બુઝુર્ગ થઇ ગયા છે તેમના એક મુરીદે રચેલું એક એવીજ મતલબનું ભજન દાખલા તરીકે આપણે આપીશું.

"પૂતળાંને પૂજે રે સાહેબ નહીં મળેરેજી, તેનો તો ન્યારો છે વળી દેશ.
પાણીમાં નાખો રે પથરા તો ડુબશેરેજી, તેને પૂજેથી તું કેમરે તરેશ.
નેહ મને લાગ્યોરે નબીરે રસૂલનો રેજી" *

એટલે એ પ્રમાણે એ ભાઇઓની તબીયતો જોઇને બુઝુર્ગોએ એ રસ્તે તેમને લીધેલા છે, અને તે ઉપરથીજ કૌવ્વાલી, કલામ, મોલૂદ શરીફ, મસનવી, કસીદા વિગેરેને જોર દેવામાં આવ્યું છે. કૌવ્વાલીમાં હમેશાં પીરોની, પયગમ્બરોની અને ખુદાની વાતો હોય છે અને તે રાગમાં ભજન પ્રમાણે હોવાથી એ લોકોને ઘણીજ પસંદ પડે છે. એટલે દાવતના કામમાં તેની વધારે જરૂર દેખાય છે. કોઇ કહેશે કે હવે તો લોકો રસ્તા ઉપર આવી ગયા છે માટે તેની શું જરૂર છે. પણ આપણે કહીશું કે હજુ તો કરોડો બાકી છે. માટે તેમને ખુદા તરફ ખેંચવા અને તેમની સાથે પ્રેમનું જોડાણ કરવા એ ગોઠવણ દાવતવાળાઓને ઘણીજ ઉપયોગી છે. વળી એક ગોઠવણ કરેલી હોય તો તેને ચલાવવા માટે પણ મુસલમાન ભાઇઓની તેમાં ખાસ જરૂર પડે છે કે એ કામ જારી રહે અને આગળનો રસ્તો સાફ થતો જાય.+ અહીંઆ કામ કરવામાં જે મુસલમાન ભાઇઓ જોડાય છે તેમની નીયત નેક હોય છે. તેમની નીયતથી ખુદા વાકેફ હોય છે અને તે જાણે છે કે તેઓ તેના રસ્તા માટેજ મેહનત કરે છે.

હાલ **ખિલાફતના** કામ માટે જ્યારે જ્યારે જલસા થયા અને જુલૂસો નીકળ્યા ત્યારે ગીતો કસીદા અને ગાયનો હારમોનિયમ વાજા સાથે ગવાયાં તોપણ તેને એક ઉપલક બાબત ગણી કોઇ પણ તેની વિરૂધ્ધ નહી બોલતાં ઇસ્લામની મૂળ મતલબ જે ખિલાફતની બાબત હતી તેના ફાયદાને

---

* પીર કાયમદીન બાવા સાહેબના એક ખાસ મુરીદ અભરામ બાવાનું આ કલામ છે અને તે ફક્ત મિસાલ આપવાની ખાતર અહીં આપવામાં આવ્યું છે. તો શું આમાં શિરક વધારવાની બાબત છે કે ઓછુ કરવાની ?

\+ ખાદીનો ફેલાવો પણ એ દાવતી લોકો સારો કરી શકે છે.

માટે એ સઉ થાય છે એમ સમજીને ચુપ બેસી રહયા. ખિલાફ્ત એ એક દીનનો ભાગ છે. જ્યારે દીનના એક ભાગ માટે આ બધું સાંખી લેવામાં આવે છે તો પછી ખુદ દીનના માટે એ સાંખી લેવા ધારે તો સાંખી શકાય એમ છે. મોટા મોટા બુજુર્ગોએ એ રસ્તાને જારી રાખેલો છે કારણકે તેમણે તેમાં દીનના ભલાની ખુબી જોઇ છે. હઝરત દાઉદ પયગમ્બરને તો રાગ એક મોજેઝા તરીકે ખુદાએ આપ્યો હતો અને તેનાથીજ તેઓ પોતાનું કામ લેતા હતા.

ઇમામ ગિઝાલી (રે૦ અ૦) જે "અહયાઉલ—ઉલૂમ," "કીમયએ—સઆદત" વિગેરે ઘણી કિતાબોના લખનાર હોવાથી મોટા આલિમ ગણાય છે તેમણે તથા "માલાબુદ—**મિન્હો**" જેવી ઉમદા મસલાઓની કિતાબ જે હાલ પણ બધે મદ્રસાઓમાં ચાલે છે તેના લખનાર **કાઝી સનાઉલ્લાહ** સાહેબ ચિશ્તી પાનીપતિ જે ઘણા મોટા આલિમ હતા[1] તેમણે પણ સિમાઅ (રાગ) દુરસ્ત હોવાના રિસાલા લખેલા છે જે હાલમાં છાપેલા ઘણે ઠેકાણે મળે છે. વળી તે ઉપરાંત શાહ અબદુલ હક સાહેબ મોહદિસ દેહેલ્વીએ પણ સિમાઅ વિશે રિસાલો લખેલો છે જેમાં તેમણે પણ તે દુરસ્ત બતાવેલ છે. તે સિવાય ઇમામ ઉમર બિન સઇદ સાહેબ તથા ઇમામ કમાલુદીન જાફર સાહેબ વિગેરેના રિસાલા પણ એ વિશે મોજુદ છે. એટલે ઘણા લોકોએ ગાવાને દુરસ્ત પણ લખેલ છે અને તેમાં તેમણે હિકમત અને ખુબી જોઈ છે. એ રિસાલાઓમાં એવી સાફ દલીલો કરવામાં આવી છે કે મહાન હઝરત પયગમ્બર સલ્અમે ગાવું સાંભળેલું છે અને ખુશીના વખતે અને બદરની લડાઇમાં જીત મેળવી પાછા ઘેર આવ્યા પછી તેમણે દફ (ખંજરી) સાથે છોકરીઓના ગાયન સાંભળ્યાનું હદીસમાં મોજુદ છે એવું પણ તેમાં લખેલું છે. વળી એ પણ બતાવ્યું છે કે જે સખસ હરામ તોર પર સાંભળે તેને માટે હરામ છે.

જાહેર ઇલમવાળા બાતિન ઇલમવાળા સાહેબો સાથે હમેશાં આ વિશે વાદ વિવાદ ઉઠાવતા આવ્યા છે પણ ગાવા વગાડવાની દલીલો "મદારેજુન—નુબુવત" "કીમિયાએ—સઆદત" તથા બીજી ઘણી

---

૧ આ "માલાબુદ મિન્હો" કિતાબનો ગુજરાતી તરજુમો રાંદેરવાળા મોલવી ગુલામ મોહંમદ ભાણુજા સાહેબે કરેલો છે. મોલવી ભાણુજા સાહેબ ઘણા સારા માણસ હતા અને ઈસ્લામ પર હુમલો કરનારાઓને જવાબ આપવા કોશીશ કરતા હતા.

સારી કિતાબોમાં મોજુદ છે. હઝરત અલી (ક૦ વ૦)ના ખલીફા હઝરત ખ્વાજા હસન બસરી (રે૦ અ૦) સિમાઅ સાંભળતા હતા અને ફરમાવતા હતા કે જે માણસ ખુદાને માટે સાંભળે છે તે ખુદાને મેળવી શકે છે અને જે પોતાના નફસ માટે સાંભળે છે તે આડે રસ્તે દોરવાય છે. એમના ખલીફા હઝરત અબ્દુલ વાહેદ બિન ઝેદ (રે૦ અ૦) પણ સિમાઅ સાંભળતા હતા. તેમની પછી હઝરત મમશાદઅલી દીનૂરી (રે૦ અ૦) પણ સાંભળતા હતા. અને સિમાઅને હઝરત પયેગમ્બર સલ્અમની અને હઝરત અલી (ક૦ વ૦)ની સુન્નત બતાવતા હતા. વળી તેમના ખલીફા હઝરત અબુ—ઇસ્હાક શામી (રે૦ અ૦) પણ સાંભળતા હતા. તેમના વિશે તો એવું લખેલું છે કે એક વખત એવું થયું કે વરસાદ ખેંચાયો અને લોકો કકલવા લાગ્યા. હાકમે હઝરત પાસે આવીને અરજ કરી તો પોતે ફરમાવ્યું કે સિમાઅ થાય તો પાણી વરસે. તે ઉપરથી ગાવું થયું અને વરસાદ વરસ્યો. હઝરત ખ્વાજા નાસિરૂદીન અબુ મોહમ્મદ ચિશ્તી (રે૦ અ૦) પણ રાગ સાંભળતા હતા અને ફરમાવતા હતા જેવું રાગથી મન ખુલે છે એવું કોઇ ચીજથી ખુલતું નથી, બલકે સો વરસની ઇબાદતથી પણ ખુલતું નથી. હઝરત અબુ યુસુફ (રે૦ અ૦) પણ રાગ બહુ સાંભળતા હતા. શેખ શિબલી (રે૦ અ૦) પહેલાં તેમની પાસે ઘણી વાર આવતા અને રાગ સાંભળી જોશમાં આવતા. લોકો તે વિશે તેમને પુછતા તો પોતે કહેતા કે તમે લોકો એમનાથી વાકેફ નથી. એ શખસ એવા છે કે એમની નિગાહથી માણસમાં કુવત પેદા થાય છે. એક વખત લોકોએ હઝરત અબુ મોહમ્મદ (રે૦ અ૦) ને પુછયું કે ખ્વાજા જુન્નેદ રાગ સાંભળવાથી કેમ હટી ગયા હતા? તો પોતે કહયું કે તેમણે પોતાના સાથી કોઇ નહીં હોવાથી તે સાંભળવાનું છોડી દીધું હતું. જો તેઓ મારા વખતમાં હોત તો જરૂર સાંભળત. તેમના પોતાનાજ ખલીફા હઝરત શિબલી જે એક મોટા બુઝુર્ગ છે તે મારી પાસે આવે છે અને હમેશાં સાંભળે છે.

ઉપલી તમામ હકીકત "ઐનુલ—વિલાયત" તથા "સએરૂલ—અકતાબ" નામની કિતાબોમાં મોજુદ છે.+ અને લખ્યું છે કે ઉપલા

+ જો કદી એમ દલીલ કરવામાં આવે કે એ કિતાબો મોઅતેબર નથી. તો પછી નકશબન્દી, કાદરી, સોહરવરદી, મુજદદી વિગેરે સિલસિલાના બુઝુર્ગોની તથા બીજી તમામ કિતાબો પણ તેવાજ છે એમ દલીલ થઈ શકે. જો એમજ હોય તો પછી બધી કિતાબો નકામીજ ગણાય.

રાગ સાંભળનારા સાહેબો અજમેર શરીફવાળા મહાન ખ્વાજા સાહેબના પણ મુરશેદો છે. એ લોકો ઘણાજ કાબેલ અને ઇલમમાં ભરપુર હતા. હદિસ ફિકાહ વિગેરેથી જોઇએ તેવા વાકેફ હતા, અને કરામતના ધણી હતા. તેમનાથી લાખો માણસોને ફેઝ પહોંચેલો છે. અને હજારો માણસો ખુદાના ખરા રસ્તે આવેલા છે. વળી અજમેર શરીફવાળા મહાન ખ્વાજા સાહેબ પણ જ્યારે પોતાના મસીયાઈ ભાઇ પીરાનપીર દસ્તગીર (રે૦ અ૦) સાહેબના ત્યાં મહેમાન થઇને ગયા ત્યારે પીરાન પીર સાહેબને પણ ખ્વાજા સાહેબ માટે રાગની ગોઠવણ કરવી પડી હતી અને કૌવ્વાલી થઇ હતી એ તેમની હકીકતની કિતાબોમાં મોજુદ છે.‡ આવા મહાપુરૂષો જેને તમામ આલિમો પોતાના પેશવા તરીકે કબુલ કરે છે તેમણે રાગ સાંભળેલો હોય તો તેમાં તેમણે કાંઇ ભેદ, હિકમત કે ખુબી જોએલી હોવી જોઇએ. ભલાઇ માટે રાગ સાંભળે તો ભલાઇ છે અને બુરાઇ માટે સાંભળે તો બુરાઇ છે એવું તેમણે સાફ કહેલું છે કારણકે તેમાં રાગનો કાંઈ કસુર નથી. નમાઝ તથા કુરાને શરીફ પણ જો ભલાઇ માટે પઢે તો ભલાઇ છે અને બુરાઇ માટે પઢે તો બુરાઇ છે.

એક માણસના ત્યાં એક ઘોડો હોય અને તેને તે હાજીઓ કે બીજા નેક માણસોના ઉપયોગમાં લેતો હોય તો તેણે તે ઘોડો નેક કામ માટે રાખ્યો છે એમ મનાય અને તેથી તેને નેકીજ મળે. પણ જો તે ઘોડો તેણે ધાડા પાડવા માટે અને ગામ લુટવા માટે રાખ્યો હોય તો તેણે બુરા કામ માટે રાખ્યો છે એમ મનાય. અહીં તેની નીયત ઉપર હિસાબ છે. ઘોડાને કાંઇ લેવા દેવા નથી. જો એ ઘોડો સારા કામ માટે વાપરવામાં આવે તો ભલાઇ થાય છે અને જો બુરા કામ માટે વાપરવામાં આવે તો બુરાઇ થાય છે. એમ રાગ પણ જો ભલાઇ માટે સાંભળવામાં આવે તો ભલાઇ છે અને બુરાઇ માટે સાંભળવામાં આવે તો બુરાઇ છે. માણસની નીયત ઉપર સઘ દારોમદાર છે એવું કેટલાક સાહેબોનું કહેવું છે.

કદાચ કોઇ એમ કહે કે રાગથી માણસ અવળે રસ્તો દોરવાય છે તો આપણે કહીશું કે પૈસાથી પણ માણસ અવળે રસ્તે દોરવાય છે. પૈસો મળે છે તો કોઇકજ માણસ સારા રસ્તે ખરચે છે બાકી ઘણા ખરા તો બુરા રસ્તેજ તે હમેશાં ખરચે છે જેના દાખલા આપણી નજર સામે

‡ આ હિસાબે ચિશ્તી મશાયખો પોતાને રાગ સાંભળવાનો હક છે એમ માને છે.

મોજુદ છે. તો શું દોલત બુરી ચીજ છે? વાપરનારની કસુરથી આપણે [illegible] [illegible] શકીએ નહીં કે દોલત ખરાબ ચીજ છે અને આપણે તે ન લેવી જોઈએ. અથવા આપણે કાંઇ ગાવું વગાડવું સાંભળવાની હિમાયત કરતા નથી. પણ હકીકત બતાવીએ છીએ કે સાંભળવાની દલીલો પણ છે. જેને સાંભળવું હોય તે સાંભળે; ન સાંભળવું હોય તે ન સાંભળે. પૈસા કમાવવા હોય તે કમાય; ન કમાવવા હોય તે ન કમાય. પોત પોતાની મરજીની વાત છે. મક્કા મોઅઝ્ઝમામાં અને મદીના શરીફમાં ગિલાફ આવે છે ત્યારે વાજું વાગે છે, તોપો છુટે છે, અને ધુમધામ થાય છે એ કોણ નથી જાણતું ?* ઇસ્લામમાં ઘણી બાબતોમાં ઇખ્તિલાફ—મતભેદ તો છેજ. હનફી, શાફઈ, માલેકી અને હમ્બલી એવા ચાર મઝહબ નીકળ્યા તે ઇખ્તિલાફનુંજ કારણ છે પણ તેથી કાંઇ એક બીજાને બુરૂં કહેવાનો હુકમ નથી. પણ સંપથી મળીને રહેવાનો હુકમ છે. અને તેથીજ હનફી મઝહબવાળાને શાફી મઝહબવાળાની પાછળ અને તેજ પ્રમાણે ચારે મઝહબવાળાને એક બીજાની પાછળ નમાઝ પઢવાનો હુકમ છે. જો ઇખ્તિલાફથી એક બીજાને બુરા ગણવાનો હુકમ હોત તો દરેક મઝહબવાળા એક બીજાથી દુર રહી તેમના સાથે મળતજ નહીં. પણ ઇખ્તિલાફવાળાને બુરા ગણવાનો હુકમજ નથી. જો ઇખ્તિલાફને વળગવા જઇએ અને તેને માટે લડવા બેસીએ તો બરબાદીજ થાય, તેથી ઇસ્લામે એક થઇને ચાલવાનો હુકમ આપ્યો છે. જ્યાં ઇખ્તિલાફ હોય ત્યાં ભલે હોય પણ તેથી લડીને કોમમાં કુસંપ પેદા કરવાનું આપણું કામ હોવું જોઇએ નહીં. મૌલાના મરહુમ હાજી ઇમદાદુલ્લાહ સાહેબ જે હાલના લગભગ તમામ આલિમોના પીર ગણાય છે તેમણે પોતાની કિતાબમાં લખ્યું છે કે "સિમાઅ—રાગના મસઅલામાં ઇખ્તિલાફ છે. સારી વાતો તેમાં હોય અને બુરી વાતો ન હોય તો દુરસ્ત છે; નહીં તો નાદુરસ્ત છે જેવું કે ઇમામ ગિઝાલી સાહેબે લખ્યું છે. તેમ રાગ સાથે વાજાં—સાઝ વગાડવા વિશે પણ ઇખ્તિલાફ છે. × કેટલાક લોકોએ ઇમામોની હદીસોના જુદા અર્થ બતાવેલા છે, અને તેને માટે

---

* આથી એમ સમજવાનું નથી કે મસ્જીદો આગળ વાજાં વગાડવાં દુરસ્ત છે. ત્યાં તો બંધજ રાખવાં જોઇએ.

× રાંદેરવાળા મૌલવી ગુલામ મોહમદ બિન હાજી હાફેજ સાદિક (બાબુજી) સાહેબ, [illegible] ઈસમાઇલ સાહેબ, હાજી રહેમતુલ્લાહ સાહેબ વિગેરેના પણ હાજી [illegible] સાહેબ પીર હતા. એવા સારા માણસોના પીર ઝગડા કરવાનું કામ [illegible] નહીં.

આલીમોના હવાલા આપેલા છે, તેમજ કાઝી સનાઉલ્લાહ સાહેબે પણ પોતાના રાગના રિસાલામાં તેની હકીકત લખેલી છે, પણ તેને માટે શરતો રાખેલી છે, અને તે ઉપર સહુ એકમત છે. પણ હાલની મજલિસોમાં તે શરતો દેખાતી નથી તોપણ ખુદાએ પાંચે આંગળીઓ સરખી બનાવી નથી. એ હદીસો સહુ એક તરેહની છે અને તેના અર્થ તેવા થઇ શકે છે જો કે તેમ કરવું મુશકેલ છે. વળી માણસને હાલ (જોશ) પણ ચડી શકે છે, આવી હાલતમાં કોઇને ખોટા ખરા કહેવું એ મુશકેલ છે. મારો રિવાજ તો આમાં એ છે કે હું દર સાલ મારા પીરો મુરશદની રૂહ મુબારકને સવાબ પહોંચાડવાનું કામ કરૂં છું. પહેલાં કુરાન પઢવામાં આવે છે અને કોઇ કોઇ પ્રસંગે વખત મળે છે તો મોલુદ પણ થાય છે, પછી જે તૈયાર થયું હોય તે ખાવાનું ખવડાવી તેનો સવાબ બક્ષવામાં આવે છે. વધારે વાતોની મને આદત નથી. ન વગર વાજાએ રાગ સાંભળવાનો પ્રસંગ આવ્યો છે કે ન વાજાં સાથે, પણ સિમાઅની મોહબતવાળાઓનું (એહલે હાલનું) જાણી જોઇને કદી બુરૂં બોલ્યો નથી. અલબત જે લોકો રિયાકાર અને દાવો કરનારા છે તે બુરા ગણાય. પણ શરીઅતના હુકમ પ્રમાણે ખાસ પુરાવાથી એવું સાબિત ન થાય ત્યાં સુધી તેમને તેવા ગણવાનો હુકમ નથી. આમાં બંને બાજુવાળાઓએ એ પ્રમાણે ચાલવું જોઇએ. જે લોકો એ (રાગ સાંભળવાનું) કામ ન કરે તેમને સુન્નતની પુરેપુરી પએરવી કરનારા ગણવા અને જે કરે તેમને (એહલે મોહબત) મોહબતવાળા—પ્રેમી ગણવા. એક બીજાથી ઇનકાર કરવો જોઇએ નહીં. લોકોની ભુલ હોય તો ખુબી અને નરમીથી સુધારવી જોઇએ" વિગેરે મૌલાના હાજી ઇમદાદુલ્લાહ સાહેબે પોતાની "ફૈસલ.-એ હફ્ત-.મસાએલ" નામની કિતાબમાં લખેલું છે.[1]

આથી એટલું તો સાફ માલમ પડે છે કે જે લોકો સિમાઅ તેના નિયમ પ્રમાણે સાંભળતા હોય તેમને બુરા કહેવાના નથી. આવું કહીને આપણે રાગની તરફ લોકોને જાણી જોઇને દોરવા માગીએ નહીં પણ આપણે ઉપલી દલીલો પરથી એટલું તો બતાવી શકીએ કે કદાચ રૂપીએ દસ આના સાંભળવાની મનાઇ હશે તો છ આના સાંભળવાની છુટ પણ હશે. જુઠું બોલવામાં, હસદ કરવામાં, ગીબત કરવામાં, વ્યાજ ખાવામાં એક આની પણ છુટ નથી તેમાં લોકો પોતાની મતલબની ખાતર સોળે સોળ આના આગળ વધેલા છે અને

---

1 આથી સાફ જણાય છે કે આમાં ઈખતિલાફ છે, પણ ઇખતિલાફ છતાં પણ હાજી સાહેબે કોઇને પણ બુરા કહેવાનું કહ્યું નથી.

રાગ જે દાવતના કામમાં એક ઉપયોગી ચીજ ગણાય છે અને તેને માટે થોડી ઘણી પણ છુટ છે તેનું જો કોઇ નામ લે છે તો તેને હલકો ગણવામાં આવે છે. દફ વગાડવાની છુટ છે એવા ફતવા તો હાલ પણ દરેક આલિમ આપે છે અને તેથી નિશાનોવાળા * તે વગાડીને લોકોને ભેગા કરે છે અને વળી તેથીજ રિફાઇ રમનાર ફકીરોને જોશ દેવડાવી ગુરજ અને સીખથી ઝરબ કરાવે છે જેથી ગેર કોમના લોકોના મન ઉપર ગુરજ અને સીખના ઘાથી શરીર પર જરાપણ ઇજા થતી નહી હોવાથી ઇસ્લામની સચ્ચાઈની ઘણી સારી અસર થાય છે અને તેઓ ખુદાના ઇલમ તરફ ખેંચાય છે, અને આપણી સાથે મળે છે. × વળી વગાડવાના તાંસાં પણ રમજાન, ઇદ, મોહરમ, રજબ વિગેરેના ચાંદની; આગેવાનોના આવવાની, ઇસ્લામી જલસાઓની તથા એવીજ બીજી ઇસ્લામી ખબરોની જાહેરાતો આપવા માટે વગાડવામાં આવે છે અને તાસીરામાં તેનો છુટથી ઉપયોગ થાય છે. વળી નોબતો તથા નગારાઓ રમજાન શરીફમાં રોજો છોડતી વખત તથા રાતના સહેરી વખતે પણ લોકોને જાણ કરવા માટે છુટથી વગાડવામાં આવે છે અને તે વિશે કોઇ પણ વાંધો લેતું નથી. કેટલેક ઠેકાણે તો રમજાન શરીફમાં ઉપર પ્રમાણે લોકોને ખબર આપવા પીતળના ઘંટ પણ વગાડવામાં આવે છે જે રિવાજ ઘણે ઠેકાણે જોવામાં આવે છે. નોબતો અને નગારાઓનો તો લશકરમાં પણ છુટથી ઉપયોગ થાય છે બલ્કે જીહાદ કરનારા ગાઝીઓને જોશ દેવાડવા માટે તો તે ખાસ જરૂરના ગણી વગાડવામાં આવે છે. * જ્યારે નોબતો અને નગારા આવા જરૂરના છે તો પછી તેના તરફ વખતના સંજોગો પ્રમાણે લોકોનું વલણ થાય તો એમાં નવાઇ જેવું કાંઇ નથી. એટલે આવાં વાજાંનો ઉપયોગ વખતો વખત થતો તો રહે છે. પણ મસ્જીદ આગળ તે વગાડી શકાય નહીં.

---

* હાલ ખીલાફતના, કોમના, કમીટીઓના, જમીઅતના ઝંડા તઈયાર કરી ઇજ્જતની સાથે બધે ફેરવવામાં આવે છે અને ખલીફાના નામના ઝંડાની તો ભારે અદબ થાય છે. જ્યારે આ ઝંડાઓની ઇજ્જત થાય છે તો પછી પીરોના ઝંડાઓની ઇજ્જત લોકો કરે એમાં નવાઈ શું ?

× રિફાઈની કેટલાક લોકો ઠેકડી કરે છે પણ તેમાં કેટલા ફાયદા રહેલા છે તે દાવતનું કામ કરનારાજ જાણી શકે છે.

* આ વાતો મતલબવાળાઓને પસંદ હોતી નથી કારણકે તેથી મુસલમાનોમાં લડાઇ કરવાનો જોશ આવે છે. અને તેથીજ તેમણે આલિમોની મારફત એ બંધ કરાવવાની જોરથી કોશીશ કરવા માંડી છે.

આવા વગાડવાના કામને પરકોમના લોકો ઇબાદત માટે એક ખાસ જરૂરી ચીજ સમજે છે બલકે તેને ઇબાદતનો એક મુખ્ય ભાગ ગણે છે અને જે દાવતના ધામોમાં આવા વગાડવાનાં કામ ભારે ધામધુમથી થાય છે તેમને સારા માયાવાળાં અને મુજીઝાંવાળાં ગણે છે. આવું હોવાથીજ દાવતી લોકો તે અખત્યાર કરવા તૈયાર થાય છે કે બીજા લોકો તેની મારફત ખુદાના રસ્તા તરફ ખેંચાય. આવા ધામોમાં નોબતો, ટકોરખાના, નગારખાના, ઢોલીઓ વિગેરે પણ રાખવામાં આવે છે કે હીંદુ ખીયાલ પ્રમાણે તે જગાનું વડપણ અને જાહોજલાલી દેખાય. આ ગોઠવણ એ ભાઇઓને ઘણી પસંદ હોય છે અને તેમાં તેમને રસ પડે છે. જ્યારે ટકોરખાના અને નગારખાનાની આવા ધામોમાં ઉપલા કારણને લીધે જરૂર છે તો પછી દાવતની નૈયતથી તેની પણ ત્યાં ગોઠવણ થાય છે.*

મુસલમાન ભાઇઓને તેથી પરેજી કરવી હોય તો ઘણું સારૂં છે પણ ગેર કોમવાળા જે ગાવાને એક ઇબાદત સમજે છે તેમના કામમાં દખલ દેવાથી કાંઇ ફાયદો થતો નથી. મુસલમાનો માટે કદાચ તે કામ ઠીક ન હોય તો પણ તેવો હુકમ ગેર લોકો માટે થઇ શકે નહીં. વળી જે મુસલમાન ભાઇઓ તેમની સાથે મળીને દાવત—જોડાણનું કામ કરે છે તે પણ ખુદાના રસ્તાની ખીદમત કરે છે અને તેમની નીયત ઘણી સારી હોય છે તો તેમને ભડકાવી મારવાથી પણ કાંઇ સાર નીકળતો નથી. કારણ કે દાવતના કામને અટકાવ થાય છે. કદાચ એ ગાવા વગાડવાનું કામ ઇખ-

---

*આ હિસાબે દાવતી ધામોમાં વગાડનારાઓની પણ જરૂરત પડે છે. પહેલાં દાવતથી ઘણા લોકો આ વર્ગમાંથી મુસલમાન પણ વખત જતાં થતા અને પોતાના એજ ધંધાથી ઈસ્લામી ધામોમા ટીકોરખાના વગાડવામાં મદદરૂપ થઈ પડતા. તેઓ એજ ધંધો શીખેલા હોવાથી મુસલમાન થયા પછી તેમને એ કામ બંધ પાડવા ફરજ પાડવામાં આવતી તો તેમના ઉપર એક પ્રકારનું દબાણ થતું જે તેમને પસંદ પડતું નહીં અને નકામી અરચા ઉઠતી અને દાવતના કામમાં મંદાઇ આવી જતી તેથી તેમને પોતાનો ધંધો ચાલુ રાખવા સવડ થાય તેથી તેને માટે વાંધો ઉઠાવવામાં આવ્યો નથી. વળી જે વગાડનારા તથા ઢોલીઓ મુસલમાન થતા તેમને બીજા લોકો પોતાના ત્યાં વગાડવા બોલાવતા નહીં જેથી તેમને કામ મળતું ન હોતું અને તેઓ દુઃખી થતા માટે સઘ વાતનો વિચાર કરીને આ ધોરણ દાવતના ખીયાલથી ચાલુ રાખેલું છે, એવું દાવતનું કામ કરનારાં જણાવે છે. આવાં વાજાં મસજીદો આગળ બેશક નહીં વાગવાં જોઇએ કારણકે તે ખુદાની ઈબાદતની જગાઓ છે. અને ત્યાં વગાડવું મના છે.

તિલાફની રૂએ છુટ હોવાથી મસલહત અથવા હિકમતથી મુતું હોય તો પણ તેમાં આડે આવવાથી દાવતના કામને જબુરો ધોકો પહોંચે છે.[1]

હાલમાં મુંબાઇથી નીકળતા "ઉરદુ ખિલાફત" છાપાના તા૰ ૩૦ ડીસેમ્બર ૧૯૨૩ના અંકના બીજા પાને તેના એક મુખ્ય લેખમાં "**મૂસીકી ઔર સિયાસાત**" (રાગ અને પોલીટીકલ બાબતો) એ મથાળાથી એક નોંધ તેના એડીટર તરફથી લેવામાં આવી છે તેમાં સાફ જણાવવામાં આવ્યું છે કે "કોકનાડાની તાજી ખબરો ઉપરથી માલમ પડે છે ભારત રાગ કોન્ફરન્સ (ઓલ ઇન્ડીઆ મૂસીકી કોન્ફરન્સ) હાલમાં ચાલતી રાજદારી બાબતોમાં ગાયનોથી મદદ લેવાને માટે એક ઘણો જરૂરનો ફેંસલો કરી રહી છે. જુદી જુદી પ્રજાઓની તવારીખ સાબીતી આપે છે કે સ્વતંત્રતા—આઝાદી માટેની લડતના કામમાં રાગદારીએ દરેક મુલકમાં પુરતો ભાગ ભજવેલો છે. કેટલાક તવારીખ લખનારાઓનો એવો ખીયાલ છે કે કે યુનાન (ગ્રીસ)ની આઝાદીનો મુખ્ય સબબ કવી બાયરનની એ કવીતાઓ હતી જે તે યુનાનની બજારોમાં અને સરીઆમ રસ્તાઓમાં ગાતો હતો. અસલના વખતમાં નકીબોનું—છડીદારોનું રાગમાં પોકારવું પણ મશહુર છે. આજકાલ પણ લડાઇના ફનના જાણકાર લોકો બેન્ડવાજાં અને કોમી રાગને ઘણાં જરૂરનાં સમજે છે. અફસોસની વાત છે કે હજુ સુધી હીંદુસ્તાનમાં કોઇ પણ કોમી ગીત જોવામાં આવતું નથી. જો ભારત રાગ કોન્ફરન્સ એક કમીટી એવી નીમે અને તે કમીટી રાગના નીયમથી કોમી કવીતાઓ એવી તૈયાર કરે કે જે લોકોના મનમાં દેશની મોહબતની લાગણી પેદા કરી શકે તો તેથી રાષ્ટ્રીય ચળવળ (દેશની વાતો)ને ઘણી મદદ મળી

---

૧ હાલના છાપાઓ જેમાં જોતીષ, નાટક, સીનેમા, તમાશા, ઓરતોના ગાયનના જલસા, તસવીરો, સટ્ટા, જુગાર, બ્યાજ, શરાબ વિગેરે જેવી શરીઅત વિરૂધ્ધની વાતોની હમેશાં જાહેરાતો આવે છે અને તેની તારીફ તેમાં થાય છે તેવા બુરા છાપાઓનો પણ હાલ ઈસ્લામી વાતોના ફેલાવ માટે સારા સારા લોકો ઉપયોગ કરે છે બલકે તેને ઇસ્લામી વાતોને લોકોમાં જાહેર કરવાનું એક ખાસ સાધન માનવામાં આવે છે. આવી એક બુરી વાતો તરફ દોરનારી ચીજનો ઉપયોગ આપણા ભાઇઓ વગર વાંધે રાત દીવસ કરે છે તથા એવી બુરી ચીજોની તારીફ કરનારા છાપાને દીનના કામમાં ઉપયોગી સમજી તેનાથી કામ લે છે તો પછી આવા વગાડવાનું કામ જો કે બુરૂં હોય તો પણ તે દીનની દાવતના કામમાં ઉપયોગી છે એમ સમજી તેનાથી કામ લેવા દાવતી લોકો તૈયાર થાય તો એમને શું કહી શકાય?

છે." વિગેરે ઉરદુ ખિલાફત પેપરનો અભિપ્રાય છે. એટલે કોમી મોહબતની લાગણી પેદા કરવા માટે રાગ એક ઘણી જરૂરની ચીજ છે એવું તે ગણે છે. [1]

આપણે એક બીજો દાખલો આપીશું કે ખીલાફતના કામમાં રોકાએલા પાંચસો આલિમોનો [2] ફતવો બહાર પડયો હતો તેમાં શરીઅતની રૂએ સાફ બતાવવામાં આવ્યું છે કે સરકાર સાથે સહકાર કરવો, સરકારી નિશાળોમાં છોકરાંઓને ભણવા મોકલવાં, સરકારી કાઉન્સીલોમાં દાખલ થવું, સરકારી અદાલતોમાં વકીલાત કરવી, અંગ્રેજી માલ વાપરવો, વિગેરે તદન હરામ છે. જ્યારે આ વાતો શરીઅતથી તદન હરામ ગણાઇ ચુકી છે તોપણ પોતાની મતલબ માટે તેનો કેટલો બધો આશરો લેવાય છે ? પોતાની જાતી મતલબની ખાતર આ હરામ ગણાએલી ચીજોનો છુટથી લાભ લેવામાં આવે છે તો પછી દીનની ખાતર રાગ જેને માટે થોડી ઘણી પણ છુટ છે તેનો ઉપયોગ કરવામાં આવે તો તેને ઉપલી હરામ ગણાએલી ચીજોનો પોતાની મતલબની ખાતર લાભ લેનારા ભાઇઓ ખોટું કહે તો તે કેવું ગણાય ?

ઉપલી હકીકતથી દાવતના કામના સંજોગ સમજાવ્યા છે. આથી કાંઇ તમામ મુસલમાન ભાઇઓને ગાયનો ગાવાની અને વાજાં વગાડવાની તરગીબ આપવામાં આવતી નથી. [3] જે મુસલમાન ભાઇઓ નમાઝ રોજાનો ખીયાલ ન રાખે અને ફક્ત ગાયનો તથા વાજાં સાંભળવા દોડે તે બિલકુલ પસંદ કરી શકાય નહીં. જે મુસલમાનને ખુદાની ઇબાદતની પરવા ન હોય તે જો કદી રાગ તરફ દોરાય તો તે ખરેખર નુકસાનમાં છે એમ મનાય. મુસલમાનોએ આ બાબતમાં ખુબ વિચાર કરીને ચાલવાનું છે. આ લખાણની મતલબ એવી કરવાની નથી કે દરેક મુસલમાન ગફલતમાં પડી ખેલ તમાશા તથા ગાવા વગાડવા તરફ દોરાય. તેમણે તો જેમ બને તેમ આવી બાબતમાં

---

૧ ફકીરો હમેશાં વસતીમાં સવાલ કરતી વખત ગાઈને આવી વાતો લોકો આગળ રજુ કરે છે એથી લોકોના મન ઉપર ઈસ્લામી જોશની અસર હમેશાં કાયમ રહે છે. એવું કેટલાકનું માનવું છે.

૨ આ આલિમોમાં દેવબંદ, સહારનપુર, દીલ્લી, ભોપાલ, વિગેરેના આલિમો આવી જાય છે.

૩ શાદીઓમાં વાજાં ન વાગે અને શરીઅત પ્રમાણે અમલ થાય તો ઘણું સારૂં છે. પણ હાલ જે ભારે કીમતનાં ઘરેણાં તથા કારચોબના ભારે લુગડાં લઈ શાદીઓ થાય છે તથા ભારે ખરચથી વલીમાના ખાણા થાય છે તે કામ વાજાં વગાડવાથી ક્યાં ઓછું છે ? અને

પરહેજગારીથી ચાલવું જોઇએ કે ઇસ્લામને કોઇ જાતનું નુકસાન થવા ન પામે.‡

પ્રકરણ ૧૪ મું.

બેપરદગી શાથી ?

બીજી વાત મશાયખો માટે એ કહેવામાં આવે છે કે તેઓ ઓરતોની બે પરદગીને ટેકો આપે છે. પણ ખરૂં જોતાં તેઓ બિચારાઓનો એ બાબતમાં પણ કાંઇ કસુર નથી. તેઓ તો પરદાના ખાસ હિમાયતી હોય છે અને પોતાના ત્યાં સખત પરદો રખાવે છે પણ લોકોના રિવાજ આગળ તેમનું કાંઇ ચાલી શકતું નથી. ગરીબ લોકો જે શેર લાવે છે અને શેરે ખાય છે તે તો મજુરીનું કામ કરે છે. તેમની ઓરતોને પરદામાં રહેવાનું પરવડતું નથી કારણકે તે ઓરતો તો સવારથી સાંજ સુધી ખેતરમાં અથવા બીજે કોઇ ઠેકાણે મેહનત મજુરી કરવા જાય છે ત્યારે તેમનું ગુજરાન ચાલે છે. જો મેહનત કરવા બહાર ન નીકળે અને પરદામાંજ ઘેર બેસી રહે તો તેમને પેટ ભરવું મુશ્કેલ થઇ પડે કારણકે તેમના ઘરમાં ગુજરાનનું સાધન હોતું નથી. વળી તેમનામાં પરદામાં રહેવાનો ઉપલા સબબથી

આમાં મોટા મોટા ઈલમવાળા ભાઇઓ પણ સપડાએલા છે. મોટા આલિમોની શાદી પણ હાલ બે ત્રણ હજારથી ઓછામાં થઇ શકતી નથી તથા વલીમાના ખાણા પાછળ પણ તેમને ઘણો ખરચ કરવો પડે છે. એ કામો વાજા કરતાં ક્યાં ઉતરતાં છે ? તેનો વિચાર કરવાનો છે.

‡ આની સામે ભાઈઓએ જુઠું બોલવાથી, વ્યાજ ખાવાથી, ગીબતો કરવાથી, ખાણાં તથા સારાં સારાં ઉમદા લુગડાં તેમજ ઘરના શણગાર પાછળનાં ઈસરાફ ખરચથી, મોટાઈથી, હસદથી, સટ્ટા કરવાથી, પણ બચવું જોઇએ ! જેથી દીનને ફાયદો થાય.

રિવાજ પણ હોતો નથી એટલે તેમને મુશ્કેલ લાગે છે. જ્યારે તેમની પાસે ગુજરાનના સાધનો થાય તો બેશક તેઓ પરદે રહી શકે પણ હાલ તો તેમને કહેવામાં આવે છે તો એમજ જવાબ મળે છે કે અમને ખાવા પીવાની, લુગડાં લત્તાંની તથા રહેવા કરવાની સવડ કરી આપો તો અમે પરદામાં રહી શકીએ. હવે આટલા બધા હજારો લોકોના ત્યાંની ગરીબ ઓરતો માટે એ ગોઠવણો શી રીતે થાય એ એક જબરો સવાલ છે. એટલે ગરીબોની બાબતમાં તો ચુપજ રહેવું પડે છે. હવે જે લોકો માલદાર છે તેમના ત્યાં પરદાનો રિવાજ ચાલુ થએલો છે. તેમના પરદાની રૂઢી જોતાં તે છે તો નહીં જેવો, પણ તે તદન નહીં હોવા કરતાં સારો છે. કારણકે તેથી કેટલોક મલાજો રહે છે. માલદારોની ઓરતોને શરીઅતના હુકમ પ્રમાણે પરદો કરવાનું કહેવા જઇએ છીએ તો તેઓ કહે છે કે અમારે માટે હુકમ છે તો શું મરદો માટે નથી? મરદો માટે પણ કોઇ પણ ગેર ઓરતને નહીં જોવાનો શરીઅતનો હુકમ છે. વળી શરીઅતમાં તો કાકાની છોકરી, મામાની છોકરી, ફોઇની છોકરી, માસીની છોકરી, પીતરાણુ ફોઇ, પીતરાણુ કાકી, પીતરાણુ મામી, પીતરાણુ માસી વિગેરે સામે પણ મરદોને જવાનો હુકમ નથી. આ હુકમ પ્રમાણે સાધારણ માણસો તો શું પણ મોટા મોટા ઇલમવાળા ભાઇઓ પણ ચાલતા નથી એટલુંજ નહીં પણ ઉપલી ઓરતો સાથે ખુશીથી બેપરદા મળે છે અને છુટથી વાતો કરે છે. જ્યારે મરદોનોજ આવો હાલ છે તો પછી અમે ઓરતો કેટલું કરી શકીએ? અમારે માટે કુરાને શરીફમાં હુકમ છે કે અમારે અમારી નજરો નીચી રાખવી અને ગેર મરદો તરફ ન ઝાંખવું તેજ પ્રમાણે મરદો માટે પણ હુકમ છે કે તેમણે પોતાની નજરો નીચી રાખવી અને ગેર ઓરતોને ન જોવી.* બલકે એટલે સુધી હુકમ છે કે મરદોએ ગેર ઓરતોને જોવાની નથી એટલુંજ નહીં પણ તેમનો અવાજ પણ સાંભળવાનો હુકમ નથી. તેમજ તેઓ જે તરફ હોય તે તરફ જવાનો પણ હુકમ નથી. આવો સખત અને ચોખ્ખો હુકમ દરેક મરદ માટે છે તો પણ મરદો ક્યાં તેનો અમલ કરે છે? તેઓ તો મેળાઓમાં, જલસાઓમાં, ઘરુઘોડાઓમાં, પારટીઓમાં, બજારોમાં, તમાશાઓમાં, બધેજ ઠેકાણે છડેચોક ફરે છે અને રાતદીવસ ગેરઓરતોને જોયા કરે છે. આવો રિવાજજ એવો છે તો પછી શું કરવું?. મરદો કહે છે કે ઓરતો

---

* સુર એ નૂરના ચોથા રૂકુમાં આ હુકમ મરદો માટે છે

અમારી સામે આવી જાય છે તો અમે શું કરીએ? તો ઓરતો પણ એમજ કહે છે કે મરદો અમારી સામે આવી જાય છે તેથી અમે પણ લાચાર છીએ. જેવી હાલત મરદોની છે તેવીજ ઓરતોની છે. મરદો બિચારા શરીઅતના હુકમ પ્રમાણે ચાલી શકતા નથી તો પછી ઓરતો ગરીબ શી રીતે ચાલી શકે? વિગેરે ઓરતો કહે છે. આપણા કેટલાક નેક ભાઇઓ આ તરફ પરદા માટે કોશીશ તો ઘણી કરે છે પણ દેશના રિવાજ આગળ તેઓ લાચાર થઇ જાય છે. અહીં બેપરદગીનો રિવાજ એવો છે કે પરદાનો સારી રીતે અમલ કરાવવા ઘણો વખત જોઇએ. ધીરે ધીરે કામ થઇ શકે છે ઉતાવળ કરવાથી કાંઇ વળતું નથી. ‡

કેટલાક દેશોમાં કેટલાક રિવાજ એવા હોય છે કે જે તોડવા ઘણાજ મુશ્કેલ પડે છે. ગધેડા પર બેસવું સુન્નત છે અને અરબસ્તાનમાં બધાજ લોકો બેસે છે. પણ આપણા ત્યાં કદી કોઇ માણસ ગધેડા ઉપર બેસે તો ઘણુંજ ખરાબ દેખાય એટલુંજ નહીં પણ છોકરાઓ ઠેકડી કરી તાળીઓ પાડે અને ઢેફાં મારી તેને ઠેઠ ગામ બહાર મુકી આવે. ગધેડા ઉપર બેસવું એ ઇસ્લામની રૂએ સારૂં છે તોપણ અહીં કયા ભાઇઓ તે ઉપર બેસી બજારમાં નીકળી શકે છે? એટલે દેશ દેશના રિવાજને લોકો ઘણી વખતે વળગેલા રહે છે, અને એ હિસાબેજ આપણા ત્યાં મરદો તથા ઓરતોની હાલત એવી છે. જેમ મરદો ગેર ઓરતોને જોવાથી બચી શકતા નથી તેમ ઓરતો પણ ગેર મરદોને જોવાથી બચી શકતી નથી. ઘરના મરદ નોકરો જેવા કે બબરચી, ઘોડાવાળા, મોટરવાળા, ઘરનું કામ કરનારા તથા ફેરી ફરી છુટક ચીજો વેચનારા લોકો હમેશાં ઓરતોની સામે ઘરમાં આવ્યાજ કરે છે. અને ચુડીઓવાળા ચુડીઓ પણ હાથ પકડીને પહેરાવે છે. વળી ઓરતો જરા બીમાર થાય છે કે ગેર કોમના ડાકટરો અને વૈદો પાસે તેમને લઇ જવામાં આવે છે અને તે લોકો તેમનો હાથ પકડીને નાડ જુવે છે, જીભ જુવે છે, આંખ જુવે છે, છાતી અને પીઠ ભુંગળી મુકીને તપાસે છે, ઓપરેશન કરે છે, અને છુપું શરીર પણ વખત આવે તપાસે છે.* વળી કામ પડે સરકારી અમલદારો આગળ પોતાની

---

‡ આ પરદાની બાબતમાં આપણા સુરત જીલ્લાના તથા તેની આસપાસના ગામોના ભાઇઓ ઘણી કોશીશ કરે છે એ ઘણું ખુશી થવા જેવું છે.

* ગેર મુસલમાન મરદો તો શું પણ ગેર મુસલમાન ઓરતો જેવી કે ડાકટરનીઓ, મીડ વાઈફો. નર્સો, દાયણોને પણ મુસલમાન ઓરતોએ પોતાનું શરીર દેખાડવાનો હુકમ નથી; પણ કોણ તે પ્રમાણે ચાલી શકે છે

હકીકત લખાવવા ઓરતોને મોકલવામાં આવે છે, સફર જવું હોય છે તો તેમના ફોટો પડાવીને પણ પાસીંજર એજન્ટો તથા અમલદારો પાસે રજુ કરવામાં આવે છે અને તેમને એકજ આગગાડી કે એકજ આગબોટમા ગેર મરદો સાથે મુસાફરી કરવા માટે બંદોબસ્ત કરવામાં આવે છે તથા મોલવીઓ તથા હાફેજીઓ પાસે બીમારીના ઇલાજ વિગેરે માટે પણ મોકલવામાં આવે છે અને એ બાબતોનો બધે આમ રિવાજ છે. આવા મામલો જ્યાં હોય ત્યાં શું કરવું? જ્યારે ઓરતો પરકોમના ડાકટરો, હકીમો અને વૈદો પાસે જઇ પોતાનું શરીર દેખાડે, મહેતાજીઓ, ઘોડાવાળા, કોચમેન. મોટરવાળા, બબરચી, હારી, ચાકર વિગેરેના સાથે હમેશાં સમાગમમાં આવે અને પરકોમ ના ચુડીવાળાઓને પોતાનો હાથ તેમના હાથમાં આપી ચુડી પહેરે, લુગડાં વેચનાર, ફેરીવાળા સાથે તથા દરજીઓ સાથે કલાકો સુધી વાતો કરી ખરીદીઓ કરે અને લુગડાં વેરાવે તો પછી મશાયખો તેમાં શું કરે?+ એમાં એમનો બિચારાઓનો શું વાંક? ડાકટર, વૈદ, હકીમ, મોટરવાળા, ઘોડાવાળા. બબરચી, ચુડીવાળા, લુગડાંવાળા, ફેરીવાળા વિગેરેથી પરદો ન હોય તો પછી મશાયખોથી તો હોયજ શાનો? ખુદ આલિમ ભાઇઓ કામકાજ માટે ગેર ઓરતોને જુવે તેમની સાથે વાતો કરે અને તેમની સાથે છુટથી મળે તો પછી ગરીબ બિચારી ઓરતોને શું કહી શકાય?

ખિલાફતના કામમાં ઘણા મરદો ગેર ઓરતો સાથે એકજ ગાડીમાં સાથે બેસીને ફર્યા છે તે કોણ નથી જાણતું? વળી ખુદ કબેતુલ્લાહમાં મુકમે ઇબ્રાહીમ અને હતીમની જગા આગળ તેમજ હજરે અસવદને બોસો દેતી વખતે મરદો ઓરતોથી કેટલા આઘા રહી શરીઅતનો હુકમ પાળે છે તે પણ જાણીતી બિના છે. જ્યારે લોકોનીજ હાલત આવી છે તો પછી મશાયખો ઉપર બેપરદગીનો ઇલઝામ મુકવામાં આવે તો તેનો જવાબ મશાયખો બિચારા શું આપી શકે? શું ડાકટરો, વૈદો, ચુડીવાળા, મોટરવાળા, ઘોડાવાળા, અને બબરચીથી પણ મશાયખો ગયા? શું એ લોકોની જરૂરત છે તો શું મશાયખોની નથી? જ્યારે મશાયખો ગેર મરદ છે તો પછી ઉપલા લોકો કોણ છે? પેલા તો પૈસા લઇને કામ કરે છે

+ આવું હોવા છતાં પણ ઓરતો મરદો કરતાં વધારે નેક અને ઈમાનમાં વધારે મજબુત માલમ પડે છે. આ દલીલો આગળ ધરી આપણે કંઈ આપણા ભાઈઓ ઉપર ઇલઝામ મુકવા માગતા નથી પણ મશાયખો જે ખરી હકીકત આજીજી સાથે ભાઇઓ આગળ રજુ કરે છે તે ટાંકી બતાવી છે. તેમનો ઓરતોનું નેક અને ઇમાનદાર હોવું એજ તેમને માટે મોટી નેકનામી છે.

પણ મશાયખો તો વગર પૈસે હાજર રહે છે અને હમેશાં નેકી પર ચાલવાની સલાહ આપે છે અને સીધે રસ્તે દોરે છે. તેઓ પરહેજગાર હોવાનો દાવો કરતા નથી પણ પોતાને ગુન્હેગાર બતાવી ખુદાના ગરીબ બંદાઓને સીધે રસ્તે લાવવા મહેનત કરે છે અને સંજોગ જોઇને એ વાત સારીજ બતાવે છે.

જે ઓરતો શરીઅતનો હુકમ બરાબર પાળી એક પણ ગેર મરદ સામે નીકળતી ન હોય તે મશાયખો પાસે પણ ન જાય તો ઘણી સારી વાત છે પણ જ્યાં બધો મામલોજ ગેર મરદો સાથે હોય તો પછી મશાયખો બેપરદગીને ટેકો આપે છે એમ શી રીતે કહી શકાય? મશાયખો તો એજ ચાહે છે કે તમામ દુનિયાની ઓરતો પરદામાં બેસી જાય અને બધા મરદો પણ ગેર ઓરતોને જોવાનું તદન બંધ કરે પણ ઉપલા સંજોગોમાં તેમનું ચાલવાનું શું હતું? અલબત તેઓ ધીરે ધીરે સુધારો કરી શકે છે. પહેલાં ઓરતો સાડી ઘાઘરો પહેરતી હતી તેમને ધીરે ધીરે મશાયખોએ ઇજાર કુરતા પહેરતી કરેલી છે અને હજુ પણ ધીરે ધીરે તેમની એ વિશે કોશીશ જારી છે. મશાયખોને તો ઉલટો દાવતના કામ સારૂ ગેર કોમની ઓરતોને નેકીનો સીધો રસ્તો દેખાડવાની હમેશાં કાળજી રાખવી પડે છે અને તેમની ઉપર સચ્ચાઇની છાપ પાડી તેમને ખુદાના રસ્તે ખેંચવી પડે છે. જેમ બેપરદા ઓરતોના ત્યાં આલિમોને ખાવા જવું પડે છે વાએજ કરી પૈસા લેવા તથા તેમની પાસેથી ઉઘરાણામાં નાણા મેળવવા તેમના ત્યાં ઘણી વખત જવું પડે છે તેવીજ હાલત મશાયખોની પણ છે. કારણકે મશાયખોને દાવતના કામ માટે તેમનાથી મળવું પડે છે. મશાયખો પોતાનું કામ જે ગેર કોમના મરદ ઓરતોને રસ્તે લાવવાનું છે તે કરે જાય છે. બીજું કામ કરવાનો તેમને પુરતો વખત પણ મળતો નથી. ગેર કોમની ઓરતો મશાયખોની પાસે આવી જ્ઞાન મેળવવામાં ઘણો લાભ સમજે છે એટલે તેમને આવતી રોકવી એ દાવતના કામને બંધ કરવા જેવું છે એવું લોકો ચોખ્ખું કહે છે. વળી એ ઓરતો મશાયખો પાસે અને તેમની દરગાહો ઉપર આવવાનો પોતાનો હક સમજે છે એટલે જો તેમને રોકવામાં આવે તો તેમનામાં નારાજી પેદા થાય છે. આવો મામલો હોય તો મશાયખો બિચારા શું કરે? તેમને તો દાવતનું—હીંદુ મુસલિમ જોડાણનું ઘણું જરૂરનું કામ કરવાનું છે અને ઉપરથી કડક ભાઇઓ તેમની ઉપર ઇલઝામ મુકે છે તો પછી તેમને કયા રસ્તે

કામ કરવું એ વિશે એમને અમુઝણ થાય એ કુદરતી છે.* તેઓ તો કહે છે કે અમને એ એકતા—જોડાણનું કામ નચીંતપણે કરવાદો અને શરીઅતના સુધારાઓનું કામ આલિમોને સોંપો અને સાથે સાથે આલિમોને એ વાતની પણ ચેતવણી આપો કે મશાયખો જે દાવતનું કામ કરી રહયા છે તેની વિરૂધ્ધ કાંઇ બોલવું નહીં કારણકે તેથી અશાઅતના કામને નુકસાન પહોંચે છે. જો ભાઇઓ આવો બંદોબસ્ત કરશે તો તેમને ઘણી નેકી મળશે અને દાવતનું કામ ઘણુંજ સારૂં ચાલશે. મશાયખો બધું સમજે છે અને શરીઅતના ઇલમ અને હુકમોથી તેઓ સારી રીતે વાકેફ છે. આજકાલ ઇસ્લામી ગુજરાતી ચોપડીઓ વાંચીને સાધારણ માણસો પણ શિરક બિદઅત શું છે તે સમજી ગયા છે તો શું મશાયખો જે હજારોમાં ફરે છે તે નહીં જાણતા હોય? બધું જાણે છે પણ તેમને તો ખુદાનું એવું ભારે કામ કરવાનું છે કે જે બીજા કરી શકતા નથી. મશાયખોએ હજારોને ખુદા તરફ દોર્યા છે જ્યારે બીજાઓથી એક પણ દોરાયો નથી.

આ કામ તેમનું નદી કે તળાવ જેવું એટલું બધું નેકીવાળું છે કે તેમની બીજી ઉપલકીઆ વાતો જે જાહેરમાં જુદી રીતની દેખાય છે તે તેમાં સમાઇ જાય તો કાંઇ નવાઈ જેવું નથી. એક નદી અથવા તળાવમાં થોડી ઘણી બુરી ચીજ પડી જાય છે તો તેનું પાણી નાપાક થઈ જતું નથી. તેમાં તો એક તરફ ઢોર પેસાબ કરે છે અને બીજી તરફ લોકો વજુ કરે છે અને નહાય છે. તેજ પ્રમાણે હજારો લોકોને ખુદા તરફ દોરવાની મશાયખોની નેકીઓ એટલી બધી જંગી પ્રમાણમાં હોય છે કે ફુરૂઆત—ઉપલકીઆ વાતો તેમને નુકસાન કરી શકતી નથી, વિગેરે લોકો કહે છે.×

પરદા ઉપર આપણા ભાઇઓ દીની ફરમાનની રૂએ જોર દેવા ખાહેશ રાખતા હોય તો તો ઘણી સારી વાત છે પણ લોકો તો એમ

---

* તોપણ આપણે કહીશું કે ઓરતોને આઘે રાખવી એ ઘણું સારૂં છે.

× છેટેથી કેટલાક સાહેબો આપણી તરફ બે ચાર દીવસ માટે આવે છે તે ઓરતોને આઘે રાખવાની તથા તેમનો ચહેરો નહીં જોવાની પરહેજગારી રાખી શકે છે. પણ જો તેઓ અહીં લાંબો વખત રહેતો તેઓ ભાગ્યેજ તેટલુ કરી શકે હરબી ઓરતો તૈયાર કરવાના કારખાના ઉત્તર હીંદુસ્તાન તરફ છે એ કોણ નથી જાણતું? તેને માટે ત્યાંના આલિમ ભાઇઓથી શું થઈ શક્યું? મશાયખો તો કહે છેજ કે પરદો સારો છે, અને તેની પાબંદી થવી જોઇએ

કહે છે કે ખરી હકીકત એ છે કે હાલ ઘણે ભાગે કેટલાક મરદોમાં ઓર-તોને જોવાની ખાહેશ ઘણી વધી ગઇ છે તેથી તેઓ મરદોની વલણથી વાકેફ થઇ ગયા છે અને એને લીધેજ તેઓ એ મરદોની સામે આવતાં પોતાના ઘરની ઓરતોને રોકે છે કે કદાચ તેઓ જુવે તો પાછળથી વાતો બનાવી ઠેકડી કરે. જો તેમને દીનના ફરમાનોની કાળજી હોય તો તેઓ ઓરતોને પરદાની સાથે નમાઝ રોજા માટે, અને લોકોની કુથળી નહીં કરવા માટે પણ તાકીદ ન કરે? પણ તેમની નમાઝ વિશે ઘણા થોડાજ મરદો ખીયાલ રાખે છે. પરદા માટે ઓરતોને તાકીદ અને નમાઝ માટે કાંઇ નહીં, ઓરતો બેનમાઝી હોય તો તેમના હાથનું ખાવાનું શરીઅતમાં દુરસ્ત નથી તોપણ આને કોણ જુવે છે? માત્ર ઓરતોને કેટલાક ભાઇઓ ઉપલા કારણને લીધે ઘરમાં ગોંધી રાખવાનો ખીયાલ રાખે છે. પણ તે કાંઇ ખાસ પરદાના હુકમનો અમલ કરવા માટે હોતું નથી, વિગેરે કેટલાક ભાઇઓ કહે છે. આમાં સચ્ચાઇ કેટલી છે તે કહેનાર ભાઇઓ જાણે પણ આપણે તો કહીશું કે પરદો સારી ચીજ છે.[1]

પરદો બેશક હોવા જોઇએ પણ તેમાં ઓરતોને કસરત, તાજી હવા, તડકો વિગેરેના ફાયદાથી મેહરૂમ રાખવાનો હુકમ નથી. અરબો ઓઢી ઓરતો ગમે ત્યાં જઇ શકે છે બલકે ઘોડા ઉપર સવારી પણ કરી શકે છે એવો ઇસ્લામી દેશોમાં રિવાજ છે. તેમની તંદુરસ્તી સાચવવીજ જોઇએ. જો એનો ખીયાલ રાખવામાં નહીં આવે તો ઓરતો ખઇ, દમ, અને એવીજ જીવલેણ બીમારીઓમાં ફસાય અને તેથી જબર નુકસાન થાય એ ઉઘાડું છે,

હાલમાં આપણા દેશના રિવાજોને લીધે ઓરત મેળવવી ઘણી મોંઘી થઇ પડી છે. ગરીબમાં ગરીબ માણસને પણ તે મેળ-વવા જતાં ઓછામાં ઓછા બે હજાર રૂપીયાના ચક્કરમાં આવવું પડે છે.*

---

૧ આપણા સુન્ની વહોરા ભાઇઓ દીનની બેશક ઘણી સારી કાળજી રાખે છે એ ઘણું ખુશી થવા જેવું છે. ગરીબ લોકોની હમદરદી પણ તેમનામાં ઘણી છે. તેમ તેમની ખેરાત પણ ઘણી ચડીઆતી છે. મસ્જીદો તથા મદરસાઓ માટે પણ તેઓ ઘણી કાળજી રાખે છે. આનો નેક બદલો તેમને બેશક સારોજ મળશે. પણ આ કિતાબ વાંચીને તેમને હવે દાવતની તાલીમનો એક સારો મદરસો ખોલવાની જરૂર છે. કે દીનની તરક્કી થાય.

* ભારે જણસો, ભારે લુગડાં, ભારે વલીમાનાં ખાણાં વિગેરે જેમાં લોકો ઉપર બેહદ બોજો પડે છે તેવા કામોથી પહેલાં આલિમ ભાઇઓએ બચવું જોઇએ અને પછી લોકોને એ ચિજોની નસીહત કરવી જોઇએ. વળી

એટલે કરજના બોજામાં ઉતરે છે ત્યારે તેને ઓરત મળે છે. કરજના ખાડામાં ઉતરી ઓરત લાવીને તેને ઘરમાં ગોંધી તેની તંદુરસ્તીનો ખીયાલ રાખવામાં ન આવે તો તે ઉપલા હિસાબે જીવલેણ બીમારીમાં સપડાય અને છેવટે ગુજરી જાય એ ઉઘાડું છે.* જો ખુદા ન કરેને આવું થાય તો ઓરતની ઓરત જવાથી ઘર ભાગે અને કરજનો ખાડો પુરવાની ચીંતા તોજ રહે. માટે પરદો કરાવવામાં પણ ઓરતોની તંદુરસ્તીનો ખીયાલ ભુલવા જેવો નથી. આપણી વડીલ ડોસીઓનાં શરીર જુવો. તેમની મજબુતી જુવો. સવારથી સાંજ સુધી દોડધામ કરે છે તો પણ તેમને કાંઇ થતું નથી અને હાલની આપણી બહેનો જરા ચાલવામાં આવે છે કે થાકીને લોથ થઇ જાય છે અને બીજે દીવસે શીશો લઇને ડાકટરના ત્યાં દોડવાનો વખત આવે છે. જુંમાંથી લીખજ પેદા થાય છે. તેમ આવી બહેનની ઓલાદ કેવી થાય તેનો વિચાર કરવાનો છે. માટે પહેલાં તેમની તંદુરસ્તી સાચવવાનો ખીયાલ રાખવા જોઇએ ×

કસરત, સફાઇ, તાજી હવા, તડકો એ તંદુરસ્તી માટે ઘણી જરૂરની ચીજો છે. કસરત અને સફાઇનો લાભ ઘરના કામકાજથી તથા નમાઝથી સારી રીતે મળી શકે છે માટે ઓરતોને ઘરના કામકાજ ઉપરાંત નમાઝ ઉપર જરૂર ઉતારવી જોઇએ. તાજી હવા અને તડકો એ બુરખો ઓઢીને કદાચ કાંઇ કામે બહાર જાય તો મળી શકે છે પણ જો બહાર જવા જેવા સંજોગો નજ હોય તો ઘર એવી ગોઠવણવાળાં હોવા જોઇએ કે જેમાં તાજી હવા અને તડકો મળી શકે. જો આ વાતનો ખીયાલ રાખવામાં નહીં આવે તો ઓરતોને નુકસાન થાય એ ઉઘાડું છે.

આલિમ ભાઈઓએ ઘણા ઉઘરાણા કરવાથી પણ બચવુ જોઈએ કારણ કે લોકો તદન સાદી રીતે પોતાની શાદીઓ કરી પૈસાની કાંઈ બચત કરે છે તે બચત તેમના ઉઘરાણાઓમાં ચાલી જાય છે એટલે તેમને તો પૈસાની તાણની તાણજ રહે છે એવું લોકો કહે છે.

* આપણી બહેનોને નાનપણમાંજ આંકડીઓ આવે છે, હિસ્ટીરીઆ થાય છે, અંધારીઓ અને ચકરીઓ આવે છે, હોલ પડે છે, બેહોશી થાય છે, હમેશાં ઝીણો બુખાર રહે છે, ખાંસી તથા દમ લાગુ પડે છે અને આખરે ખઇી થઈ જાય છે એ શાનાથી થાય છે તેનો વિચાર કરવાનો છે.

× આપણા આજના જુવાન ભાઈઓનાં શરીરનો પણ એવોજ હાલ છે. એક બુઢો ડોશી તેમનો હાથ પકડે તો તેઓ છોડાવી શકે નહીં.

પહેલાની બાદશાહી મસ્જીદોમાં પરદા સાથે ઓરતો માટે પણ જમાઅત સાથે નમાઝ પઢવા જવાની ગોઠવણ હતી તે આ હિસાબેજ હતી એવું કેટલાક કહે છે અને મસ્જીદોની એવી બાંધણી જોવાથી પણ આપણને એ વિશેની ખાતરી થાય છે. હાલ પણ ઘણે ઠેકાણે એવી અસલની મસ્જીદો છે જેમાં ઓરતો માટે પરદાની સવડ સાથે નમાઝ પઢવાની જુની જગાઓ જોવામાં આવે છે. એટલે આવી મસ્જીદોમાં ઓરતો બુરખો ઓઢીને નમાઝ પઢવા જતી તો તેમને નમાઝ, કસરત, સફાઇ, તાજી હવા, તડકા વિગેરેનો સારી રીતે લાભ મળતો. બીજે ઠેકાણે જવું તેના કરતાં મસ્જીદમાં પરદાના બંદોબસ્ત સાથે ખુદાના તરફ જવું એ વધારે સારૂં છે એમ કદાચ તે લોકોએ માન્યું હશે.* મસ્જીદ એ ખુદાનુ ઘર છે ત્યાં જવાથી ખુદાની યાદી મનમાં તાજી થાય છે અને ત્યાં ગુન્હો કરવાથી માણસ બીએ છે. વળી મસ્જીદમાં નમાઝીઓમાં મોટો ભાગ ગુનાહના કામોને બુરા સમજનારો હોય છે તો ત્યાં બીજી જગાઓ જેટલી બુરાઇ હોવાનો સંભવ હોતો નથી. એટલે ઓરતોને નમાઝની નેકી તરફ રજુ કરવા સાથે તેમની તંદુરસ્તીનો પણ આમાં ઘણો સારો ઇલાજ રહેલો છે. ધારો કે જેમ કેટલાક નમાઝીઓ મસ્જીદમાં ખરા દીલથી અને કેટલાક દેખાવને લીધે આવે છે તેમ ઓરતો પણ દેખાદેખી આવે તોપણ તેમને ઉપલા લાભ તો મળેજ. તંદુરસ્તી સાચવવાની ઇસ્લામમાં ઘણી તાકીદ છે અને નમાઝ જેવી ખુદાની ઇબાદત પણ માણસની તંદુરસ્તીનો ખીયાલ રાખીને ખુદાએ ઘણે ભાગે નક્કી કરી છે કે તે શરીરે સુખી રહી ખુદા તરફ રજુ રહે. માટે જો ઓરતો માટે પણ ખુદાની યાદી સાથે શરીરની કેળવણીની ઉપર પ્રમાણે કાંઇક નિર્દોષ ગોઠવણ હોય તો ફાયદો થઇ શકે. કલબો, જીમખાના, દરીઆના કિનારા, નદીના કિનારા, બાગ બગીચા, ખેલના મેદાનો અને બીજી એવીજ હવા ખાવાની જગાઓ જ્યાં તમાશાના શોખીન પુરૂષો વધારે હોય છે તે જગાઓમાં ઓરતો હમેશાં ફરવા જાય તેના કરતાં કોઇ મસ્જીદમાં ખુદાની યાદીના ખીયાલથી જાય તો ઉપલી તમાશાવાળી જગાઓ જેટલી ત્યાં વધારે બુરાઇની ધાસતી રહે

* મૌલાના અશરફઅલી સાહેબ થાનવી ઈ૦ સ૦ ૧૯૨૪ની શરૂઆતમાં જ્યારે રાંદેર તશરીફ લાવ્યા હતા ત્યારે તેમનું વાએઝ સાંભળવાની રાંદેરના નેક ભાઇઓએ મસ્જીદમાં બહેનોને પરદાના બંદોબસ્ત સાથે સારી ગોઠવણ કરી આપી હતી જેથી એ બહેનોને લાભ મળ્યો હતો.

નહીં. આથી આપણે ઓરતોને "એક પંથ ને દો કાજ" એ ધોરણ ઉપર નમાઝ તરફ રજુ કરવા માગીએ છીએ કે પરદાનો પરદો સચવાય, તેમની તંદુરસ્તી સારી રહે[1] અને તેમને નમાંઝનો પાકો ખીઆલ બંધાઇ જવાથી તેઓ નેકી ઉપર પણ કાયમ રહે. હાલ એવી કોઇ ગોઠવણ નહીં હોવાથી હજારો ઓરતો મરદોની ગફલતને લીધે બીમારીમાં સબડયા કરે છે અને રાતદિવસ તકલીફ વેઠી દુઃખી જીંદગી ગાળે છે. અને વળી ઉપરથી ડાક-ટરો, વૈદો અને હકીમોની દવા પાછળ પૈસાની પણ ખુવારી થાય છે. આપણે ઓરતોને મરદો સાથે મસ્જીદમાં મોકલવા માટે કાંઇ ખાસ જોર દેવા માગતા નથી પણ તેમને માટે કાંઇક એવી ઉમદા નેકીવાળી ગોઠવણ કરવાની ભલામણ કરીએ છીએ. ઓરતો પોતાના સગાવહાલાઓના ઘેર બુરખાથી કુરાને શરીફ કે મોલુદ પઢવા જાય તો તેમાં પણ તેમને નેકી સાથે કસરત તો મળે. પણ તે કરતાં પણ શું મસ્જીદ ચડતી ન ગણાય? બુરખા સાથે ઓરતોને બહાર નીકળવાની કાંઇ મનાઇ નથી. તેમજ મામાનો છોકરો, માસીનો છોકરો, કાકાનો છોકરો, ફોઇનો છોકરો તથા નોકરો જેમનો પરદો કરવાનો ઇસ્લામમાં હુકમ છે તેમનો પરદો કરવાનો અહીં રિવાજ નહીં હોવાથી તેમની આગળ છુટથી નીકળે છે તો મસ્જીદમાં કે કોઇ બીજી સારી જગાએ નેક કામ માટે જવામાં વાંધો છે એવી દલીલ કયાં રહે છે? માટે ઓરતોની તંદુરસ્તી માટે જો કોઇ સારૂં નેકીવાળું ધોરણ હોય તો નુક-સાનીમાં ઉતરવાનો વખત આવે નહીં. આથી સાફ જણાય છે કે મશાયખો કોઇને પણ બેપરદા થવાની તાલીમ આપતા નથી. એ તો ખાલી કડક ભાઇઓ તરફની સમજ ફેરની વાતો છે. મશાયખોને પોતાના બાપદાદાના ઇસ્લામનો ખીયાલ ન હોય એ બનવાજોગજ નથી. જ્યારે તેમને ખીયાલ છે ત્યારે તો આટલી બધી બદલામી સહન કરીને પણ તેઓ ખુદાનું કામ બજાવી રહયા છે. જો તેમને પરવા ન હોય તો ખસી ન જાય અને પૈસા પેદા કરી બીજાઓની માફક અમન ચમનમાં મજા ન કરે? પણ તેમને તો આખી ઉમર કામ કરવાનું છે. બીજા લોકો પૈસા ન મળે તો ખસી જાય પણ તેમનાથી તો ખસાયજ નહીં.

ખુદાના કામમાં તેઓ આવા સાબિત કદમ તથા મજબૂત છે તો પણ તેમને વગર સમજે કેટલીક વખત વાતો સંભળાવવામાં આવે છે અને

---

૧ મોલવી ઈબ્રાહીમ સાહેબ મોલવી તથા હકીમ બંને હોવાથી પરદા તથા નમાઝ ઉપર સારૂં જોર દે છે એ ખુશી થવા જેવું છે.

તેમની [illegible] જમાનાની નજરે જોવામાં આવે છે એ શું [illegible] છે? શું એમાં મશાયખોનો કસુર છે? મશાયખોના [illegible] તો ગરીબ [illegible] ઓના હકમાં [illegible] દેખાઓ [illegible] અને તેઓ ખુદાના [illegible] આભારી થયા જેથી તેમને પરદાનો ખીઆલ થયો. તેમના ત્યાં [illegible] તો તેમના હજાર ઘરાક જાગ્યા અને પોતાના પગ મજબુત કરવા [illegible] ખોની ભુલે (કે અસલમાં ભુલો હતીજ નહીં તે) તેમના [illegible] [illegible] લાગ્યા. અને તેથી એ ભાઇઓ મશાયખોને તેમના ભંભેરવાથી નકામા ગણવા લાગ્યા. પણ એ નવા થએલા ઘરાકોનેજ પુછો કે તમે અમારી પાસેથી હજારો રૂપીઆની જે ગંજાવર રકમો લીધી છે તેના પ્રમાણમાં ખુદાના રસ્તે કેટલા જણને ખેંચ્યા છે?[1] અહીં આપણે કોઇને બુરા કહેવા માગતા નથી પણ મશાયખોની ખરી હાલતનો ચિતાર રજુ કરીએ છીએ કે પરદાના નામે તેમના દાવતના કામમાં કેટલી બધી મુશ્કેલીઓ પેદા કરવામાં આવે છે. વળી એ મુશકેલીઓ પેદા કરનારા ભાઇઓ હાલના જમાનામાં સારા ગણાય છે અને મશાયખોને ખુણે ખાચરે પણ જગા મળતી નથી. શું જમાનાની ખુબી છે? વિગેરે લોકો વાતો કરે છે.

પ્રકરણ ૧૫ મું.

શિરકની વાતો કઇ?

એક બીજી વાત મશાયખો માટે એ કહેવામાં આવે છે કે તેઓ શિર્ક[2] કરાવે છે અને કબરો પૂજાવે છે પણ ખરૂં જોતાં એ વાત પણ તેમને તોડવાના ઘોરણેજ કરવામાં આવે છે. મશાયખો કદી પણ શિર્ક

૧ આજીજ દાવતી તાલીમના મદરસાઓની હવે વધારે જરૂર છે.

૨ ખરી જોડણી શિર્ક છે. પણ સાધારણ ભાઇઓમાં તે શિરક બોલાય છે તથા લખાય છે તેથી એજ પ્રમાણે બધે લખવામાં આવેલ છે 'મુફ્ર'ના ઠેકાણે કુફર પણ એજ ખ્યાલથી લખવામાં આવેલ છે.

કરતા નથી તેમ કોઈને તેની સલાહ પણ આપતા નથી. ઉરસ કરવા, મિજલસ ભરવા, સંદલ ચડાવવું, સવાબ પહોંચાડવા માટે ન્યાઝ નિયાઝ ફાતેહા પડવા, મોલુદ શરીફ પડવી, કબરને બોસો દેવો, કવ્વાલી કરવી વિગેરે વાતોને કેટલાક આલિમો નાદુરસ્ત કહે છે અને કેટલાક દુરસ્ત કહે છે એટલે તેમાં ઇખતિલાફ છે. કેટલાક આલિમો જ્યારે તેને દુરસ્ત પણ બતાવે છે તો બોડા તે પ્રમાણે ચાલે તો તેમાં કોઈથી વાંધો લઈ શકાય નહીં. કારણ કે તેની કીતાબો પણ ઘણી છપાઇ છે જેમાં એ વાતો દુરસ્ત બતાવવામાં આવી છે. કોઇ બુઝુર્ગના મઝાર પર જઇ ફાતેહા પઢી તેનો સવાબ પહોંચાડવા માટે તો કોઇ પણ વાંધો ઉઠાવી શકે એમ છેજ નહીં. * હવે બીજી વાતોમાં સામીલ થવું કે ન થવું એ એના ખીયાલની વાત છે. જેને શામીલ થવું હોય તે થાય, અને ન થવું હોય તે ન થાય. આવી ઘણી વાતો છે જેમાં **ઈખતિલાફ—**મતભેદ છે જે મૌલાના હાજી ઇમદાદુલ્લાહ સાહેબ જેવા એક આલિમોના પેશવા પણ કબુલ કરે છે. જ્યારે ખરેખર ઇખતિલાફ છેજ તો પછી તેને માટે નકામી ચરચા ઉભી કરવાની શું જરૂર છે? મુસલમાન ભાઇઓની મરજી ઉપર એ વાત છોડી દેવી જોઇએ. એમને ઇખતિલાફની જે વાત પસંદ હોય તે કરે. ઉરસના મેલાવડાના ફાયદા, નઝર ન્યાઝના ફાયદા, ગલેફ, સંદલ, ફુલ, નારીએળ, ચોડા, ખજુર, લોબાન, ફાતેહા વિગેરેના ફાયદા આપણે આગળ જણાવી ગયા છીએ એટલે એને માટે અહીં વધારે કહેવાની કાંઇ જરૂર જેવું નથી. ભાઇઓને ખુદાએ અક્કલ આપેલી છે તો તેઓ પોતેજ તે સમજી લે, અને જેમાં દીનની અને ભાઇઓની બેહતરી તેમને નજર પડે તે કામ કરે. નકામા લડી મરવાથી કંઇ ફાયદો થવાનો નથી.

---

* હાજી ઈમદાદુલ્લાહ સાહેબ પોતાની "ઝિયાઉલ કુલૂબ" નામની કિતાબના છેલ્લા ભાગમાં લખે છે કે "આપણું ગરૂર ન કરે અને પોતાને સારા ન સમજે. ઓલીયાઓ અને મશાયખોની કબરોની ઝિયારતથી મુશર્રફ થાય અને ફુરસદનું વખત તેમની આગળ જઇને રૂહાનીયતથી તેમની તરફ ધ્યાન લગાડે, અને તેમની હકીકતન સુરતની સુરતમાં ખીયાલ કરે. વળી કોઈ કોઈ દિવસ બીજા મુસલમાનોની કબરો ઉપર જઇને પણ પોતાની મોતની યાદ કરે અને તેમને કાંઇ કોઈથી સવાબ પહોંચાડે અને મુસ્તહબ હુકમ અને આદબને ખુદા અને રસૂલના હુકમ અને આદબને ઠેકાણે સમજે. કારણ કે મુરશીદો ખુદા અને રસૂલના નાયબ છે." વિગેરે મૌલાના હાજી સાહેબ લખે છે. આની મતલબ શું છે તે દરેક ભાઈ સમજી શકે છે.

[illegible] વળી એમ દલીલ કરે છે કે મઝારોની ખાનકાહોમાં લોકો [illegible]ઓની કબર પર નઝર નિયાઝો—માનતો ચહાવે છે અને ભણીને બોલે કે "હે પીર, અમારૂં આટલું કામ કરી આપો તો તમને મલીદો ચહાવીશું" તો પણ મશાએખો કાંઇ બોલતા નથી અને લોકોને મના કરતા નથી. આવી વાતો શિરકની છે અને તેઓ ઉઘાડે જોગે કરાવે છે તો તેના જવાબમાં આપણે કહીશું કે જો એ સાદા ગરીબ લોકોના બોલોનેજ ફકત પકડવામાં આવે તો તેનો અર્થ તેવો થઇ શકે પણ એ શબ્દો ફકત એક બોલવાના મહાવરા કે રૂઢીને લીધેજ છે. બોલનારે ખરૂં જોતાં તો એવું બોલવું જોઇએ કે "હે પીર, તમે ખુદા આગળ દોઆ કરો અને તે તમારી દોઆની બરકતથી મારૂં આટલું કામ કરી આપે તો હું તમારી રૂહને સવાબ પહોંચાડવા આટલો મલીદો તૈયાર કરી ગરીબોને ખવડાવીશ"[૧] પણ ટુંકાણમાં અને પોતાનીજ મતલબનું બોલવાનો લોકોમાં મહાવરો હોવાથી તેઓ પોતાના રૂઢી પ્રમાણેજ બોલે છે, અને મનના ઉભરા કહાડે છે. આપણે જાણીએ છીએ કે દરેક કામ કરવાની તાકત ફકત ખુદામાંજ છે તોપણ બોલીના મહાવરાને લીધે આપણે ઘણીએ વાતો એવી બોલીએ છીએ કે જેને પકડવા ધારીએ તો ચોખ્ખી રીતે પકડી શકાય. આપણામાંનો એક ગરીબ માણસ જ્યારે કોઇ મોટા માલદાર માણસ સાથે કાંઇ મદદની ઉમેદથી વાતો કરે છે તો તે એવાજ બોલો બોલે છે કે જે તદન શિરક ભરેલાજ કહેવાય. તે ઘણી વખત એવું બોલે છે કેઃ—

૧ શેઠ સાહેબ, જો તમારી નિગાહ થઇ જાય તો મારો બેડો પાર થઇ જાય.

૨ મુરબ્બી સાહેબ, જો તમારી કરમબક્ષી થઇ જાય તો મારૂં દલીદર દુર થઇ જાય.

૩ ગરીબ પરવર, જો તમારી મદદ થઇ જાય તો મારાં તમામ દુઃખ મટી જાય.

૪ મહેરબાન સાહેબ, જો તમે જરા જીભ હલાવો તો મારી સઉ આફત દુર થઇ જાય.

---

[૧] "યા અલ્લાહ, [illegible] શ્રી બુઝોર્ગની દોઆની બરકતથી મારૂં આટલું કામ [illegible] [illegible]ર્ગના રૂહને સવાબ પહોંચાડવા તારી આટલી નિયાઝ કરીશ" એ [illegible] બોલવાની સુરત પણ થાય છે, પણ આવું લાંબુ બોલવાનો મહાવરો ક્યાંથી હોય?

૫. શેઠ સાહેબ, જો તમે મહેરબાની કરો તો હમણાં મારું દરદ દફે થઈ જાય.

૬. શેઠ સાહેબ, તમારા એક સુખનથી મને રોજી મળી જશે.

૭. મુરબ્બી સાહેબ, તમે જરા ઇશારો કરી દેશો તો હું માલામાલ થઈ જઇશ.

૮. શેઠ સાહેબ, તમારી નજર થઇ જશે તો મારાં બચ્ચાં રોટલા ભેગાં થઇ જશે.

૯. મહેરબાન સાહેબ, જો તમારો ટેકો થઇ જાય તો હું **સાત સમુંદર** તરી જાઉં.

૧૦. શેઠ, જો તમે હાથ ઝાલો તો હું તો **આસમાન** સુધી ઉડું.

૧૧. ભાઇ સાહેબ, તમે રહેમ કરો તોજ મારાથી **જીવાય** એવું છે, નહીં તો મરવા દહાડો છે.

૧૨. મુરબ્બી, તમારી મીઠી નજર હોય તો મારાથી દુનિયામાં રહી શકાય, નહીં તો **ધુળ ભેગો** થઇ જાઉં.

૧૩. મારી પાસે પૈસા હોય તો હમણા સઉ **હાજતો** બર આવે.

૧૪. મારો વેપાર મંડાય તો હમણા ધારૂં તે **કરી** શકું.

૧૫. જો મારી પાસે માલ હોય તો હું કદી તમને **દુઃખી થવા** દઉં નહીં.

૧૬. જો તમારી મદદ હોય તો હું **આસમાન** ફાડી નાખું.

ઉપલા બોલો આપણે આપણાથી મોટાઓ સાથે વાતચીતમાં હમેશાં બોલીએ છીએ. પણ જો એ બોલેલા શબ્દો પકડવા જઈએ તો તેમાં ઉઘડું શિરક આવે છે. બેડો પાર કરવો, દળદર દુર કરવું, દુઃખ મટાડવું, આફત દુર કરવી, દરદ દફે કરવું, રોજી આપવી, માલા માલ બનાવવું, રોટલા ભેગા કરવું, સાત સમુંદર તેરવવું, આસમાન સુધી ઉડવું, જીવાડવું મારવું, ધુળ ભેગા કરવું, હાજતો બર લાવવી, ધારે તે કરી શકવું, દુઃખી થવા નહીં દેવું, આસમાન ફાડી નાખવું, વિગેરે તાકત શું પેલા માલદાર માણસમાં છે કે પેલો ગરીબ તેની આગળ એવી વાતો કરી તેની પાસે એ બાબતો માટે મદદ માગે છે? શું તેને મદદ કરવાની તેનામાં તાકત છે? શું પેલો માલદાર આ તમામ વાતો કરી શકે છે? ના નથી કરી શકતો. એ કરવાની તાકત તો ખુદામાંજ છે. પણ એવું બોલવાનો આપણામાં મહાવરો છે તેથી તે ગરીબ એવું બોલે છે અને પોતે સંતોષ મેળવે છે. આપણે કેટલીક વખત કોઇને એમ કહીએ છીએ કે હું તમને મદદ આપીશ, હું તમને

કુમક આપીશ, હું તમને દુઃખી થવા નહીં દઉં, હું તમને [illegible] આપીશ, હું તમને રાજી કરીશ. હું તમને રોજીએ લગાડીશ, તો શું આપણામાં એ વાતોની તાકત છે ? જો આપણે આપણા હમેશના બોલાતા બોલીજ પકડીએ તો તેમાં ઉઘાડું શિરક આપણને દેખાય. પણ જ્યાં એવું બોલવાનો મહાવરોજ છે તો પછી માનતા ચડાવનારના બોલો પકડી તેમને અને મશાયખોને એવું બોલવા માટે શિરક કરનારા બતાવવા એ કેવું ગણાય ? એક પેઢીમાં કોઇ માણસનું કાંઇ જરૂરનું કામ હોય છે તો તે તેના મુનીમ પાસે જઇને તેનેજ કરતા હરતા સમજી કાલાવાલા કરી કહે છે કે "ભાઇસાહેબ ગમે તેમ કરી આટલું કામ કરી આપો. હું તમારો ઉપકાર કદી નહીં ભુલું. નહી તો મને જબરૂં નુકસાન થશે." પેલો એવું કહેનાર માણસ જાણે છે કે મુનીમ એ ફક્ત એક પેઢીનો નોકર છે અને ભાડુતી કામ કરે છે. તોપણ પેલા માણસને તે વખતે એટલી બધી ગરજ છે કે તેને તે શેઠથી પણ તે વખતે વધારે ગણી તેના કાલાવાલા કરે છે અને તેમ કરી પોતે સંતોષ મેળવે છે કે હવે મારૂં કામ થશે. જો કે તમામ કામ કરવાની તાકત તેનામાં કે તેના શેઠમાં જરા પણ નથી પણ ફક્ત ખુદામાંજ છે તોપણ બોલવાની એવી રૂઢી હોવાથી લોકો એવું નિખાલસપણે હમેશાં બોલે છે. એમના શબ્દો તો શિરકથી ભરેલાજ નીકળે છે પણ જ્યાં એવો મહાવરોજ હોય ત્યાં બીજું બોલવાનું ક્યાંથી લાવે ? માટે નિયાઝ કરનારના બોલ પકડવા અને તેને માટે મશાયખોને ગુન્હેગાર ઠરાવવા એ ભાગ્યેજ વ્યાજબી ગણાય. પહેલાં બોલી સુધારવી જોઇએ અને પછી શબ્દો પકડવા જોઇએ. જ્યાં સુધી બોલીજ એવી છે ત્યાં સુધી કોઇને આ બાબતમાં શિરક કરનારા કે કરાવનારા કહી શકાય નહીં. આમાં ચોળીને ચીકણું કરવા જેવું નથી પણ સંપ અને મોહબ્બતથી એક થઇ કામ કરવાનું છે.

કેટલાક લોકો આડે રસ્તે દોરવાઇ પોતાની મતલબની ખાતર આપણામાં નકામાં ઝગડા નાખી લડાઇ જગાડે છે પણ તેવી લડાઇથી આપણનેજ નુકસાન થાય છે ઝગડા જગાડનારનું કાંઇ જતું નથી.‡ માટે આપણે વિચાર કરવાનો છે. સંપ એજ મોટી ચીજ છે. આ જમાનામાં જ્યારે હીંદુઓ અને મુસલમાનોમાં સંપ કરાવવાની કોશીશો થઇ રહી છે

‡ આપણાજ ફાળાના પઇસાથી એવા મસલાવાળા રિસાલા છપાવી આપણામાં ઝગડા ઉભા કરી આપણને ફિસાદમાં નાખવાની તરકીબો થાય છે એ કોણ નથી જાણતુ ?

તો [illegible] મુસલમાનો [illegible] ઝઘડા [illegible] એ [illegible] ખીલાફત [illegible] લોકોમાં [illegible] ઇખ્તિલાફી મસ્લાઓ મુક મોટો [illegible] ખોટા પુરા કહેવાની જરૂર શું છે? [illegible] સમજાવ્યા પછી પણ જો ભાઈઓ એજ ઇખ્તિલાફના ઝઘડા [illegible] બીજાઓને કાફર, મુશરિક, બિદઅતિ વિગેરે કહેવા ઉભા થશે તો તેઓ હિકમતવાળાના હાથમાં સપડાએલા છે એમ તેમને માટે લોકોમાં વિચાર પેદા થયા વિના રહે નહીં.× મશાયખોની બિદઅતો આલિમ ભાઇઓ હમેશાં શોધી કહાડે છે. પણ બિદઅતની વાતો ઘણીએ છે. હાલની મસ્જીદો, મદરસા, કુરાને શરીફનું એક જુથ, હદીસોની કિતાબો, તરાવીહ, હનફી, શાફઇ, માલેકી, હમ્બલી એ ચાર મઝહબો, કાબેતુલ્લામાં ચાર મુસલ્લા, આયતનાવાળા છાપેલાં કુરઆન, ફિકાહ, સર્ફનહુ, ઇલમની હિજરત, મુરાકબા, તસવ્વુફ, એ તમામ ચીજો પયગમ્બર સાહેબના વખતમાં નહોતી. તેમના પછી આપણા દીનમાં આવેલી છે તો તે તમામ બિદઅત ગણાય છે. પણ આલિમ ભાઇઓ તેને બિદઅતે હસના (સારી બિદઅત) બતાવે છે અને તેને ફાયદાની ગણી જારી રાખવા જોર દે છે અને કહે છે કે એમાં સવાબ છે. કારણ કે તેથી તેમને હાથપર લેનારા ભાઇઓનું તેમાં કાંઇ નુકસાન થતું નથી. જે ચીજો મતલબવાળા ભાઇઓને નુકસાન કરનારી લાગે છે તેજ ઉપાડવામાં આવે છે, અને તેમનેજ તોડવાની કોશીશો થાય છે. હવે ફાતેહા અને મુસાફો જે નમાઝ પછી થાય છે તે આપણા ફાયદાની વાત છે અને તેમાં સવાબ છે તો પણ એ ભાઇઓ તેને બુરી બતાવે છે. ફાતેહામાં સુરએ અલહમ્દ તથા સુરએ ઇખલાસ પઢવામાં આવે છે એટલે કુરાન શરીફનો ભાગ ગમે તે વખત પણ પઢવામાં આવે તો સવાબજ છે. વળી મુસાફો જેથી ભાઇઓના મનનો મેલ દુર થઇ તેમનામાં માયા મોહબ્બત અને ઇખલાસ પેદા થઇ ઇસ્લામમાં મજબુત એકસંપી આવી જાય છે. એટલે ફાતેહા અને મુસાફો[1] એ બંને ચીજો ઇસ્લામને

× ખીલાફત ઉરદુ અખબારના ત માર્ચ ૧૯૨૬ના અંકમાં મોલવી નઝીર અહમદ સાહેબ ચોથા પાને લખે છે કે ખરો આલિમ દુનિયામાં એજ કહેવાય છે કે જે ઇસ્લામની અને દેશની ખીદમત કરવાના કામને સાચા દિલથી પોતાની ખાસ ફરજ સમજે અને તેની આખી જીંદગીનું કોઇપણ કામ આ ખીદમતથી જુદું ન હોય.

[1] જેમ ફાતેહા ન પઢવા હોય તે ન પઢે. પણ જે પઢવા માગે છે તેમ[illegible] તથા તેમને બુરા ભલા કહેવાથી શું ફાયદો? આપણા આલિમ ભાઇઓ તમાકુ જેવી મકરૂહ ચીજ દીવસમાં દસવાર ખાય, અને આપણા [illegible]

[illegible] પહોંચાડનારી અને સંકોચનારી છે તેમજ તે અપેક્ષ [illegible] જમાવ મજબુત કરે છે તેથી [illegible] ની [illegible] કોશીશો થાય છે અને તેને ખાસ જરૂરી બિદઅતો બતાવી તેને [illegible] વાની હિકમતો આપણા ભાઇઓ કરી રહ્યા છે.* પણ દેશી [illegible] થીજ ચાલે છે. ભાઇઓના જમાવના જલસા અને એકદીલી એથી કાયમ રહે છે તેથીજ તેમને ઉખેડવાની ભારે કોશીશો થાય છે. મોહરમના જલસા પણ કેટલાકને આ હિસાબે ઘણાજ નડતર રૂપ છે અને તેથીજ તે બંધ પાડવામાં મદદ કરનાર ભાઇઓને અમલદારો તરફથી ઇલકાબો મળ્યા છે. જેટલી વાતોથી ઇસ્લામનો જમાવ તથા જથો મજબુત થાય છે અને સંપ પેદા થાય છે તેજ મનસબવાળા ભાઇઓને નડતર રૂપ છે. મોલુદ શરીફ, ઉરસ, નઝર નિયાઝ, કબરો, ફાતેહા, મુસાફે વિગેરે ચીજો ભાઇઓનો જમાવ મજબુત કરનારી અને તેમનામાં ઇસ્લામનો શોખ અને મોહબ્બત પેદા કરનારી છે તેજ કુફ્ર, શિરક અને બિદઅત બતાવવામાં આવે છે કે ભાઇઓ તેમનાથી દુર થઇ જાય અને બીજાઓને રાહત મળે. કબરો અને દરગાહો જમીનો ઉપરનો કબજો દેખાડાવે છે, મોલુદ શરીફ, ઉરસ, ફાતેહા, મુસાફા એ દિલ એક કરી જમાવ અને એકસંપી મજબુત અને હમેશાં આબાદ રાખે છે‡ અને નઝર નિયાઝથી ભાઈઓ દીવસમા પચીસ વખત તમાકુ પીએ તો કાંઇ નહીં અને જો કોઇ ફાતેહા પડે તો તે બુરો ગણાય! કોઇ કહેશે કે "ફાતેહ" એ દીની બાબત છે અને તમાકુ દુનયવી બાબત છે. પણ તેને માટે ઉપરાંજેલા મકસુદ શરૂ દીનનોજ છે એ યાદ રાખવાનું છે.

* તે મુસાફો કરવામા લોકો નમાઝીઓ નમાઝ પડતા હોય તે વખતે તેમના સામે થઇને નીકળવાની ધાસતી હોય તો લોકોને તેમ નહીં કરવા નસીહત કરવી જોઇએ પણ ખુબ સારી બાબતને તોડવાથી દીનને નુકસાન [illegible] ઉઘાડું છે એમ લોકોનું ધારવું થાય છે. મુસાફો કરવા બોલાવાનો [illegible] ન હોય તો બોલાવાની કાંઈ જરૂર નથી. પણ જે મુસાફો કરવાને સારૂ સમજે તેમને બોદાખસા કહેવાની શું જરૂર છે?

‡ પયગમ્બર સલ્લમના નામપર અંગુઠા ચુમવા તથા મોલુદ શરીફમાં કયામ કરવો (ઉભા થવું) એને પણ કેટલાક બિદઅત બતાવે છે અને કેટલાક મુસતહબ અને સારૂં બતાવે છે. આમાં પણ ઇખતિલાફ છે. જ્યારે ઇખતિલાફ છે તો પછી જે લોકો પયગમ્બર સલ્લમની મોહબ્બતને લીધે તેમના નામપર અંગુઠા ચુમે અને તેમની મોલુદ વખતે કયામ કરે તો તેમને બુરા કહેવાની શું જરૂર છે? કાંઈ જલસામાં બાદશાહના નામની સલામી વાગે છે તથા "ગોડ સેવ ધી કીંગ" ગવાય છે ત્યારે લોકો અદબથી ઉભા થાય છે અને મોલુદમાં ઉભા થાય તો શિરક કરનારા ગણાય છે એ કેવું? [illegible] [illegible]

આરબસ્તાન આબાદ થાય છે અને તુરકી જોર પર આવે છે.[1] એટલે આ તમામ ચીજો મતલબવાળા ભાઇઓને ન રુચે એ કુદરતી છે. અને એ તમામ ઉપર મશાયખો જોર દઇ રહ્યા છે. કેટલાક આલિમ ભાઇઓ તો તેમને તોડવા તૈયાર થએલાજ છે; પણ જો મશાયખો પણ તૈયાર થઇ જાય તો તરત મતલબવાળા ભાઇઓ પોતાની મુરાદમાં ફાવી જાય. આને માટે મશાયખોને હાથ પર લેવાની કોશીશો થાય છે પણ તે હાથ પર ચડતા નથી. આજ મશાયખોની મોટી કસુર છે અને એથીજ તેમને મુશરિક અને બિદઅતીના ઇલકાબો મળી રહ્યા છે. જ્યારે કાંઇ નહીં ચાલ્યું ત્યારે હવે તેમને અંદર અંદર લડાવવાની કોશીશો થાય છે પણ તેમને માથે જોખમનું કામ હોવાથી લડવા પણ બહાર પડતા નથી. જે નવરા છે અને જેમને માથે કાંઇ જોખમનું કામ નથી તે હાથ પર ચડી જાય છે અને મતલબવાળાઓને મદદ રૂપ થઇ પડે છે. આલિમો વધારે નવરા હોવાથી હાથ પર ચડી જાય છે કારણકે તેમને પોતાના ગુજરાન માટે પગાર મળે છે અને સારૂં કામ કરે કદર પણ થાય છે.[2] તેમને આવા ઉંડા ભેદોની ખબર હોતી નથી. તેમને તો બે પૈસા કમાવવાની મતલબ હોય છે. આફ્રિકા જવા માટે પાસપોર્ટ મેળવવા ફોટો પડાવવો પડે છે તે પણ આલિમો ખુશીથી પડાવે છે કે આફ્રિકા જઇ ઉઘરાણા કરી પૈસા કમાવવાનું ઠીક પડે. તેમને આફ્રિકા જવાની કાંઈ મજબુરી નથી હોતી પણ ફકત ઉઘરાણા કરવા જાય છે. પોતે વગર મજબુરીએ આવું તસવીર પડાવવાનું કામ ઉઘાડે છોગે કરે તો કાંઈ નહીં અને જો કોઈ મશાયખ ઉરસ કરે તો તે મુશરિક ! પણ તેમણે સમજવું જોઇએ કે ઉરસ એ તો એક પ્રકારનું ઇસ્લામી સંગઠન છે જ્યારે ફોટો એ તેમની દુનિયા કમાવવાની એક નજીવી ચીજ છે. જ્યારે પોતાની મતલબ માટે ફોટો પડાવવા તૈયાર થાય છે તો પછી

---

૧ મશાયખો આ ધોરણથી ઇસ્લામી સંગઠન મજબૂત કરે છે અને આરબસ્તાન તથા તુરકીને આબાદીમાં લાવે છે અને વગર દવાએ તાવીજ, પલીતા, હોમ, ધાગા વિગેરેથી હજારો દરદીઓની સારવાર કરી હીંદુસ્તાનને પરદેશી દવાઓથી બચાવી કરોડો રૂપીઆનો હમેશાં ફાયદો પહોંચાડે છે તોપણ તેમને બુરા ગણવામાં આવે છે!

૨ કબરો, ઉરસો, નજર નિયાઝો, ફાતેહા, મોલુદ વિગેરે વિરૂધ્ધ ફતવા આપ્યા અને મતલબવાળા ભાઇઓને રાજી કર્યા ત્યારે "શમસુલ ઓલોમા" વિગેરેના ખીતાબ મળ્યા એમ લોકો માને છે.

ઉરસ જે ઇસ્લામના જમાવની ખાસ મજબુતી છે તેને માટે કેમ વાંધા ઉપાડવામાં આવે છે એ સમજાતું નથી.

એક સરકારી હીંદુ અમલદાર ભાઇએ મને કહ્યું કે મુસલમાનો પોતાના બાપદાદામાં સડી ગએલા હાડકાની કબરો પાછળ આટલો પૈસો ખરચે છે અને તેનો નકામો ખીયાલ રાખે છે તેથી તેમને શું ફાયદો થાય છે? મેં કહ્યું કે બીજા ભાઇઓ એક પથરના કટકાને દેવ બનાવી તેની પાછળ કરોડો રૂપીઆ ખરચે છે તેમને કોઇ રોકી શકતું નથી તો પછી મુસલમાનોને તેમના ધર્મ પ્રમાણે કબરની જાળવણી કરવા માટે કેમ રોકી શકાય? પોતાના માબાપના એજ હાડકાઓથી મુસલમાનો પેદા થયા છે એટલે જેમાંથી તેઓ પેદા થયા છે તેને માટે તેમને ખીયાલ હોય એ કુદરતી છે. એ પોતાના માબાપો તથા વડીલો—બુજુર્ગોની નિશાનીઓ સાચવી રાખે છે અને તેને તેઓ પોતાની મોહબતનો સબબ માને છે. મેં જ્યારે આવો ચોખ્ખો જવાબ આપ્યો ત્યારે પેલા અમલદાર ભાઇ શાંત થયા. મશાયખો સઉ વાતનો વિચાર કરીને ભાઇઓને કબરોની હિફાઝત રાખવાનો ખીયાલ દેવડાવે છે તો તેમને કાફિર, મુશરિક, બિદઅતી, કબર પરસ્ત વિગેરે નામોથી નવાજવામાં આવે છે! પણ યાદ રાખવું જોઇએ કે જે પોલીટીકલ બાબતો મશાયખો સમજે છે, તે બીજા થોડાજ સમજતા હશે.

હિંદુ મુસલિમ એકતા માટે જ્યારે ગેર મુસલિમોના જીવ રાજી રાખવા ઇંતેજારી બતાવવામાં આવે છે તો પછી મુસલમાન ભાઇઓએ શું ગુન્હો કર્યો છે કે તેમને "કાફર" અને "મુશરિક" કહી હલકા પાડવામાં આવે છે?[1] આવી વાતોથી મુસલમાન ભાઇઓએ પરહેજ કરવી જોઇએ અને દાવતના કામની ખુબીઓ ધ્યાનમાં લઇ તેને જેમ બને તેમ ટેકો

---

૧. કેટલાક દાવની મશાયખોના ફોટો–તસવીરો જોઇને પણ કેટલાક ભાઇઓ છેડાઇ પડે છે અને તેમને જેમ તેમ બોલે છે. પણ તુરકીના તમામ ખલીફાઓની તસવીરો જાહેર રીતે બધે તેઓ જુવે છે તો પણ તેમને પેશવા ગણી તેમના નામ હમેશાં ખુતબામાં લેવામાં આવે છે તેમ તુરકીના તમામ મોટા મોટા હાકેમોની તસવીરો ખીલાફત પેપરમા આવે છે તે હાકમોની જાહેર રીતે તેઓ તારીફ કરે છે એ તેઓ ભુલી જાય છે. આપણે આથી કાંઇ તસવીરોની હીમાયત કરતા નથી પણ દુનિયામા શું થઇ રહયું છે તે બતાવીએ છીએ. કેટલાક લોકોનું એવું માનવું છે કે "બુત" અને ફોટામાં ઘણો ફેર છે જેની શકલનો આબેહુબ સાચો પટતો નથી તે બુત નથી એવી દલીલો લાવી તેમાં પણ ઘણા લોકો ઈખતિલાફ બનાવે છે.

આપી પોતાની દીની ફરજ બજાવવા ઇંતેજારી રાખવી જોઇએ. દાવત—જોડાણનું કામ એ એક ઘણીજ જરૂરની ચીજ છે એ વાંચનારની આ લખાણ ઉપરથી ખાતરી થઇ હશે. મશાયખોનું કામ કાંઇ નાનું સુનું નથી. તેઓ તે કામ માટે રાત દીવસ મહેનત કરે છે તો તેમને ખોટા ખરા કહી બદનામ કરવા એ દાવતની ગોઠવણીને તદન બરબાદ કરવા જેવું છે.

હીંદુસ્તાન એક એવો દેશ છે કે જ્યાં ગેર કોમોમાં અનેક નાતો. અનેક પેટા નાતો તથા અનેક પંથો છે અને તેમાં અનેક દેવતાઓની પૂજા હમેશાં થાય છે. નાકે નાકે, મહોલ્લે મહોલ્લે, અને ઘેર ઘેર દેવોની સ્થાપનાઓ (થાનકો) છે અને હમેશાં તેવી નવી સ્થાપનાઓ થતીજ જાય છે. તેમનામાં તેત્રીસ કરોડ દેવતાઓ બધા મળીને ગણાય છે. તેવીસ કરોડની હીંદુ વસ્તીમાં તેત્રીસ કરોડ દેવતાઓની સંખ્યા મનાતી હોય તો ત્યાં શિરક કેટલે દરજ્જે હોય તે ઉઘાડું છે. આવા દેવતાઓની મુર્તીઓ તેમના **દેવળોમાં** પુજાય છે, તેમની આરતીઓ ઉતરે છે, તેમની આગળ રણશીંગા તથા શંખ વાગે છે, નગારખાના તથા નોબતો ગગડે છે, લોબાન બત્તીના ધુપ થાય છે, નૈવેદ ધરાય છે, ચોબદાર પોકારે છે, તાલ પખાવજ સાથે ભજનો થાય છે, મૂર્તીને નવડાવી ધોવડાવી તેને સારાં સારાં ભારે લૂગડાં તથા દાગીના પહેરાવવામાં આવે છે, અને તેના દર્શન લોકોને કરાવવામાં આવે છે, લોકો દર્શન કરવા આવતાં જયના પોકારો કરે છે અને ખુશ થાય છે. દંડવત કરતી વખતે લાંબા થઇ પગે લાગે છે, અને કાંઇક ભેટ મુકે છે. દીવા, નારીએલ, શાકર, પતાસાં, મીઠાઇ, વિગેરે ચડાવે છે, ધુપ તથા દીવા કરી તેની જોત તથા ધુમાડો પોતાની ઉપર લે છે. તેમના નામની માળા ફેરવે છે, તેમની ભભુત—લોબાનની રાખ કપાળે લગાડે છે, પાણી ઉતારીને પીએ છે તેમના દોરા બાંધે છે અને આથી દેવતાઓ ઘણા રાજી થાય છે અને તેમનું કામ કરી આપે છે એમ માને છે. વળી એ દેવતાઓના મોટા મોટા **મેળાઓ** ભરાય છે જેમાં અનેક તરેહની માનતાઓ થાય છે, નિશાનો ચડે છે, તોરણો બંધાય છે, ભજન તથા ગરબા સાથે ઓચ્છવો થાય છે, ખ્યાલ ગવાય છે; ભવાઇઓ થાય છે, જય બોલાય છે રોશની થાય છે, ગાદીની પૃજા થાય છે, કળસ ચડે છે, સીંદૂર, અબીલ, ગુલાલ, ચંદન-સંદલ ચડે છે, આરતીઓ ઉતરે છે. ઘોડા, પારણા, ચુંદડીઓ. ઝંડીઓ, નારીએલ, પુલ, શાકર પતાસાં, મેવા, ઘી, ખાંડ, ચોખા, ગોળ, ચાંદી સોનાના છત્તર, રોકડ રકમ વિગેરેની માનતાઓ ચડે છે+ દક્ષિણાઓ

+ આ માનતાઓની ઘણીજ ઘણીજ ઉપજ થાય છે જેથી ફાળા કરવાની જરૂર રહેતી નથી. આવુ ધોરણ દાવતી લોકો પોતાના ત્યાં કાયમ કરી તેજ પૈસાથી એ ભાઇઓને ફાયદો પહોંચાડે તો તેમાં તેમની જાતી મતલબ શું છે? અને તેમાં બુરૂં શું છે? એમ કેટલાક કહે છે.

અપાય છે, કુંડીઓ બંધાય છે, ટીલાં થાય છે, ચોરાસીઓ કરી બ્રાહ્મણો જમાડાય છે, અપવાસ થાય છે, ભભુતની અગરબતી લેવાય છે, જંતર, દોરા ધાગા બંધાય છે, ત્યાંના તળાવ કે કુંડમાં નહાય છે વિગેરે બાબતોને તેઓ ઘણીજ જરૂરની સમજે છે અને એમાં બેહદ પુન્ય અને જીંદગીનું ભલું માને છે. અને જો એ ન થાય તો પોતે કાંઈ કર્યું નથી એમ તેઓ માને છે.

તે ઉપરાંત તેમનામાં બીજા પણ ધર્મના રિવાજ ઘણાં છે; ગાયો બચાવવી, અવતારને માનવા, ભગવા લુગડાંને માન આપવું, ગાવા વગાડવાને સારૂં ગણવું, જયંતીઓ કરવી. પુજાપાઠ કરવા કરાવવા, એકાદશી (અગીયારસ) કરવી, બીજ (ચાંદરાત) અમાંસ (અરફો) પૂનમ વિગેરે પાળવી, હોળી તથા દીવાળીનો ઉત્સવ (જશન) કરવો, શ્રી કૃષ્ણ જન્મની ખુશાલી કરવી, ઝંડીઓ, છડીઓ વિગેરે સાથે વરઘોડા (જુલૂસ) કહાડવા, મહાત્માઓની પધરામણીઓ કરાવવી, તેમના પગ ચુમી તથા તે ધોઇને પાણી પીવું, પ્રસાદ (તબરરૂક) વહેંચવો, મુહુરત જોવાડવું, ચોરી ભરવી, જંતર ધાગા દોરા કરાવવા, શુકન લેવા, માનતાઓ લેવી, યજ્ઞ કરવો, નેક દહાડા વાર જોવા, વિગેરે ચીજો તેમનામાં એવી તો મજબુત છે કે તે કર્યા વગર તેમને ચાલેજ નહીં× આ વાતો તેઓ ઘણીજ પસંદ કરે છે અને તેમના મનમાં ઘર કરી બેઠેલી છે કારણ કે તેમાંજ તેઓ ઉછરેલા છે. તા૦ ૨ માર્ચ ૧૯૨૪ ના સુરતના રોજીંદા "સમાચાર" છાપામાં "મહાન શીવરાત્રીનો મહાન ચમત્કાર"ના મથાળા નીચે એક હકીકત છપાઇ હતી. તેમાં ચોખ્ખું લખ્યું હતું કે "આવતી કાલે મહાશીવરાત્રી હોવાથી ગોપીપુરા કીરપારામ મહેતાના ખાંચામાં આવેલા કોટીલીંગ મહાદેવ દુધમાં સાંજના ચારથી છ વાગ્યા સુધી તરવાના છે. જેથી ભાવિક ભકતો દર્શનનો લાભ લેશો" જયાં આવી વાતોના અકીદા હોય ત્યા એકતા કરવાના ખીયાલથી મશાયખો પણ એ ભાઇઓની તબીયતો પ્રમાણે તેમને પસંદ પડે અને ખેંચે એવું કાંઇ ધોરણ બાંધે તો જોડાણ જલદી થાય એ ઉઘાડું છે.‡ ભાઇઓ ભાઇઓમાં જોડાણ કરવું એ કાંઇ બુરૂં કામ નથી પણ ઘણું ઉમદા કામ છે અને તેમાં બેહદ સવાબ છે.

× જો આપણે તેમનાથી ન મળીએ તો આ વાતોની શી રીતે ખબર પડે? માટે તેમનાથી મળવામાં કાંઇ હોજ છે આવા ખીયાલના ભાઇઓ સાથે જોડાણ કરવામાં કેટલી મુશકેલીઓ નડે તે ખીયાલ કરવાનો છે.

‡ ખ્વાજા સાહેબના પીર ખ્વાજા ઉસમાન હારૂની સાહેબ તથા શેખ સાકી સાહેબ હીંદુ મંદીરોમાં રહયા હતા તો શું તેઓ તેથી મુશરિક થઈ ગયા

હીંદુ ભાઇઓના ઉપલા ધર્મના રિવાજો એવા છે કે તેમના વગર તેમને ચાલી શકેજ નહીં. આવા ભાઇઓ જ્યારે બુઝુર્ગોની દરગાહો ઉપર આવે તો પછી પોતાના ખીયાલ પ્રમાણે તેઓ અમલ કરે ત્યારેજ તેમને સંતોષ થાય. આપણી વાત તેમના ગળે એકદમ ઉતરે નહીં. તેઓ પહેલાં તો પોતાના રિવાજ પ્રમાણેજ ત્યાં ચાલે અને પછી જેમ જેમ ખુદાનું જ્ઞાન થતું જાય તેમ તેમ સુધારો થતો જાય. એકદમ કાંઈ થઇ શકે નહીં. પહેલાં સત્તર આના શિરક તેમનામાં હોય તે ધીરે ધીરે મટીને બાર આના ઉપર આવે, બાર આના ઉપરથી આઠ આના ઉપર આવે, આઠ આના ઉપરથી ચાર આના ઉપર આવે અને છેવટે વેહદાનિયત ઉપર આવે. એટલે મશાયખો શિરક કરતા કે કરાવતા નથી પણ જે શિરક મોટા પ્રમાણમાં થાય છે તે એજ હીસાબથી ઓછું કરે છે અને છેવટે દુર કરે છે કારણકે શિરક દુર કરવાનો એજ રસ્તો છે. બુત પરસ્તી ઉપરથી ખુદા તરફ લઇ જવું એ કાંઇ સહેલું કામ નથી. જડમાંથી ચૈતન્ય તરફ લઇ જવાનું છે અને તે ધીરે ધીરેજ થઇ શકે છે ![1] ઉતાવળ કરવા જઇએ તો બિગાડો થઇ જાય છે. નાના બાળકને જુવાર કે બાજરીનો રોટલો વગર વિચારે ખવાડવામાં આવે તો ઘણું નુકસાન થાય તેમ આ પણ સમજવાનું છે. માટે પુરતો વિચાર કરીને જ્ઞાન—દાવતનું કામ કરવાનું છે. પોતપોતામાં ઝગડા કરી લડવાનો આ વખત નથી.[2] જનાબ મૌલાના મેહમુદુલ હસન સાહેબે જમીઅતુલ

હતા? વળી કેટલાક મશાયખો તથા ફકીરો ભગવો લિબાસ પહેરે છે અને માથે કાકુલ (લાંબાવાળ) રાખે છે. આ ભેખ હીંદુભાઇઓને ઘણો પસંદ હોય છે અને તેને તે ઘણા માન છે. દાવતની ખાતર તેઓ આવો ભેખ રાખે તો શું બુરા ગણાઈ શકે છે? પણ જ્યા તેમને જાણી જોઈને તોડવાનીજ હિકમતો થાય છે તો પછી શું કહેવુ.

૧. આ જ્ઞાન ઉપર લાવવાની બાબત છે. વટાળની બાબત નથી. જડ ભકતી તરફથી ચૈતન્ય ભકતી. જ્ઞાન ભકતી તરફ લાવવાનો રસ્તો છે.

દોહરો

૨ સાદીઆ ગર વરલ ખ્વાહી, સુલહ કુન બા ખાસો આમ.

બા મુસલમા અલ્લા અલ્લા, બા બિરહમન રામ રામ.

અર્થ—હે સાદી, સહુ ભાઈઓથી મેળાપ રાખવા ચાહતો હોય તો સહુની સાથે હળી મળીને ચાલ. મુસલમાનો મળે તો "અલ્લાહ અલ્લાહ"ની અને હીંદુ મળે તો "રામ રામ" ની વાત કર.

ઓલોમાના જલસા વખતે પોતાના દીલ્લીમાં આપેલા ખુતબામાં લખેલું છે કે આલીમોની મંડળી કે જે ખરેખર ઇસ્લામીઓની ધાર્મિક આગેવાન છે તેની ઉપર આ વખતે ફરજ છે કે વખતની બારીકી, અને જરૂરતો નજરથી ગુમ ન કરે, અને પોત પોતાના ઝગડા તથા મુખાલેફતમાં પડી મુળ હેતુને ખરાબ ન કરે.× નહીં તો મુસલમાનોની ખરાબી અને બરબાદીની તમામ જોખમદારી તેમને શીર રહેશે." વિગેરે મૌલાનાએ સાફ લખેલું છે.

મશાયખો કોઇ પણ મુસલમાન ભાઇને શિરક કરવાનું કહેતાજ નથી. પણ આપણા ભાઇઓ ઇખતિલાફી મસલાની રૂએ તેમને શિરક કરનારા જાણી જોઇને બતાવે છે કે જેથી તેમનું ધોરણ તુટે અને મતલબવાળાઓની મતલબ બર આવે. માટે ખાસ વિચાર કરવાનો છે. મશાયખો ઉપર નકામા ઇલઝામ મુકી તેમને બદનામ કરી દાવતનું કામ તોડી પાડવાનું નથી પણ તેમની સાથે હમદર્દી રાખવાની છે કે ખુદાની વાતને ટેકો મળે. ખીલાફતના કામમાં જલસા થયા છે, જુલૂસો નીકળ્યાં છે, વાજા વાગ્યાં છે, ગીતો ગવાયા છે, ઝંડા નીકળ્યા છે, ફુલોના વરસાદ વરસ્યા છે. મરદો અને ઓરતો ભેગાં બેસીને ફર્યાં છે, શિરક કરનારા ગેર ઇસ્લામીઓને સરદાર બનાવવામાં આવ્યા છે અને તેમની બેહદ તારીફો થઇ છે અને હજુ પણ એ કામ જારી છે. ખીલાફતના કામમાં હીંદુસ્તાનના પાંનસો આલિમો શામિલ છે અને તેમાં કઠક ભાઇઓનો મોટા ભાગ છે એ તેમના ફતવા ઉપરથી ચોખ્ખુ સાબિત છે. ખીલાફતના કામમાં આલિમોએ મસલહતથી કામ લીધું છે તો પછી મશાયખોને એવા બલકે એથી પણ વધારે સારા કામો માટે વગોવવામાં આવે એ અજાયબ થવા જેવું છે* એવું મશાયખો કહી રહયા છે.

× મૌલાના હાજી ઈમદાદુલ્લાહ સાહેબ તથા મૌલાના મેહમૂદ હસન સાહેબ ઝગડા નહીં કરવાની જબરી તાકીદ કરી ગયા છે તો પણ આલીમોમા રીસાલા બાજીઓ ચાલી રહી છે અને કુસંપના કજીઆ હજુ પણ ઉપડી રહયા છે. લોકો એમજ સમજે છે કે કોઈ મોટા આલિમ ઉપર ટીકા થાયજ નહીં. પણ તે થવીજ જોઇએ અને તે આલિમે તે સાંભળવી જોઇએ, તેમાંજ તેમની ભલાઈ છે.

* બુજુર્ગોના પગ ચુમવા માટે પણ કેટલાક જાએઝ કહે છે અને કેટલાક નાજાએઝ બતાવે છે. આમાં પણ ઈખતિલાફ છે. જ્યાં ઈખતિલાફ હોય તે ચીજ તદ્દન હરામ શી રીતે થઇ શકે? જેને ચુમવા હોય તે ચુમે અને ન ચુમવા હોય તે ન ચુમે. પણ તેમાં ઝગડવાની શું જરૂર છે? પણ આપણે કહીશું કે પગ નહી ચુમતાં ફક્ત હાથ ચુમવા એજ બેહતર છે.

તેઓ ઘણો સારો ઇલમ શીખેલા હોય છે અને તેથીજ તેઓ ધર્મના દાખલા દલીલો આપી દાવતનું કામ ઉમદા કરે છે. આવા ઉપયોગી લોકોને બુરા ભલા બતાવવા એ દાવતના કામને નુકસાન પહોંચાડવા બરાબર છે. આલિમોનું કામ તો કોમના બાળકોને ઇલમ પઢાવવા ઉપરાંત પાદરીઓ અને બીજા દીન પર હુમલા કરનારાઓને ગમે તે રીતે ગુંથાએલા રાખવાનું છે કે જેથી મશાયખોના કામમાં સહેલાઇ થાય. તેમને ગુંચવાડામાં નાખવાથી તો ઉલટી કામમાં આડ આવે છે એ યાદ રાખવાનું છે.

આપણા આલિમ ભાઇઓ મશાયખોને બદનામ કરે છે પણ પોતેજ શુ કરી રહયા છે તે માટે મૌલાના હુસેન એહમદ સાહેબે ઇ૦ સ૦ ૧૯૨૩ના ડીસેમ્બર મહીનાની આખરીમાં કોકનાડા ખાતે ખિલાફત કોન્ફરન્સનો જલસો થયો હતો તેમાં તેના પ્રમુખ તરીકે પોતાના ભાષણના છેવટના ભાગમાં અરબી ઇબારતમાં ઘણું લખ્યું છે તેના કેટલાક જરૂરી ભાગનો તરજુમો:એ છે કે જે કોઇ સખસ આલિમોથી બહેસ અને તકરાર કરવા માટે અથવા બેવકુફોને દેખાડવા માટે અથવા અમીર લોકોને પોતાની તરફ ખેંચવા માટે ઇલમ શીખે છે તેને ખુદા દોઝખમાં નાખશે. જે સખસ આવો ઇલમ જે ખુદાને રાજી કરવા માટે શીખવાનો છે તે દુનિયાની ઇજત તથા દુનિયાની મતલબ માટે શીખે છે તે જન્નતની હવા સુધ્ધાં સુંઘી શકવાનો નથી....આ ઉમ્મતના આલિમ બે તરેહના છે. એક તો એ કે જેમને ખુદાએ ઇલમ આપ્યો છે અને તેમણે તેને લોકો ઉપર ખરચ કર્યો છે (તેથી લોકોને ફાયદો પહોંચાડયો છે) અને તેનો કાંઇ બદલો કે કીંમત ન તલબ કરી તો તેવા સખસ માટે દરિયાની માછલીઓ, જમીન ઉપરના તમામ જનાવરો અને હવામાં રહેનારા તમામ પરંદાઓ દોઆ માગે છે. બીજા એ આલિમ છે કે જેમને ખુદાએ ઇલમ આપ્યો છે તોપણ તેમણે તેમાં કંજુસાઇ કરી અને તેથી લોકોને ફાયદો ન પહોંચાડયો અથવા તેનો બદલો—અવેજ તથા કીમત લીધી તો તેમને કયામતના દિવસે **આગની લગામ** ચડાવવામાં આવશે. અને ખુદાના હુકમથી એક સખસ ત્યાં એ વાત જોરથી જાહેર કરશે કે આ એજ સખસો છે કે જેમને ખુદાએ ઇલમ આપ્યો હતો પણ તેમણે તેનો લોકોને ફાયદો પહોંચાડયો નથી અને તેની કીંમત અથવા અવેજ લીધો છે. આ પોકાર હીસાબ કિતાબ

પુરો થશે ત્યાં સુધી થયા કરશે.‡ હઝરત હસન રે૦ અ૦ ફરમાવે છે ઇલમ બે તરેહનો થાય છે. એક એ ઇલમ જે દિલમાં હોય અને તે ફાયદાકારક છે અને બીજો એક જે જીભ ઉપર હોય. આ ઇલમ એક ખુદાના તરફનો વબાલ છે. વિગેરે મૌલાના હુસેન એહમદ સાહેબે સાફ જણાવેલું છે. ઇલમની ઉજરત અને કીમત લેવાનું શરીઅતથી સાફ મના હોવાનું મૌલાનાએ ઉપર પ્રમાણે બતાવેલું છે તોપણ કોણ ગણકારે છે? તે બેધડક લેવાય છે અને ભાઇઓ પાસેથી પોતાની મતલબ માટે ઉઘરાણા કરી પૈસા પણ લેવામાં આવે છે અને તેવા ઉજરત લેનારા અને ભીખ માગનારા ભાઇઓ મશાયખોને બિદઅતી અને શિરક કરનારા બતાવે છે એ પણ જમાનાની ખુબી છે! શિરક શું ચીજ છે એજ જો તે ભાઇઓ સમજે તો મશાયખોને તેઓ કહેવા ઉભા થાય નહીં. શિરક કરનારા લોકોમાં શિરક ઓછું થાય એ નીયતથી તેમનામાં જઇને રહેવું અને તેમને પોતાની મનપસંદ વાતોથી રાજી કરી વેહદાનિયત તરફ ખેંચવા એ શિરક કરવા કે કરાવવાનું કામ ગણાતું નથી. એ તો જ્ઞાનનો રસ્તો છે વિગેરે મશાયખો કહે છે.

ઘણા બુજુરગોએ એવી રૂઢીઓ અખત્યાર કરેલી છે અને તેમ કરી લોકોને ખરા ખુદાના રસ્તે દોરેલા છે. **શેખ સાદી** સાહેબ જે "ગુલિસ્તાન," "બોસ્તાન" વિગેરે ઘણી ફારસી કિતાબોના બનાવનાર હોવાથી જબરા ઇલમવાળા ગણાય છે. તેમણે એવીજ રૂઢીનો પોતાનો એક કિસ્સો બોસતાનમાં લખેલો છે. એ કિસ્સો એવો છે કે જ્યારે તેમના કાને એ વાત આવી કે સોમનાથના મંદિરનો મોટો બુત હમેશાં સવારે પોતાના હાથ ઉચા કરે છે ત્યારે એ વાતની ખાતરી કરવાની તેમને ખાહેશ થઇ. તેઓ એક દિવસ તે મંદિરમાં ગયા અને હીંદુ તરીકે રહેવા લાગ્યા. અને તે બુતની તેના પુજારીઓ અને માનનારાઓ આગળ ઘણીજ તારીફ કરી પોતે તેની બેહદ અદબ કરવા લાગ્યા. તેના હાથ પર બોસો દઇને તથા તેની કુરસીની પણ અદબ કરીને તેમણે એ લોકોની પુરી ખાતરી કરી આપી કે તેઓ ખાસ તેના માનનારાજ છે. તેઓ એ બુત હાથ ઉચા કરતું હતું તેનો ભેદ જાણવા માટે ત્યાં રહયા અને નમાઝ વિગેરે પણ જતી કરી,

‡ મૌલાના હુસેન એહમદ સાહેબનો આ ખુતબો તા૦ ૭ જાનેવારી ૧૯૨૪ના રોજીંદા ઇરદુ ખિલાફત છાપામાં છપાયો છે તેમાં ઉપલી હકીકત મોજુદ છે.

કેમકે નમાઝ પઢે તો ત્યાં રહેવાય નહીં. આ પ્રમાણે તેઓ થોડો વખત શિરક કુફર કરીને અને તેમના શાસ્ત્રોનો અભ્યાસ કરીને ખાસ પુજારી જેવા થઈ ગયા. જ્યારે તેમના માટે કોઇને પણ કાંઇ શક જેવું ન રહ્યું ત્યારે તેઓ મંદિરમાં બધે છુટથી ફરવા લાગ્યા. એક દીવસ તેમણે ચુપ-કીથી બારીક તપાસ કરી તો તેમને જણાયું કે એક પુજારી ત્યાં બુતની બાજુમાં ગોઠવેલા એક જરીના પરદામાં બેસીને કોઇ ન જાણે તેમ દોરી ખેંચતો હતો જેથી પેલા બુતના હાથ ઉંચા થતા હતા. તેમણે આ મામલો સારી રીતે જાણી લીધો અને પછી ત્યાંથી ચાલી નીકળ્યા. તે વખતે કેટ-લાક પુજારીઓ આવો ઢોંગ કરતા હતા તે હીંદુ ભાઇઓ પણ જાણતા નહોતા. પણ જ્યારે શેખ સાદી સાહેબે ત્યાં રહીને સઉ હકીકત જોઇને લોકોને વાકેફ કર્યા ત્યારે ભેદ ખુલ્લો પડ્યો અને લોકો ખરે રસ્તે દોરાયા. આથી સાફ માલમ પડે છે કે જો તેઓ ત્યાં જઈ એમના જેવા થઇ સઉ વાતથી માહિતગાર થયા ન હોત તો પુજારીઓનો લોકોને ગુમરાહ કરવાનો રસ્તો બંધ થાત નહી. પણ તેમના ત્યાં જઇ પુજારી તરીકે રહેવાથી સઉ મામલો ઉઘાડો પડી ગયો અને લોકો ગુમરાહીથી બચી ગયા. હવે અહીં જોવાનું એ છે કે શેખ સાદી સાહેબને એ કામ માટે જાહેર બુત પરસ્તી કરવી પડી અને નમાઝ પણ તેટલો વખત જતી કરવી પડી તો શું તેઓ કાફિર થઇ ગયા? ભાઇઓને હિકમતથી સીધે રસ્તે દોરવા માટે તેમણે આ વાતો કરી તો હાલ શું તેઓ આલિમોમાં બુરા મનાય છે? તેમની કિતા-બો તો હાલ પણ દરેક મદરસામાં જારી છે અને તેની ખાસ તાલીમ અપાય છે. જો તેઓ ખોટા હતા તો તેમની કિતાબો શા માટે હાલ પઢા-વવામાં આવે છે? પણ તેમને હાલ કોઇ પણ ખરાબ ગણતું નથી. તેઓ તો તેમનામાં મોટા બુઝુર્ગનો મરતબો ભોગવે છે. આવા દાખલા તો ઘણાએ છે. અજમેર શરીફવાળા ખ્વાજા સાહેબના પીર ખ્વાજા ઉસમાન હારૂની સાહેબ પણ ઘણો લાંબો વખત બુતખાનામાં રહયા હતા અને હજા-રોનો તેમણે હિદાયત કરી હતી તો શું તે કાફિર થઇ ગયા હતા?[1] જો તે

---

1 આવી ઘણી વાતો બીજા બુઝુરગો વિશે પણ કીતાબોમાં મોજુદ છે. તેમણે બુતોવાળા લોકોથી મળીને અને તેમની સાથે મોહબત પેદા કરીને ખરા ખુદાનો રસ્તો બતાવેલો છે. જો એ વાતોને શિરક ગણીએ તો એ લોકો તમામ મુશરિક હતા એમ ગણાય. પણ એ બધાં મોટા બુઝુર્ગ મનાય છે. જેમનાં બયાન મોટી મોટી કિતાબોમાં મોજૂદ છે.

ખુરા હોત તો જનાબે ખ્વાજા સાહેબ તેમના મુરીદ થાત ? આવી વાતો તે ...એ છે.

ખુદા તઆલા પણ એવી તરકીબથી દાવતનું કામ લેવાનું નાપસંદ કરતો નથી. તેના ઘણા દાખલા છે તો પણ અહીં આપણે એકજ આપીશું. કુરાને શરીફની સૂરએ યાસીનમાં અંતાકીયાનો એક કિસ્સો છે તેનો ખુલાસો તફસીરવાળાઓએ એવો આપ્યો છે કે અંતાકીયાના લોકો મૂર્તી પૂજક (બુતોને પુજનારા) હતા તેથી હઝરત ઇસા અ૦ સ૦ ને આસમાન પર લઇ જવામાં આવ્યા તે પહેલાં તેમણે પોતાના બે ચેલાઓને ત્યાં તેમને નસીહત અને હિદાયત કરવા માટે મોકલ્યા. તેઓ શહેરની નજીક આવ્યા ત્યારે ત્યાં તેમને એક હબીબ નામના સખસથી મુલાકાત થઇ. તે સખસ નજ્જાર પણ કહેવાતો હતો. તે ત્યાં આગળ ઢોર ચરાવતો હતો. પેલા બે સખસોએ તેને જઇને કહયું કે અમે લોકોને બુતપરસ્તી છોડી દેવાની અને ખરા ખુદા તરફ લાવવાની નસીહત કરવા આવ્યા છીએ. તો તેણે કહયું કે તમે સાચા છો એની ખાતરી શું ? તો તેમણે જવાબ આપ્યો કે અમે માંદાઓને, આંધળાઓને, અને કોઢીઆઓ વિગેરેને સાજા કરીએ છીએ. તે ઉપરથી પેલા સખસે તેની ખાતરી કરવા માગી તો તેમણે તેનોજ એક છોકરો જે માંદો હતો તેની ઉપર પોતાનો હાથ મુકીને તેને તરતજ સાજો કરી દેખાડયો. હબીબને તેની ચોકસ ખાતરી થઇ કે એ બંને જણા સાચા છે. આથી તે તેમને માનવા લાગ્યો. હવે પેલા બે સખસો શહેરમાં ગયા અને લોકોને બુતોની પૂજા કરવાનું છોડી દેવાની નસીહત જોરથી કરવા લાગ્યા. વળી તેમણે જાત જાતના રોગવાળા દરદીઓને પણ પોતાની સચ્ચાઇના જોરથી સાજા કર્યા. તેમનામાં આટલી બધી તાકત હતી તો પણ તેઓ ફાવી શકયા નહીં કારણ કે ત્યાંના રાજાને ખબર પડી એટલે તેણે તેમને એકદમ તેવી હિદાયત કરવા માટે કેદમાં નાખ્યા. કારણું કે તે બુતોને પૂજનારો હતો, તેણે કહયું કે આ બે જણા જુઠપર છે અને લોકોને અવળે રસ્તે દોરે છે, માટે તેમને કેદમાં નાખી સજા કરવી જોઇએ.

તેમના કેદખાને પડવાની વાત જયારે બધે ફેલાઇ ત્યારે હઝરત ઇસા અ૦ સ૦ નો એક ત્રીજો ચેલો જેનું નામ શમઉન હતું તે અંતાકીયામાં આવ્યો અને તેણે લોકોને બુતોની પૂજા છોડી દેવાને બદલે જોરથી બુતોની પૂજા કરવાની હિદાયત કરવા માંડી અને એક ખરા ચુસ્ત બુત પરસ્ત

તરીકે કબ્જ દેખાડીને ભોળા મનમાં તેણે પોતાને માટે એક ઇજ્જત પેદા કરી. આ વાતની જ્યારે રાજાને ખબર પડી ત્યારે તે ઘણોજ ખુશ થયો અને તેને પોતાના દરબારમાં બોલાવીને એક મહાત્મા-બુજુર્ગ તરીકે માનવા લાગ્યો.

એક દિવસ વાત કરતાં કરતાં મોકો જોઇને તેણે પેલા કેદમાં પડેલા બે જણાઓની પરિક્ષા લેવાના બહાને રાજા તેમને પોતાની પાસે બોલાવવાનો હુકમ કરે એવી રાજા પાસે માગણી કરી. રાજાએ તેની માગણી કબુલ રાખી અને બંનેને દરબારમાં હાજર કર્યા. શમઉને એ બંનેને પહેલાંથી ચેતવણી અપાવી દીધી હતી કે તમે મને ઓળખો છો એવી કોઇને ખબર પડવા દેવી નહીં. એટલે બંને જણા અજાણ્યા થઇને શમઉન સાથે વાતચીત કરવા લાગ્યા. શમઉને તેમને કહ્યું કે તમને અહીં કોણે મોકલ્યા છે ? તો તેમણે જવાબ આપ્યો કે સઉ ચીજોનો પેદા કરનાર જે એક ખુદા છે તેણે અમને મોકલ્યા છે. તે ઉપરથી શમઉને ખાતરી માટે તેમની પાસે સાબીતી માગી તો તેમણે તેજ વખત એક આંધળા માણસને પોતાની દોઆથી દેખતો કરી દેખાડયો. શમઉને જાહેર ડોળ કરીને કહ્યું કે હું એ વાત માની શકતો નથી કારણ કે એવું તો હું પણ કરી શકું છું પણ જો તમે મુવેલા માણસને જીવતો કરી બતાવો ત્યારે હું તમને ખરા માનું. તેમણે કબુલ કર્યું. આથી તે રાજાની એક દીકરી સાત દીવસ ઉપર મરી ગઇ હતી તેની લાશ ત્યાં લાવવામાં આવી. પેલા બંને જણાઓએ દોઆ માગી તેના ઉપર હાથ ધર્યો કે તરતજ તે ઉઠીને બેઠી થઇ.[1] આથી શમઉન લોકોને દેખાડવા માટે હેરતમાં આવીને કહેવા લાગ્યો કે બેશક તમે સાચા છો એવી મારી ખાતરી થઇ છે. માટે હું તમને આજથી સાચા માનું છું અને બધા લોકોને એજ ભલામણ કરૂં છું કે તમને માને. શમઉન એ લોકોમાં એક મોટો બુજુર્ગ મનાતો હતો તેથી બધાઓએ તેનો સુખન એકદમ ઉપાડી લીધો અને પેલા બંનેને ખરા માની તેમની હિદાયત પ્રમાણે ચાલવા સીધે રસ્તે આવી ગયા.

ઉપલા કિસ્સાની હકીકત કુરાને શરીફની તફસીરમાં મોજૂદ છે જેથી સાફ જણાય છે કે હઝરત ઇસાના પેલા બે ચેલા કરામતવાળા હતા તોપણ તેઓ બુતપરસ્ત લોકોમાં ફાવી શકયા નહોતા. જ્યારે તેમનો ત્રીજો

---

૧ હઝરત ઈસા અ૦ સ૦ ના આ ચેલાઓની કરામતનું બયાન કુરાને શરીફની તફસીરમાં છે. એટલે કરામતની સાબીતી કુરાન શરીફથી પણ થાય છે.

ચેમ્બો શમઉન આવ્યો અને તેણે ગામના લોકો સાથે તેમના જેવાજ બની મળી જઇને હિકમત કરી ત્યારે પેલા એ જણુનો છુટકારો થયો અને લોકો સચ્ચાઇ તરફ આવ્યા. જ્યારે કરામતવાળાઓ માટે પણ ઘણી વખતે આવી કાંઇક રૂઢીની જરૂર પડે છે તો પછી આપણા જેવા માણસો માટે જરૂર પડે એમાં નવાઇ શું ? શમઉન ત્યાં ગયો, તેણે બુતની પૂજા ઘણો વખત કરી અને જીભે પણ બુતોની અને તેમની પુજાની તારીફ કરી તોપણ તેને તફ-સીરવાળા ખુદાવાળો માણસ ગણે છે. તેણે જાહેરમાં તો ચોખ્ખું શિરક કર્યું હતું તોપણ તેના માટે એમજ કહેવાય છે કે તેણે તે ભલાઇને માટે કર્યું હતું. તેમાં તેની નીયત કાંઇ શિરકની નોહતી પણ લોકોને ખરા ખુદા તરફ દોરવાની હતી. આ વાત કુરાન શરીફમાં મોજુદ છે. હવે આનાથી બીજો વધુ જોરદાર પુરાવો શું આપી શકાય એમ છે ?*

એક કિસ્સો એવો છે કે હઝરત મુસા પેગમ્બર (અ૦ સ૦) એક દીવસે રસ્તા ઉપરથી જતા હતા તેવામાં તેમણે એક **ચરવાહા** (ગોવાળ)ને ખુદાના પ્રેમમાં એવું કહેતાં સાંભળ્યો કે હે ખુદા, અગર તું જો મને મળે તો તને ખુબ મસળીને નવાડું, તને સાફ લુગડાં પહેરાવું, તારા વાળ સાફ કરૂં, તને સારૂં સારૂં ખવાડું, તારા પગ દાબું, અને તારી એટલી બધી ચાકરી કરૂં કે તું ખુશ થઇ જાય, વિગેરે ચરવાહો બોલતો હતો. આ સાંભળી હઝરત મુસા ઘણા ગુસ્સામાં આવ્યા અને તેની નજીક જઇને તેને કહેવા લાગ્યા કે આ શું બકે છે ? એવું બોલવું એ શિરક છે માટે ચુપ રહે નહીં તો હેરાન થશે. ચરવાહો બીચારો હઝરત મુસાની દેહશતથી ચુપ થઇ ગયો.

હઝરત મૂસા જ્યારે ખુદા આગળ ગયા ત્યારે ખુદાએ તેમને કહયું કે મૂસા, તમે પેલા ચરવાહાને શા માટે રોકયો, તે મારો આશક છે, તે મારા ઇશકમા મસ્ત છે અને પોતાના ખીયાલ પ્રમાણે મારી સાચા દીલથી સેવા કરવાનો તેના મનમાં જોશ છે. હું તેના એ જોશ ભરેલા કલામ સાંભળીને ઘણો રાજી

---

* જમીઅતુલ ઉલ્માના ઉપદેશ—વાએઝ કરનારા મોલવી દીલ્લી પાસે ગુડગાંવ તરફ મલકાના કાચા મુસલમાનોને નસીહત કરવા માટે ગયા હતા ત્યારે એ લોકોને ભેગા કરવા માટે તેમને એવો રસ્તો અખત્યાર કરવો પડયો હતો કે ચલમો, તમાકુ વિગેરે મંગાવીને સઉ તૈયારી કરવી પડી ત્યારે તેઓ ભેગા થયા હતા. આ હકીકત તા૦ ૮ માર્ચ ૧૯૨૪ના રોજીંદા "ઉરદુ ખિલાફત" છાપામાં છઠ્ઠા પાને જમીઅતના સેક્રેટરીની સહીથી છપાએલી છે. એવા લોકોને ભેગા કરવા, હુક્કા, ચલમો તથા તમાકુનો બંદોબસ્ત આલિમોને કરવો પડ્યો હતો

આવતું. તમારે તેને ના કહેવાની કાંઇ જરૂર ન હોતી. તે મારી મોહબતમાં દીવાનો છે. અને મારો ખરો આશક છે. માટે એવા સાચા આશકને મારાથી વીછુટો પાડવાની તમારે જરૂર નહોતી. જાઓ અને તેને કહો કે એને તારા કલામ ઘણુ પસંદ છે માટે તું તારે જે પ્રમાણે કરતો હતો તેમ કર. હઝરત મૂસા ઘણુજ પસ્તાવા લાગ્યા અને ખુદાનો હુકમ માથે ચડાવી ચરવાહાની પાસે એકદમ ગયા અને તેને કહેવા લાગ્યા કે ભાઇ મેં તને ખુદા વિશે બોલતાં રોકયો હતો તેમાં મારી ભુલ થઇ છે માટે તું માફ કર અને તું તારે જે બોલતો હતો તે બોલ, ખુદાને તે પસંદ છે.+ આ પ્રમાણે હઝરત મૂસાએ તેને કહી દીધું એટલે તે ઘણો રાજી થયો અને જેમ કરતો હતો તેમ કરવા લાગ્યો. આ તમામ કિસ્સો મૌલાના રૂમ સાહેબની મસનવી શરીફમાં મોજૂદ છે. હવે આથી સમજવાનું છે કે ખુદા દિલનો માલિક છે અને તે બહાર કરતાં અંદરની વાતને વધારે પસંદ કરે છે. જાહેરના શિરક કરતાં અંદરનો શિરક તેને બહુજ ના પસંદ છે. લોકોને દેખાડવાના ખીયાલથી નમાઝ પઢવી તથા રોઝા રાખવા તેને પયગમ્બર સલ્અમે શિરક તરીકે ગણેલ છે. તેમણે ફરમાવેલું છે કે માણસમાં જરા પણ રીયા—કપટ, હોય તો તે શિરક છે અને હું તમારા એવા છુપા શિરક એટલે રીયા, શહેવત પરસ્તી, નફસાનીયત અને તમારી દુનિયાની મોહબતથી ઘણો ડરું છું. આવો શિરક રાઇના દાણા બરાબર પણ હશે તો તેનું કોઇ પણ કામ ખુદા તઆલા કદી કબુલ કરશે નહીં કારણ કે તેવો માણસ ખુદપરસ્ત છે, અને ખુદ પરસ્તી એ બુતપરસ્તીથી કાંઇ ઓછી નથી. બુતપરસ્તી એ જાહેર શિરક છે અને હસદ, બુગજ, કીનો, કપટ, રીયા, દગલબાજી, ગુસ્સો જુઠ, વિગેરે છુપાં શિરક છે અને તેથીજ વધારે નુકસાન પહોચે છે. જાહેર શિરક તો જોવામાં આવતુ હોવાથી તેનો ઇલાજ થઇ શકે છે પણ બાતિનનો શિરક એવો હોય છે કે જેથી હજારો ગરીબોની ગરદનો મારી જાય છે. માટે અંદરનો શિરકજ નાબુદ કરવાનો છે. જયાં સુધી અંદરના બુત આબાદ છે ત્યાં સુધી શિરક કુફરની વાતો કરવી એ ફકત વાતોજ વાતો છે. જે શિરક ખુદા માફ કરશે નહીં તે આજ શિરક છે.

+ આથી સાફ જણાય છે કે ખુદા દિલ જુવે છે તે ઇલમ, ઇબાદત કે પરહેજગારીનો ભુખો નથી. તેમ તે આપણા સારા શબ્દોની પણ પરવા રાખતો નથી. માટે સંઘ કરતાં દિલની સફાઇની વધારે જરૂર છે.

પ્રકરણ ૧૬ મું.

છેવટ શું કરવું ?

કદાચ ઇલમવાળા ભાઇઓ તરફથી એમ દલીલ કરવામાં આવે કે મશાયખો ગાયન ગવડાવે છે, અને લોકોને કબરો તરફ દોરી શિરક કરે છે અને કરાવે છે તો શું આવી હરામ ચીજો તરફ તેઓ લાગેલા રહે તો અમે તેમને ના નહી કહીએ ? પણ મશાયખોએ તો એ બાબતનો આગળ ખુલાસો કરી દીધેલો છે કે આવી વાતો જે ઇલમવાળા ભાઇઓ તરફથી ઉપાડવામાં આવે છે અને મશાયખો ઉપર તેનો ઇલઝામ મુકવામાં આવે છે તે ઇખતિલાફી મસલાઓની છે. ઘણા લોકો તેને જાએઝ કહે છે અને કેટલાક નાજાએઝ કહે છે. પણ બધાજ તેને નાજાએઝ કહેતા નથી. એટલે તેને માટે દસ બાર આની છુટ છે. કારણ કે એમાં ઇખતિલાફ છે. ઇખતિલાફની વાતો કાંઇ તદન હરામ કહેવાતી નથી. એટલે મશાયખો દીનની ખીદમત કરવામાં હરામ ચીજોનો ઉપયોગ કરે છે એમ કહેવાય નહીં. પણ આલિમ ભાઇઓ બીજાઓના કહેવાથી આવું કહયા કરે છે. જો આલિમ ભાઇઓને એનો અમલ ન કરવો હોય તો ન કરે પણ આવી ઇખતિલાફવાળી બાબતોમાં એક વાતનેજ પકડી બેસવાની કોશીશ કરે છે જેથી નુકસાન પહોંચવા જેવું થાય છે. ઇલમની કીમત અને ઉજરત લેવાની એક આની પણ છુટ નથી તોપણ તેને કેટલાક આલિમોએ ફાયદાની ખાતર જાયજ કરી નાખી છે. જેમ આલિમોએ આને જાએજ કરી છે તેમ ઉપલી બાબતને મશાયખો પોતાની મતલબની ખાતર નહીં પણ દીનના ફાયદા માટે તેને ઉપયોગની બતાવે છે. એ ભાઇઓએ લોકોની પાસેથી ઇલમની ઉજરત લઇને પોતાની જાતનું ભલું કર્યું છે જ્યારે મશાયખોએ નઝરો નિયાઝથી અરબસ્તાન, તુરકસ્તાન વિગેરેને જબરો નફો કરી આપી તેમને માલામાલ કરી નાખવાનું હમેશનું નેક ધોરણ બાંધ્યું છે. આપણે ઉપર બતાવી ગયા છીએ કે ઇખતિલાફી

મસલા બયાન કરવાની હાલતી કુટીથી આલિમો પણ ભીખ માગતા થયા છે, મશાયખો ભીખ માગે છે, ગૃહસ્થોને ધર્મના ચંદાના નામે ભીખ માગવી પડે છે, અરબસ્તાનને ભીખ મંગાવી છે અને તુરકીને પાયમાલ કરી કંગાલીઅતને કિનારે લાવી મુક્યું છે. એટલે તેઓએ ઘણાક મતલબવાળા લોકોના હાથ પર ચડી ઇસ્લામની અને કોમની આવી હાલત કરી મુકી છે. મશાય-ખોએ કાંઇ કોઇને ભીખ માગતા કર્યા નથી, પણ આબાદ કરવાની ગોઠવણો કરી છે. બિદઅતો જે નાની વાતો છે તેને સુધારવાના નામે મતલબવાળા ઓની હિકમતોથી દોરાઇ જઇ આપણા ભાઇઓએ દીનની કેટલી બધી સેવા બજાવી છે તે જાહેર છે. લોકો તો એમજ કહે છે કે તેમણે મતલબવાળાઓ સાથે મળી જઈ આ વાતો તોડવાનું બીડું ઝડપ્યું છે. પણ આપણે એમ માનવાનું નથી કારણ કે તેમને અંજાણ રાખીને હાથમાં લીધેલા જણાય છે.

મશાયખોનું ખાનકાહોવાળું ધોરણ એવું તો ખુબીવાળું છે કે કોઇને જરા પણ નુકસાન પહોંચાડયા વગર ઘણું સારૂં કામ કરી શકાય છે.[1] તેમના ધોરણને કાયમ રાખી તેમની ખાનકાહોને આબાદ કરવી એ કોમને આબાદ કરવા, અરબસ્તાન અને તુરકીને સજીવન કરી જાહોજલાલીમાં લાવવા અને દીનને વધારે તાકતવાન બનાવવા બરાબર છે.* તેમના ધોરણના હિસાબથીજ કોમ વેપારમાં આગળ વધીને આબાદીની ટોચે પહોંચી શકે છે. ગોરા લોકોએ વેપારથીજ પોતાની હુકમત જમાવી છે. વેપાર એ એક ખાસ જરૂરનું સાધન છે અને તે આ પ્રમાણે હાલ તો ભાઇઓની ગફલતથી આપણા હાથથી જતો રહેવા પામ્યો છે અને હજું પણ જતો જાય છે. જો હજુ પણ મશાયખોના ધોરણને તોડવા કોશીશો જારી રહેશે તો એથી પણ વધારે પાયમાલી થવાનો વખત આવશે. આવી બાબતો

---

૧ આપણા કેટલાક ભાઈઓએ મતલબવાળા ભાઈઓના હાથ પર ચડી ઇખ-તિલાફવાળા મસલાઓની ચરચાઓ જોરથી ઉપાડી અરબસ્તાન, તુરકી, હીંદુસ્તાન તથા કોમને બેહદ નુકસાન પહોંચાડવાના સંજોગો ઉભા કીધા ત્યારે આ હકીકત બહાર પાડવાની લાચારીથી ફરજ પડી. જો હજુ પણ આપણે સમજીશું તો ઠીક છે, નહીં તો મઝહબ અને કોમ માટે આથી પણ ઘણા માઠા સંજોગો આગળ ઉપર આવવાનાં છે. એવું આગેવાનોનું કહેવું છે. આપણે સુધરેલાઓના વખતમાં ખીલાફત તુટી એ શું અફસોસની વાત નથી?

* એ ખાનકાહોમા હીંદુ મુસલમાન, પારસી તમામ આવી લાભ લે છે જેથી તેમનામાં એકતા—જોડાણ એવું મજબૂત થાય છે કે બના પોતાને એકજ સમજે છે.

ખુલી છે જે કહેવા બેસીએ તો આવી કંઈ કિતાબો લખાય એમ છે. પણ સઘળું અહીં કહી દેવાથી કાંઈ સાર નથી, વખત આવે, કહેવામાં આવશે. આપણા ત્યાં મુલકી બાબતો અને ઈસ્લામી બાબતો એક સાથેજ છે એ આપણે સારી રીતે સમજીને ચાલવાનું છે.

મહાશયો ઉમદા કામ કરી દાવતનું કામ ઘણું આગળ વધારી રહયા છે અને તેથી આપણને ઘણો ફાયદો થાય છે. પણ આલિમ ભાઈઓ તો હજુ પણ જ્યાં જુવો ત્યાં લડાઈ ઝગડા મચાવી રાત દિવસ ઈસ્લામને બેહદ નુકસાન પહોંચાડી રહયા છે એવું પેપરો સાફ કહે છે. ઈ૦ સ૦ ૧૯૨૪ના ફેબ્રુઆરી તથા માર્ચ મહીનાના અમૃતસરથી નીકળતા ઉરદુ "સૂફી" રિસાલામાં લખ્યું છે કે "અલ હમ્દો લિલ્લાહ કે ઈસ્લામી આલિમોની મંડળીઓ કમ્મર કસીને અશાઅતના કામ માટે મેદાને પડેલી છે. પણ આ ફુલમાં કાંટો એ લાગેલો છે કે તેઓ અંદર અંદરના ઈખતિલાફને લીધે આર્યોને છોડીને એક બીજાથી ઝગડા કરી લડી રહી છે હઝરત અલી (ક૦ વ૦) અને હઝરત મોઆવીયામા એવો જબરો ઈખતિલાફ બલકે વિરોધ હતો કે "સફીન"ની લડાઈમાં હજારો મુસલમાનો માર્યા ગયા હતા પણ જ્યારે રોમના બાદશાહ કૈસરે હઝરત મોઆવીયાને લખ્યું કે હું તમારી મદદે આવવા તૈયાર છું ત્યારે હઝરત મોઆવીયાએ મદદનો ઈનકાર કરી ગુસ્સામાં જવાબ મોકલ્યો કે જે સિપેહ—સાલાર સાઠ હજાર સવાર લઈને હઝરત અલી તરફથી તારા મુકાબલામાં આવશે તે મોઆવીઆજ હશે. કેવી ઈસ્લામની સાચી લાગણી અને કેવો દાખલો લેવા જેવો નમુનો છે.?" આ હકીકત હાલમાંજ એ રિસાલામાં છપાએલી છે એથી માલમ પડે છે કે હજુ પણ આપણા ભાઈઓ ઈખતિલાફના ઝગડા મુકતા નથી. આ મંડળીઓમાં તે અખબાર લખે છે કે દેવબંદના આલિમો, જમીઅતુલ ઓલેમાના મોલવીઓ, મૌલવી અહમદ રઝાખાનના ગિરોહવાળાઓ, તબલીગે ઇસ્લામ તથા દાવતે ઈસ્લામના ઉપદેશકો વિગેરે શામિલ છે. [1] જયારે આલિમ લોકોજ પોત પોતામાં હાલ ઝગડા જગાડી

1 દેવબંદવાળાઓમા, જમીઅતુલ ઉલ્માઓમાં, બરેલીવાળાઓમાં, તબલીગે ઈસ્લામ તથા દાવતે ઈસ્લામની અંજુમનોમાં સારૂં કામ કરનારા પણ ઘણા છે. બધાજ ખરાબ નથી પણ તેમની મંડળીઓના થોડા ઘણા પણ ઝગડા કરનારા નીકળે તો જરૂર કાંઇ ને કાંઇ નુકસાન થયા વિના રહે નહીં. માટે હાલ તમામ ઝગડાઓનું દફતર લપેટીને દરીયામા નાખી દેવાનું છે. જમીઅતુલ ઉલ્મા જો આગળ પડી હીંમતથી અને ખંતથી કામ કરવા બેતજવાઇ મેળવી શકે તો ઘણું

[illegible] રહ્યા છે તે પછી અમે શી રીતે ખાઈ શકીએ! ઇસ્લામને [illegible] [illegible] છે અને બદનામ મશાયખોને કરે છે. હવે આવી હાલતમાં મશાયખો બિચારા શું કામ કરી શકે તેનો વિચાર કરવાનો છે.

વળી કેટલાક ભાઇઓ બીજાઓના હાથપર ચડી જાણી જોઇને કે અજાણતાં મશાયખોની વિરૂધ્ધ તેમને વગોવવા એવી પણ વાતો બનાવે છે કે એ તો હીંદુઓના ત્યાંનું, પારસીઓના ત્યાંનું અને અંગ્રેજોના ત્યાંનું ખાય છે અને તેમ કહી ગરીબ લોકોને મશાયખોની વિરૂધ્ધ ભેહકાવી તેમને માટે જાણી જોઇને લોકોમાં બુરી લાગણી પેદા કરવાની કોશીશ કરે છે. પણ મૌલાના અશરફઅલી સાહેબની "બહિસ્તી ગૌહર" નામની કિતાબ જેનો ગુજરાતી તરજુમો રાંદેરવાળા મોલવી ગુલામ મોહમ્મદ ભાણુજા સાહેબે કરેલો છે * તેમાં તેમણે સાફ લખ્યું છે કે મુસલમાનો સિવાય બીજી તમામ કોમો ખાવાની જેટલી ચીજો બનાવે તે, તેમજ તેમનાં વાસણો તથા લૂગડાં નાપાક ગણવાનાં નથી. જો કોઇ દલીલથી અગર બીજી રીતે તે વાસણો અને લુગડાં નાપાક સાબિત થાય તો એ વાત જુદી છે † જે લોકો ઘાંટીઆ વહોરા અને હીંદુઓની બનાવેલી મીઠાઇઓ વિગેરે નાપાક સમજીને ખાતા નથી તે ભુલ છે. શરીઅત જેને હલાલ ફરમાવે તેને ના જાએઝ માનવું એ ઠીક નથી. + વિગેરે ઉપલી કિતાબમાં સાફ લખેલું છે. આ પ્રમાણે ખુલાસો તે કીતાબમાં મોજુદ છે તો જે

ફાયદો થાય એમ છે. તેણે મશાયખોને પણ રાજી રાખી તેમની હમદરદી મેળવી છે એ ઘણું ફાયદાકારક છે. વળી તેમાં કામ કરનારા ઘણા બાહોશ માણસો છે, એટલે સારૂં કામ કરી શકે છે. તેણે સારા માણસો રાખીને પૈસાનો હિસાબ બરાબર ચોખ્ખો રાખવા કોશીશ કરવી જોઇએ કે લોકોને સંતોષ થાય. પણ જો એ બાબતમાં ચોકસાઈ ન રાખે અને નકામા ઝઘડા બીજાઓને લીધે વહોરી લે તો તેના નામ પ્રમાણે તે વરતું કામ કરી શકે નહીં માટે તેણે ખાસ સાવચેતી રાખવાની જરૂર છે કે તેના કામમાં આડ આવે નહીં.

* મોલવી ગુલામ મોહમદ ભાણુજા સાહેબ, હાફેઝ ઈસ્માઈલ સાહેબ, કાઝી [illegible] સાહેબ, મોલવી મોહંમદહુસેન સાહેબ સગરામપુરાવાળા તથા મોલવી મેહમૂદ સાહેબ આ દુનિયાથી ઉઠી ગયા પછી હવે આપણને તેમની ખોટ જણાય છે. તેમનો દમ ગુજરાત માટે ઘણો ગનીમત હતો.

† આવી રીતે તો મુસલમાન ભાઇઓનાં વાસણો અને લૂગડાં પણ જો નાપાક સાબિત થાય તો તે પણ નાપાક ગણાઈ શકે છે.

+ જુઓ બહિશ્તી ગૈહર પાનું ૪ થું, સ્વચ્છતા (પાકી)વાળો ભાગ.

લોકો હીંદુઓ, પારસીઓ, ઇસાઇયો વિગેરેના ત્યાંનું ખાવા માગતા હોય તો ઉપલી કિતાબ આધારે ખાઇ શકે છે.* તે પણ મશાયખો તો બનતા સુધી પોતાના માણસો પાસે ત્યાં રંધાવીને ખાય છે. ન છુટકેજ એ લોકોની ચીજો વાપરે છે. આલિમો એ લોકોના ત્યાંનું ખાય છે તે શરીઅ-તના આધારેજ ખાય છે એવું તેઓ બતાવે છે હવે જે લોકો આવી બાબતમાં મશાયખોની નકામી વાતો કરે છે તેમણે સમજવું જોઇએ કે તેઓ કેટલે દરજે તેમને નકામાં બદનામ કરી રહ્યા છે. આવી વાતોથી હવે લોકો સમજી ગયા છે કે મશાયખોને બદનામ કરવા એ ભાઇઓ તરફથી કેવી કેવી હિકમતો થાય છે.

કોમની આબાદી માટે તથા હુકુમત મેળવવા માટે સંપ, ધન અને બળ એ ત્રણ ચીજની જરૂર છે અને સ્વરાજનો આધાર પણ તેના ઉપ-રેજ છે, અને તે ત્રણે મશાયખોના ધોરણથી આપણામાં આવી શકે છે. મશાયખોના ધોરણથી ચિશ્તી તરીકામાં ઘણા લોકો દાખલ થઇ ગએલા છે એટલે એ જથો હીંદુસ્તાનમાં સઉથી જબરો છે.* વળી જે કોઇ કાદરીઆ, સોહરવરદીઆ, અને નકશબંદીઆ તરીકામાં દાખલ થએલા છે તે પણ પોત પોતામાં જોડાએલા છે. એટલે આ પ્રમાણે મશાયખોએ લાખો લોકોને એકદીલી અને મોહબ્બતની સાંકળથી બાંધી તેમનામાં સંપ પેદા કર્યો છે તેથી તે તરીકાને માનનારા સઉ લોકો ખ્વાજા સાહેબને એક દીલથી કબુલ કરે છે અને તેમને માટે જાન આપવા એકસંપ છે. આ પ્રમાણે મશાયખોના ધોરણથી લોકોમાં સંપ જરૂર પેદા થાય છે, જે તેમના ત્યાંના ઉરસના મેલાવડાઓ કહી આપે છે. સંપ પછી બીજી જરૂરી બાબત ધન છે. મશાયખોના ધોરણથી એકદીલી તથા જમાવ થવાથી લોકો વેપાર રોજ-ગારમાં આબાદ થાય છે અને ધનની રેલ છેલ થાય છે. એટલે તેમના ધોરણથી ધનની પણ જોગવાઇ થાય છે હવે છેલ્લી બાબત બળ એટલે તાકતની છે. ખજુર અને કોપરૂં એ ઘણીજ તાકતવાળી ચીજો ગણાય છે

---

* જ્યારે ખાવાનુ દુરસ્ત ગણ્યુ છે તો પછી તેનનું પાણી, ચાહ, કારી, આઈસક્રીમ, વિગેરે પણ દુરસ્તજ ગણાય. જેને તેમના ઘરનું ખાવું પીવુ ન હોય તો તે ન ખાય.

* સઉ સિલસિલાઓ કરતાં ચિશ્તીઆ સિલસિલાની સંખ્યા ઘણીજ મોટી છે તેથી તેનું સંગઠન ઘણુ જોરદાર અને મજબુત છે એ તમામ ભાઈ-ઓના જાણવામાં છે. એથીજ તેને તોડવાની બાજીઓ રમાય છે. પણ ભાઇઓએ હવે તેના તરફ બેદરકાર રહેવાનું નથી.

કે આ કોમના જાણવામાં છે. એ ચીજો નીયામતો જ્યાં ત્યાં ઘણી વપરાતી હોવાથી નાનપણથીજ મોટાભાઇને સારા તંદુરસ્ત બને છે. વળી મશાયખોના ધોરણ પ્રમાણે દાવત તથા વેપારના કામે હજારો લોકો દેશમાં પગે મુસાફરી કરતા હોય છે.‡ એટલે તે તેની કસરતથી હમેશાં મજબુત થાય છે. તે ઉપરાંત મશાયખોના લંગરખાનામાં હમેશાં સાદો ખોરાક ખાવા મળે છે તેથી તેમની તબીયતો હમેશાં સારી રહે છે. તે સિવાય ઝિકર અઝકાર, ખુદાની ઇબાદત, પ્રેમ, મસ્તી વિગેરેથી તેઓ એવા જોશીલા અને મજબુત થાય છે કે ગમે તેવા દુશમનનો મુકાબલો કરવા પણ તેઓ પાછા પડતા નથી. એટલે આ રીતે સંપ, ધન, અને બળ જે કોમને આબાદ કરનારી અને સ્વરાજ મેળવી આપવામાં મદદ કરનારી ચીજો છે તે તેમનામાં કુદરતી રીતે આવી જાય છે. જે મશાયખોનું ધોરણ આવું ઉમદા હોય તેમને બીજાઓના કહેવાથી નબળા ગણી તોડી પાડવા આગળ આવવું એ કાંઇજ નહીં પણ ખુદાના દીનને કમજોર કરવા અને કોમને આગળ વધતી અટકાવવા બરાબર છે. મશાયખો તો તુટવાના નથી કારણકે તેમના ઉપર ખુદાતઆલાની રહેમનજર છે, રસૂલે અકરમનો સાયો છે, અને ઓલીયાઓની દોઆ છે. કારણકે તેઓ ખુદાના દીનની ખીદમત કરે છે, રસૂલે અકરમના મુલકને માલથી આબાદ કરે છે અને ઓલીયાઓની જુની ગોઠવણી જીવની માફક સાચવે છે. જ્યારે તેમને આવી ગેબી મદદ છે તો પછી તેઓ કદી પણ તુટવાના નથી. કદાચ વગર સમજે ભાઇઓ તેમના ધોરણને શિરકનું નામ આપી નુકસાન પહોંચાડવા જેવું કરશે તો તેમના તેવા કામથી દીનને નુકસાન પહોંચશે અને ખુદા તેમની પાસે એનો હિસાબ માગશે પણ તેમાં મશાયખોનો કાંઇ કસુર નીકળવાનો નથી.[1]

---

‡ આગગાડી તો હમણા નીકળી છે, પહેલા તો મશાયખોના ખલીફાઓ, મુરીદો અને ફકીરો હમેશા પગ રસ્તે હજારો માઇલોની મુસાફરી કરતા અને તેને લીધે કસરતથી હમેશા મજબુત રહેતા. વળી કુસ્તી, સદકા ને દેખાનથી લોકોના મન ખેંચીને ઘણા તાકાતવાળાં થતાં જેથી તેમનામાં ઘણી મજબુતી આવતી.

૧ અસરની નમાઝ, રજબના રોજા, કાબાની હજ, મુસલમાનોનો કલમો, ચાની મસ્જીદ વિગેરે આપણામાં બોલવાનો રિવાજ છે જેના શબ્દો જોવા જઇએ તો શિરક જેવા લાગે છે કારણ કે નમાઝ, રોઝા, હજ, કલમો મસ્જીદ વિગેરે ખુદાનાં છે બીજાનાં હોઈ શકે નહી. પણ જમાનાનો એવો મહાવરો હોવાથી લોકો એવું બોલે છે. જો તેમના શબ્દો આપણે પકડવા બેશીએ તો તેમનું કાંઇ લાગે નહીં. કારણ કે તેમાં ચોખ્ખું શિરક જણાય છે. પણ જ્યા બોલીજ એવી છે ત્યાં મશાયખોનો શું વાંક?

દુનિયામાં તમામ ગુન્હાના કામોમાં રચીપચી ગએલા દુનિયાદારે એ આલિમ ભાઇઓને સારા લાગે કારણકે તેમની પાસેથી તેમને ફાયદા લેવાના છે પણ દીનની ખીદમત કરનારા મશાયખોને તો તેઓ કદી પણ સારી નજરથી જોવાના નથી કારણકે તેમને તેઓ આગળ વધેલા જોવા માગતા નથી. પણ સમજવું જોઇએ કે મુલકી બાબતોથી જેવા મશાયખો વાકેફગાર છે તેવા બીજા નથી કારણકે એ વિશેનો તેમને જુનો અને લાંબો અનુભવ છે, વિગેરે મશાયખો કહે છે, પણ મારી તો તે ભાઇઓને એજ સલાહ છે કે હવે એ સઉ ભુલી જવું અને ખુલ્કથી પોતાનું કામ કરવું. કારણકે એમાં આલિમ ભાઇઓનો વાંક નથી. એમને પણ કેટલાક મતલબવાળા ગોરા અમલદાર ભાઇઓએ થાપ ખવડાવી છે. તેમણે ઇસ્લામની હમદરદીનો દેખાવ કરી પોતાનો હેતુ સાધી લીધો છે. તેમણે એ ભાઇઓને એમ સમજાવ્યા કે તમારી શરીઅત તો ઘણી સાફ ચીજ છે અને બીજા મુસલમાનો ધર્મના નામે ઢોંગ કરે છે તે તમે આલિમોએ દુર કરવા જોઇએ. પાકી કબરો કરવી, તે ઉપર જવું, નઝાર નીયાઝ કરવી, ઉરસો કરવા વિગેરે એવી ચીજો છે કે જેથી તમારા ધર્મમાં ઘણી બુરાઇઓ પેદા થય છે માટે લોકોને તેથી રોકવામાં આવે તો લોકો સીધા રસ્તે ચડે, નકામો થતો ખરચ બચે, અને ખુદા રાજી થાય. તમારા દીનની આવી ભલાઇ જોવા અમે પણ ઈંતેજાર છીએ અને તમને મદદ કરવા જેમ કહો તેમ રાજી છીએ.[1] તેમના આવા બોલવાને આલિમ ભાઇઓ સમજી શકયા નહીં. તેઓ તો એમજ સમજ્યા કે આપણા અમલદાર ભાઇઓને આપણા દીનમાં સુધારા થએલા જોવાની ઘણી કાળજી છે તેથી તેઓ આવી ઇંતેજારી દેખાડે છે અને દરેક વાતે મદદ કરવા તૈયાર છે. પણ અંદરખાને શું ભેદ હતો તે તેઓ જાણી શકયા નહીં. આવાજ ખીયાલથી તેઓ તેમના હાથ પર અજાણ્યા પણે ચડી ગયા અને ઇખતિલાફી મસલા બયાન કરી ઇસ્લામ અને કોમને જબરૂં નુકસાન પહોંચાડવામાં કારણરૂપ બન્યા અને આવા ઇખતિલાફી મસલાના કજીઆ તુરકસ્તાન, અફગાનિસ્તાન, ઇરાન, અરબસ્તાન વિગેરેમાં કેમ કોઇ ઉપાડી શકતું નથી એ તેઓ ન સમજ્યા.[2]

---

૧ આવું કહી તેમણે તેમને રકમો બાના આપી અને તેમના મદરસાઓ માટે પણ સાલીયાણા મુકરર કર્યાં. આ રકમો કેટલાક મદરસાઓએ અસહકારનો પવન જોરથી ચાલવાથી હાલ જતી કરી છે.

૨ હાલ પણ ઈસ્લામી રાજ્યોમાં સરકારી સનદ કે ફતવા આપી શકતું નથી કે કોઈ વાએઝ કરી શકતું નથી.

દાખલો મારે હવે કેવી રીતે કામ લેવું જોઇએ તે આપણે ઉપર ખીલાફતની એજ થએલી વાતોમાં બયાનમાં, અનાજની પરીક્ષા નાખવાની હકીકતમાં, જમીઅતુલ ઓલેમાના "મુસલિમ" પેપરના મુખ્ય લેખમાં. કારખાનામાં રેલ લઇ જવા પાટા નાખવાવાળા બયાનમાં, છોકરાને નિશાળમાં મોકલવાની તદબીરમાં, જ્યાં કામ કરવાનું છે ત્યાંના સ્થાનિક ધોરણની ગોઠવણમાં, આલિમો અને મશાયખોના ખાંતાની હકીકતમાં, ખાનકાહો. તાવીજ, દોરા અને ફકીરોના મિશનમાં, હઝરત મુસા અને ખિદરના કિસ્સામાં, ક્રિશ્ચિયન પાદરીઓની ગોઠવણીઓમાં, દેડા, બીલો વિગેરેની બએઅત લેવામાં, ઘોડા, નારીએલ, સંદલ, લોબાન, ખજુર વિગેરેની માનતોમાં, ઇસ્લામી વેપારની બરબાદીમાં, તુરકસ્તાન, અરબસ્તાન તથા મિસરની પડતીની હકીકતમાં, ઇસ્લામી પવિત્ર મથકોને મદદ કરવાની બાબતમાં, ફુલ ચડાવવામાં, બાદશાહ અકબરની પગે ચાલીને અજમેર જવાની માનતામાં, ઇસ્લામી દાવતી ખાનકાહોમાં ઠાઠ વધારવાની ગોઠવણમાં, શેખ સલીમ ચિસ્તીની ગેર કોમની માનતાઓમાં, ભીખ મંગતા થયાની હાલતમાં, શિરક, બિદઅતની વાતોથી મશાયખોને બદનામ કરવાના બયાનમાં, ઇખતિલાફી મસલા ઉભા કરી ઝગડા જગાડવાની કોશીશમાં, મતલબવાળા ભાઇઓની હિકમતોમાં, ગેર કોમોને દાવત દેવાના રસ્તામાં, આર્ય સમાજ હસ્તીમાં આવ્યામાં, શુધ્ધીની ચળવળની ગોઠવણમાં, બુજુર્ગોએ જબરા તપ કર્યા તે વિશેની હકીકતમાં, સી ર ઉંટ ભરીને સોનું ખરચવાના સવાબમાં, ગોસ્ત છોડાવવાના કામમાં, ઉરસો, મઝારો અને પાકી કબરોના ફાયદામાં, ઇસ્લામી સંગઠન, ફાતેહા તથા મુસાફાના ફાયદાના બયાનમાં, સાધુઓની થાનકો અને છીલ્લાઓની થાપનામાં, પેશઇમામ બાંગીની જુની ગોઠવણ તોડવામાં, કોળા તથા કેરીના મામલાની ભુલમાં, ખીલાફત તુટવામાં, હીંદુ મુસલિમ જોડાણની જરૂરમાં, આલિમોને મળેલા ખીતાબોમાં, ચિસ્તી ખાનદાનની ઉત્તમ વ્યવસ્થામાં, બએઅતના ધોરણમાં, ગાવા વગાડવાની બબતમાં, બેપરદગીની હકીકતમાં, શિરકમાંથી વેહદાનિયત કેમ પેદા થાય છે તેની ગોઠવણી વિગેરેમાં ખુલાસાવાર જોઇ ગયા!

છીએ.* એટલે હવે તે ઉપર વધારે પીંજણ કરવાની જરૂર નથી. એ

---

* આ કિતાબમાં ઘણી ખરી બાબતો દાવતના પોઇંટે લખવામાં આવી છે. મશાયખોએ મસ્લેહત જોઈ ઇખતિલાફની રૂએ જે વાત કરવાની પોતાને થોડી ઘણી પણ દલીલ મળી તે દાવતના પ્રસારણમાં દીનના ફાયદા માટે નેક નીયતથી તેમણે દાખલ કરેલ છે. ગાવા બજાવવાની બાબત પણ દાવતના એક ઉપલા કારણરૂપેજ છે નહીં તો તેને માટે શરીઅત કાંઇ આમ ઇજાઝત આપતી નથી. સિમાઅમાં પણ બુઝુર્ગોએ શરતો રાખેલી છે અને તે પ્રમાણે વર્તવામાં ન આવે તો મુશ્કેલી ઉભી થાય છે. આમ લોકોને રાગની પરવાનગી શરીઅત આપતી નથી કે બધા ખેલ તમાશામાં પડે અને દીનમાં નુકસાન પેદા કરે માટે તેનાથી બચવું સારૂં છે. ચિશ્તી સિલસિલાના કેટલાક મશાયખો તથા આલિમો જે દાવતનું કામ કરતા નથી તે રાગ સાંભળતા નથી કારણ કે તેમને તેની જરૂર હોતી નથી. પણ જે ગેર કોમોમાં દાવતનું કામ કરે છે તેને તો રાગ સાંભળવો પડે છે કારણ કે એ લોકોમા તેમને જવું પડે છે અને તેમનામાં રાગ એ બંદગીનું મુખ્ય સાધન ગણાય છે એટલે તેમને તે સાંભળવા વિના છુટકો હોતો નથી. દરેક જણ જાણે છે કે ઈલમનો અવેજ-ઉજરત લેવી એ ચારે મઝહબ હરામ છે અને તે લેવાના કામને શેખુલ હીંદના નાયબ મઉલાના હુસેન એહમદ સાહેબે પણ તદ્દન નાદુરસ્ત બતાવેલું છે એમ આગળ આપણે જોઇ ગયા છીએ. તોપણ તેવા હરામ ચીજને આલિમોના ગુજરાન માટે ઈલમની અશાઅતના નામે કેટલાક આલિમોએ હલાલ કરી દીધી છે અને તેનો છુટથી આલિમ ભાઇઓ મરજી પ્રમાણે લાભ લેછે તેવીજ રીતે આ રાગ (ધારો કે કદાચ નાદુરસ્ત હોય તો પણ તે)નો દીનની અશાઅત માટે કેટલાક દાવતી મશાયખો ઉપયોગ કરે તો તેમને "હરામ કામ કરનારા" કહેવામાં આવે તો એ વાતનું શી રીતે વજન પડે?

બેપરદગી વિશે પણ એમજ છે. ઉજરત લેવી તથા ભીખ માગવી હરામ છે તે ફાયદાને માટે હલાલ કરી દેવામાં આવે છે તો પછી બેપરદગી હરામ હોય તો પણ જ્યારે આલિમો તેનાથી બચી શકતા નથી તો પછી મશાયખો જેમને ગેર કોમોમાં જ્યાં પરદાની વાત બિલકુલ છેજ નહીં ત્યાં કામ કરવું પડે છે ત્યાં શી રીતે બચી શકે? જે "હરામ" ચીજોનો આલિમ ભાઇઓ લાભ લેવા ઉભા થાય તે "હલાલ" અને જેના અશાઅતના કામ માટે મશાયખો ઉપયોગ કરવા માગે તે હરામ. એ કવું ગણાય? રાગ સાંભળવાથી કોમને નુકસાન થાય છે એમ કહેવામાં આવે તો ઉજરત લેવાથી તથા ભીખ માગવાથી પણ કોમને તેનાથી પણ વધારે નુકસાન થાય છે કારણ કે ઉજરત લેવાથી તથા ભીખ માગવાથી ઈલમ તથા આલિમોની કદર હલકી થઇ જાય છે અને તેઓ નોકરની હેસીયતમાં ગણાવા લાગે છે. વળી ભીખ માગવાથી કોમ પર બેહદ બોજો પડે છે કારણ કે જેટલા આલિમો ઇલમ પઢીને નીકળે છે તે કોઇને કોઇ

બાબતોમાં ઇસ્લામી દાવતના પહેલુ દેખાડવામાં આવ્યા છે. કાંઇ એ વિશે કહેવા આવ્યા નથી. તેમાં રહેલા ઇખ્તિલાફ બતાવી ભાઇઓને નકામાં ઝગડાથી દુર રહેવા સમજણ પાડેલી છે. જેને જે વાત ઠીક લાગે તે ઉપર અમલ કરે. પણ ઇખ્તિલાફના નકામા ઝગડા જગાડી કોમમાં કુસંપ પેદા કરવાની જે વાતો થાય છે તેથી હમેશની બરબાદી થવાની ધાસ્તી રહે છે. કોમની બરબાદી એ દીનની બરબાદી છે અને દીનની બરબાદી એ રાગ, એ પરદગી અને શિરકના નતીજાથી પણ બુરી છે. કારણ કે દાવતી લોકોના રાગ તેમની બે પરદગી અને તેમના કહેવાતા શિરકથી જે નુકસાન થાય છે તેના કરતાં કોમ અને દીનની બરબાદીથી કેટલું નુકસાન થાય છે તેનો વિચાર કરવાની જરૂર છે. આ હિસાબે ઝગડા ઉપાડનારા આલિમ ભાઇઓ કોમ અને દીનની કેટલી સેવા બજાવે તેનો તેમણેજ ખીયાલ કરવાનો છે. જ્યારે આલિમ ભાઇઓ તરફથી મશાયખોને વગર કસુરે બુરા ગણી તેમને દીનને નુકસાન કરનારા ગણવામાં આવે છે તો પછી મશાયખો પણ આલિમ ભાઇઓની ભુલો બતાવે તો તેમને રોકી શી રીતે શકાય ! એવું કેટલાક કહે છે.

બહાને ભીખ માગવનુંજ કામ કરે છે. રાગ સાંભળવાથી કદાચ માણસ પોતીના જાતને નુકસાન પહોંચાડતો હેય તો પણ ઉજરત લેનાર તથા ભીખ માગનાર તો દીનના ઈલમને અને કોમને નુકસાન પહોંચાડે છે જે નુકસાન જોવા જઇએ તો ઘણું ભારે કહેવાય.

શિરકની હકીકત પણ એવીજ છે. લોકોમાં સત્તર આના શિરક ભરેલું હોય છે તેને મશાયખો ધીરે ધીરે મેહનત કરી ઓછુ કરાવે છે ત્યારે તેમનેજ શિરક કરનારા બતાવવ.માં આવે છે. પણ જો તેઓ આલિમોના બુરા ભલા કહેવાથી એ કામ છોડી દે તો દીનને જબરી નુકસાની થાય. એટલે આ હિસાબે પણ આલિમ ભાઇઓનું કામ દીનને નુકસાનમાં ઉતારનારૂં ગણાય, પણ જુવે છે કે ણુ ? વિગેરે મશાયખો કહે છે. આપણે આથી કાંઇ આલિમ ભાઇઓનું ખોટુ બોલવા માગતા નથી. પણ મશાયખોને જ્યારે નાહક બદલામ કરવામાં આવે છે ત્યારે મશાયખો પોતાની હકીકત ભાઇઓ આગળ નિખાલસપણે રજુ કરે છે તે ટાંકીએ છીએ. આલિમ ભાઇઓ તો સ.રાજ છે અને દીનના ચિરાગ છે માટે તેમણે જોઈ વિચારીને ખુલ્કે મોહંમદી (નરમી)થી કામ લેવું જોઇએ વિગેરે.

મુસલમાનોનું રાજ ગયું, તેમની હુકમત ગઇ, તેમની જાહો જલાલી ગઇ, તેમની જાગીરો ગઇ, તેમની જમીનો ગઇ એટલે તેમનું જે કાંઇ આ હીંદુસ્તાનમાં હતું તે સઉ ગફલતથી ચાલ્યું ગયું છે પણ ઇસ્લામને ફાયદો પહોંચાડનારા જે કદીમી હક છે તે પણ ભાઇઓ ખોવા બેઠા છે. એ જોઇ કયા આપણા ભાઇને દરદ નહીં પહોંચે ?

બેશક આવા કેટલાક ભાઇઓની ગફલતથી ઘણું નુકસાન થવા પામ્યું છે તોપણ હજુ વખત છે. આલિમોએ લોકોને એવી વાતો ઉપર નાખી દીધા હતા એટલે તેઓ તેને પકડી રહયા હતા પણ હવે આપણે તેમને ખરી હકીકત બતાવી દીધી છે એટલે સમજુ અને ડાહયા તો આપણી વાત જરૂર કબુલ કરી લેશે કારણ કે તેમાંજ ફાયદો રહેલો છે. એક માણસે એક બાદશાહને કહી દીધું કે ડાબો હાથ હાથ પાણી લેવાનો છે તેથી નાપાક ગણાય છે માટે તેને બીજા કામમાં નહીં લેતાં છેટો રાખવો. આથી બાદશાહે તેને હમેશાં છેટો રાખવા માંડયો. થોડી મુદત પછી બીજો કોઇ ફકીર માણસ આવ્યો અને બાદશાહને હાથ છેટો રાખતાં જોઇ પુછવા લાગ્યો કે આપ આવું શાથી કરો છો ? તો બાદશાહે જવાબ દીધો કે એ હાથ હાથ પાણી લેવાનો છે તેથી તેને છેટો રાખું છું. ત્યારે ફકીરે કહયું કે પલીતીના રસ્તાને તો તમે ગાદી ઉપર લઇને બેસો છે અને હાથ જે તેને સાફ કરનારો છે તેને છેટે રાખી મુકો છે, એ પણ કેવી અજાયબીની વાત છે ? બાદશાહને તુરત ખીયાલ આવ્યો અને તે હાથને તે ઉપયોગમાં લેવા લાગ્યો. તેમ આપણે પણ આપણા ભાઇઓને સમજાવ્યા છે કે ભાઇ, મશાયખોનું ધોરણ ઘણુંજ ફાયદા કારક છે. તેને પેલા ડાબા હાથની માફક નકામું સમજી છેટે રાખો છો અને આલિમોની ઇખતિલાફી વાતો જે ખરેખર નુકસાન પહોંચાડે છે તેમને મનમાં જગા આપો છો. પણ દર હકીકત તમે દીનને કેટલું દેખીતુ નુકસાન પહોંચાડી રહયા છો તેનો વિચાર કરવાની ખાસ જરૂર છે. મશાયખોને બુરા ગણીને તેમને છેટે રાખો છો અને તેમ જથી પણ બુરાઇમાં આગળ વધેલા કેટલાક ભાઇઓને ગળે લગાડો છો એ પેલા બાદશાહ જેવીજ હકીકત છે. પણ હવે ગફલતમાં રહેવા જેવું નથી, યુરોપ, અમેરીકા, ચીન, જાપાન, આસ્ટ્રેલીઆ, જરમની વિગેરેના તમામ ગેર કોમના લોકો વેપારમાં બેહદ આગળ વધી કરોડોની સાહેબીવાળા થઇ ગયા છે જ્યારે આપણુ રેતાળ અરબસ્તાન અને ગરીબ તુરકી જે પહેલાં વેપારને લીધે ધનથી ભરપુર હતાં તે આજે વેપાર તુટી

જવાથી ડચકાં ખાતાં થઇ ગયાં છે અને યતીમ તરીકે આજે તેમને આપણા જેવા ગુલામો આગળ ભીખ માગવી પડે છે. અફસોસ ! શું હજુ પણ બરબાદીમાં કાંઇ બાકી રહ્યું છે ? ખુદા વાસ્તે જરા તો આંખો ખોલો અને જુવો કે તમે શિરક, કુફર, અને બિદઅતની વાતો કરતા કરતાં ક્યા કિનારે ખેંચાંઇ ગયા છો ? શું આથી હજુ સાફ સમજાતું નથી કે મશાયખોના ધોરણને તોડવું એ પાદરીઓનાં અને શુધ્ધીના કામને ખાસ ટેકો આપવા જેવું અને હરીફોના હાથ મજબુત કરવા જેવું છે ?[1] આટલું સમજાવ્યા પછી પણ મશાયખોના કામ માટે હલકો વિચાર મનમાં પેદા થવા દેવો એ શું ઇનસાફ પસંદી કહેવાશે ? જો ધ્યાનમાં આવે તો માનો અને ન ધ્યાનમાં આવે તો ન માનો પણ વખત જતાં એટલું બધું નુકસાન થવાનું છે કે જેની હદ રહેવાની નથી.

ઉપલી તમામ હકીકત વાંચીને આપણા બુજુર્ગ મશાયખ સાહેબો કદાચ એમજ કહીને ખુશી થશે કે દુનિયામાં આલિમ સાહેબોજ ગુનેહગાર છે અને મશાયખો બેગુનાહ છે પણ તેમણે એવો ખીયાલ કરી ફુલાઇ જવાનું નથી. આલિમો દીનના ચિરાગ છે, તેઓ ઘણા ઉપયોગી છે. તેમનું હોવું ઘણું જરૂરનું છે. તેઓ છે તો દીનની જાહેર જાહોજલાલી આબાદ છે. અને દીની ઇલમનો ફેલાવો થાય છે.* કેટલાક આલિમ ભાઇઓ કદાચ મતલબવાળાઓની હિકમતના અજાણતાં ભોગ થઇ પડયા હોય અને તેથી તેમણે કસુર કરી હોય તે કસુર કાંઇ એવી નથી કે તેને આપણે નીભાવી ન શકીએ. અથવા દરગુજર ન કરી શકીએ. દરેક માણસ ખતાવાર છે તેમ આપણા આલિમ ભાઇઓ પણ જો કાંઇ ભુલ કરે તો તેમની પાછળ ખાઇપીને આપણે અડી બેસવાનું નથી પણ ખુદાના શુકરાના કરવાના છે કે ખુદાતઆલાએ આપણને તે ભુલોથી જલદી વાકેફ કરી દીધા છે. જો હજુ પણ આપણને એ વિશેની માહીતી ન મળી હોત તો હજુ પણ આપણને ઘણુંજ નુકસાન થાત. કારણ કે હિકમતો ચોતરફ

---

૧ આવા મસલા ઉભા કરનારા પરહેજગાર ગણાય કે દીનને નુકસાનમાં ઉતારનારા ગણાય તેનો વિચાર ભાઇઓએજ કરી લેવાનો છે.

* મોલવી મોહંમદ હુસેન સાહેબ તથા સૈયદ અલી અકબર સાહેબ સામાવાળાઓના મુકાબલામાં જે કામ કરે છે તે તારીફ લાયક છે. આવુંજ કામ જો આપણામાં હમેશા શાંતી, ખંત, એકદીલી, અને મોટા મનથી ચાલુ રહે તો ટુંક વખતમાં ઘણો ફાયદો થાય એવી દરેક આશા રહી શકે.

એવી થઇ રહી છે કે માણુસ ગમે તેવો ખબરદાર હોય તોપણુ તેને ખબર પડી શકે નહીં. પણુ ખુદાની આપણી ઉપર બહુ મહેરબાની છે કે આપણુને તેણુ આટલી જલદી સમજ પાડી દીધી છે.‡ આલિમ ભાઇઓ હવે પોતાની થએલી ભુલો આથી સુધારી શકશે અને તમામ હિકમતોથી વાકેફ થઇ ઇસ્લામની સારી રીતે ખીજમત કરવા મસલહત જોઇ શકશે.× એટલે આલિમ ભાઇઓ માટે તો હવે રસ્તો સાફ થઇ જવા પામ્યો છે. પણુ મશાયખો ઉપર હવેથી નવી જોખમદારીઓ શરૂ થાય છે. તેમણે આજ સુધી ગફલતમાં પોતાનો વખત ગુજાર્યો છે પણુ હવે તેમને પણુ આંખો ઉઘાડીને અમલ કરવાનો વખત આવ્યો છે. તેઓ કોણુ, તેમના બાપ દાદા કોણુ, તેમનું ખાનદાન કોણુ વિગેરેનો તેઓ જરા વિચાર કરે તો તેમને માલુમ પડે કે તેમના માથે ઇસ્લામની અને ઉમ્મતની કેટલી બધી જોખમદારી રહેલી છે. તેમના નાના દાદાએ ઇસ્લામના ઝાડનું બીજ રોપ્યું, તેને પાણી પાયું, તેને સારવાર કરી ઉછેર્યું અને તેને ફળતું કર્યું તેની તેઓ કેટલી સાચવણી કરે છે તે તેમણે પોતાના મનનેજ પુછવું જોઇએ. હાલ એ ઝાડની કેવી હાલત થઇ ગઇ છે તેનો તેમણે વિચાર કરવો જોઇએ.

લોકોમાં હમેશાં એજ ચરચાઓ થાય છે કે મશાયખો તેમના બાપ દાદાઓના રસ્તે ચાલતા નથી, નમાઝ રોઝા વિગેરે ઉપર ધ્યાન રાખતા નથી, ઇસ્લામની વાતોથી ઘણા બે—પરવાહ રહે છે, પૈસા માટે આમ તેમ દોડે, છે, અને લોકોને નકામી તકલીફ આપી હલકા થાય છે. માટે હવે ખાસ વિચાર કરવાની જરૂર છે. આલિમોએ ગફલત કરી છે તેમ મશાયખોએ પણુ કરી છે. અને એનુંજ આ પરિણામ આવ્યું છે. તેમના ઉપર ઇલઝામો આવ્યા, તેમની બુરાઇઓ થઈ, તેમની મજાખો થઇ, તેમને હલકા પાડવામાં આવ્યા એ બધું ખરૂં છે તો પણુ તેમણે સમજવું જોઇતું હતું કે આવી વાતો પયગમ્બરો ઉપર પણુ ઘણી ગુજરી છે તો મશાયખો ઉપર પણુ ગુજરે તો એમાં કાંઇ વધારે નથી. એ સઉ તેમણે મોટા મનથી સહન કરી પોતાનું દાવતનું કામ છોડી દેવું જોઇતું

‡ આપણા ઘણા ભાઇઓ આ વાત સમજી ગયા છે એટલે હવે વધારે ચીંતા રાખવા જેવું નથી.

× આપણા ગુજરાતમાં હવે ઘણાખરા આલિમો મસલહત સમજી જઈ મશાયખોથી મળીને કામ કરે છે. આગાખાની મિશન પણ હાલ તબલીગનું સારૂં કામ કરી રહ્યું છે.

નહોતું, ભાઇઓના બોલવાની તેમણે દરકાર કરવી જોઇતી નહોતી. જ્યારે તેઓ નીયતમાં સાચા હતા તો પછી તેમને કોઇના ખોટા ખરા કહેવાપર મન લગાડવાનું ન હોતું. તેમના બુજરુગોએ દાવતનું જે ધોરણ બાંધ્યું હતું તેને તેમણે ગમે તે રીતે સાચવી રાખવાનું હતું. તેમાં પાછા પડવાની કાંઇ જરૂર નહોતી. ખરા દીલથી નેકી કરવામાં કોઇની બીક રાખવાની નથી તેમ સમજીને કામ લેવાનું હતું.[૧] આલિમ ભાઇઓ સમજ ફેરથી ઇખતિલાફી મસલા બયાન કરવા નીકળ્યા હતા તો તેમણે એ વાતની પરવા કરવાની નહોતી. ભલે તેઓ પોતાનું કામ કરતા પણ મશાયખોએ પોતાનું કામ છોડવાનું નહોતું. કેટલાક મશાયખોએ એ વાતોની પરવા નહીં રાખતાં અસલ ધોરણને પકડી રાખ્યું તો તેઓ કાંઇ ભુખે મરી ગયા નથી. અલબત તેમને તકલીફો ઘણી થઇ છે તો પણ તેમણે પોતાના બાપ દાદાના નેક કામને છોડયું નથી જેથી હાલ તેઓ સારૂં કામ બજાવી રહ્યા છે. ઇખતિલાફ તો હમેશાં થયાજ કરશે તેથી ડરી જવાનું નથી, નેકીવાળા માણસોની હમેશાં ફતેહ થાય છે એ ભુલવું જોઇતું નથી. પોતાના બાપદાદાના કામથી ગફલત કરી તો જેમ આજે આલિમોનો વાંક નીકળી રહયો છે તેમ મશાયખોનો પણ નીકળી રહયો છે. તેમની ગફલત પણ નાનીસુની નથી. મજબુત મનના માણસો દીનના દુશમનથી પણ ડરતા નથી તો પછી આપણા આલિમ ભાઇઓથી શું ડરવાનું હતું? તેઓ એમનું શું કરી શકવાના હતા? તેમના હાથમાં કુફ્ર અને શિરકના ફતવા આપવાનું હતું તો મશાયખોના હાથમાં તેમને "મહેરબાન અને મુરબ્બી" કહેવાની જોગવાઈ હતી. તેમણે ખુલ્ક, નરમી, અને આજીજીથી કામ લેવાનું હતું પણ અસલ વાતને છોડવી જોઇતી નહોતી. જો તેઓ તેને વળગી રહયા હોત તો જેમ આલિમ ભાઇઓની આજે ગફલતની લોકો વાતો કરી રહયા છે તેવી મશાયખોની થવા પામત નહીં. હજુ પણ કાંઇ ગયું નથી. હુંશીયાર થાઓ અને કમ્મર કસી બહાર પડો અને દુનિયાને સાબિત કરી બતાવો કે તમે તેજ બુજરુગોના ફરજંદો છો જેમણે કરોડોને ખુદાનો ખરો રસ્તો બતાવી તેમને કુફ્રના અંધારાવાળા ખાડામાંથી બહાર કહાડી વેહદાનિયતની રોશનીનો ઉમદા લાભ આપ્યો છે અને જન્નતના

૧ ખ્વાજા હસન નિઝામી સાહબ ચિશ્તી આટલું બધુ કામ કરી રહયા છે તોપણ તેમની ઉપર કેટલાક આલિમોએ "કુફ્ર"ના ફતવા આપ્યા છે તો શું તેમણે કામ છોડી દીધું?

ખરા હકદાર બનાવ્યા છે. આ કામ કાંઇ નાનુસનું નથી. તમારે માથે પણ તેટલીજ જોખમદારી છે. હવે એ જોખમદારીની ફરજ તમે કેટલે દરજ્જે બજાવો છો તે જોવા લોકો ઇંતેજાર છે. ઘણા દીવસ તમે આરામ લીધો છે અને ઘણો વખત ઉંઘ કહાડી છે પણ હવે સુવાનો વખત નથી. જો સુઇ રહેશો તો સુતાજ સમજજો. ફરી પાસું ફેરવવાનો પણ વખત આવવાનો નથી. માટે ચેતો આંખો ખોલો અને જુવો કે તમારી નસોમાં કોનું લોહી વહી રહયું છે. તમારૂં એ ખાનદાની ખુન આજે નહીં તપે તો કયારે તપશે તેનો વિચાર કરો. ગફલત કરવાની નથી. તેમ લાકડાની ખુરશી અને રૂના ગોદડાંની ઉપર નીચેની બેઠક માટે લડવાનું નથી. તમારા બાપદાદાની રીત ભાત કેવી નરમી અને આજીજીવાળી હતી તે જોઇને ચાલવાનું છે. આલિમોનો વાંક કહાડીને બેસી રહેવાનું નથી પણ હવે અમલ કરી દેખાડવાનો છે.[1] તમે આગળ દલીલો કરી તમારો બચાવ સારી રીતે કર્યો છે પણ હવે કામ કેવું કરો છો તે બતાવવાનું છે. તમારા બાપદાદાઓની નેક અરવાહો તમારૂં નેક કામ અને નેક નામ જોવાને ઘણીજ ઇંતેજાર છે કારણ કે એજ ખરી ખાનદાની છે. માટે તૈયાર થાઓ અને તેમને સાબિત કરી બતાવો કે તમે પણ તેમની માફક વગર પઇસે દીનને માટે જાન કુરબાન કરવા તૈયાર છો.

કેટલાક ભાઇઓ આ કિતાબ વાંચીને કદાચ લોકો આગળ દેખાવની ખાતર એમ કહેવા ઉભા થશે કે મોટામીયાંએ આ વાત ઉઘાડી પાડવા જેવી નહોતી. અમે એ જાણતા હતા પણ બહાર પાડતા નહોતા કારણ કે તેથી બીજા લોકો વાકેફ થઇ આપણી સાથે મુકાબલો કરવા બહાર પડે. પણ એના જવાબમાં આપણે કહીશુ કે આને માટે જરાપણ અંદેશો રાખવાનું કારણ નથી. તમે જો બહાર પાડી હોત તો ઘણો ફાયદો થાત કારણ કે જેમને આપણે ભાઇ તરીકે ગણીએ તેમનાથી આપણે જુદાઇ રાખવાની નથી. તેઓ વાકેફ થશે તો પોતાની બેહતરી સોચશે અને નેકીનો રસ્તો અખત્યાર કરશે. પણ તમે વાત સંતાડી તો આટલું બધું નુકસાન થવાનો વખત આવ્યો એમ લોકો કહી શકે. તો પણ જો વાંધા જેવું

---

[1] મશાયખો તથા આલિમો એક બીજાની બુરાઇઓ કરે અને ફુડ બેગું કરવાનોજ ખીયાલ રાખે તો તેઓથી ઈસ્લામની તથા દેશની ખીદમત થઈ શકે નહીં. જેમને કામ કરવાની ખાહેશ છે તેમનો કોઈ પણ ફંડ સાથે સબંધ હોવો જોઇએ નહીં.

લાગતું હોય તો એટલુંજ કહેવું બસ થશે કે આ કિતાબમાં કબરો, નઝર નિયાઝો, અને ઉરસો એટલી ત્રણ બાબતો વિશે લખવામાં આવેલું છે. હવે નઝર નિયાઝો અને ઉરસો એ તો કબરો સાથેજ સબંધ ધરાવનારી બાબતો છે એટલે ખરૂં જોતાં તો આમાં ફક્ત કબરો વિશેજ લખવામાં આવ્યું છે. બીજી બાબતો મશાયખો ઉપરજ છોડી દેવામાં આવી છે. તેમને એ બહાર પાડવી હશે તો પાડશે અને લોકોને ફાયદો પહોંચાડશે. એટલે મેં તો એકજ બાબત આ કિતાબમાં બયાન કરેલી છે. નહીં તો મને તો આવી ત્રણુસોથી પણ વધારે બાબતોની માહીતી છે. ત્રણુસોમાંથી ફક્ત એક વાત બહાર પાડવી એ કાંઇ નુકસાન કરનારૂં ગણાય નહીં. એને બહાર પાડવાની જરૂર હતી. કારણ કે જો એટલી પણ માહીતી આપી ભાઇઓના કાન ખોલવામાં ન આવે તો ઇખતિલાફી મસલાઓના ઝગડાઓના ફિસાદથી ઇસ્લામને બેહદ નુકસાન પહોંચવાનો અને કોમની તદન બરબાદીનો વખત પાસે આવી જવાનો દરેક સંભવ હોવાનું ચોખું જણાયું હતું.

આપણી ગફલતથી વેપાર બરબાદ થયો, તુરકી બરબાદ થયું, ખીલાફતને જબરો ધોકો પહોંચ્યો, કોમમાં જયાં જુવો ત્યાં કુસંપ અને નાઇત્તિફાકીના ભડકા ફેલાયા, ઇસ્લામી સંગઠન—ભાઇચારાનું ધોરણ તદન નબળું પડી ગયું અને કોમમાં જબરો ગુંચવાડો ઉભો થયો. આવું ભયંકર પરિણામ જણાવવા લાગ્યું ત્યારે ત્રણુસોમાંની ફક્ત એક વાત બહાર પાડી આપણા ભાઇઓ આગળ ધરવાની જરૂર પડી. આમાં કાંઇ નુકસાન જેવું છે નહીં. કારણકે જો ભાઇએ ને માહિતગાર કરવામાં ન આવે તો માથા ઉપર પાણી ફરી વળે અને તદન મટી જવાનો વખત આવે. આ ખીયાલથીજ આમાં આ એકજ હકીકત બહાર પાડવામાં આવી છે. આને માટે હવે નકામી વાતો કરવાથી કાંઇ વળવાનું નથી પણ કામ કરી બતાવવાનું છે. આ કિતાબ વાંચીને બીજાઓ જાગશે એવી બીક બતાવવામાં આવે તે કરતાં તો આપણાજ ભાઇઓ જાગે તો પછી આપણને નુકસાનમાં ઉતરવાનો જરાપણ વખત આવે નહીં. આ કામ કરવાનો વખત છે. આ કિતાબની હકીકત ઉપર ટીકાઓ કરી બેસી રહેવા જેવું નથી. જો ફક્ત આ કિતાબ વિશેજ નુકતેચીનીઓ કરવામાં વખત ગુમાવવામાં આવશે તો તેથી ફાયદા કરતાં નુકસાન વધારે થશે માટે તૈયાર થાઓ અને દાવતના કામમાં જેમ બને તેમ સહેલાઇ થાય તેવા સંજોગો પેદા કરવા કોશીશ કરો કે કામ જલદી આગળ ચાલે. પૈસા કરતાં એકદીલીની વધારે જરૂર છે,

અને એકદીલી સાચી હમદરદીથી પેદા થાય છે. માટે તેવી લાગણી મનમાં પેદા કરો અને પછી જુવો કે તમે કેટલા મદદરૂપ થઇ પડો છો. ફક્ત વાતોથી કાંઇ કામ સરતું નથી. કામ કરવાનો વખત હોય અને આપણે નકામાં ટાહેલાં કર્યાં કરીએ તો તેનો લાભ બીજાઓ લઇ જાય. તેટલા માટે એક બીજાઓના એબ જોઇ આપણા પોતામાં બુરાઇ પેદા કરીએ તો જેટલું નુકસાન થાય તેટલાની જોખમદારી આપણી ઉપર આવે એ દેખીતું છે.

કોઇ કહેશે કે આ આખા કિતાબ જોતાં તેમાં પાકી કબરો, ઉરસો, અને નઝર નિયાઝોની હિમાયત કરી છે પણ તેને માટે કાંઇ કુરાને શરીફની આયતો કે કાંઈ હદીસો ટાંકી નથી તો આપણે કહીશું કે તેને માટે તેવા આધારો પણ ઘણા છે અને એ આધારો સહિત ઘણી કિતાબો પણ છપાઇ ચુકી છે જે તપાસ કરશો તો માલમ પડી આવશે. આપણે આગગાડીઓ, મોટરો, બાઇસીકલો, રબરટાયર ઘોડાગાડીઓ, વીજળી તથા ગેસની બત્તીઓ, ઘડીઆલો, તાર, ટપાલ, સારાં સારાં લૂગડાં, સારાં સારાં વિલાયતી ફરનીચર, વિગેરે જે છુટથી હમેશાં વાપરીએ છીએ તેને માટે આપણને કોઇ આયત કે હદીસનો આધાર પુછે તો આપણે શું બતાવી શકીએ ? તેને માટે આલિમ ભાઇઓ પણ હાલ એજ જવાબ આપે છે કે તે ચીજો ઘણી ઉપયોગની હોવાથી તે વાપરવામાં આવે છે. જ્યારે ઉપલી ચીજો દુનિયાના કામ માટે ઉપયોગની માની વાપરવા માટે આટલી દલીલ પુરતી સમજવામાં આવે છે તો પછી કબરો, ઉરસો અને નઝર નિયાઝો જે દીનની તરક્કી માટે બેહદ ઉપયોગી હોવાનુ આપણે ઉપર સાબિત કરી ગયા છીએ તેને માટે એવા સવાલ ઉભા થાય એ અજાયબ થવા જેવુ છે. પણ એમાં ભાઇઓનો કસુર નથી. એવી દલીલો ઉભી કરી આપણને તેનાથી નફરત દેવડાવવાની બાજીઓ રમવામાં આવે છે.×

આપણે ધારો કે એ ચીજો માટે આયત કે હદીસોના હવાલા આપીએ અને મતલબવાળા ભાઇઓના હાથપર ચડેલા આપણા કેટલાક કડક ભાઇઓ તેને જાણી જોઇને મનસૂખ (રદ કરેલી) અથવા ઝઇફ (કમજોર) બનાવવાની

× આ વાતો હવે જાહેર થઈ જવાથી ઘણા આલિમ ભાઈઓ જે દુખ તલાટી મસલા ઉભા કરવામાં શામિલ થઇ ગયા હતા તે હવે પસતાય છે. પણ પોતાની કિતાબોમાં તે જોરથી લખી ગયા છે તેને ન છુટક વળગી રહયા છે. એટલે હવે બોલાતું નથી. પણ ખુદા કરશે તો એવો વખત જલદી આવશે કે તેઓ એ વિશે હવે જીદ કરી દીનને નુકસાનમાં ઉતારશે નહીં.

કોશીશ કરે તો નકામા ઝઘડા પેદા થઇ વખત અને પૈસાની બરબાદી થાય એટલુંજ નહીં પણ અંદર અંદર વધુ બેદિલી પેદા થાય. તેથી આક્બામાં સમાએ તેવી ચોખ્ખી બાબતો લખવાથી અને તેના જાહેર ફાયદા બતાવવાથી આપણા તમામ ભાઇઓ સારી રીતે સમજી શકશે એમ જાણી તેટલાથીજ આમાં ચલાવી લીધું છે. કદાચ ધારો કે તેને માટે શરીઅતનો આધાર કમજોર હોય તોપણ ઇસ્લામને જેનાથી જોર મળી શકે છે એવી જે ચીજો છે તેને નાબુદ કરવાથી શું ફાયદો થવાનો છે ? ઇસ્લામને તાકત આપવા માટે તો ખીલાફતના કામોમાં હજારો બુરાઇઓ થયાનું અને તે સહન કર્યાનું આપણે આગળ મોલવી સાહેબના મહોડે સાંભળી ગયા છીએ અને એ સઉ બુરાઇઓ ખીલાફતના કામ માટે મોટા આલિમોએ ઇસ્લામના ફાયદાને નામે આજ સુધી પુરૂઆત—ઉપલકીઆ વાતો સમજી સાંખી લીધી છે. જ્યારે ખીલાફત જે દીનનો ફક્ત એક ભાગ છે તેને માટે આવી વાતો ચલાવી લીધી છે તો પછી દાવત જે ખુદ દીનનીજ વાત છે, તેને માટે વાંધો ઉઠાવવાની આપણને કોણે ફરજ પાડી છે ? પણ એમાં ભાઇઓનો વાંક નથી. પરદામાથી દોરી હાલે છે એટલે આવી દલીલો ઉઠે છે. મતલબવાળા ભાઇઓના હાથ પર ચડેલા ઇલમવાળા ભાઇઓ આપણે ગમે તેવી મજબુત દલીલો રજુ કરીશું તોપણ સાંભળવાના નથીજ. તેથી તે ઝગડાની વાત બાજુ ઉપર મુકી આપણે આપણો તથા ઇસ્લામનો ફાયદો જોઇને ચાલવાનું છે. દીનના ફાયદાને માટે ઘણી નાદુરસ્ત ચીજો ઇલમવાળા ભાઇઓ દુરસ્ત કરી નાખે છે એવું આપણે આગળ જોઇ ગયા છીએ તો આમાં પણ મસલહત જોવામાં આવે તો નીયત સારી હોવાથી વાંધો કહાડવા જેવું શું છે ? આપણા કોઇ પણ મોટા આલિમ સાહેબની લાગણીના ખીયાલ કરતાં આપણા ઇસ્લામના કદીમના હકોની લાગણીનો ખીયાલ આપણે વધારે રાખીએ તો એમાં આપણે કાંઇ ગુન્હેગાર ઠરી શકતા નથી. તેમ મોટા આલિમ સાહેબ પણ કદી ભુલ ન કરે એ પણ બનવા જોગ નથી. હઝરત આદમ અ૦ સ૦ મોટા આલિમ અને પયગમ્બર હતા અને તમને ચેતવણી મળી હતી તોપણ તેમણે ભુલ કરી હતી તો પછી બીજા પણ અજાણતાં ભુલ કરી જાય એ બનવા જોગ છે. જે લોકો ઇસ્લામને ફાયદો પહોંચાડનારી વાતોને દુનિયાથી નાબુદ કરવા માગતા હોય તેને માટે ઇસ્લામી ભાઇઓ ગમે તેવા સચોટ ઇલાજ લઇ પોતાના કાયદેસર હક આબાદ રાખવા માગે તો તેમાં તેમની નીયત ખરાબ છેજ નહીં. એ હકોના ઉપયોગીપણા માટે આપણે

આગળ જોઇ ગયા છીએ એટલે હવે તેને માટે વધારે દલીલો કરવાની જરૂર નથી. એ હકો આપણા ખાસ છે અને આપણે તેમને જીવ સાટે વળગી રહેવાનું છે. સામાવાળાઓ તરફથી આપણા એ હક જમીનદોસ્ત કરવા આસમાન જમીન એક કરી નાખવા જેવી કોશીશો આપણા આલિમ ભાઈઓની મારફત થઇ રહી છે.+ પણ હવે આપણે આંખ મીચીને બેસી રહેવાનું નથી. આપણા ભાઇઓએ આપણાને ઘણા દીવસ ભોળવ્યા છે પણ જો આપણે એવીજ રીતે હમેશાં ભોળવાયા કરીશું તો ઇસ્લામનું નામ નિશાન નાબુદ કરનારા આપણેજ છીએ એમ ખુદા તથા તેના હબીબે પાક જરૂર માનશે. હવે આપણા ભાઇઓએ સમજીને જે આલિમ ભાઇઓ ઇખ્તિલાફવાળા મસલા બયાન કરી ઉરસો, કબરો, નઝર નિયાઝો, ફાતેહા વિગેરે વિરૂધ્ધ વાએઝો કરવા તૈયાર થાય તો તેમને એ વિશેની નરમીથી સમજ પાડી દેવી જોઇએ અને કહેવું જોઇએ કે નમાઝ, રોઝા, જકાત, હજ વિગેરે મસલાઓના બયાન કરો કે જેથી દીન મજબુત થાય. ઝગડાવાળી વાતો કરવાથી કાંઇ ફાયદો થવાનો નથી.

આ તમામ હકીકત વાંચીને ગફલતમાં રહેવું એ ખુદ અલ્લાહના પાક ઘર તથા રસુલે પાકના રોઝા મુબારકને તોડવાની તૈયારી કરવા બરાબર છે કારણ કે એ ચેપ વખત જતાં ઠેઠ ત્યાં સુધી આપણી ગફલતથી લાગવાનો છે. જ્યારે કબરો અને દરગાહોને નાબુદ કરવાની વાતો રાત દિવસ થઇ રહી છે તો પછી રસુલે પાકની કબર મુબારક તથા તેમના રોઝા મુબારકની વખત જતાં આપણી ગફલતથી એવીજ હાલત એ લોકો નહીં કરે એની ખાતરી શું? વળી જ્યારે બુજુર્ગોની પાક લાશો વાળી કબરો માટે આપણા ભાઇઓના દિલોમાં નફરત પેદા કરવાની કોશીશો જોરથી થઇ રહી છે તો પછી કાબેતુલ્લાહ જે ફક્ત એક પથ્થરનુજ મકાન છે તેને આગળ જતાં શિરકનું ઘર બનાવી તેનાથી અલગ પાડવાની ભાઇઓને તાલિમ આપતાં મતલબવાળાઓને કયાં વાર લાગવાની છે? માટે સઘળી વાતનો વિચાર કરીને આપણે ચાલવાનું છે કે આપણા હકોને નુકસાન થાય નહીં. આપણે કાંઇ આથી બીજાઓને નુકસાન પહોંચાડવા માગતા નથી પણ ફકત આપણા

+ ખીલાફતમાં પણ સામાવાળાઓના તરફથી કેટલાક ઈલમવાળા ભાઇઓ દાખલ થઇ ગયા છે અને ઈસ્લામની હમદરદીના પરદામાં સામાવાળાઓની મતલબનું કામ કરી રહ્યા છે.

ફાયદેસર હકોનો બચાવ કરવા માગીએ છીએ. અને આ કિતાબ તેટલાંજ હેતુથી લખવામાં આવી છે. જ્યારે મતલબ-વાળાઓ તરફથી આવેલા આ હકો નાબુદ કરવા જબરી કોશીશો થઇ અને આપણા ભાઇઓ આંખ મીચીને અજાણપણે તેમાં સપડાયા ત્યારે આ હકીકત બહાર પાડવાની જરૂરત જણાઇ. શિરક, બિદઅતના નકામા ઝગડાઓથી આપણે કેટલે દરજ્જે નુકસાન ભોગવી ચુકયા છીએ તે આ કિતાબમાં ચોખ્ખું બતાવવામાં આવ્યું છે. તેની ઇબારત તદન મામુલી રાખવામાં આવી છે તથા તેમાં એક વાતને ફરી ફરીને જાણી જોઇને પલટાવીને લખી છે કે થોડું શીખેલા ભાઇઓ પણ તે વાંચીને ધ્યાનમાં ઉતારી શકે. હું આથી કોઇ પણ જાતનું ફંડ ઉઘરાવવા માગતો નથી કે ભાઇઓને કોઇ પણ જાતની પૈસા સબંધી તકલીફ આપવા ઇરાદો રાખતો નથી. પણ મારાથી જેટલું બની શકે તેટલું વગર પૈસે કામ કરી ભાઇ-ઓની ખીદમત કરૂં છું. તેમાં મારે કોઇથી લડવાનો કે કોઇ પર ટીકા કરવાનો જરાપણ ઇરાદો નથી.

આપણા કોઇ ભાઇ વળી એક તરફી ખીયાલને લીધે એવું પણ કહેવા તૈયાર થશે કે આ કિતાબમાં તો ઉલટી વાતો બયાન કરેલી છે અને આલિમોની ભુલો કહાડવાની કોશીશ કરેલી છે. પણ આપણે એ ભાઇને ખાતરી આપીશું કે એવું કાંઇ છેજ નહીં. જો નાનપણથી બંધા એલા એક તરફી ખીયાલથી દોરવાઇ જવું હોય તો તો કાંઇ કહેવાનું નથી પણ જો ઇનસાફને ધ્યાનમાં રાખીને ખરૂં ખોટું શું છે તે ખોળી કહાડવાની કાળજી હોય તો તો આ કિતાબનો હરફે હરફ ખાતરી કરી આપશે કે ખરી હકીકત શું છે. હાલ જમાનો ઇલમ અને રોશનીનો છે. તેમાં કોઇ ઉલટી વાતો કરે તો ચાલી શકે નહીં. શિરકમાંથી આસ્તે આસ્તે વેહદાનિયત ઉપર લાવવાના રસ્તાને કોઇ ભાઇ ખોટો કહેવા ઉભો થાય તો તેને અખત્યાર છે પણ તેથી તે રસ્તાવાળાની તેમાં ખોટી દાનત—નીયત છે એમ સાબિત કરી શકવાનો નથી. અને જ્યારે તેની નીયત ખોટી નથી તો પછી તેને ખોટો કેવી રીતે કહી શકાય? ગમે તેમ હોય પણ જો તે ઇનસાફથી જુવે તો તેને ચોખ્ખું જણાયા વિના રહે નહીં કે આમાં જે વાતો લખેલી છે તે ઉલટી નથી પણ સુલટી અને ફાયદા કારક છે. વળી કોઈ કદાચ એમ કહે કે આમાં તો આલિમોની ભુલો કહાડવામાં આવી છે તો તેના જવાબમાં પણ આપણે કહીશું કે આ આલિમોની ભુલો નથી પણ આપણી પોતાની

ભુલો છે અને મતલબવાળાઓની હિકમતો છે. આપણે ભુલો કરી વગર વિચારે ઉલટા દોરવાયા ત્યારે આવું થયું. જો પહેલાંથી કાળજી રાખી જોઇ વિચારીને ચાલ્યા હોત તો આજે કોઇની પણ ભુલ નીકળવાનો વખત આવત નહીં. પણ આલિમો અને મશાયખોમાં લેવાદેવા વગર બેદિલી પેદા થઈ અને તે આપણે ચાલવા દીધી ત્યારે આવો નતીજો આવ્યો. જેમ આલિમોની ગફલત થઇ છે તેમ મશાયખોની પણ થઇ છે અને તે આમાં બતાવવામાં આવી છે. એટલે આલિમો અને મશાયખો બંને માટે કહેવામાં આવ્યું છે. તેમણે ગફલત કરી અને આપણે વગર સમજે તે લાંબો વખત સુધી આંખ મીચીને ચાલવા દીધી. જેવા એ ભુલાવામાં પડયા છે તેવા આપણે પણ પડયા છીએ અને ખરૂં જોતાં તેમાં વધારે ભુલ આપણીજ છે. અને બતાવવામાં પણ તેજ આવી છે. કોઇ પણ આલિમ કે મશાયખ માટે તે છે એમ કોઇએ ખામુખા માની લેવાનું નથી આમાં આપણી ભુલ થયેલી છે અને આપણે તે ચોખ્ખા દીલથી કબુલ કરીશું તોજ ખરા રસ્તે આવી શકીશું. આપણી પોતાની ભુલ માટે આપણે બીજાઓનો વાંક કહાડવા કરતાં આપણે પોતેજ તેનો ખરા દીલથી પસ્તાવો કરવો બેહતર છે. એટલે એમ માની લેવાનું ના નથીજ કે આમાં ઉલટી વાતો લખી છે અને બીજાઓની ભુલો કહાડવાની કોશીશ કરી છે.

ઉપર જે કાંઈ કહેવામાં આવ્યું છે તથા તેની આગળ પણ જે કાંઇ લખવામા આવ્યુ છે તે નેક નીયતથી છે જેને માનવું હોય ત માને, ન માનવુ હોય તો ન માને. એમાં કાંઇ જબરજસ્તી નથી તેમ મારે કોઇની સાથે બેહેસમાં ઉતરવાની ખાહેશ નથી હુ જાણું છું કે આ કિતાબ બહાર પડયા પછી કેટલાક મતલબવાળા ભાઇઓ કોઈ આલિમ કે મશાયખને હિકમત કરી મારી વિરૂધ્ધ મેદાનમાં બહાર પાડશે પણ મારા ભાઇઓએ સમજવું જોઇએ કે હું કોઇને દુશમન સમજતો નથી બધા ભાઇઓને ખેર ખ્વાહ સમજુ છું. આલિમો તથા મશાયખોને હું એક હરફ પણ કહેવાને લાયક નથી. હું તેમના પગની રજ છું, તેઓ મારાં કરતાં અનેક દરજ્જે ચડીઆતા છે. તેઓ બધા ખુબીઓની ભરપુર છે જયારે હું માથાથી તે પગ સુધી એબથી ભરપુર છું. તેથી આમાં મે જે કાંઇ લખવાની હીંમત કરી છે તે એમને બુરા ભલા કહેવા માટે નહીં. પણ ખરી હકીકત આગળ લાવી બધાને ચેતાવવા માટે, ભાઇઓ ભાઇઓમાં ખરી લાગણી પેદા કરવા માટે, પોતાના ખરા હકોની સાચવણી કરવા માટે, તથા

પોતાનો નફો નુકસાન જોઇને ચાલવા માટે છે. મારા જેવા એક ગરીબ ફકીરને કોઇને પણ બુરો કહેવાનો હક હોયજ નહીં. તેમ મારી નીયત પણ એવી હોઇ શકે નહીં. તોપણ જો કદાચ આમાં કાંઇ એવું જણાય તો હું બંને હાથ જોડીને માફી માગું છું અને ખુદા આગળ હમેશાં એજ દોઆ કરૂં છું કે આલિમો અને મશાયખોની નેક દોઆની બરકતથી તે પાક પરવરદિગાર મારૂં ઇમાન સલામત રાખી મારા તમામ ભાઇઓની ખરા દિલથી ખીદમત કરવાનું મને નસીબ કરે અને મારા જેવા એક ગરીબ નાચીજને તેમના રોશનીવાળા દિલના એક નાના સરખા ખુંણામાં જગા આપે! બસ! **આમીન**!! સુમ્મા આમીન!!!

"મોમેનો માત્ર (એક બીજાના) ભાઇઓ છે. માટે તમે તમારા ભાઇઓ વચ્ચે સલાહ કરાવો, અને તમે સઘળા ખુદાનો ડર રાખો કે કદાચ તમારા ઉપર તે દયા કરે. હે મોમેનો, એક કોમે બીજી કોમની મસખરી કરવી જોઇએ નહીં કદાચ તેઓ તેઓના કરતાં વધારે સારા હોય અને તેમજ સ્ત્રીઓએ સ્ત્રીઓની મસખરી કરવી જોઇએ નહીં કદાચ તેઓ તેઓના કરતા વધારે સારી હોય, અને તમે પોતપોતાના ધર્મ (ભાઇઓ)ની ખામી કહાડો નહીં; અને તમે એક બીજાને બદ અલકાબ (ખોટી જબાન)થી બોલાવો નહી, કે ઇમાન લાવ્યા પછી અપશબ્દથી (બુરી રીતે) બોલાવવો એ બહુજ ખરાબ છે, અને જે તૌબા કરતા નથી તેઓ ગુનહગારો છે. હે, મોમેનો, તમે ઘણી ખરી ખરાબ કલ્પના (કોઇ વિશના ખોટા ખીયાલ)થી અલગ રહો. ખરેખર કેટલીક કલ્પના પાપ છે; અને તમે (માણસોનાં કામ વિશે) તપાસ કરો નહીં, અને તેમજ તમારામાં એક બીજાની નીંદા કરવી જોઇએ નહીં. શું તમારામાંનો કોઇ એવું ચાહે છે કે તે પોતાના મુવેલા ભાઇઓનું ગોસ્ત ખાય? (કારણ કે નીંદા કરવી એ મુવેલા ભાઇનું ગોસ્ત ખાવા બરાબર છે) માટે તમે તે કામ ધિક્કારો, અને ખુદાનો ડર રાખો; ખરેખર ખુદા તોબા કબુલ કરનાર અને રહેમવાળો છે." **કુરાને શરીફ.** સૂરતુલ–હુજોરાત. આયત ૧૦ થી ૧૨.

મતલબ—તમામ મોમિન ભાઇઓને એક બીજાના ભાઇ સમજી તેમની અંદર સલાહ કરાવો. તેમની મશ્કરી ન કરો તેમની ખામીઓ ન કહાડો, તેમને ખોટા ખરા ન કહો. તેમને માટે ખોટા ખીયાલ ન બાંધો. તેમની નીંદા ન કરો, અને બદગુમાનીથી રહો એવું ખુદાનું ખાસ ફરમાન છે. તો તે પ્રમાણેજ ચાલવું જોઇએ.

હવે શું કરવું જોઇએ?

દાઇયાને—ઇસ્લામના મદરસા કાયમ થવા જોઇએ.

આખા હીંદુસ્તાન દેશમાં હીંદુ ભાઇઓની વસતી તેવીસ કરોડની છે અને મુસલમાન ભાઇઓની સાત કરોડની છે. એટલે હીંદુભાઇઓની વસતી લગભગ મુસલમાનો કરતાં ત્રણગણાથી પણ વધારે છે. વળી હીંદુ ભાઇઓ હમેશાં આગળ વધવાની અને પોતાના ધર્મને મજબુત કરવાની હમેશાં તજવીજ કરે છે એટલે તેઓ પોતાની ઉન્નતી—તરક્કીના માર્ગે લાગી ગયા છે એ તેમની હાલની કોશીશો જોતાં ચોખ્ખું જણાય છે. તેઓ પોતાની બેહતરી કરે તેમાં આપણને અસંતોષ હોય નહીં પણ તેમનો વિચાર કરીને મુસલમાન ભાઇઓએ પણ તેમની બરાબર હારમાં રહેવા માટે આગળ વધવા કોશીશ કરવી જોઇએ. હીંદુભાઇઓ સભાઓ સ્થાપે છે, ગુરૂકુળો કાયમ કરે છે અને એવાજ બીજાં કોમને આગળ વધારવાનાં સાધનોની હમેશાં ગોઠવણો કરે છે તે જોઇને પણ મુસલમાન ભાઇઓએ આગળ વધતાં શીખવાનું છે. મુસલમાનોમાં પહેલાં આવાં ઘણાં સાધનો હતાં પણ કેટલાક ભાઇઓએ મતલબવાળાઓની હિકમતથી દોરવાઇ જઇ તેની તરફ તદન ગફલત કરી એટલે તે સાધનો હવે નાબુદ થઇ ગયાં છે. આપણા ત્યાં હાલ કેટલાક મદરસાઓ છે પણ તે મદરસાઓ એવી તાલીમવાળા લોકો પેદા કરે છે કે પાછળથી તે ગમે તે બહાને ભીખ માગી કોમ ઉપર નકામો બોજ નાખે છે કે પછી ઇખ્તિલાફી મસલા ઉપાડી કોમમાં હમેશાં નવા નવા ઝગડા પેદા કરે છે અને તેમ કરી પોતપોતામાં બાથમબાથ પડી પાદરીઓ વિગેરેને પોતાનું કામ કરવાની જોઇએ તેવી સવડ કરી આપે છે. એટલે હાલના ઘણા ખરા મદરસામાં તાલીમ લઇને નીકળનારા ભાઇઓ હજુ પણ મતલબવાળા ભાઇઓનો રસ્તો સાફ કરવાનું કામ કરી રહ્યા છે એમ લોકો કહે છે.

ઇ૰ સ૰ ૧૮૫૭ના બળવા પછી મતલબવાળા ભાઇઓએ આપણા કેટલાક મોટા આલિમોને ઇસ્લામમાં જે જાહેર બુરાઇઓ પેદા થઇ ગઇ છે તે દુર કરવાના નામે તેઓ ન જાણે તેમ હાથપર લીધા અને તેજ વખત એવા ઇખ્તિલાફી મસ્લાઓની કિતાબો જલદી તૈયાર કરાવી લઇ પોતાના ખરચે લોકોમાં એકદમ વહેંચાવી દીધી. આવું કરવામાં બેશક તેમની મતલબ હતી પણ તે વાત તે વખતે કોઇના સમજવામાં એકદમ આવી શકી નહીં. પાછળના આલિમો એ કિતાબોવાળાઓના શાગિર્દ હોવાથી તેપણ તેમની પાછળ અંજાણપણે દોરાયા અને એ

કિતાબોના મસલાજ લોકોમાં ભલાઇ સમજી ફેલાવવા લાગ્યા અને બીજી તેવીજ કિતાબો તેમણે પણ બહાર પાડી. નતીજો એ આવ્યો કે એ ઇખતિલાફી મસલાઓથી કોમમાં ઘણા ઝગડા પેદા થઇ ગયા અને દાવતનું જે કામ જોરથી ચાલતું હતું તે આવા ઝગડાઓને લીધે તુટી ગયું. અને બીજાઓ માટે તેથી રસ્તો ખુલ્લો થઇ ગયો.

હવે હાલના કેટલાક આલિમભાઇઓ એ થએલી ભુલો વિશે લોકોએ તેમને ચેતાવ્યાથી સમજી ગયા છે પણ એવી કિતાબો ઘણી છપાઇને બહાર પડી જવાથી તથા તેની હવા વધારે ફેલાઇ જવાથી હવે ઘણાજ વિમાસણમાં પડી ગયા છે. હવે તેમના હાથમાં એનો કાંઇ પણ રસ્તો રહયો નથી. કારણ કે એક મ્હોડે એ વાત થઇ શકે નહીં. હવે તો આપણેજ એ વિશે વિચાર કરીને કાંઇ રસ્તો ખોળી કહાડવાનો છે. અને એનો રસ્તો એજ છે કે દાઇઓ-દાવતનું કામ સરી રીતે કરી શકે તેવા લોકોના મદરસા તથા દાવની મંડળો કાયમ કરવા જોઇએ કે પાછું પહેલાનું અસલ ધોરણ ચાલુ થાય, અને નકામા ઉઠેલા ઝગડા સમી જાય. આ મદરસાઓમાં દાવતના ઇલમને અંગે એવી ઉપયોગી વાતો શીખવડવામાં આવે છે કે માણસને ભીખ માગવાનું રહેતું નથી. તેનું ગુજરાન તેના દાવતના કામથીજ થએ જાય છે અને કોમ પરનો ચંદાઓનો બોજો એકદમ નીકળી જાય છે. વળી આવા મદરસાઓ હાલના આપણા મદરસાઓ કરતાં ઘણા થોડા ખરચમાં ચાલી શકે છે અને ફાયદો દસ ગણો કરી આપે છે. ઝગડા મટી એક દીલી પેદા થવી, કોમ ઉપરનો પૈસાનો બોજ એકદમ ઓછો થઇ જવો, અને વગર પઇસે દાવતનું કામ પાછું ચાલુ થવું એ ફાયદા ઇસ્લામ માટે કાંઇ જેવા તેવા નથી. માટે તેનીજ ઉપર હાલ ધ્યાન આપવું ઘટે છે. વળી હાલના ચાલુ મદરસાએમાં પણ એ ધોરણ દાખલ કરવું હશે તો થઇ શકશે પણ ઇખતેલાફી ઝગડાવાળા ભાઇઓનો તેમાં જરા પણ દખલ હોય તો તે ચાલી શકે નહીં. તેથી તો જુદાજ મદરસા દાઇઓના કાયમ થાય તો વધારે ઠીક પડે. આને માટે જેને તાલીમ આપનરા તૈયાર માણસો જોઇશે તેને અમે જુજ ખરચે અમારા મંડળમાંથી પુરા પાડી શકીશું. આ મુંગા થઇને બેસી રહેવાનો વખત નથી પણ કામ કરવાનો વખત છે. માટે કામ કરશો તોજ બીજાઓની બરાબર હારમાં આવી શકશો નહીં તો દિવસે દિવસે પાયમાલી સમજજો. ખુદા ભાઇઓને આનો જલદી ખીયાલ આપે અને તેઓ જલદી ખુદાનું કામ કરવા બહાર પડે. આમીન.

ગરીબ ફકીર,

લી॰ મોટામીયાં.

મારી લખેલી કિતાબો.

૧. રસુલે અરબી, ૨ તરજીએ તાલીમે તબ્લીહ. ૩ ઇસ્લામની ખુબીઓ, ૪ ઇસ્લામી નીતીશાસ્ત્ર. ૫ જાગો અને જુવો, ૬ શું સ્વરાજને કુરઆન ની વગર ચાલશે ?. ૭ પ્યારા નબીજી, ૮ સતપંથનું ભાષણ. એ પ્રમાણે આઠ કીતાબો ગુજરાતીમાં અને ટ્રેજેડી ઓફ મોહર્રમ તથા બ્યુટીઝ ઓફ ઇસ્લામ એ બે કિતાબો અંગ્રેજીમાં ઇસ્લામના બાબતો વિશેની મારા પોતાના ખરચે આજ સુધીમાં બહાર પાડી છે અને તે લોકોમાં મફત વહેંચી છે રસુલે અરબી તથા ટ્રેજેડીની કિતાબો ઘણી મોંઘી પડી હતી છતાં પણ તેની અડધી ઉપર કોપીઓ લોકોને મફત આપી છે તો પણ આજ સુધી તેને માટે કોઇ ભાઇ પાસે એક પાઇ સરખી પણ માગી નથી. બીજી પણ કેટલી કિતાબો મારી પાસે લખેલી તૈયાર છે જે વખત અને જોગવાઇ મળે બહાર પાડવાની તજવીજમાં છું. દોઆ કરો કે ખુદા તઆલા મને હીંમત આપે.

ગરીબ ફકીર,

લી૦ મોટામીયાં.

તમે શું ચાહો છો ?

શુ તમો દીનની અશાઅત થાય એવુ ચાહો છો ?
શુ તમે ઈસ્લામી સંગઠન થાય એવુ ચાહો છો ?
શું તમે ઇસ્લામના હક સચવાય એવું ચાહો છો ?
શું તમે તમારો વેપાર આબાદ થાય એવું ચાહો છો ?
શું તમે હીંદુ મુસલિમ એકતા થાય એવું ચાહો છો ?

જો તમે ખરા દિલથી એવું ચાહતા હોવ તો આ કિતાબના કોમમા જેમ બને તેમ વધુ ફેલાવો કરો અને જુવો કે કોમમા કેવી નવી રૂહ ફુકે છે અને તને કેવી બેદાર કરે છે. આ કિતાબની ઓછામાં ઓછી પચીસ હજાર નકલો તરતમાંજ વહેંચાય તો કોમની રગોમા નવું લોહી આવે અને તેના રગત તદન બદલાઈ જાય એની ખાત્રી કરવી હોય તો કરો. હાલ અમલ કરવાનો વખત છે. ગયો વખત ફરી આવતો નથી. માટે આ કિતાબને કોમમા ફેલાવવાની દરેક કોશીશ કરો. મારા સુન્ની વહોરા ભાઈઓ મારી કિતાબો ઘણા શોખથી વાંચે છે એથી હું તેમને વધારે મોહબતથી અપીલ કરૂં છું.

લી૦ મોટામીયાં.